ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# લઘુ ક્ષેત્ર સમાસ

યા

# જૈન ભૂગોળ

(સચિત્ર)

પ્રકાશક :

માસ્તર રતીલાલ બાદરચંદ

ઠે. દોશીવાડાની પોળ–અમદાવાદ.

મૂલ્ય રૂ. ૪-૮-૦

ॐ श्री संखेश्वर पार्श्वनाथाय नमः ॥

શ્રી રત્નશેખરસૂરિ વિરચિત—

# શ્રી લઘુક્ષેત્ર સમાસ

(સચિત્ર-શબ્દાર્થ-ગાથાર્થ તથા વિવેચન સાથે)

—:પ્રકાશક:—

માસ્તર રતીલાલ બાદરચંદ શાહ

દોશીવાડાની પોળ-અમદાવાદ

વી. સં. ૨૪૭૬ ઈ. સ. ૧૯૫૦

કિંમત રૂા. ૪-૦-૦

# પ્રકાશકનું નિવેદન.

પૂજ્ય આચાર્ય શ્રી રત્નશેખરસૂરીશ્વરજીએ રચેલ આ શ્રી લઘુ ક્ષેત્ર સમાસ ગ્રંથ જાહેરમાં મૂકતાં મને અતિ આનંદ થાય છે. જો કે ક્ષેત્ર સમાસ ગ્રંથ બીજાઓ તરફથી છપાઈને બહાર પાડવામાં આવેલ છે. છતાં તે પૈકી શ્રાવક ભીમસિંહ માણેક તરફથી છપાએલ લઘુ ક્ષેત્ર સમાસ બાળબોધ અક્ષરોમાં જુની ભાષામાં હોવાથી, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ વિવેચન યુક્ત ક્ષેત્ર સમાસ બહુ ટુંકાણમાં તથા શબ્દોના અર્થ રહિત હોવાથી; તથા શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલા તરફથી છપાએલ **શ્રી લઘુ ક્ષેત્ર સમાસ યાને જૈન ભૂગોળ**–નો ગ્રંથ ઘણો ઉપયોગી છતાં બહુ વિસ્તૃત હોવાથી હાલના વખતમાં અભ્યાસ માટે અનુકૂળ નવીન ગ્રંથની જરૂર લાગવાથી આ ગ્રંથ **માસ્તર મંગળદાસ મનસુખરામ** પાસે તૈયાર કરાવી જાહેરમાં મૂકતાં હું હર્ષ પામું છું.

આ ગ્રંથમાં મૂળ ગાથા, પછી શબ્દોના અર્થ, ત્યાર પછી ગાથાર્થ અને તે પછી વિવેચન આપવામાં આવેલ છે. વિવેચનમાં ઉપયોગી અને જરૂરી બાબતોનો સમાવેશ કર્યો છે. જેમ બને તેમ બહુ લંબાણ ન થાય તે રીતે વિવેચન કરેલ હોવાથી અભ્યાસીને કંટાળો આવશે નહિ. જ્યાં ગાથાર્થથી અર્થ સમજાય છે ત્યાં વિવેચનની જરૂર નહિ લાગવાથી કેટલીક ગાથાઓમાં એકલો ગાથાર્થ આપવામાં આવ્યો છે. તથા કેટલેક ઠેકાણે ગાથાર્થ નહિ આપતાં વિવેચન જ આપવામાં આવ્યું છે.

વિશેષમાં ગ્રંથમાં ઉપયોગી થાય તેવા યંત્રો, કોઠાઓ, તથા કેટલાક ચિત્રો પણ આપવામાં આવ્યા છે. જેથી આ ગ્રંથનો અભ્યાસ કરનારને તેના અભ્યાસમાં સરળતા થશે.

એજ લી. પ્રકાશકઃ–

**માસ્તર રતીલાલ આદરચંદ શાહ.**

---

( આ ગ્રંથના સર્વ હક્કો પ્રકાશકને સ્વાધીન છે )

# પ્રસ્તાવના.

શ્રી સર્વજ્ઞ દેવ પ્રણીત જૈન સિદ્ધાંત મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચાએલું છે. ૧ **દ્રવ્યાનુયોગ**, ૨ **ગણિતાનુયોગ**, ૩ **ચરણ-કરણાનુયોગ**, ૪ **ધર્મ કથાનુયોગ**. જેમાં ષડ્ દ્રવ્યો, નવ તત્ત્વો વગેરેનું વર્ણન કરવામાં આવ્યું હોય તે દ્રવ્યાનુયોગ, ૨ જેમાં ગણિતનો વિષય મુખ્ય હોય તે ગણિતાનુયોગ, ૩ જેમાં પૂજ્ય સાધુ વગેરેના આચાર તથા ક્રિયાઓનું વર્ણન મુખ્યપણે હોય તે ચરણ કરણાનુયોગ તથા ૪ જેમાં ધાર્મિક કથાઓ આપવામાં આવેલી હોય તે કથાનુયોગ કહેવાય છે. આ ચાર અનુયોગ માંહેથી આ ગ્રંથ બીજા પ્રકારમાં એટલે ગણિતાનુયોગનો ગણાય છે. કારણ કે આ ગ્રંથમાં ગણિતનો વિષય ઘણો છે. અને આ ગ્રંથમાં ગણિતનો વિષય ઘણો હોવાથી આ ગ્રંથનો અભ્યાસ કરનાર માટે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે હિસાબી જ્ઞાન હોવું જરૂરી છે. તો જ આ ગ્રંથનો અભ્યાસ સારી રીતે થઇ શકે.

આ ગ્રંથમાં કુલ ૭ વિભાગ પાડેલા છે. તે દરેક વિભાગમાં નીચે પ્રમાણે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૧ જંબૂદ્વીપનો અધિકાર**—આ અધિકાર સૌથી મોટો છે. તેમાં કુલ ૧૯૪ ગાથાઓ આપેલી છે. તેની અંદર જંબૂદ્વીપમાં આવેલા ૭ ક્ષેત્રો, સાત વર્ષધર પર્વતો, નદીઓ, દ્રહો, કુંડો,

જગતી, વનખંડ, જંબૂવૃક્ષ, વિજયો, નગરીઓ વગેરે બાબતો જણાવવામાં આવી છે.

**૨ લવણ સમુદ્રનો અધિકાર**:—આ અધિકારમાં ૩૦ ગાથાઓ આપવામાં આવેલી છે. તેમાં લવણ સમુદ્રનો ગોતીર્થ રૂપ આકાર, પાતાળ કળશા, શિખા, શિખાવૃદ્ધિ, વેલંધર તથા અનુવેલંધર દેવો, તેમના પર્વતો, સૂર્ય દ્વીપ, ચંદ્ર દ્વીપ, ગૌતમ દ્વીપ, અંતર દ્વીપ વગેરેનું વર્ણન કર્યું છે.

**૩ ધાતકી ખંડનો અધિકાર**:—આ વિભાગમાં ૧૫ ગાથાઓ છે. તેમાં આવેલા ઇષૂકાર પર્વતો, ધાતકી વૃક્ષ, તથા ક્ષેત્રો, પર્વતો તથા મેરૂ વગેરેનું વર્ણન કરતાં જંબૂદ્વીપથી અહીં વિશેષતા તથા સમાનતા કઈ કઈ બાબતમાં છે તે જણાવ્યું છે.

**૪ કાલોદધિનો અધિકાર**:—આ સૌથી નાનો વિભાગ છે. તેમાં ફક્ત બે જ ગાથાઓ છે. કારણ કે બીજું વર્ણન લવણ સમુદ્ર જેવું છે.

**૫ પુષ્કરાર્ધ દ્વીપનો અધિકાર**:—આ વિભાગમાં ૧૫ ગાથાઓ છે. તેનું ધાતકી ખંડ જેવું વર્ણન વિશેષતા સાથે કર્યું છે.

**૬ અઢી દ્વીપ બહારનો અધિકાર**:—આ વિભાગમાં પાંચ ગાથાઓ છે. માનુષોત્તર પર્વત, નંદીશ્વર દ્વીપ, કુંડળ દ્વીપ તથા રૂપક દ્વીપનાં જિન ચૈત્યોનું તથા દિક્ કુમારિકાઓનું વર્ણન આ વિભાગમાં કર્યું છે.

એ પ્રમાણે કુલ ૨૬૩ ગાથાઓ આ ગ્રંથમાં છે.

આ ગ્રંથના રચનાર પૂજ્ય આચાર્ય શ્રી રત્નશેખર સૂરીશ્વરજી છે. તેઓશ્રીનું જન્મ સ્થાન કયું? તેમના માતા પિતાનું નામ શું? તેઓ કયે સ્થળે કાળ ધર્મ પામ્યા વગેરે ઇતિહાસ મળી શકતો નથી. પરંતુ તેઓએ રચેલા ગ્રન્થો ઉપરથી તેમનો સમય, ગુરૂ પર-

પરા વગેરે જાણી શકાય છે. તેઓએ રચેલ લઘુક્ષેત્ર સમાસ, પ્રાકૃત ગાથા બદ્ધ શ્રી શ્રીપાલ ચરિત્ર, શ્રી ગુણસ્થાન ક્રમારોહ, ગુરૂ ગુણ ષટ્ત્રિંશિકા, દિનશુદ્ધિ વગેરે ગ્રંથોની અન્ય ગાથા વગેરેથી જણાય છે. કે તેઓ વિશેષતઃ પંદરમા સૈકામાં થયા છે.

આ લઘુ ક્ષેત્ર સમાસ અભ્યાસનો ગ્રંથ છે. માટે તેનો અભ્યાસ કરનારને સરળતા થાય તે માટે ગાથા, ગાથાના શબ્દાર્થ તથા વિવેચન દ્વારા સમજુતી આપવામાં આવેલ છે. તે ઉપરાંત ગણિતના ઉપયોગો યંત્રો તથા ઉપયોગી ચિત્રો આપવામાં આવ્યા છે. તે તેનો અભ્યાસ કરનારને ઉપયોગી જણાશે.

અંતે જણાવવાનું કે આ ગ્રંથમાં બનતાં સુધી શુદ્ધિ તરફ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. તે છતાં દૃષ્ટિ દોષથી, પ્રેસ દોષથી કે છદ્મસ્થ જન્ય દોષથી કાંઈ ભૂલચૂક થઈ હોય તે માટે મિથ્યા દુષ્કૃત આપી વિરમું છું.

લી. માસ્તર મંગલદાસ મનસુખરામ શાહ

## અગત્યની સૂચના

૧૧૨ મા પેજ ઉપર આપેલ છ આરાના યંત્રમાં જ્યાં જ્યાં સાગરોપમ છે ત્યાં કોડાકોડી સાગરોપમ વાંચવું.

# અનુક્રમણિકા.


| ગાથાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | મંગલાચરણ વિગેરે | ૧–૨ |
| ૨ | તિર્છા લોકમાં રહેલા દ્વીપ તથા સમુદ્રોની સંખ્યા | ૨–૩ |
| ૩–૫ | ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ | ૩–૭ |
| ૬–૭ | કેટલાક દ્વીપોનાં નામ | ૭–૮ |
| ૮–૯ | દ્વીપો કયા કયા નામે કેટલા છે તે જણાવે છે. | ૮–૯ |
| ૧૦–૧૧ | સમુદ્રોનાં નામ તથા તેના પાણીનો સ્વાદ | ૧૦–૧૧ |
| ૧૨ | દ્વીપ તથા સમુદ્રોનો વિસ્તાર | ૧૨–૧૪ |
| ૧૩–૧૮ | જગતીનું સ્વરૂપ | ૧૪–૨૬ |
| ૧૯ | જગતીની વેદિકાની બંને બાજુના વનનું સ્વરૂપ | ૨૬–૨૭ |
| ૨૦ | જંબૂદ્વીપાદિકના અધિકારી દેવોનું ઉત્પત્તિ સ્થાન | ૨૭–૨૮ |
| ૨૧ | જંબૂદ્વીપના કુલ ગિરિ તથા ક્ષેત્રોનું સ્વરૂપ | ૨૮ |
| ૨૨ | કુલગિરિનાં નામો | ૨૮–૨૯ |
| ૨૩ | ક્ષેત્રોનાં નામો | ૨૯–૩૦ |
| ૨૪ | સાત ક્ષેત્રોની વચમાં આવેલા પર્વતો જણાવે છે. | ૩૦–૩૧ |
| ૨૫ | ૭ કુલગિરિઓની ઉંચાઇનું પ્રમાણ | ૩૧–૩૨ |
| ૨૬ | કુલગિરિઓની પહોળાઇ જાણવાની રીત | ૩૨–૩૩ |
| ૨૭–૨૮ | કુલગિરિના વિસ્તારનું પ્રમાણ (યંત્ર) | ૩૪–૩૫ |
| ૨૯ | ક્ષેત્રોનો વિસ્તાર જાણવાની રીત | ૩૫–૩૬ |
| ૩૦–૩૧ | ક્ષેત્રોના વિસ્તારનું પ્રમાણ | ૩૬–૩૭ |
| ૩૨ | સર્વ ક્ષેત્ર તથા પર્વતોનો કુલ વિસ્તાર (યંત્ર) | ૩૭–૩૮ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૩૩ | ભરતાર્ધ તથા ઐરવતાર્ધનું પ્રમાણ | ૩૮–૩૯ |
| ૩૪ | દ્રહોનું પ્રમાણ (યંત્ર) | ૩૯–૪૦ |
| ૩૫ | દ્રહોનાં નામ | ૪૧ |
| ૩૬ | દ્રહની દેવીઓનાં નામ (યંત્ર) | ૪૨–૪૩ |
| ૩૭ | દ્રહોનાં કમળોનું પ્રમાણ (યંત્ર) | ૪૩–૪૪ |
| ૩૮ | કમળોનાં વર્ણાદિક કહે છે. | ૪૪–૪૫ |
| ૩૯ | કમળોની કર્ણિકાનું તથા દેવીનું સ્વરૂપ (યંત્ર) | ૪૫–૪૬ |
| ૪૦ | ભવનનાં દ્વારનું પ્રમાણ | ૪૬–૪૭ |
| ૪૧–૪૫ | મૂળ કમળ તથા તેનાં વલયો જણાવે છે. (યંત્ર) | ૪૭–૫૦ |
| ૪૬–૪૭ | દ્રહોનાં દ્વારોની સંખ્યા તથા તેમનું પ્રમાણ જણાવે છે. | ૫૦–૫૩ |
| ૪૮–૫૦ | તે દ્રહોમાંથી નીકળતી નદીઓના નામ તથા ગતિ વગેરે જણાવે છે. (યંત્ર) | ૫૪–૫૭ |
| ૫૧ | નદીઓની જીભીઓનું પ્રમાણ. (યંત્ર) | ૫૭–૫૮ |
| ૫૨–૫૪ | પ્રપાત કુંડોનું પ્રમાણ તથા તેમની વચ્ચે આવેલા દ્વીપોનું પ્રમાણ (યંત્ર) | ૫૯–૬૨ |
| ૫૫–૫૭ | બાહ્ય નદીઓની ગતિ તથા તેમનો વિસ્તાર અને ઉંડાઇ | ૬૩–૬૫ |
| ૫૮–૫૯ | હિમવંત વગેરે પાંચ ક્ષેત્રોની નદીઓની ગતિ વગેરે (યંત્ર ૩) | ૬૬–૭૧ |
| ૬૦–૬૩ | પાંચ ક્ષેત્રની નદીઓનાં નામ તથા પરિવારની નદીઓની સંખ્યા | ૭૨–૭૪ |
| ૬૪ | જંબૂદ્વીપની સર્વ નદીઓની સંખ્યા (યંત્ર) | ૭૪–૭૫ |
| ૬૫–૬૬ | કુલગિરિનાં તથા ગજદંત પર્વતોના કૂટની સંખ્યા જણાવે છે. (યંત્ર ૩) | ૭૬–૮૦ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૬૭-૬૮ | સિદ્ધ કૂટો તથા તેના ઉપર આવેલાં જિન ભુવનોનું પ્રમાણ (યંત્ર) | ૮૧-૮૩ |
| ૬૯ | કૂટો ઉપરનાં પ્રાસાદનું પ્રમાણ. | ૮૪ |
| ૭૦ | સહસ્રાંક કૂટોનાં નામ | ૮૪-૮૫ |
| ૭૧-૭૩ | વૈતાઢય પર્વતના કૂટોની સંખ્યા તથા પ્રમાણ વગેરે | ૮૫-૮૮ |
| ૭૪ | વૃક્ષોના કૂટોનું સ્વરૂપ | ૮૮-૮૯ |
| ૭૫ | ઋષભ કૂટોનું સ્વરૂપ | ૮૯-૯૦ |
| ૭૬ | જંબુદ્વીપનાં કૂટોની કુલ સંખ્યા (યંત્ર) | ૯૦-૯૧ |
| ૭૭ | જંબુદ્વીપમાં જિનભુવનો ક્યાં ક્યાં છે | ૯૧-૯૨ |
| ૭૮ | જિનભુવનનો વિસંવાદ જણાવે છે | ૯૨-૯૩ |
| ૭૯-૮૩ | દીર્ઘ વૈતાઢયોનું સ્વરૂપ | ૯૩-૯૮ |
| ૮૪ | તે ગુફાઓની નદીઓનાં નામાદિ | ૯૮-૯૯ |
| ૮૫ | ગુફાઓની ભીંતને વિષે મંડલોની સંખ્યા | ૯૯-૧૦૧ |
| ૮૬-૮૭ | એ વૈતાઢયની ગુફાઓનાં નામ તથા તે ક્યાં સુધી ઉઘાડી રહે છે તે જણાવે છે | ૧૦૧-૧૦૩ |
| ૮૮ | અયોધ્યા નગરીનું સ્વરૂપ | ૧૦૩-૧૦૪ |
| ૮૯ | માગધાદિક તીર્થોનું સ્વરૂપ | ૧૦૫-૧૦૬ |
| ૯૦ | ભરત ઐરવતમાં કાલચક્રનું સ્વરૂપ | ૧૦૬-૧૦૭ |
| ૯૧ | છ આરાનાં નામ | ૧૦૭-૧૦૮ |
| ૯૨ | સાગરોપમનું કાળમાન | ૧૦૮-૧૦૯ |
| ૯૩ | પ્રથમ ત્રણ આરાનું પ્રમાણ તથા તેમાં મનુષ્યનું આયુષ્ય તથા ઉંચાઈ | ૧૦૯ |
| ૯૪ | પ્રથમ ત્રણ આરામાં આહારનું પ્રમાણ | ૧૦૯-૧૧૧ |
| ૯૫ | પ્રથમ ત્રણ આરામાં અપત્ય પાલના (યંત્ર) | ૧૧૧-૧૧૩ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૯૬-૯૭ | દશ પ્રકારનાં કલ્પવૃક્ષોનું સ્વરૂપ | ૧૧૩-૧૧૫ |
| ૯૮-૯૯ | સર્વ આરામાં તિર્યંચોના આયુષ્યનું પ્રમાણ. | ૧૧૫-૧૧૬ |
| ૧૦૦ | પહેલા તથા છેલ્લા તીર્થંકરની ઉત્પત્તિ તથા નિર્વાણ ક્યારે થાય તે કહે છે- | ૧૧૭-૧૧૮ |
| ૧૦૧-૧૦૩ | ચોથા તથા પાંચમા આરાનું સ્વરૂપ | ૧૧૮-૧૧૯ |
| ૧૦૪ | ભિક્ષનું સ્વરૂપ | ૧૧૯-૧૨૦ |
| ૧૦૫-૧૦૬ | છઠ્ઠા આરાનું સ્વરૂપ | ૧૨૦-૧૨૨ |
| ૧૦૭ | કાળચક્રનું સ્વરૂપ | ૧૨૨-૧૨૩ |
| ૧૦૮ | ચાર યુગલિક ક્ષેત્રમાં કયા કયા આરાનું સમાનપણું હોય તે જણાવે છે. | ૧૨૩-૧૨૪ |
| ૧૦૯-૧૧૦ | વૃત્ત વૈતાઢ્યનું સ્વરૂપ કહે છે- | ૧૨૪-૧૨૫ |
| ૧૧૧ | મેરૂ પર્વતનું સ્વરૂપ | ૧૨૫-૧૨૬ |
| ૧૧૨ | મેરૂના ત્રણ કાંડ | ૧૨૬-૧૨૭ |
| ૧૧૩ | મેરૂની ચૂલિકાનું સ્વરૂપ | ૧૨૮ |
| ૧૧૪ | પંડકવનનું સ્વરૂપ | ૧૨૯ |
| ૧૧૫-૧૧૬ | પંડકવનમાં આવેલા જિન ભુવનો તથા પ્રાસાદોનું પ્રમાણ. (યંત્ર) | ૧૩૦-૧૩૩ |
| ૧૧૭ | પંડકવનમાં આવેલી ચાર શિલાઓનું સ્વરૂપ. | ૧૩૩-૧૩૪ |
| ૧૧૮-૧૧૯ | શિલાઓ ઉપર રહેલાં સિંહાસનોનું પ્રમાણ | ૧૩૪-૧૩૬ |
| ૧૨૦-૧૨૧ | સોમનસ વનનું સ્વરૂપ | ૧૩૭-૧૩૯ |
| ૧૨૨-૧૨૩ | નંદનવનનું સ્વરૂપ | ૧૩૯-૧૪૨ |
| ૧૨૪-૧૨૫ | ભદ્રશાલવનનું સ્વરૂપ (યંત્ર) | ૧૪૨-૧૪૫ |
| ૧૨૬-૧૨૭ | ગજદંતગિરિનું વર્ણન | ૧૪૬-૧૪૭ |
| ૧૨૮ | અધોલોકવાસી દિક્કુમારીઓનાં સ્થાન | ૧૪૮ |

| ગાથાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|
| ૧૨૯ | ગજદંતગિરિનું પ્રમાણ | ૧૪૮–૧૫૦ |
| ૧૩૦ | કુરૂક્ષેત્રનો વિસ્તાર | ૧૫૦–૧૫૧ |
| ૧૩૧ | કુરૂક્ષેત્રનાં પર્વતો | ૧૫૧–૧૫૨ |
| ૧૩૨–૧૩૩ | કુરૂક્ષેત્રનાં દ્રહોનું સ્વરૂપ . | ૧૫૨–૧૫૩ |
| ૧૩૪ | કુલગિરિથી મેરૂ સુધીનાં આઠ આંતરાનું સ્વરૂપ. | ૧૫૩–૧૫૪ |
| ૧૩૫ | કાંચનગિરિનું સ્વરૂપ | ૧૫૪–૧૫૬ |
| ૧૩૬–૧૪૫ | જંબૂવૃક્ષનું વર્ણન | ૧૫૭–૧૬૨ |
| ૧૪૬ | વિજયાદિકનું સ્વરૂપ | ૧૬૩–૧૬૪ |
| ૧૪૭ | વિજયાદિકની પહોળાઈ (યંત્ર સાથે) | ૧૬૪–૧૬૬ |
| ૧૪૮ | વિજયાદિકની લંબાઈ | ૧૬૭ |
| ૧૪૯ | વક્ષસ્કારની ઉંચાઈ | ૧૬૭–૧૬૮ |
| ૧૫૦–૧૫૧ | ૧૬ વક્ષસ્કારનાં નામ | ૧૬૮–૧૬૯ |
| ૧૫૨–૧૫૩ | ૧૨ અંતર નદીનાં નામ | ૧૬૯–૧૭૦ |
| ૧૫૪–૧૫૭ | ૩૨ વિજયનાં નામ | ૧૭૦–૧૭૨ |
| ૧૫૮ | વિજયની નગરીઓ | ૧૭૨–૧૭૩ |
| ૧૫૯–૧૬૨ | વિજયની નગરીઓનાં નામ | ૧૭૩–૧૭૫ |
| ૧૬૩ | વિજયની નદીઓ | ૧૭૫ |
| ૧૬૪ | ચાર વનમુખની પહોળાઈ | ૧૭૬–૧૭૭ |
| ૧૬૫–૧૬૬ | લાખ યોજન કેવી રીતે થાય તે જણાવે છે. | ૧૭૮–૧૭૯ |
| ૧૬૭ | અધોગ્રામ કયાં આવેલાં છે તે જણાવે છે. | ૧૭૯–૧૮૦ |
| ૧૬૮ | જંબૂદ્વીપમાં તીર્થંકરાદિક જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કેટલા હોય તે કહે છે. | ૧૮૦–૧૮૨ |
| ૧૬૯ | ચંદ્ર તથા સૂર્યનું ચાર ક્ષેત્ર. | ૧૮૨–૧૮૩ |
| ૧૭૦ | ચંદ્ર તથા સૂર્યનાં માંડલા તથા આંતરા. | ૧૮૩–૧૮૪ |
| ૧૭૧ | માંડલાનું અંતર | ૧૮૪–૧૮૬ |

| ગાથાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|
| ૧૭૨ | ચંદ્ર તથા સૂર્યનું જંબૂદ્વીપનું તથા લવણ સમુદ્રનું આંતરૂં કહે છે. | ૧૮૬–૧૮૭ |
| ૧૭૩ | બે ચંદ્ર તથા બે સૂર્યનું પરસ્પર આંતરૂં | ૧૮૭–૧૯૦ |
| ૧૭૪ | ચંદ્રની મંડલે મુહૂર્તગતિ. | ૧૯૦–૧૯૧ |
| ૧૭૫ | સૂર્યની મંડલે મુહૂર્તગતિ. | ૧૯૧–૧૯૨ |
| ૧૭૬ | સૂર્યના મંડલે ઉદય અને અસ્તનું આંતરૂં. | ૧૯૨–૧૯૩ |
| ૧૭૭ | દરેક મંડલે દિવસની હાનિનું પ્રમાણ. | ૧૯૩–૧૯૪ |
| ૧૭૮–૧૭૯ | બાહ્ય મંડલે રહેલા સૂર્યના ઉદય અને અસ્તનું આંતરૂં. તથા એક ચંદ્રનો પરિવાર | ૧૯૪–૧૯૬ |
| ૧૮૦ | ગ્રહાદિકની સંખ્યા જાણવાનું કરણ (યંત્ર) | ૧૯૬–૧૯૮ |
| ૧૮૧ | લવણ સમુદ્રાદિમાં ચંદ્ર સૂર્યની સંખ્યા. | ૧૯૮–૧૯૯ |
| ૧૮૨–૧૮૩ | મનુષ્ય ક્ષેત્રમાં સૂર્યાદિકની વક્તવ્યતા (યંત્ર) | ૧૯૯–૨૦૨ |
| ૧૮૪ | મનુષ્ય ક્ષેત્રની બહારના ચંદ્ર સૂર્યની વક્તવ્યતા. | ૨૦૨–૨૦૩ |
| ૧૮૫ | જંબૂદ્વીપની પરિધિ | ૨૦૩ |
| ૧૮૬ | જંબૂદ્વીપનું ગણિતપદ | ૨૦૩–૨૦૪ |
| ૧૮૭ | પરિધિ વગેરે આઠ ગણિતનાં નામ | ૨૦૪–૨૦૫ |
| ૧૮૮ | પરિધિ તથા ગણિતપદની રીત (યંત્રો સાથે) | ૨૦૫–૨૧૮ |
| ૧૮૯ | ઇષુ અને જીવાનું કરણ. (યંત્રો સાથે) | ૨૧૮–૨૨૪ |
| ૧૯૦ | ધનુઃપૃષ્ઠ તથા બાહાનું કરણ (યંત્ર સાથે) | ૨૨૫–૨૨૬ |
| ૧૯૧ | છેલ્લા ખંડનું પ્રતર કરવાનું કરણ (યંત્રો સાથે) | ૨૨૭–૨૨૮ |
| ૧૯૨ | વૈતાઢ્ય પર્વતનું પ્રતરકરણ (યંત્રો સાથે) | ૨૨૯–૨૩૬ |
| ૧૯૩ | પ્રતર ગણિત વ્યવહારથી ગણ્યું છે તે જણાવે છે. | ૨૩૭–૨૩૮ |
| ૧૯૪ | ઘનગણિત (યંત્રો સાથે) | ૨૩૮–૨૪૦ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| | જીવાદિકની સંગ્રહ ગાથાઓ અર્થ સાથે | ૨૪૧–૨૫૦ |
| | **જંબૂદ્વીપાધિકાર સમાપ્ત** | |
| ૧૯૫ | લવણ સમુદ્રનું સંસ્થાન તથા જલવૃદ્ધિ | ૨૫૧–૨૫૨ |
| ૧૯૬ | લવણ સમુદ્રમાં જલવૃદ્ધિનું પ્રમાણ | ૨૫૨–૨૫૩ |
| ૧૯૭ | લવણ સમુદ્રની શિખાનું વર્ણન | ૨૫૩–૨૫૪ |
| ૧૯૮–૨૦૩ | પાતાળ કળશાનું સ્વરૂપ વગેરે | ૨૫૪–૨૬૦ |
| ૨૦૪–૨૦૭ | વેલધર દેવોની સંખ્યા તથા તેમનાં નિવાસ પર્વતો તથા અધિપતિ વગેરે. | ૨૬૦–૨૬૩ |
| ૨૦૮–૨૧૦ | વેલંધરાદિ પર્વતોની ઉંચાઇ તથા પહોળાઇ વગેરે (યંત્રો સાથે) | ૨૬૩–૨૬૯ |
| ૨૧૧–૨૧૮ | છપ્પન અંતરદ્વીપનાં નામ વગેરે | ૨૬૯–૨૭૬ |
| ૨૧૯ | અંતરદ્વીપના યુગલિકોનું શરીર પ્રમાણાદિ | ૨૭૬–૨૭૭ |
| ૨૨૦–૨૨૩ | ગૌતમદ્વીપ,તથા સૂર્ય ચંદ્ર દ્વીપોની હકીકત | ૨૭૭–૨૭૮ |
| ૨૨૪ | દ્વીપોમાં આવેલ પ્રાસાદોનું પ્રમાણ | ૨૭૯–૨૮૨ |
| | **લવણ સમુદ્રનો અધિકાર સમાપ્ત** | |
| ૨૨૫ | ધાતકી ખંડના ઇષુકાર પર્વતનું વર્ણન | ૨૮૩–૨૮૪ |
| ૨૨૬ | ધાતકી ખંડમાં કુલગિરિ તથા ક્ષેત્રોની સંખ્યા જણાવે છે. | ૨૮૪–૨૮૫ |
| ૨૨૭ | ધાતકી ખડમાં જંબૂદ્વીપ સમાન પદાર્થો જણાવે છે. | ૨૮૫–૨૮૬ |
| ૨૨૮–૨૨૯ | જંબૂદ્વીપના બે મેરુનું સ્વરૂપ | ૨૮૬–૨૮૮ |
| ૨૩૦ | જંબૂદ્વીપના કરતાં બમણું પ્રમાણ જે પદાર્થોનું છે તે જણાવે છે. (યંત્ર સાથે) | ૨૮૯–૨૯૧ |
| ૨૩૧ | ધાતકી ખંડના ભદ્રસાલ વનનું પ્રમાણ. | ૨૯૧–૨૯૨ |
| ૨૩૨ | ધાતકી ખંડના આઠ ગજદંતનું સ્વરૂપ. (યંત્ર સાથે) | ૨૯૨–૨૯૩ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૨૩૩ | વક્ષસ્કાર પર્વત વગેરેની લંબાઇ. | ૨૯૩–૨૯૪ |
| ૨૩૪ | ધાતકી ખંડના ક્ષેત્રાદિનું પ્રમાણ | ૨૯૪–૨૯૫ |
| ૨૩૫–૨૩૬ | ધાતકી ખંડના ધ્રુવાંક (યંત્ર સાથે) | ૨૯૫–૨૯૯ |
| ૨૩૭ | ધાતકી ખંડની વિજયનો વિસ્તાર (યંત્ર સાથે) | ૨૯૯–૩૦૧ |
| ૨૩૮ | ધાતકી ખંડની વિજયોની નગરીઓ તથા વૃક્ષો. | ૩૦૧–૩૦૨ |
| ૨૩૯ | ધાતકી ખંડની ત્રણ પરિધિઓ (યંત્રો સાથે) | ૩૦૩–૩૦૭ |
| | **ધાતકી ખંડનો અધિકાર સમાપ્ત** | |
| ૨૪૦ | કાલોદધિનું સ્વરૂપ | ૩૦૭ |
| ૨૪૧ | કાલોદધિના દ્વીપોનું સ્વરૂપ | ૩૦૯–૩૧૦ |
| | **કાલોદધિનો અધિકાર સમાપ્ત** | |
| ૨૪૨ | પુષ્કરવરદ્વીપમાં આવેલા માનુષોત્તરનું સ્વરૂપ. | ૩૧૧–૩૧૨ |
| ૨૪૩ | પુષ્કરવર દ્વીપાર્ધના ક્ષેત્રો અને પર્વતોના સ્થાનાદિ. | ૩૧૩–૩૧૪ |
| ૨૪૪–૨૪૫ | બાહ્ય તથા અભ્યંતર ગજદંતનું સ્વરૂપ | ૩૧૪–૩૧૬ |
| ૨૪૬ | પુષ્કરવરાર્ધની નદીઓ તથા પર્વતાદિનું પ્રમાણ (યંત્ર સાથે) | ૩૧૭–૩૧૮ |
| ૨૪૭–૨૪૯ | પુષ્કરવરની ધ્રુવાંક રાશી (યંત્ર સાથે) | ૩૧૮–૩૨૧ |
| ૨૫૦–૨૫૧ | પુષ્કરવરના મહાવિદેહના વિજયના વિષ્કંભ (યંત્ર સાથે) | ૩૨૨–૩૨૫ |
| ૨૫૨ | પુષ્કરવરના વૃક્ષોનાં નામાદિ | ૩૨૫–૩૨૬ |
| ૨૫૩–૨૫૪ | મનુષ્ય ક્ષેત્રના સર્વ પર્વતોની સંખ્યા | ૩૨૬–૩૨૭ |
| ૨૫૫ | પુષ્કરાર્ધની ત્રણ પરિધિઓ (યંત્રો સાથે) | ૩૨૮–૩૩૨ |

| ગાથાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|
| ૨૫૬ | મનુષ્યક્ષેત્રની બહાર જે જે વસ્તુઓ નથી તે જણાવે છે. | ૩૩૨–૩૩૩ |
| | **પુષ્કરવરનો પાંચમો અધિકાર સમાપ્ત** | |
| ૨૫૭ | ઇષુકાર પર્વત ઉપર રહેલા જિન ચૈત્યો. | ૩૩૪ |
| ૨૫૮ | નંદીશ્વરદ્વીપ, કુંડલદ્વીપના જિનભવનો | ૩૩૫–૩૩૭ |
| ૨૫૯ | રૂચક પર્વતની વિશેષતા | ૩૩૭–૩૩૯ |
| ૨૬૦ | રૂચક પર્વત ઉપર આવેલા દિકકુમારીકાના નિવાસો. | ૩૩૯–૩૪૧ |
| ૨૬૧–૨૬૩ | ગ્રંથનો ઉપસંહાર તથા ગ્રંથકારનું નામ વિગેરે. | ૩૪૧–૩૪૩ |
| | અઢી દ્વીપના શાશ્વતા પદાર્થોનો યંત્ર | ૩૪૪–૩૪૭ |
| | **છઠ્ઠો અધિકાર સમાપ્ત** | |



અમારે ત્યાંથી પાઠશાળા, કન્યાશાળા તથા બોર્ડિંગમાં ચાલતા જૈન ધર્મનાં દરેક જાતનાં પાઠ્ય પુસ્તકો લાયબ્રેરી યોગ્ય ચરિત્રો તથા પ્રતાકારે ચરિત્રો આગમો વિગેરે સારા કમિશનથી કિફાયતે મળશે માટે મળો યા લખો :—

**માસ્તર રતીલાલ બાદરચંદ શાહ**

ઠે. દોસીવાડાની પોળ–**અમદાવાદ**

# પરિશિષ્ટ—૨

## હાલની પૃથ્વીનો સમાવેશ ક્ષેત્ર સમાસના આધારે કયા ક્ષેત્રમાં થાય?

( પરિશિષ્ટ ૧ માટે પાના ૩૪૮ થી ૩૫૨ જુઓ )

હાલ એશિયા, યુરોપ, અમેરિકા વગેરે પાંચ ખંડ પ્રમાણ પૃથ્વી જાણીતી છે. તે ખંડોનો સમાવેશ આ જંબૂદ્વીપના દક્ષિણ ભાગમાં આવેલ ભરત ક્ષેત્રના દક્ષિણ ભરતાર્ધમાં થાય એમ વિચાર કરતાં જણાશે. દક્ષિણ ભરતાર્ધની પૂર્વ પશ્ચિમ લંબાઈ લગભગ ૧૪૪૭૧ યોજન પ્રમાણ અને ઉત્તર દક્ષિણની પહોળાઈ લગભગ ૨૩૮ યોજન પ્રમાણ કહેલી છે. યોજનના ત્રણ પ્રકાર ગણાવ્યા છે. ૧ ઉત્સેધાંગુલના માપથી, ૨ આત્માંગુલના માપથી અને ૩ પ્રમાણાંગુલના માપથી. તેમાં ક્ષેત્રોનું પ્રમાણ પ્રમાણાંગુલના માપથી ગણવાનું કહેલું છે. આ પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ચારસો ગુણો લાંબો અને અઢીગણો પહોળો ગણાવ્યો છે. એ ગણતરી પ્રમાણે દક્ષિણ ભરતાર્ધની પહોળાઈ ૨૩૮ યોજન કહેલી છે તેને ચારસો વડે ગુણતાં (૨૩૮×૪૦૦=૯૫૨૦૦) પંચાણુ હજાર બસો યોજન પ્રમાણ થાય છે. તથા લંબાઈના ૧૪૪૭૧ ને ૪૦૦ થી ગુણતાં (૧૪૪૭૧×૪૦૦=૫૭૮૮૪૦૦) સત્તાવન લાખ અઠ્ઠાસી હજાર ને ચારસો યોજન થાય છે. આટલી દક્ષિણ ભરતાર્ધની લંબાઈ પહોળાઈ જાણવી.

હવે હાલની પૃથ્વી પૂર્વથી પશ્ચિમ દિશામાં ૭૯૨૬ માઇલની અને ઉત્તર દક્ષિણ ૭૯૦૦ માઈલ પ્રમાણ જ છે. ચાર માઈલનો એક યોજન થાય માટે ઉપરની સંખ્યાના ગાઉના યોજન કરીએ તો ચોથા ભાગ પ્રમાણ આવે. આ ગણતરી ઉપરથી વાચકને ખ્યાલ આવી જશે કે હાલની જે પૃથ્વી પ્રગટ છે તે દક્ષિણ ભરતાર્ધ કરતાં

ઘણી નાની છે. આથી જ વિચાર કરતાં આ આખી પૃથ્વીનો સમાવેશ દક્ષિણ ભરતાર્ધમાં થઇ જાય એમ જણાયા વિના રહેતું નથી.

અમેરિકાને મહાવિદેહ કહેવાય કે ?

ક્ષેત્ર સમાસના આધારે જ્યારે આપણા ભરતક્ષેત્રમાં દિવસ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રી હોય છે. અને જ્યારે અમેરિકામાં દિવસ હોય છે ત્યારે અહીં રાત્રી હોય છે. આ કથન ઉપરથી કેટલાક લોકો બીજો વિચાર કર્યા સિવાય હાલના અમેરિકાને મહાવિદેહ ગણવાની ભૂલ કરે છે. પરંતુ વિચાર કરતાં જણાશે કે મહાવિદેહનું જે સ્વરૂપ કહ્યું છે તેની સાથે અમેરિકાનું જરા પણ સરખાપણું નથી. પ્રથમ તો ઉપર લખ્યા પ્રમાણે આ દક્ષિણ ભરતાર્ધનું પ્રમાણ જ એટલું મોટું છે કે તેમાં હાલની પૃથ્વીનો સમાવેશ થઈ જાય છે. એટલે અમેરિકાનો સમાવેશ પણ દક્ષિણ ભરતાર્ધમાં થાય છે તેથી અમેરિકા એ મહાવિદેહ નથી. બીજું ભરતક્ષેત્ર કરતાં મહાવિદેહનું પ્રમાણ ચોસઠગણું મોટું કહ્યું છે. તેનો પણ અમેરિકા સાથે મેળ થતો નથી. ત્રીજું મહાવિદેહ ક્ષેત્રમાં હમેશાં ચોથો આરો વર્તે ત્યાં તીર્થંકરો વિચરતા હોય, સાધુ સાધ્વી શ્રાવકો શ્રાવિકા રૂપ સંઘ હોય તેમાંનું કાંઇ પણ અમેરિકામાં નથી. માટે અમેરિકાને કોઈ પણ રીતે મહાવિદેહ કહેવાય જ નહિ.

(આ બંને પરિશિષ્ટો શ્રી મુક્તિ કમળ જૈન મોહનમાલા તરફથી પ્રગટ થએલ શ્રી લઘુ ક્ષેત્ર સમાસ યાને જૈન ભુગોળ એ નામના ગ્રંથના ઉપોદ્ઘાતના આધારે લખેલ છે.)

——— ० ———

॥ ॐ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

श्रीरत्नशेखरसूरि-विरचित

# શ્રી લઘુ ક્ષેત્ર સમાસ પ્રકરણ સાર્થ.

મંગલાચરણ વિગેરે:—

વીરં જયસેહરપય-પઇટ્ઠિઅં પણમિઊણ સુ(સ)ગુરૂં ચ;
મંદુત્તિ સસરણટ્ઠા, ખિત્તવિઆરાણુમુંછામિ. ૧

વીરં-શ્રીમહાવીર સ્વામીને
જય-ત્રણ જગતના
સેહર-મુગટ સમાન
પય-પદ, સ્થાન
પઇટ્ઠિયં-રહેલા
પણમિઊણ-નમસ્કાર કરીને
સુગુરૂં-સુગુરૂને
ચ-અને

મંદુત્તિ-મંદબુદ્ધિવાળો હોવાથી
સસરણટ્ઠા-પોતાના સ્મરણ માટે
ખિત્ત-ક્ષેત્રના
વિઆર-વિચારના
અણું-અંશને, લેશને,
ઉંછામિ-વીણું છું, સંગ્રહું છું.
(ઉચ્છામિ-કહું છું)

**અર્થ**:—(ઉર્ધ્વ, અધો, અને તિર્ચ્છા લોક રૂપ) ત્રણ લોકના મુગટ રૂપ મોક્ષ સ્થાનમાં રહેલા શ્રીમહાવીર-સ્વામીને અને જયશેખરસૂરિની પાટે રહેલા શ્રી વજ્રસેનસૂરિ નામના પોતાના સુગુરૂને નમસ્કાર કરીને હું (ગ્રંથકર્તા રત્નશેખરસૂરિ) મંદ બુદ્ધિવાળો હોવાથી પોતાના સ્મરણ માટે ક્ષેત્રવિચારના લેશને વીણું છું, એટલે શાસ્ત્રમાંથી થોડું થોડું ગ્રહણ કરૂં છું. ૧

**વિવેચન:**—ગ્રંથની શરૂઆતમાં વિઘ્નની શાન્તિ માટે શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરવા રૂપ **મંગલાચરણ** જાણવું. અહિં ક્ષેત્રવિચારના લેશને કહેવા રૂપ (૧) **અભિધેય** (વિષય-બાબત) છે. ક્ષેત્ર સ્વરૂપનું જ્ઞાન મેળવવું તે (૨) **પ્રયોજન** છે. ક્ષેત્રવિચાર જાણવાની ઇચ્છાવાળા ભવ્ય જીવો (૩) **અધિકારી** (ભણવાને યોગ્ય) છે અને વાચ્ય વાચક અથવા ઉપાય ઉપેય રૂપ (૪) **સંબંધ** જાણવો. આ ચાર અનુબંધ ચતુષ્ટય કહેવાય છે. અહિં ગ્રંથ વાચક છે, અને તેમાંથી મેળવવાનું ક્ષેત્રવિચારનું જ્ઞાન તે વાચ્ય છે. આ ગ્રંથ ઉપાય છે અને તેમાંથી ક્ષેત્રવિચારનું જ્ઞાન મેળવવું તે ઉપેય છે. ૧

તિર્છાલોકમાં રહેલા દ્વીપો અને સમુદ્રોની સંખ્યા જણાવે છે:-

**તિરિ-એગ-રજ્જુ-ખિત્તે, અસંખ દીવોદહીઉ તે સવ્વે;**
**ઉદ્ધાર-પલિઅ-પણવીસ-કોડીકોડી-સમય-તુલ્લા. ૨**

| | |
|---|---|
| **તિરિ**-તિર્છા | **ઉદ્ધારપલિઅ**-સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના |
| **એગરજ્જુ**-એક રાજપ્રમાણ | **કોડીકોડી**-કોડાકોડી |
| **અસંખ**-અસંખ્યાતા | **તુલ્લા**-તુલ્ય, જેટલા |
| **ઉદહીઉ**-સમુદ્રો | |

**અર્થ:**—એક રાજ પ્રમાણ તિર્છા ક્ષેત્રને વિષે અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે, તે સર્વે પચીસ કોડાકોડી (સૂક્ષ્મ) ઉદ્ધાર પલ્યોપમના સમય જેટલા છે. ૨

**વિવેચન:**—ચૌદ રાજલોકના મધ્યમાં તિર્છા લોક

આવેલો છે. તે ૧૮૦૦ યોજન ઉંચો અને એક રાજ લાંબો પહોળો છે. અસંખ્યાતા કોડાકોડી યોજનનો એક રાજ થાય છે. આ રાજ પ્રમાણ ક્ષેત્રમાં અસંખ્યાતા દ્વીપો અને અસંખ્યાતા સમુદ્રો આવેલા છે. તે દ્વીપ સમુદ્રોની (બન્નેની ભેગી મળીને) કુલ સંખ્યા ૨૫ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના સમય જેટલી છે. પલ્યોપમ ત્રણ પ્રકારના છેઃ—૧ ઉદ્ધાર પલ્યોપમ, ૨. અદ્ધા પલ્યોપમ, ૩. ક્ષેત્ર પલ્યોપમ. આ ત્રણેના સૂક્ષ્મ અને બાદર એમ બે બે ભેદ છે. તેમાં સૂક્ષ્મનું સ્વરૂપ જણાવવાને બાદર પલ્યોપમ કહેલ હોવાથી તે ઉપયોગી નથી. અહીં દ્વીપ સમુદ્રની સંખ્યા જાણવા માટે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ આગળ જણાવે છે. કુવાને પલ્ય (પાલો) કહેલ છે. તે પલ્યની ઉપમા વડે બને છે માટે પલ્યોપમ કહેવાય છે. ૨

ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ ત્રણ ગાથામાં જણાવે છેઃ—

**કુરૂ સગ દિણાવિ અંગુલ, રોમે સગવાર વિહિઅ અડખંડે;**
**બાવન્નસયં સહસ્સા, સગણઉઈ વીસ લક્ખાણૂ. ૩**

કુરૂ–દેવકુરુ, ઉત્તરકુરૂના
સગદિણ સાત દિવસના
અવિ–ઘેટાના
અંગુલ રોમે–આંગલ પ્રમાણ વાળના
સગવાર–સાત વાર
વિહિય–કરેલા

અડખંડે–આઠ ખંડ
બાવન્નસયં—એકસો બાવન
સહસ્સા–હજાર
સગણઉઈ–સત્તાણું
વીસલક્ખ–વીસ લાખ
અણુ–રોમખંડ, વાલાગ્ર

**અર્થ:**—દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં સાત દિવસના જન્મેલા ઘેટાના એક ઉત્સેધાંગુલ પ્રમાણ વાળના સાત વાર આઠ આઠ કકડા કરવાથી તે કકડા વીશ લાખ, સત્તાણું હજાર, એકસો ને બાવન ( ૨૦૯૭૧૫૨ ) થાય છે. ૩

**વિવેચન:**—દેવકુરૂ તથા ઉત્તરકુરૂ એ નામના યુગલિયાના ક્ષેત્રો છે. જ્યાં હંમેશાં સ્ત્રી પુરૂષના જોડલા રૂપે બાળકોનો જન્મ થાય તે યુગલિક ક્ષેત્ર કહેવાય. આ બન્ને યુગલિક ક્ષેત્રમાં હંમેશાં પહેલો આરો પ્રવર્તે છે. આ ક્ષેત્રમાં જન્મેલા સાત દિવસ સુધીના ઘેટાના એક ઉત્સેધાંગુલ પ્રમાણવાળા વાળના સાત વખત આઠ આઠ ખંડ કરવા. એ પ્રમાણે આઠ આઠ ખંડ કરવાથી એક ઉત્સેધાંગુલ વાળના વીશ લાખ સત્તાણું હજાર એકસો ને બાવન [૨૦૯૭૧૫૨] ખંડ થાય છે તે પ્રમાણે:—

૧×૮=૮×૮=૬૪×૮=૫૧૨×૮=૪૦૯૬×૮=૩૨૭૬૮ ×૮=૨૬૨૧૪૪×૮=૨૦૯૭૧૫૨

ઉત્સેધાંગુલના માપથી એક યોજન લાંબો, એક યોજન પહોળો અને એક યોજન ઉંડો ગોળાકાર કૂવો [પલ્ય] કરવો. તે કૂવામાં ઘેટાના વાળના ખંડો ઠાંસી ઠાંસીને ભરવા કે જેથી ચક્રવર્તીનું સૈન્ય તેના ઉપરથી ચાલી જાય તો પણ જરા પણ ખાડો પડે નહિ. ૩

**તે થૂલા પલ્લે વિ હુ, સંખિજ્જા ચેવ હુંતિ સવ્વે વિ;**
**તે ઇક્કિક્ક અસંખે, સુહુમે ખંડે પકપ્પેહ. ૪**

| | |
|---|---|
| તે-તે [વાલાગ્ર] | ચેવ-નિશ્ચય. હુંતિ-હોય છે |
| **થૂલા**-સ્થૂલ; બાદર | **સવ્વેવિ**-સર્વે પણ |
| **પલ્લેવિ**-પાલામાં-કુવામાં પણ | ઇક્કિક્ક-એક એકના |
| હુ-પાદપૂરણ અવ્યય | **અસંખે**-અસંખ્યાતા |
| **સંખિજ્જા**-સંખ્યાતા | ખંડે-ખંડો, **પકપ્પેહુ**-કલ્પો, કરો |

**અર્થઃ**—તે સ્થૂલ વાલાગ્રો ( વાળના કકડા ] ચાર કોશ પ્રમાણ પલ્યને વિષે [ભર્યા સતા પણ] સર્વ મળીને સંખ્યાતા જ થાય છે. તેથી તે એક એક વાલાગ્રના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડો-કકડા કલ્પવા. ૪

**વિવેચનઃ**—આગલી ગાથામાં જણાવેલા પ્રમાણના ઘેટાના વાલાગ્રો સ્થૂલ (મોટા) હોવાથી તે યોજન પ્રમાણ કૂવામાં ઠાંસીને ભરીએ તો પણ સંખ્યાતા જ માય છે. તે આવી રીતે:-એક ઉત્સેધાંગુલ વાળના ૨૦૯૭૧૫૨ ખંડ થયા, તે એક ઉત્સેધાંગુલમાં સમાઈ રહે છે તો એક હાથમાં કેટલા માય તે જાણવાને તેને ૨૪ થી ગુણવા. કારણ કે ૨૪ આંગળનો એક હાથ થાય છે. જે સંખ્યા આવે તેને ચારે ગુણવાથી ધનુષ્યમાં સમાતા વાલાગ્રોની સંખ્યા આવે. જે સંખ્યા આવે તેને બે હજારે ગુણવાથી એક ગાઉમાં સમાતી વાલાગ્રની સંખ્યા આવે. પછી જે સંખ્યા આવે તેને ચારે ગુણવાથી એક યોજનમાં સમાતા વાલાગ્રની સંખ્યા આવે. એ પ્રમાણે કરવાથી ૨૦૯૭૧૫૨×૨૪×૪×૨૦૦૦×૪=૧૬૧૦૬૧-૨૭૩૬૦૦૦ વાલાગ્રો આવે. આટલા વાલાગ્ર એક સૂચિ યોજનમાં સમાય. (અહિં એકલી લંબાઈને સૂચિ જાણવી) કૂવો એક યોજન લાંબો પહોળો અને ઉંડો છે માટે ઉપર

આપેલી સૂચિ યોજનની સંખ્યાને તેજ સંખ્યાએ ગુણવાથી સમચતુરસ્ર (લાંબા અને પહોળા) એક યોજનમાં સમાતા વાલાગ્ર સંખ્યા આવે.

(૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦×૧૬૧૦૬૧૨૭૩૬૦૦૮=૨૫૯-૪૭૩૩૮૫૩૬૫૪૦૫૬૯૬૦૦૦૦૦૦ × ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ = ૪૧૭૮૦૪૭૬૩૨૫૮૮૧૫૮૪૨૭૭૮૪૫૪૦૨૫૬૦૦૦૦૦૦૦૦૦ આ સંખ્યા ચોખંડા યોજન પ્રમાણ કૂવામાં સમાય છે. અહિં વાલાગ્ર ભરવાનો કૂવો ગોળ છે. ચોખંડા કરતાં ગોળમાં ઓછી સંખ્યા સમાય છે. તે લાવવાને ઉપર આવેલી સંખ્યાને ૧૯થી ગુણીને ૨૪ વડે ભાગવા. ઓગણીસે ગુણવાથી ૭૯૩૮૨૯૦૫૦૧૯૧૭૫૦૧૨૭૯૦૬૩૪૦૮૬૪૦૦૦૦૦૦૦૦૦ આવે તેને ૨૪ વડે ભાગવાથી ૩૩૦૭૬૨૧૦૪૨૪૬૫૬૨૫૪૨૧૯૯૬૦૯૭૫૩૬૦૦૦૦૦૦૦૦૦ આટલી સંખ્યા પ્રમાણ વાલાગ્ર તે કૂવામાં સમાય. તેમાંથી એક એક સમયે એક એક વાલાગ્રને કાઢીએ ત્યારે સંખ્યાતા સમયમાં તે કૂવો ખાલી થાય. તેટલા પ્રમાણનો એક બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય. એક આવલીમાં પણ અસંખ્યાતા સમય થાય છે તેનાથી પણ આ બાદર ઉદ્ધાર પલ્યોપમ નાનું છે. તે કાંઈ ઉપયોગમાં આવતું નથી.

હવે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કરવાને માટે ઉપર જણાવેલ સંખ્યાના વાલાગ્રોના દરેક ખંડના અસંખ્યાતા અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કલ્પવા, ત્યાર પછી શું કરવું તે આગલી ગાથામાં જણાવે છે. ૪

**સુહુમાણુ-ણિચિઅ-ઉસ્સે-હંગુલ ચઉકોસ પલ્લિ ઘણુવટ્ટે;**
**પઈસમય મણુગ્ગહનિ-ટ્ઠિઅંમિ ઉદ્ધાર પલિઉત્તિ. ૫**

**સુહુમાણુ**-સૂક્ષ્મ રોમખંડોથી
**ણિચિઅ**-ભરેલા
**ઉસ્સેહંગુલ**-ઉત્સેધાંગુલના માપથી
**ઘણુવટ્ટે**-ઘનવૃત્ત (ઘન અને ગોળાકાર)
**અણુગ્ગહુ**-કાઢતાં
**નિટ્ઠિઅંમિ**-ખાલી થયે છતે
**ઉદ્ધાર પલિઉ**-સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ
**ત્તિ**-ઈતિ, એ પ્રમાણે

**અર્થ**:—કલ્પનાએ કરીનેજ સૂક્ષ્મ અણુઓ (અસંખ્ય વાળાગ્રો) વડે ઠાંસી ઠાંસીને ભરેલો, ઉત્સેધ અંગુલના માને કરેલો જે ચાર કોશનો વૃત્ત પલ્ય, તેમાંથી પ્રતિસમયે એક એક અણુ (વાળાગ્ર) ગ્રહણ કરવાથી જેટલા કાળે તે સર્વથા ખાલી થઈ જાય તેટલા કાળનો તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય છે. આ પલ્યોપમમાં સંખ્યાતા કોડાકોડી વર્ષો થાય છે. ૫

હવે ત્રણ ગાથામાં દ્વીપોનાં નામ ગણાવે છે:—

**પઢમો જંબૂ બીઓ, ધાયઈખંડો અ પુક્ખરો તઇઓ;**
**વારૂણિવરો ચઉત્થો, ખીરવરો પંચમો દીવો. ૬**
**ઘયવરદીવો છટ્ઠો, ઇક્ખુરસો સત્તમો અ અટ્ઠમઓ;**
**ણંદીસરો અ અરૂણો, ણવમો ઇચ્ચાઈ સંખિજ્જા. ૭**

**અર્થ**:—પહેલો જંબુદ્વીપ છે. બીજો ઘાતકીખંડ છે. ત્રીજો પુષ્કરવર દ્વીપ છે. ચોથો વારૂણીવર દ્વીપ છે. પાંચમો

ક્ષીરવર દ્વીપ છે, છઠ્ઠો ઘૃતવર દ્વીપ છે, સાતમો ઈક્ષુરસ દ્વીપ છે. આઠમો નંદીશ્વર દ્વીપ છે અને નવમો અરૂણ દ્વીપ વિગેરે અસંખ્ય દ્વીપો છે. ૬–૭

**વિવેચનઃ**—અહિં એક દ્વીપ પછી તરત બીજો દ્વીપ નથી, પરંતુ દરેક દ્વીપને ફરતો સમુદ્ર છે અને સમુદ્રને ફરતો દ્વીપ છે. ફક્ત છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રને ફરતો દ્વીપ નથી. ૬–૭

**દ્વીપો કયા કયા નામે કેટલા છે તે બે ગાથામાં જણાવે છેઃ-**

**સુપસત્થ–વત્થુણામા, તિપડોઆરા તહારૂણાઈઆ;**
**ઈગણામે વિ અસંખા, જાવ ય સૂરાવભાસ ત્તિ. ૮**

**અર્થઃ**—દ્વીપો તથા સમુદ્રો સારી પ્રશસ્ત વસ્તુના નામવાળા છે, તથા અરૂણ વિગેરે દ્વીપો ત્રિપ્રત્યવતાર નામ-વાળા તથા સુરાવભાસ સુધી એક એક નામવાળા પણ અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. ૮

**વિવેચનઃ**—ઉપરની ગાથામાં કહેલા નવમા અરૂણ દ્વીપથી આગળ આવેલા દ્વીપો ઉત્તમ વસ્તુના નામવાળા છે. જેમકે આભરણ, વસ્ત્ર, ગંધ, કમળ, તિલક, પદ્મ, નિધિ, રત્ન, નદી, વિજય, ઈંદ્ર, મંદર, નક્ષત્ર વિગેરેના નામે છે. વળી અરૂણ દ્વીપથી ત્રિપ્રત્યવતાર નામવાળા છે. જેમકે અરૂણદ્વીપ, અરૂણવરદ્વીપ તથા અરૂણવરાવભાસદ્વીપ, કુંડલદ્વીપ, કુંડલ-વરદ્વીપ, કુંડલવરાવભાસદ્વીપ, અરૂણોપપાતદ્વીપ, અરૂણોપપાત-વરદ્વીપ, અરૂણોપપાતવરાવભાસદ્વીપ એ પ્રમાણે, શંખ, રૂચક, ભુજગ, કુશ, ક્રૌંચ આદિ દ્વીપોને વિષે ત્રિપ્રત્યવતાર કરવો. દરેક દ્વીપની પછી તે નામનો સમુદ્ર જાણવો.

એ પ્રમાણે અસંખ્યાતા દ્વીપ ગયા પછી **સુરવરાવભાસ** નામે દ્વીપ આવે, ત્યાર પછી બીજો જંબૂદ્વીપ આવે, ત્યારપછી બીજો ધાતકીખંડ એમ ફરીથી અસંખ્યાતા દ્વીપ જાય ત્યારે બીજો સુરવરાવભાસ દ્વીપ આવે. ત્યાર પછી ત્રીજો જંબૂદ્વીપ આવે એ પ્રમાણે એક એક નામવાળા અસંખ્યાતા દ્વીપો જાણવા, એટલે અસંખ્યાતા જંબૂદ્વીપો છે. અસંખ્યાતા ધાતકી ખંડો છે. તેમાં છેલ્લી અસંખ્યાતમી વાર સુરવરાવભાસ દ્વીપ આવે. ત્યાર પછી એકએક નામવાળા પાંચ દ્વીપો છે, તે જણાવે છે. ૮

**તત્તો દેવે નાગે, જક્ખે ભૂએ સયંભૂરમણે અ;**
**એએ પંચ વિ દીવા, ઈગેગણામા મુણેઅવ્વા. ૯**

| | |
|---|---|
| **તત્તો**–ત્યારપછી | **એએ**–એ |
| **દેવે**–દેવદ્વીપ | **પંચવિ**–પાંચે પણ |
| **નાગે**–નાગદ્વીપ | **દીવા**–દ્વીપો |
| **જક્ખે**–યક્ષદ્વીપ | **ઇગેગનામા**–એક એક નામે |
| **ભૂએ**-ભૂતદ્વીપ | **મુણેઅવ્વા**–જાણવા. |
| **સયંભૂરમણે**–સયંભૂરમણદ્વીપ | |

**અર્થઃ**—ત્યાર પછી દેવદ્વીપ, નાગદ્વીપ, યક્ષદ્વીપ, ભૂતદ્વીપ અને સ્વયંભૂરમણદ્વીપ આ પાંચ દ્વીપો એક એક નામવાળા જાણવા. ૯

**વિવેચનઃ**—આ ગાથામાં એક એક નામવાળા પાંચ દ્વીપો જણાવ્યા, તે પ્રમાણે પાંચ સમુદ્રો પણ એક એક નામવાળા જાણવા. તે સિવાયના આગળ કહેવાતા સર્વે સમુદ્રો પણ અસંખ્યાતા અસંખ્યાતા જાણવા. ૯.

હવે સમુદ્રોનાં નામો કહે છેઃ—

**પઢમે લવણો બીઓ, કાલોઅહિ સેસએસુ સવ્વેસુ;**
**દીવસમ નામયા જા, સયંભૂરમણોદહી ચરમો. ૧૦**

| | |
|---|---|
| **પઢમે**–પહેલો | **દીવસમ**–દ્વીપ સમાન |
| **લવણો**–લવણસમુદ્ર | **નામયા**–નામવાળા |
| **બીઓ**–બીજો | **જા**–યાવત્ સુધી |
| **કાલોઅહિ**–કાલોદધિ | **સયંભૂરમણોદહી**–સ્વયંભૂરમણ સમુદ્ર |
| **સેસએસુ**–બાકીના | **ચરમો**–છેલ્લો |
| **સવ્વેસુ**–સર્વને વિષે | |

**અર્થઃ**–પહેલા જંબૂદ્વીપને ફરતો લવણ સમુદ્ર છે. બીજા દ્વીપ ફરતો કાળોદધી સમુદ્ર છે, બાકીના સર્વ દ્વીપોની ફરતા દ્વીપ સમાન નામવાળા સમુદ્રો છે, યાવત્ છેલ્લો સ્વયંભૂરમણ નામે સમુદ્ર છે. ૧૦

**વિવેચનઃ**—ફક્ત પ્રથમના બે દ્વીપને ફરતા જે બે સમુદ્ર કહ્યા તે જ બે સમુદ્ર દ્વીપથી જુદા નામવાળા છે, બાકીના બધા સમુદ્રોનાં નામ દ્વીપ પ્રમાણે જ જાણવાં. ૧૦.

સમુદ્રના પાણીનો સ્વાદ જણાવે છેઃ—

**બીઓ તઇઓ ચરમો, ઉદગરસા પઢમ ચઉત્થ પંચમગા;**
**છટ્ઠો વિ સનામરસા, ઇક્ખુરસા સેસજલનિહિણો. ૧૧**

બીઓ–બીજો
તઇઓ–ત્રીજો
ચરમો–છેલ્લો
ઉદગરસા–પાણી સરખા સ્વાદવાળા
પંચમગા–પાંચમો
છટ્ઠો વિ–છટ્ઠો પણ

સનામરસા–પોતાના નામ સરખા રસવાળા
ઇક્ખુરસા–શેલડીના સરખા રસવાળા
સેસ–બાકીના
જલનિહિણો–સમુદ્રો

**અર્થ:**—બીજો, ત્રીજો અને છેલ્લો સમુદ્ર જળના રસવાળા એટલે શુદ્ધ જળવાળા છે. પહેલો, ચોથો, પાંચમો અને છટ્ઠો આ ચારે સમુદ્રો પોતપોતાના નામ સરખા રસવાળા છે. બાકીનાં સર્વે સમુદ્રો શેલડીના રસ જેવા રસવાળા–પાણીવાળા છે. ૧૧

**વિવેચન:**—બીજો કાળોદધિ સમુદ્ર, ત્રીજો પુષ્કરવર સમુદ્ર અને છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર એમ ત્રણ સમુદ્રોનાં પાણીનો સ્વાદ મીઠા પાણી જેવો છે, તથા પહેલા લવણ સમુદ્રનું પાણી ખારૂં છે, ચોથા વારૂણીવર સમુદ્રનું પાણી વારૂણી એટલે દારૂ જેવા સ્વાદવાળું છે. પાંચમા ક્ષીરવરનું પાણી ક્ષીર એટલે દૂધ જેવા સ્વાદવાળું છે. અને છટ્ઠા ઘૃતવરનું પાણી ઘીના જેવા સ્વાદવાળું છે. એટલે આ ચાર સમુદ્રના નામ પ્રમાણે પાણીનો સ્વાદ છે. બાકીના બધા (અસંખ્યાતા) સમુદ્રોનાં પાણીનો સ્વાદ શેલડીના રસ સમાન સ્વાદવાળો જાણવો. ૧૧.

દ્વીપ અને સમુદ્રના વિસ્તારનું પ્રમાણ કહે છેઃ—

**જંબૂદીવ પમાણં-ગુલિજોઅણ લક્ખવટ્ટ વિક્ખંભો;**
**લવણાઇઆ સેસા, વલયાભા દુગુણ દુગુણા ય. ૧૨**

**જંબૂદીવ**–જંબુદ્વીપ
**પમાણંગુલિ**–પ્રમાણ અંગુલના માપથી
**જોઅણ**–જોજન, **લકખ**–લાખ
**વટ્ટ**–ગોળ
**વિકખંભો**–પહોળાઇવાળો
**લવણાઇઆ**–લવણસમુદ્ર વિગેરે
**સેસા**–બાકીના (દ્વીપ-સમુદ્રો)
**વલયાભા**–વલય સરખા
**દુગુણ દુગુણા**–બમણાબમણા

**અર્થ**:—પહેલો જંબૂદ્વીપ પ્રમાણાંગુલે કરીને લાખ યોજનના વિષ્કંભવાળો ગોળ છે. અને બાકીના લવણ સમુદ્ર વગેરે વલયના આકારવાળા–ગોળ અને બમણા બમણા વિસ્તારવાળા છે. ૧૨

**વિવેચન**:—પહેલો જંબૂદ્વીપ એક લાખ યોજનના વિસ્તારવાળો છે. તથા થાળીના આકારે ગોળાકારે છે. અહિં કહેલા લાખ યોજન પ્રમાણાંગુલના માપથી જાણવા, તે પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ચારસો ગુણો લાંબો અને અઢી ગુણો પહોળો હોય છે, અથવા એક હજાર ગુણો લાંબો પણ કહેલો છે. જંબૂદ્વીપને ફરતો આવેલો લવણ સમુદ્ર તેનાથી બમણા વિસ્તારવાળો છે. એટલે બે લાખ યોજન પ્રમાણનો છે. અને વલય એટલે ચુડીના સરખો ગોળ છે. તેથી તે લવણ સમુદ્ર પૂર્વ બાજુની બહારની તરફથી પશ્ચિમ બાજુની બહારની તરફ સુધી પાંચ લાખ યોજન પ્રમાણ

જાણવો, એ પ્રમાણે બીજા દ્વીપો અને સમુદ્રોમાં પણ સમજવું. કારણ કે તે બધાએ વલયાકારે ગોળ છે, અને એક એકથી બમણા બમણા વિસ્તારવાળા છે. તેમાંના કેટલાક દ્વીપ સમુદ્રોનો વિસ્તાર આ પ્રમાણે:—

| દ્વીપનું નામ. | યોજન પ્રમાણ. |
|---|---|
| ૧ જંબૂ દ્વીપ— | ૧૦૦૦૦૦ |
| ૨ ધાતકી ખંડ— | ૪૦૦૦૦૦ |
| ૩ પુષ્કરવર દ્વીપ— | ૧૬૦૦૦૦૦ |
| ૪ વારૂણીવર દ્વીપ— | ૬૪૦૦૦૦૦ |
| ૫ ક્ષીરવર દ્વીપ— | ૨૫૬૦૦૦૦૦ |
| ૬ ઘૃતવર દ્વીપ— | ૧૦૨૪૦૦૦૦૦ |
| ૭ ઇક્ષુરસ દ્વીપ— | ૪૦૯૬૦૦૦૦૦ |
| ૮ નંદીશ્વર દ્વીપ— | ૧૬૩૮૪૦૦૦૦૦ |
| ૯ અરૂણ દ્વીપ— | ૬૫૫૩૬૦૦૦૦૦ |
| ૧૦ અરૂણવર દ્વીપ— | ૨૬૨૧૪૪૦૦૦૦૦ |
| ૧૧ અરૂણવરાવભાસદ્વીપ— | ૧૦૪૮૫૭૬૦૦૦૦૦ |

| સમુદ્રનું નામ. | યોજન પ્રમાણ. |
|---|---|
| ૧ લવણ સમુદ્ર— | ૨૦૦૦૦૦ |
| ૨ કાલોદધિ— | ૮૦૦૦૦૦ |
| ૩ પુષ્કરવર સમુદ્ર— | ૩૨૦૦૦૦૦ |
| ૪ વારૂણીવર સમુદ્ર— | ૧૨૮૦૦૦૦૦ |
| ૫ ક્ષીરવર સમુદ્ર— | ૫૧૨૦૦૦૦૦ |

| | |
|---|---|
| ૬ ઘૃતવર સમુદ્ર | ૨૦૪૮૦૦૦૦૦ |
| ૭ ઈક્ષુરસ સમુદ્ર– | ૮૧૯૨૦૦૦૦૦ |
| ૮ નંદીશ્વર સમુદ્ર– | ૩૨૭૬૮૦૦૦૦૦ |
| ૯ અરૂણ સમુદ્ર– | ૧૩૧૦૭૨૦૦૦૦૦ |
| ૧૦ અરૂણવર સમુદ્ર– | ૫૨૪૨૮૮૦૦૦૦૦ |
| ૧૧ અરૂણવરાવભાસ સમુદ્ર– | ૨૦૯૭૧૫૨૦૦૦૦૦ |

હવે ૭ ગાથાવડે જંબૂદ્વીપની જગતીનું સ્વરૂપ કહે છે.—

વયરામઈહિં ણિઅણિઅ–દીવોદહિમજ્ઝગણિઅમૂલાહિં;
અટ્ઠુચ્ચાહિં બારસ–ચઉ મૂલે ઉવરિ રુંદાહિં. ૧૩

વિત્થારદુગવિસેસો, ઉસ્સેહવિભત્તખઓ ચઓ હોઈ;
ઈઅ ચૂલાગિરિકૂડા–તુલ્લવિક્ખંભકરણાહિં. ૧૪

ગાઉદુગુચ્ચાઇ તય–ટ્ઠભાગરુંદાઈ પઉમવેઈએ;
દેસૂણદુજોઅણવર–વણાઈ પરિમંડિઅસિરાહિં. ૧૫

વેઇસમેણ મહયા, ગવક્ખકડએણ સંપરિત્તાહિં;
અટ્ઠારસૂણચઉભત્ત–પરિહિદારંતરાહિં ચ. ૧૬

અડ્ઢુચ્ચચઉસુવિત્થર–દુપાસસક્કોસકુડ્ડદારાહિં;
પુવ્વાઇમહડ્ઢિઅ–દેવદારવિજયાઇનામાહિં. ૧૭

ણાણામણિમયદેહલિ–કવાડપરિઘાઇદારસોહાહિં;
જગઈહિં તે સવ્વે, દીવોદહિણો પરિક્ખિત્તા. ૧૮

### ગાથા ૧૩

વયરામઈહિં-વજ્રમય
ણિઅણિઅ-પોતપોતાના
દીવોદહિ-દ્વીપ સમુદ્રોની
મજ્ઝે-મધ્યે, અંદર
ગણિય-ગણેલા
મૂલાહિં-મૂલવાળી
અટ્ઠુચ્ચાહિં-આઠ યોજન ઉંચી
બારસ-બાર
ચઉ-ચાર
મૂલે-મૂલમાં
ઉવરિં-ઉપર
રૂંદાઇ-વિસ્તારવાળી

### ગાથા ૧૪

વિત્થારદુગ-બે વિસ્તારનો
વિસેસો-વિશ્લેષ, બાદબાકી
ઉસ્સેહ-ઉંચાઈ વડે
વિભત્ત-ભાગવાથી
ખઓ-ક્ષય, હાનિ
ચઓ-ચય, વૃદ્ધિ
હોઇ-થાય છે
ઇઅ-એ પ્રમાણે
ચૂલા-મેરૂની ચૂલિકા
ગિરિ-મેરૂ પર્વત
કૂડાઇ-કૂટ વગેરેના
તુલ્લ-સમાન
વિક્ખંભ-પહોળાઈ
કરણાહિં-કરણ, રીત

### ગાથા ૧૫

ગાઉદુગ બે ગાઉ
ઉચ્ચાઇ-ઉંચાઈવાળી
તયટ્ઠભાગ-તેનો આઠમો ભાગ
રૂંદાઇ-વિસ્તારવાળી
પઉમવેઇએ-પદ્મવેદિકાવડે
દેસૂણ-દેશોન, કાંઇક ઓછી
દુજોઅણ-બે યોજન
વરવણાઈ-ઉત્તમ વન વડે
પરિમંડિય-શોભાયમાન
સિરાહિં-મસ્તક (ટોચ) વાળી

### ગાથા ૧૬

વેઇસમેણ-વેદિકા સમાન
મહયા-મોટા
ગવક્ખ-ગોખ (ઝરૂખા)ના
કડએણ-કટક વડે, વલય વડે
સંપરિત્તાહિં-વીંટાએલી
અટ્ઠારસૂણ-અઢાર યોજન ઓછા
ચઉભત્ત-ચાર વડે ભાગેલ
પરિહિ-પરિધિ, ઘેરાવો
દારંતરાહિં-દ્વારના આંતરાવાળી

ગાથા ૧૭

અટ્ઠુચ્ચ–આઠ યોજન ઉંચો
ચઉસુવિત્થર–ચાર યોજન વિસ્તારવાળી
દુપાસ–બે બાજુએ
સક્કોસ–એક કોશ પ્રમાણ
કુડ્ડ–બારસાખ સહિત
દારાહિં–દ્વારવાળી
પુવ્વાઈ–પૂર્વાદિ [ચાર] દિશામાં
મહડ્ઢિઅ–મોટી ઋદ્ધિવાળો
દેવદાર–દેવોનાં દ્વાર
વિજયાઇ–વિજય આદિ
નામાહિં–નામવાળી

ગાથા ૧૮

ણાણા–વિવિધ પ્રકારના
મણિમય–મણિ રત્નોના
દેહલિ–ઉંબરો
કવાડ-કમાડ
પરિઘાઇ–ભોગળ વગેરે
દારસોહાહિં–દ્વારની શોભાવાળી
જગઇહિં–જગતી વડે
તે સવ્વે–તે સઘળા
દીવોદહિણો–દ્વીપ અને સમુદ્રો
પરિક્ખિત્તા–વીંટાએલા

**અર્થઃ—વજ્રમય,** પોતપોતાના દ્વીપ અને સમુદ્રમાં ગણેલાં મૂલવાળી, આઠ યોજન ઊંચી, **મૂલમાં** બાર યોજન અને ઉપર ચાર યોજન વિસ્તારવાળી. ૧૩

**એ** વિસ્તારનો વિશ્લેષ (બાદબાકી) **કરી** શેષને ઉંચાઈ **વડે** ભાગવાથી ક્ષય (વૃદ્ધિ) અને ચય (હાનિ)નું **પ્રમાણ** આવે **છે. એ પ્રમાણે મેરૂ** પર્વતની **ચૂલિકા, મેરૂ પર્વત** અને **કૂટોમાં** સમાન વિષ્કંભકરણ (**પહોળાઈ જાણવાની રીત**) વાળી. ૧૪

બે ગાઉ ઉંચી, અને તેના આઠમા ભાગ જેટલી પહોળી પદ્મવર વેદિકાવાળી, તથા દેશોન બે યોજન પ્રમાણ ઉત્તમ

વન વડે શોભિત મસ્તકવાળી. ૧૫

વેદિકા સમાન મોટા ગોખ અને વલય વડે વીંટાએલી, તથા અઢાર યોજન હીન પરિધિને ચાર વડે ભાગવાથી આવતા પ્રમાણ જેટલા દ્વારના અંતરવાળી. ૧૬

આઠ યોજન ઉંચા, ચાર યોજન પહોળા અને બે બાજુ એક એક કોસ પ્રમાણ બારસાખવાળા, પૂર્વાદિ ચાર દિશાએ મોટી ઋદ્ધિવાળા વિજયાદિ ચાર દેવોના નામવાળા ચાર દ્વારવાળી. ૧૭

જુદા જુદા પ્રકારના મણિઓના ઉંબરા, કમાડ, તથા ભોગળ વડે દ્વારની શોભાવાળી જગતીઓથી તે સર્વે દ્વીપ અને સમુદ્રો વીંટાએલા છે. ૧૮

**વિવેચન**—તે સર્વે દ્વીપ અને સમુદ્રો જગતી વડે વીંટાએલા છે. તે જગતી કેવી છે તેનું વર્ણન કરે છેઃ—જેમ નગરને ફરતો ગોળાકાર કોટ હોય છે તેમ દ્વીપ અને સમુદ્રને ફરતી ગોળાકાર કોટના આકારની જગતીઓ જાણવી. તે જગતી વજ્રમય છે, તથા તે જગતીનો મૂળ વિસ્તાર પોતપોતાના દ્વીપ અને સમુદ્રના વિસ્તારના પ્રમાણની અંદર ગણેલો છે, એટલે જંબૂદ્વીપની જગતી જંબૂદ્વીપના અંતનાં ૧૨ યોજનમાં ગોળાકારે આવેલી છે, તથા તે જગતીની ઉંચાઇ આઠ યોજન છે. તેમનો મૂળમાં બાર યોજન વિસ્તાર છે, અને ઉપર ચાર યોજન વિસ્તાર છે અથવા તેટલી જાડાઇ છે, તે જગતીઓનો વચમાં વિસ્તાર જાણવાની રીત આ પ્રમાણેઃ—

મૂળના વિસ્તારમાંથી ઉપરના વિસ્તારનો વિશ્લેષ કરવો એટલે મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરવી. જે બાકી રહે તેને ઉંચાઈની સંખ્યા વડે ભાગવા. ભાગમાં જે આવે તેટલું પ્રમાણ ઉપર ચઢતાં વિસ્તારમાંથી (જાડાઇમાંથી) ઘટતું જાય અને ઉપરથી નીચે ઉતરતાં તેટલું પ્રમાણ વિસ્તારમાં વધતું જાય. જેમકે જગતીની જાડાઈ મૂળમાં બાર યોજન છે અને ઉપરની જાડાઈ ચાર યોજન છે. તેથી બારમાંથી ચાર બાદ કરતાં આઠ બાકી રહે છે, તેને ઉંચાઈના આઠ યોજન વડે ભાગતાં એક આવે છે. તેથી ઉપર ચડતાં એક એક યોજને એક એક યોજન જાડાઈમાંથી ઘટે છે અને ઉપરથી નીચે ઉતરતાં એક એક યોજને એક એક યોજન જાડાઇમાં વધે છે. તેનો યંત્ર આ પ્રમાણેઃ—

| ઉંચાઈના યોજન | ઉપર ચડતાં જાડાઇના યોજન | ઉપરથી ઉતરવાના યોજન | નીચે ઉતરતાં જાડાઈના યોજન |
|---|---|---|---|
| ૮ | ૪ | મથાળે | ૪ |
| ૭ | ૫ | ૧ | ૫ |
| ૬ | ૬ | ૨ | ૬ |
| ૫ | ૭ | ૩ | ૭ |
| ૪ | ૮ | ૪ | ૮ |
| ૩ | ૯ | ૫ | ૯ |
| ૨ | ૧૦ | ૬ | ૧૦ |
| ૧ | ૧૧ | ૭ | ૧૧ |
| તળીએ | ૧૨ | ૮ | ૧૨ |

જ્યાં ભાગાકાર ન થઈ શકે ત્યાં ભાજ્ય અંકના લેવા

અંશો કરવા કે જે પ્રકારે ભાગાકાર થઇ શકે. જગતીનો વિસ્તાર લાવવાની જે રીત કહી તેજ રીતથી મેરૂ પર્વતની ચૂલિકા, મેરૂ પર્વત અને પર્વતોના કૂટની જાડાઇ લાવવાની રીત જાણવી. જેમકે મેરૂ પર્વતની ચૂલાનો [મેરૂ પર્વતના સૌથી ઉપરના વનના મધ્યમાં આ ચૂલિકા આવેલી છે.] વિષ્કંભ (જાડપણું) મૂળમાં (તળીયે) બાર યોજન છે અને ઉપરનો વિષ્કંભ ચાર યોજન છે, તે બારમાંથી ચાર બાદ કરવાથી શેષ આઠ યોજન રહે છે. હવે ચૂલિકાની ઉંચાઇ ચાળીશ યોજન છે. તે આઠને ચાળીશે ભાગી શકાય તેમ નથી, તેથી ભાજ્યના અંકને (આઠને) પાંચે ગુણતાં ચાળીશ થાય છે. એટલે ભાજ્ય અને ભાજકનો અંક સરખો થવાથી એક પંચમાંશ (યોજનનો પાંચમો ભાગ) આવે છે. તેથી મૂળથી ઉપર ચડતાં યોજને યોજને એક પંચમાંશ (યોજનનો પાંચમો ભાગ) જાડાઇમાં ઘટતો જાય છે અને ઉપરથી નીચે ઉતરતાં યોજને યોજને એક પંચમાંશ વૃદ્ધિ પામે છે. (અથવા પાંચ યોજને એક યોજન વધે અથવા ઘટે છે.)

હવે ગિરિના ઉદાહરણમાં મેરૂ પર્વતનું દૃષ્ટાન્ત સમજાવે છેઃ—મેરૂ પર્વતનો મૂળમાં વિષ્કંભ દશ હજાર ને નેવું યોજન અને એક યોજનના અગ્યારીયા દશ ભાગ ($૧૦૦૯૦\frac{૧૦}{૧૧}$) છે. તથા ઉપરનો વિષ્કંભ એક હજાર (૧૦૦૦) યોજન છે. તે મૂળ વિષ્કંભમાંથી બાદ કરતાં નવ હજાર ને નેવું યોજન અને એક યોજનના અગ્યારીઆ દશ ભાગ ($૯૦૯૦\frac{૧૦}{૧૧}$) બાકી રહે છે. મેરૂપર્વતની ઊંચાઈ એક લાખ (૧૦૦૦૦૦) યોજનની છે. તેના વડે $૯૦૯૦\frac{૧૦}{૧૧}$ આ અંકને ભાગી શકાય નહીં, તેથી ભાજ્ય રાશિ (૯૦૯૦)

ના અગ્યારીયા ભાગ કરવા, ત્યારે નવાણુ હજાર નવ સો ને નેવું (૯૯૯૯૦) થાય તેમાં દશ અંશ નાખવાથી એક લાખ (૧૦૦૦૦૦) અંશ થયા. લાખને લાખે ભાગતાં અગ્યારીયો એક અંશ આવે છે, તેથી મેરૂ પર્વત ઉપર મૂળથી ચડતાં દરેક યોજને અગ્યારીયો એક એક અંશ વિષ્કંભમાં ઘટતો જાય છે અને ઉપરથી નીચે ઉતરતાં એક એક અંશ વધતો જાય છે. અથવા ૧૧ યોજને ૧ યોજનની વધઘટ થાય છે. આવી રીતે ગણતાં મૂળથી ઉપર ચડતાં કુલ અગ્યારીયા લાખ અંશ એટલે ૯૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન ઘટે છે અને ઉપરથી નીચે ઉતરતાં તેટલા યોજન વધે છે.

એ પ્રમાણે નીચેથી એક હજાર યોજન ઉપર ચઢતાં સમભૂતળા પૃથ્વીનું તળ આવે છે. ત્યાં મેરૂ પર્વત બરાબર દશ હજાર યોજન પહોળો રહે છે. કારણ કે ૧૦૦૦ યોજન ચઢયા ત્યારે વિસ્તારમાંથી $\frac{૧૦૦૦}{૧૧}$ એટલે ૯૦$\frac{૧૦}{૧૧}$ ઘટયા ત્યારે ૧૦૦૦૦ રહ્યા. ત્યાંથી ૯૯૦૦૦ યોજન ઉપર જતાં નવ હજાર યોજન ઘટે છે, અને એક હજાર યોજન રહે છે. તે જ પ્રમાણે નવાણુ હજાર યોજન ઉતરતાં નવ હજાર યોજન પહોળાઇમાં વધે છે એટલે ભૂમિ પર આવતાં દશ હજાર થાય છે. તેનું યંત્ર આગળ આપેલું છે.

(અથવા જેટલા યોજન ઉપર ચડીએ અથવા ઉતરીએ તેટલી સંખ્યાને અગ્યારે ભાગવા. ભાગમાં આવે તેટલા યોજન અને શેષ રહે તેટલા અગ્યારીયા ભાગ જાડાઇમાં ચડતાં ઘટે, ઉતરતાં વધે. જેમકે અગ્યાર યોજન ચડીએ કે ઉતરીએ તો અગ્યારને અગ્યારે ભાગતાં ભાગમાં એક

આવે છે અને શેષ શૂન્ય રહે છે માટે એક યોજન વિસ્તારમાં ઘટે અથવા વધે. પચીશ યોજન ચડીએ કે ઉતરીએ તો પચીશને અગ્યારે ભાગતાં ભાગમાં બે આવે અને શેષ ત્રણ રહે, તેથી બે યોજન અને અગ્યારીયા ત્રણ ભાગ ઘટે અથવા વધે. ૧૦૦ યોજન ચડીએ કે ઉતરીએ તો નવ યોજન અને એક ભાગ ઘટે અથવા વધે વિગેરે.)

## મેરૂ પર્વતના વિસ્તારમાં વૃદ્ધિ હાનિનો યંત્ર:—

| ચડવાના યોજન. | વિસ્તારમાંથી ઘટવાના યોજન. | બાકી રહેવાના યોજન. |
|---|---|---|
| ૧૧ | ૧ | ૯૯૯૯ |
| ૧૧૦૦ | ૧૦૦ | ૯૯૦૦ |
| ૨૨૦૦ | ૨૦૦ | ૯૮૦૦ |
| ૩૩૦૦ | ૩૦૦ | ૯૭૦૦ |
| ૪૪૦૦ | ૪૦૦ | ૯૬૦૦ |
| ૫૫૦૦ | ૫૦૦ | ૯૫૦૦ |
| ૬૬૦૦ | ૬૦૦ | ૯૪૦૦ |
| ૭૭૦૦ | ૭૦૦ | ૯૩૦૦ |
| ૮૮૦૦ | ૮૦૦ | ૯૨૦૦ |
| ૯૯૦૦ | ૯૦૦ | ૯૧૦૦ |
| ૧૧૦૦૦ | ૧૦૦૦ | ૯૦૦૦ |
| ૨૨૦૦૦ | ૨૦૦૦ | ૮૦૦૦ |
| ૩૩૦૦૦ | ૩૦૦૦ | ૭૦૦૦ |
| ૪૪૦૦૦ | ૪૦૦૦ | ૬૦૦૦ |
| ૫૫૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ |

| | | |
|---|---|---|
| ૬૬૦૦૦ | ૬૦૦૦ | ૪૦૦૦ |
| ૭૭૦૦૦ | ૭૦૦૦ | ૩૦૦૦ |
| ૮૮૦૦૦ | ૮૦૦૦ | ૨૦૦૦ |
| ૯૯૦૦૦ | ૯૦૦૦ | ૧૦૦૦ ટોચ ઉપર |

| નીચે ઉતરવાના યોજન. | વધવાના યોજન. | થવાના યોજન. |
|---|---|---|
| ૧૧ | ૧ | ૧૦૦૧ |
| ૧૧૦૦ | ૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૨૨૦૦૦ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ૩૩૦૦૦ | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૪૪૦૦૦ | ૪૦૦૦ | ૫૦૦૦ |
| ૫૫૦૦૦ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| ૬૬૦૦૦ | ૬૦૦૦ | ૭૦૦૦ |
| ૭૭૦૦૦ | ૭૦૦૦ | ૮૦૦૦ |
| ૮૮૦૦૦ | ૮૦૦૦ | ૯૦૦૦ |
| ૯૯૦૦૦ | ૯૦૦૦ જમીન ઉપર | ૧૦૦૦૦ |

એ જ પ્રમાણે યમલગિરિ, કાંચનગિરિ વિગેરે પર્વતોમાં સમજવું. કૂટાદિકમાં પણ એ જ પ્રમાણે કરવું. જેમ બલકૂટ મૂળમાં એક હજાર યોજન વિસ્તારવાળો છે, ઉપરનો વિસ્તાર પાંચ સો યોજન છે. તે બાદ કરતાં પાંચ સો શેષ રહે છે. તેની ઉંચાઈ એક હજાર યોજનની છે. પાંચ સોને હજારે ભાગી શકાય નહી તેથી ભાજ્ય રાશિ (૫૦૦) ને બેએ ગુણતાં એક હજાર થાય. હજારને

હજારે ભાગતાં ભાગમાં એક એટલે $\frac{1}{2}$ ( અર્ધઅંશ ) આવે છે. તેટલું એક યોજન ચડતાં ઘટે અને એક યોજન ઉતરતાં વૃદ્ધિ પામે, એટલે કે ચડતાં એક એક યોજને અર્ધ અર્ધ યોજનનો વિસ્તાર ઘટે અને એક એક યોજન ઉતરતાં અર્ધ યોજન વિસ્તાર વધે છે. ૧૪

વળી તે જગતીઓ બે કોશ ઉંચી, અને તેના આઠમા ભાગ જેટલા એટલે ૫૦૦ ધનુષ્ય પ્રમાણ વિસ્તારવાળી તથા કંઈક ઓછા બે યોજન પ્રમાણ ઉત્તમ વનવાળી પદ્મવર વેદિકા વડે શોભિત શિરવાળી છે એટલે કે જગતીની ઉપર મધ્ય ભાગમાં બે ગાઉ ઉંચી અને પાંચસો ધનુષ પહોળી પદ્મવરવેદિકા છે અને તે વેદિકાની બન્ને બાજુએ ( પડખે ) બે યોજનમાં અઢી સો ધનુષ ઓછા એટલા પ્રમાણવાળું પહોળું વન છે. (એટલે કે બન્ને બાજુના વનનું મળીને એકંદર પ્રમાણ ચાર યોજનમાં પાંચ સો ધનુષ ઓછું થાય છે, કેમકે વચ્ચેની વેદિકા પાંચ સો ધનુષ પહોળી છે તેથી તેટલું પ્રમાણ ઓછું હોય છે. ) તથા વનનો ઘેરાવો જગતીના અનુસારે જાણવો. ૧૫

વેદિકાને તુલ્ય મોટા ગોખના વલયે કરીને ચોતરફથી વીંટાયેલી છે, તથા જે દ્વીપ અથવા સમુદ્રની જેટલી પરિધિ હોય તેમાંથી અઢાર યોજન ઓછા કરી ચારે ભાગતાં જેટલું પ્રમાણ આવે તેટલું જગતીમાં આવેલા વિજયાદિક દ્વારોનું અંતર છે. અઢાર યોજન ઓછા કરવાનું કારણ

એ છે કે એક એક દ્વાર ચાર યોજન પ્રમાણ પહોળું હોવાથી ચાર દ્વારના સોળ યોજન તથા એક એક દ્વારને બે બે બારસાખ હોવાથી ચાર દ્વારની આઠ બારસાખ છે અને દરેક બારસાખ એક એક ગાઉની હોવાથી બે યોજન થાય તે મળીને કુલ ૧૮ યોજન થાય છે. જેમકે—જંબૂદ્વીપની પરિધિ ત્રણ લાખ, સોળ હજાર, બસો ને સતાવીશ (૩૧૬૨૨૭) યોજન, ત્રણ (૩) કોશ, એકસો અઠ્ઠાવીશ (૧૨૮) ધનુષ, સાડીતેર (૧૩।।) અંગુલ છે. તેમાંથી અઢાર યોજન બાદ કરી ચારે ભાગીએ ત્યારે ઓગણાએંશી હજાર અને બાવન (૭૯૦૫૨) યોજન, એક (૧) કોશ, પંદર સો ને બત્રીશ (૧૫૩૨) ધનુષ, ત્રણ (૩) અંગુલ અને ત્રણ (૩) યવ આટલું દરેક દ્વારનું અંતર છે એટલે કે એક દ્વારથી બીજું દ્વાર આટલું દૂર છે, તે આ પ્રમાણે:—

જંબૂદ્વીપની પરિધિ
યોજન
૩૧૬૨૨૭
બાદ કર્યા ૧૮
૪)૩૧૬૨૦૯(૭૯૦૫૨
૨૮
૩૬
૦૦૨૦
૨૦
૦૦૯
૮
૧ યોજન

વધેલા ૧ યોજનને
૪ ગુણ્યા
૪ ગાઉ
૩ ગાઉ ભેળવો.
૪)૭(૧ ગાઉ
૪
વધેલા ૩ તેના ધનુષ
૨૦૦૦
૬૦૦૦
૧૨૮ ભેળવ્યા
૬૧૨૮

ધનુષ

૪)૬૧૨૮(૧૫૩૨
૪
૨૧
૨૦
૧૨
૧૨
૦૦૮
૮
૦

અંગુલ

૪)૧૩॥(૩
૧૨
૧॥
૮ જવ કર્યા
૪)૧૨(૩ જવ.
૧૨
૦૦

આ હિસાબ પ્રમાણે ૭૯૦૫૨ યોજન, ૧ કોશ, ૧૫૩૨ ધનુષ, ૩ અંગુલ, ૩ યવ. (આઠ યવનો એક અંગુલ, બે હજાર ધનુષનો એક કોશ, એ પ્રમાણે ગણવું.)

લવણસમુદ્રની પરિધિ ૧૫૮૧૧૩૯ યોજનની છે, તેમાંથી અઢાર યોજન બાદ કરતાં ૧૫૮૧૧૨૧ રહે, તેને ચારે ભાગતા ૩૯૫૨૮૦ યોજન ને એક કોશ, એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું.

ધાતકીખંડની પરિધિ ૪૧૧૦૯૬૧ યોજનની છે, તેમાંથી અઢાર યોજન બાદ કરતાં ૪૧૧૦૯૪૩ રહે, તેને ચારે ભાગતાં ૧૦૨૭૭૩૫ યોજન ને ત્રણ કોશ એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું.

કાલોદધિની પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન છે, તેમાંથી અઢાર બાદ કરતાં બાકી ૯૧૭૦૫૮૭ રહે, તેને ચારે ભાગતાં ૨૨૯૨૬૪૬ યોજન ને ૩ કોશ, એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું. ૧૬

આઠ યોજન ઉંચા, ચાર યોજન વિસ્તારવાળા (પહોળા) તથા બન્ને બાજુ એક એક કોશ પ્રમાણ બારસાખની ભીંતવાળા ચાર દ્વારોવાળી તથા પૂર્વાદિક દિશાના અનુક્રમે મહર્દ્ધિક દેવતાઓના નામે દ્વારોના વિજયાદિક નામોવાળી એટલે કે તે જગતીઓના ચાર દ્વાર છે, તેનાં નામ પૂર્વાદિ દિશાના ક્રમે વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત છે, તથા તેના અધિષ્ઠાતા દેવોનાં નામ પણ તે જ છે. ૧૭

વિવિધ પ્રકારના રત્નમય ઉમરા, બારણાં અને ભોગળ વિગેરે વડે દ્વારની શોભાવાળી જગતીઓએ કરીને તે સર્વ દ્વીપ અને સમુદ્રો વીંટાયેલા છે. આવા પ્રકારની જગતી દરેક દ્વીપ અને સમુદ્રને ફરતી અનાદિ કાળથી આવેલી છે. ૧૮

હવે વેદિકાની બન્ને બાજુએ રહેલા વનનીં રમણીયતા કહે છે:—

**વર-તિણ-તોરણ-ઝય-છ-ત્ત-વાવિ-પાસાય-સેલ-સિલવટ્ટે;**
**વેઇવિણે વરમંડવ-ગિહાસણેસું રમંતિ સુરા. ૧૯**

વરતિણ—ઉત્તમ જાતિનાં તૃણ
તોરણ—તોરણ
ઝય—ધજા
છત્ત—છત્ર
વાવિ—વાવડીઓ
પાસાય—પ્રાસાદ
સેલ—પર્વતો, ક્રીડા પર્વતો
સિલવટ્ટે—મોટી શિલાવાળા
વેઇવણે—વેદિકાના વનમાં
વરમંડપ—ઉત્તમ મંડપ
ગિહ—ઘર
આસણેસું—આસનો ઉપર
રમંતિ—રમે છે. ક્રીડા કરે છે.
સુરા—દેવો

**અર્થ:**—શ્રેષ્ટ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ-વડે પાંચે ઇંદ્રિયોને ખુશ કરનારા નડ જાતિની વનસ્પતિ વિગેરે, બહારના દ્વારે શોભા માટે બાંધેલા તોરણો, ધ્વજ, છત્ર, વાવ, ક્રીડા કરવાના પ્રાસાદો, ક્રીડાપર્વતો અને શિલાપટ્ટ એટલે મોટી શિલાઓ જેને વિષે છે એવા વેદિકાની બંને બાજુના વનમાં મનોહર દ્રાક્ષ વિગેરેના મંડપોને વિષે, કદલી વિગેરેના ગૃહોને વિષે અને સિંહાસનોને વિષે દેવો ક્રીડા કરે છે. ૧૯

હવે અધિકારી દેવો અને દેવીઓનું ઉત્પત્તિસ્થાન કયાં છે? તે કહે છે:—

**ઇહ અહિગારો જેસિં, સુરાણ દેવીણ તાણમુપ્પત્તી;**
**ણિઅદીવોદહિણામે, અસંખઇમે સણયરીસુ. ૨૦**

| | |
|---|---|
| **ઇહ**-અહીં, અઢી દ્વીપમાં | **ઉપ્પત્તિ**-ઉત્પત્તિ |
| **અહિગારો**-અધિકાર | **ણિઅ**-પોતપોતાના |
| **જેસિં**-જે | **દીવોદહિ**-દ્વીપ અને સમુદ્રના |
| **સુરાણ**-દેવોનો | **નામે**-નામથી |
| **દેવીણ**-દેવીઓનો | **અસંખઇમે**-અસંખ્યાતા |
| **તાણં**-તેઓની | **સણયરીસુ**-પોતાની નગરીઓમાં |

**અર્થ:**—આ મનુષ્ય ક્ષેત્રને વિષે એટલે જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કરાર્ધરૂપ પીસ્તાળીશ લાખ યોજનના વિસ્તારવાળા ગોળ અઢી દ્વીપ અને બે સમુદ્રરૂપ ક્ષેત્રને વિષે જે દેવોનો તથા દેવીઓનો અધિકાર એટલે સ્વામીત્વાદિ વ્યાપાર છે, તેઓનું ઉત્પત્તિસ્થાન અહીંથી અસંખ્યાતમા અને પોતાનો અધિકાર અહીં જે દ્વીપ

કે સમુદ્રમાં હોય તે નામવાળા જ દ્વીપ અને સમુદ્રને વિષે પોતપોતાની નગરીઓમાં છે. ૨૦

હવે જંબૂદ્વીપમાં આવેલા કુલગિરિ અને ક્ષેત્રોના વિચારને કહે છે:—

**જમ્બૂદીવો છહિં કુલ-ગિરીહિં સત્તહિં તહેવ વાસેહિં;**
**પુવ્વાવરદીહેહિં, પરિછિન્નો તે ઇમે કમસો. ૨૧**

**છહિં**-૭

**કુલગિરીહિં**-કુલગિરિ વડે

**સત્તહિં**-સાત

**તહેવ**-તેમ જ

**વાસેહિં**-વર્ષો વડે, ક્ષેત્રો વડે

**પુવ્વાવર**-પૂર્વ પશ્ચિમ

**દીહેહિં**-લાંબા

**પરિછિન્નો**-વહેંચાએલો

**તે**-તે (ક્ષેત્રો અને પર્વતો)

**ઈમે**-આ

**કમસો**-અનુક્રમે

**અર્થ:**—જંબૂદ્વીપ પૂર્વપશ્ચિમ લાંબા છ કુલગિરિવડે તથા સાત વર્ષોવડે એટલે ક્ષેત્રોવડે વહેંચાએલો છે, તે કુલગિરિ તથા ક્ષેત્રો અનુક્રમે આ પ્રમાણે છે. તેમનાં નામ અનુક્રમે કહે છે. ૨૧

પ્રથમ કુલગિરિનાં નામો કહે છે:—

**હિમવંસિહરી મહહિમવ-રુપ્પિ ણિસઢો અ ણીલવંતો અ;**
**બાહિરઓ દુદુ ગિરિણો, ઉભઓ વિ સવેઇઆ સવ્વે. ૨૨**

**હિમવ**-હિમવંત પર્વત

**સિહરી**-શિખરી પર્વત

**મહહિમવ**-મહાહિમવંત પર્વત

**રુપ્પિ**-રૂપી (રૂકમી) પર્વત

**ણિસઢો**-નિષધ પર્વત.

**નીલવંતો**-નીલવંત પર્વત

**બાહિરઓ**-બહારની બાજુથી

**દુદુગિરિણો**-બે બે પર્વત

**ઉભઓવિ**-બંને બાજુએ પણ

**સવેઇઆ**-વેદિકા સહિત

**સવ્વે**-સર્વે

**અર્થ**:—હિમવંત અને શિખરી, મહાહિમવંત અને રૂકમી તથા નિષધ અને નીલવંત એમ બાહેરથી બબે પર્વતો છે. તે સર્વે પર્વતની બંને બાજુ વેદિકા હોય છે. ૨૨

**વિવેચન**:—દક્ષિણ તરફ હિમવાન પર્વત અને ઉત્તર દિશાએ શિખરી પર્વત છે, દક્ષિણમાં મહાહિમવાન અને ઉત્તરમાં રૂપી (રૂકમી) પર્વત છે. તથા દક્ષિણમાં નિષધ અને ઉત્તરમાં નીલવાન પર્વત છે. આ પ્રમાણે બહારથી બેબે પર્વતો સરખા છે, તેથી તે પર્વતો યુગ્મી કહેવાય છે. તે સર્વે એટલે છએ પર્વતો બન્ને બાજુએ વેદિકા સહિત છે. તે વેદિકાઓ જગતીની ઉપર રહેલી વેદિકા જેવી છે. આ કુલગિરિ પર્વતોને વર્ષધર પર્વત પણ કહે છે. કારણ કે આ પર્વતો વર્ષ એટલે ક્ષેત્રને ધારણ કરે છે એટલે જુદાં પાડે છે—એટલે બે ક્ષેત્રની વચમાં વર્ષધર પર્વત આવેલા છે. ૨૨

હવે ક્ષેત્રોનાં નામ કહે છે:—

**ભરહેરવય ત્તિ દુગં, દુગં ચં હેમવયરણ્ણવયરુવં;**
**હરિવાસરમ્મયદુગં, મજ્ઝિ વિદેહુ ત્તિ સગ વાસા. ૨૩**

| | |
|---|---|
| **ભરહ**—ભરતક્ષેત્ર | **હરિવાસ**—હરિવર્ષ ક્ષેત્ર |
| **એરવય**—ઐરવત ક્ષેત્ર | **રમ્મય**—રમ્યક ક્ષેત્ર |
| **ત્તિદુગ**—એ બે ક્ષેત્રો | **મજ્ઝિ**—મધ્ય ભાગમાં |
| **હેમવય**—હૈમવત ક્ષેત્ર | **વિદેહુત્તિ**—મહાવિદેહ નામે ક્ષેત્ર |
| **રન્નવય**—ઐ (હ) રિણ્યવત ક્ષેત્ર | **સગવાસા**—સાત ક્ષેત્રો |
| **રુવં**—રૂપ (બીજું દ્વિક) | |

**અર્થ**:—ભરત અને ઐરવત એ બે ક્ષેત્રો, હિમવંતઅને ઐરણ્યવત રૂપ બે ક્ષેત્રો, હરિવર્ષ અને રમ્યક એ બે ક્ષેત્રો તથા મધ્યમાં મહાવિદેહ નામે ક્ષેત્ર છે, એ પ્રમાણે સાત ક્ષેત્રો છે. ૨૩

**વિવેચન:**—સૌથી દક્ષિણમાં લવણ સમુદ્ર અને હિમવંત પર્વતની વચ્ચે ભરત ક્ષેત્ર છે. અને તેના જ જેટલું ઉત્તરમાં લવણ સમુદ્ર અને શિખરી પર્વત વચ્ચે ઐરવત ક્ષેત્ર છે. એ બંને સરખા પ્રમાણવાળા હોવાથી સાથે કહ્યા છે. તથા હૈમવંત અને ઐરણ્યવત નામના બીજા બે ક્ષેત્રો છે. તેમાં હિમવાન પર્વત અને મહાહિમવાન પર્વતની વચ્ચે હૈમવંત ક્ષેત્ર છે. તથા શિખરી અને રૂપી પર્વતની વચ્ચે ઐરણ્યવત ક્ષેત્ર છે. એ બે સરખા હોવાથી બીજું યુગલ જાણવું. તથા ત્રીજા યુગલમાં હરિવર્ષ અને રમ્યક ક્ષેત્ર આવેલા છે. તેમાં મહાહિમવંત અને નિષધ પર્વતની વચ્ચે હરિવર્ષ ક્ષેત્ર આવેલું છે. અને રૂકમી અને નીલવંત પર્વતની વચ્ચે રમ્યક ક્ષેત્ર આવેલું છે. તથા નીષધ અને નીલવંત પર્વતની વચ્ચે મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. એ પ્રમાણે જંબૂદ્વીપમાં કુલ ૭ ક્ષેત્રો આવેલા છે. ૨૩

સર્વક્ષેત્રનો એકંદર વિસ્તાર ૫૫૭૮૯ યોજન ને ૯ કળા છે.

હવે સાત ક્ષેત્રની વચ્ચે આવેલા પર્વતો કહે છે.—

**દો દીહા ચઉ વટ્ટા, વેઅડ્ઢા ખિત્તછક્કમજ્ઝમ્મિ;**
**મેરુ વિદેહમજ્ઝે, પમાણમિત્તો કુલગિરીણં. ૨૪**

**દો**–બે
**દીહા**–દીર્ઘ, લાંબા
**ચઉ**-ચાર
**વટ્ટા**–ગોળ
**વેઅડ્ઢા**–વૈતાઢ્ય
**ખિત્તછક્ક**–૬ ક્ષેત્રના
**મજ્ઝંમિ**–મધ્યમાં
**મેરૂ**–મેરૂ પર્વત
**વિદેહમજ્ઝે**–મહાવિદેહના મધ્યમાં
**પમાણં**–પ્રમાણ
**ઇત્તો**–હવે
**કુલગિરીણં**–કુલગિરિઓનું, વર્ષધર પર્વતોનું

**અર્થ:**—બે લાંબા વૈતાઢ્ય અને ચાર ગોળ વૈતાઢ્ય પર્વત છ ક્ષેત્રોના મધ્યમાં છે. તથા મહાવિદેહ ક્ષેત્રના મધ્યમાં મેરૂ પર્વત છે. આ રીતે સાત ક્ષેત્રોમાં રહેલા, સાત પર્વતો કહ્યા. હવે કુલગિરિનું પ્રમાણ કહે છે. ૨૪

**વિવેચન:**—ભરત અને ઐરવત એ બે ક્ષેત્રની મધ્યમાં બે લાંબા વૈતાઢ્ય આવેલા છે. તેથી તે બંને ક્ષેત્રના બબ્બે વિભાગ થાય છે. તથા બાકીના હેમવંત ક્ષેત્ર અને અંરણ્યવત ક્ષેત્રની વચમાં તથા હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રની વચમાં બરોબર મધ્ય ભાગમાં ગોળ વૈતાઢ્ય પર્વતો આવેલા છે. ગોળ વૈતાઢ્ય હોવાથી આ ક્ષેત્રોમાં બે વિભાગ થતા નથી, તથા મહાવિદેહ ક્ષેત્રની વચમાં મેરૂ પર્વત આવેલો છે. હવે છ કુલગિરિઓનું પ્રમાણ આગળની ગાથામાં કહે છે ૨૪

**इगदोचउसयउच्चा, कणगमया कणगरायया कमसो;**
**तवणिज्जसुवेरुलिआ, बहिमज्झब्भितरा दो दो. २५**

| | |
|---|---|
| સયઉચ્ચા—સો જોજન ઉંચા | સુવર્ણના |
| કણગમયા—સુવર્ણના | સુવેરૂલિયા—ઉત્તમ વૈડૂર્યમણિના |
| રાયયા રૂપાના | મજઝબ્ભિઅંતરા—મધ્યના તથા |
| તવણિજ્જ—તપનીય (રાતા) | અંદરના |

**અર્થ:**—બહારના, મધ્યના અને અભ્યંતરના બબ્બે કુલ પર્વતો અનુક્રમે એક સો, બસો અને ચારસો યોજન ઉંચા છે. તેમજ સુવર્ણમય, સુવર્ણ અને રૂપામય, રક્ત સુવર્ણ અને સારા વૈડૂર્યમય છે. ૨૫

**વિવેચનઃ**—બહારના હિમવંત ને શિખરી એ બે પર્વતો એક સો યોજન ઉંચા અને સુવર્ણમય છે, મધ્યના બે પર્વતો બસો યોજન ઉંચા છે. તેમાંનો પહેલો **મહાહિમવંત** સુવર્ણમય અને બીજો **રૂક્મી** રૂપામય છે, તથા અભ્યંતરના બે પર્વતો ચારસો યોજન ઉંચા છે; તેમાંનો પહેલો **નિષધ** પર્વત રકત સુવર્ણમય અને બીજો **નીલવંત** વૈડૂર્ય રત્નમય છે. ૨૫

હવે તે કુલગિરિઓની પહોળાઈ (જાડાઈ) જાણવા માટે કરણ બતાવે છેઃ—

**દુગઅડદુતીસ અંકા, લકખગુણા કમેણ નઉઅસયભઇઆ;**
**મૂલોવરિ સમરુવં, વિત્થારં બિંતિ જુઅલતિગે. ૨૬**

| | |
|---|---|
| **દુતીસ**–બત્રીસ | **સમરૂવ**–સરખા સ્વરૂપ (પ્રમાણ) વાળો |
| **અંકા**–આંક | **વિત્થારં**–વિસ્તાર |
| **લક્ખગુણા**–લાખ ગુણા | **બિંતિ**–કહે છે. |
| **નઉઅસય**–એકસો નેવું | **જુઅલતિગે**–ત્રણ યુગલમાં |
| **ભઇઆ**–ભાગેલા | |
| **મૂલોવરિ**–મૂલમાં અને ઉપર | |

**અર્થઃ**—બે, આઠ અને બત્રીશના અંકને (ખાંડવાને) લાખ ગુણા કરી અનુક્રમે એક સો ને નેવુંએ ભાગવા. તેમ કરવાથી પર્વતના ત્રણ યુગલનો (છએ પર્વતોનો) નીચે અને ઉપર એક સરખો વિસ્તાર આવે છે એમ કહે છે. ૨૬

**વિવેચનઃ**—હિમવંત અને શિખરી એ બે પર્વતોનો બેનો આંક છે તેને લાખ ગુણા કરીને ૧૯૦ વડે ભાગવાથી તે બે પર્વતોનો વિસ્તાર આવે છે. એ પ્રથમ યુગલ જાણવું.

તથા મહાહિમવંત અને રૂપી એ બે પર્વતોનો આઠનો આંક છે તેને લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી બીજા યુગલનો અને નિષધ અને નીલવંત એ બે પર્વતોનો બત્રીસનો આંક તેને લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી ત્રીજા યુગલનો વિસ્તાર આવે છે. આ છ એ પર્વતોનો મૂલમાં તથા ઉપર સરખો વિસ્તાર જાણવો.

અહીં ભાગવાનો અંક જે ૧૯૦ કહ્યો તેનું કારણ આ પ્રમાણે–ભરત અને ઐરવત ક્ષેત્ર થકી મહાવિદેહ સુધી ક્ષેત્રો ને પર્વતો બમણા બમણા વિસ્તારવાળા હોવાથી તેના ખાંડવાના અંક આ પ્રમાણે થાય છે–૧–૨–૪–૮–૧૬–૩૨–૬૪–૩૨–૧૬–૮–૪–૨–૧. આ સર્વ અંકનો સરવાળો કરવાથી ૧૯૦ થાય છે. ત્યાર પછી ભાજ્ય અને ભાજકની સંખ્યામાંથી એક એક શૂન્ય કાઢી નાખીએ ત્યારે ભાજકનો અંક ૧૯ થાય છે એમ સર્વત્ર જાણવું. જેમકે બાહ્ય ગિરિના બે અંકને લાખે ગુણવાથી બે લાખ થયા. તેમાંથી એક શૂન્ય કાઢી નાંખતા વીશ હજાર રહ્યા. ૧૯૦માંથી શૂન્ય કાઢી નાંખીએ એટલે ૧૯ રહ્યા. પછી વીશ હજારને ઓગણીશે ભાગતાં ભાગમાં ૧૦૫૨ આવે ઉપર ૧૨ કળા વધે. એમ સર્વત્ર જાણવું. ૨૬

કુલગિરિના વિસ્તારનું પ્રમાણ બે ગાથામાં જણાવે છે:–

**બાવણ્ણહિઓ સહસો, બાર કલા બાહિરાણ વિત્થારો;**
**મજ્ઝિમગાણ દસુત્તર–બાયાલસયા દસ કલા ય. ૨૭**
**અબ્ભિતરાણ દુકલા, સોલસહસ્સડસયા સબાયાલા;**
**ચઉચત્તસહસ્સ દો સય, દસુત્તરા દસ કલા સવ્વે. ૨૮**

| | |
|---|---|
| **બાવન્નહિઆ**–બાવન અધિક | **મજ્જિમગાણુ**-મધ્યના પર્વતોનો |
| **કલા**–કલા, જોજનનો ઓગણીસમો ભાગ | **દસુત્તર**–દશ અધિક |
| **બાહિરાણુ**–બહારના (પર્વતોનો) | **બાયાલસયા**–બેંતાલીસ સો |
| **અબ્ભિંતરાણુ**–અંદરના [ પર્વતોનો ] | **ચઉચત્ત**–ચુમ્માલીસ |
| **સબાયાલા**–બેંતાલીસ સહિત | **દોસય**–બસો |

**અર્થ**:—બહારના બે ગિરિનો વિસ્તાર એક હજાર ને બાવન યોજન (૧૦૫૨) તથા બાર કળા છે. તથા મધ્યના બે ગિરિનો બેંતાળીશ સો દશ (૪૨૧૦) યોજન અને દશ કળા છે. ૨૭ તથા અભ્યંતરના બે ગિરિનો વિસ્તાર સોળ હજાર આઠસો બેંતાળીશ (૧૬૮૪૨) યોજન અને બે કળા છે. સર્વનો વિસ્તાર ચુમાળીશ હજાર, બસો ને દશ (૪૪૨૧૦)યોજન અને દશ કળા છે. ૨૮

**વિવેચન**:—હિમવંત અને શિખરી એ બે બહારના પર્વતનો આગલી ગાથામાં કહેલી રીતે ૧૦૫૨ જોજન અને ૧૨ કલા વિસ્તાર આવે છે. મહાહિમવંત અને રૂકમી નામના મધ્યના બે ગિરિનો ૪૨૧૦ જોજન અને ૧૦ કલા વિસ્તાર આવે છે. તથા અંદરના નિષધ અને નીલવંત નામના બે ગિરિનો ૧૬૮૪૨ જોજન અને બે કલાનો વિસ્તાર આવે છે. આ છએ કુલગિરિના વિસ્તારનો સરવાળો કરીએ તો ૪૪૨૧૦ જોજન અને ૧૦ કલા આવે છે. (૧૯ કલાનો જોજન જાણવો) જંબૂદ્વીપના લાખ જોજનના વિસ્તારમાંથી પર્વતોએ આટલી ભૂમિ રોકી છે. ૨૭–૨૮

## કુલગિરિના વિસ્તારનો યંત્ર:—

| કુલગિરિનું નામ | પર્વતનો આંક | લાખ ગુણવાથી આવેલો આંક | ભાગ્યાનો આંક | આવેલો વિસ્તાર જોજન-કલા |
|---|---|---|---|---|
| હિમવંત પર્વત | ૨ | ૨૦૦૦૦૦ | ૧૯૦ | ૧૦૫૨-૧૨ |
| શિખરી પર્વત | ૨ | ૨૦૦૦૦૦ | ૧૯૦ | ૧૦૫૨-૧૨ |
| મહાહિમવંત પર્વત | ૮ | ૮૦૦૦૦૦ | ૧૯૦ | ૪૨૧૦-૧૦ |
| રૂકમી પર્વત | ૮ | ૮૦૦૦૦૦ | ૧૯૦ | ૪૨૧૦-૧૦ |
| નિષધ પર્વત | ૩૨ | ૩૨૦૦૦૦૦ | ૧૯૦ | ૧૬૮૪૨—૨ |
| નીલવંત પર્વત | ૩૨ | ૩૨૦૦૦૦૦ | ૧૯૦ | ૧૬૮૪૨—૨ |

કુલ જોજન ૪૪૨૧૦-૧૦

હવે ક્ષેત્રનો વિસ્તાર જાણવા માટે કરણ કહે છે:—

**ઇગચઉસોલસંકા, પુવ્વુત્તવિહીઇ ખિત્તજુઅલતિગે;**
**વિત્થારં બિંતિ તહા, ચઉસટ્ઠિંકો વિદેહસ્સ. ૨૯**

**પુવ્વુત્તવિહીઈ**-પૂર્વ કહેલ વિધિ વડે
**ખિત્તજુઅલતિગે**-ક્ષેત્રના ત્રણ યુગલે માં
**ચઉસટ્ઠિંકો**-ચોસઠનો આંક
**વિદેહસ્સ**-મહાવિદેહનો

**અર્થ:**—એક ચાર અને સોળના અંકને (ખાંડવાને) પૂર્વે કહેલી વિધિ પ્રમાણે (લાખે ગુણી એક સો ને નેવું એ) ભાગવાથી ત્રણ ક્ષેત્રયુગલનો વિસ્તાર પંડિતો કહે છે. તથા મહાવિદેહ ક્ષેત્રનો ચોસઠનો અંક જાણવો. ૨૯

**વિવેચન:**—ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર એ બે ક્ષેત્રનો એકનો આંક જાણવો. તેને લાખ ગુણા કરીને ૧૯૦ વડે ભાગવાથી પ્રથમ ક્ષેત્ર યુગલનો વિસ્તાર આવે છે. તથા

હિમવંત ક્ષેત્ર અને હરિવર્ષ ક્ષેત્ર એ બે ક્ષેત્રનો ચાર આંક છે. તેને લાખ ગુણા કરીને ૧૯૦ વડે ભાગવાથી બીજા ક્ષેત્ર યુગલનો વિસ્તાર આવે છે. તથા હરિવર્ષ ક્ષેત્ર અને રમ્યક ક્ષેત્રનો સોલનો આંક છે. તેને લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી ત્રીજા યુગલનો વિસ્તાર આવે છે. તથા મહાવિદેહ ક્ષેત્રનો ૬૪ નો આંક છે તેને લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી મહાવિદેહનો વિસ્તાર આવે છે. ૨૯

ક્ષેત્રના વિસ્તારનું પ્રમાણ બે ગાથાવડે કહે છેઃ—

**પંચ સયા છવ્વીસા, છચ્ચ કલા ખિત્તપઢમજુઅલમ્મિ;**
**બીએ ઇગવીસસયા, પણુત્તરા પંચ ય કલા ય. ૩૦**
**ચુલસીસય ઇગવીસા, ઇક્ક કલા તઇઅગે વિદેહિ પુણો;**
**તિત્તીસસહસ છસય, ચુલસીઆ તહા કલા ચઉરો. ૩૧**

| | |
|---|---|
| **ખિત્તપઢમજુઅલંમિ**-ક્ષેત્રના પ્રથમ યુગલમાં | **તઇઅગે**-ત્રીજા |
| **ચુલસીસય**-ચોરાસી સો | **છસય**-છસો |

**અર્થઃ**—પહેલા ક્ષેત્ર યુગલનો પ્રત્યેકનો વિસ્તાર પાંચ સો છવીશ ( ૫૨૬ ) યોજન અને છ કળા છે. બીજા બે ક્ષેત્રનો પ્રત્યેકનો વિસ્તાર એકવીશ સો પાંચ ( ૨૧૦૫ ) યોજન અને પાંચ કળા છે. ૩૦ તથા ત્રીજા બે ક્ષેત્રનો પ્રત્યેકનો વિસ્તાર ચોરાશીસો ને એકવીશ ( ૮૪૨૧ ) યોજન અને એક કળા છે, તથા વળી મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર તેત્રીશ હજાર છસો ચોરાશી (૩૩૬૮૪) યોજન અને ચાર કળા છે. ૩૧

**વિવેચન**:—ભરતક્ષેત્ર તથા ઐરવતક્ષેત્ર એ દરેકનો એ દરેકનો એકનો અંક છે, તેને લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી ૫૨૬ જોજન ૬ કલાનો પ્રથમ ક્ષેત્ર યુગલનો વિસ્તાર આવે છે. તથા હિમવંતક્ષેત્ર અને ઐરણ્યવત ક્ષેત્રનો દરેકનો ચારનો આંક છે, તેને પણ લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી ૨૧૦૫ જોજન ૫ કલાનો બીજા ક્ષેત્ર યુગલનો વિસ્તાર આવે છે. તથા હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રનો સોલનો આંક છે. તેને પણ લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી ૮૪૨૧ જોજન ૧ કલાનો ત્રીજા યુગલનો વિસ્તાર આવે છે. તથા મહાવિદેહ ક્ષેત્રનો ૬૪ નો આંક છે તેને લાખે ગુણી ૧૯૦ વડે ભાગવાથી ૩૩૬૮૪ જોજન ૪ કલા પ્રમાણ મહાવિદેહનો વિસ્તાર આવે છે. ૩૦–૩૧

હવે સર્વ ક્ષેત્ર તથા પર્વતોના કુલ વિસ્તારની સંખ્યા કહે છેઃ—

**પણપન્નસહસ સગ સય, ગુણણઉિઆ ણવ કલા સયલવાસા;**
**ગિરિખિત્તંકસમાસે, જોઅણલક્ખં હવઈ પુણ્ણં. ૩૨**

**પણપન્ન**–પંચાવન
**સગસય**–સાતસો
**ગુણણઉિઆ**–નેવ્યાસી
**સયલવાસા**–સકલ ક્ષેત્રો
**ગિરિખિત્ત અંક**–પર્વતો અને ક્ષેત્રોના આંકનો
**સમાસે**–સરવાળો કરતાં
**પુણ્ણં**–સંપૂર્ણ

**અર્થ**:—સર્વ ક્ષેત્રોનો વિસ્તાર પંચાવન હજાર, સાત સો ને નેવ્યાશી ( ૫૫૭૮૯ ) યોજન અને નવ કળા થાય છે. તથા છએ ગિરિના અને સાતે ક્ષેત્રના અંકને ભેગા કરીએ

(૪૪૨૧૦-૧૦ કલા+૫૫૭૮૯-૯ કલા=૧૦૦૦૦૦ જોજન.) ત્યારે સંપૂર્ણ એક લાખ યોજન થાય છે. ૩૨

**ક્ષેત્રના વિસ્તારનો યંત્રઃ—**

| ક્ષેત્રનું નામ | ક્ષેત્રના અંક | લાખ ગુણવાથી આવેલો આંક | ભાગવાનો આંક | આવેલો વિસ્તાર જોજન-કલા |
|---|---|---|---|---|
| ભરત ક્ષેત્ર | ૧ | ૧૦૦૦૦૦ | ૧૯૦ | ૫૨૬-૬ |
| ઐરવત ક્ષેત્ર | ૧ | ૧૦૦૦૦૦ | ૧૯૦ | ૫૨૬-૬ |
| હિમવંત ક્ષેત્ર | ૪ | ૪૦૦૦૦૦ | ૧૯૦ | ૨૧૦૫-૫ |
| ઐરણ્યવત ક્ષેત્ર | ૪ | ૪૦૦૦૦૦ | ૧૯૦ | ૨૧૦૫-૫ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૧૬ | ૧૬૦૦૦૦૦ | ૧૯૦ | ૮૪૨૧-૧ |
| રમ્યક ક્ષેત્ર | ૧૬ | ૧૬૦૦૦૦૦ | ૧૯૦ | ૮૪૨૧-૧ |
| મહાવિદેહ ક્ષેત્ર | ૬૪ | ૬૪૦૦૦૦૦ | ૧૯૦ | ૩૩૬૮૪-૪ |

ક્ષેત્રના કુલ જોજન-૫૫૭૮૯-૯
પર્વતના કુલ જોજન-૪૪૨૧૦-૧૦

કુલ સરવાળો ૧૦૦૦૦૦-૦

હવે ભરત અને ઐરવત ક્ષેત્રના અર્ધ ભાગનું પ્રમાણ કહે છેઃ—

**પણ્ણાસસુદ્ધ બાહિર-ખિત્તે દલિઅમ્મિ દુસય અડતીસા;**
**તિણ્ણિ ય કલા ય એસો, ખંડચઉક્કસ્સ વિક્ખંભો. ૩૩**

**પન્નાસ**-પચાસ
**સુદ્ધ**-બાદ કરીએ
**દલિઅમ્મિ**-અર્ધ કરતાં
**અડતીસા**-આડત્રીસ
**ખંડચઉક્કસ્સ**-ચાર ખંડોનો
**વિક્ખંભો**-પહોળાઈ

**અર્થ**:—બાહ્ય ક્ષેત્રના પ્રમાણમાંથી પચાસ યોજન બાદ કરીએ પછી તેનું અર્ધ કરીએ ત્યારે બસો આડત્રીશ (૨૩૮) યોજન અને ત્રણ કળા રહે છે. આટલો ચાર ખંડનો દરેકનો વિસ્તાર જાણવો. ૩૩

**વિવેચન**:—ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર એ બે બહારના ક્ષેત્ર છે. તે દરેકનો ૫૨૬ જોજન અને ૬ કલાનો વિસ્તાર છે. તે વિસ્તારમાંથી તેમની મધ્યમાં આવેલા વૈતાઢ્ય પર્વતની પહોળાઈના પચાસ યોજન બાદ કરવા. બાદ કરવાથી ૪૭૬ યોજન અને ૬ કલા બાકી રહે. પછી તેનું અર્ધું કરીએ ત્યારે ૨૩૮ યોજન અને ૩ કલા આવે, આટલો ચાર ખંડોનો દરેકનો વિસ્તાર જાણવો. એટલે ભરતના દક્ષિણ ભરતાર્ધ અને ઉત્તર ભરતાર્ધ અને ઐરવત ક્ષેત્રના દક્ષિણ ઐરવતાર્ધ અને ઉત્તર ઐરવતાર્ધ એમ ચાર ખંડોનો દરેકનો એટલો વિસ્તાર જાણવો. ૩૩

હવે દ્રહોનું પ્રમાણ કહે છેઃ—

**ગિરિઉવરિ સવેઇદહા, ગિરિઉચ્ચત્તાઉ દસગુણા દીહા;**
**દીહત્તઅદ્ધરુંદા, સવ્વે દસ જોઅણુવ્વેહા. ૩૪**

| | |
|---|---|
| ગિરિઉવરિ–પર્વત ઉપર | દીહા–દીર્ઘ, લાંબા |
| સવેઇ–વેદિકા સહિત | દીહત્ત–લંબાઈથી |
| દહા–દ્રહો, સરોવરો | અદ્ધરૂંદા–અર્ધા વિસ્તારવાળા |
| ઉચ્ચત્તાઉ–ઉંચાઈથી | ઉવ્વેહા–ઉંડા |

**અર્થ**:—કુલગિરિઓના ઉપર વેદિકા સહિત દ્રહો હોય છે. તે સર્વ દ્રહો પોતપોતાના પર્વતના ઉંચપણાથી દશ ગુણા લાંબા હોય છે, તથા લંબાઈથી અર્ધ પ્રમાણ

વિસ્તારવાળા (પહોળા) હોય છે, તથા દશ યોજન ઉંડા હોય છે. ૩૪

**વિવેચનઃ**—જંબૂદ્વીપમાં હિમવંત પર્વત વગેરે જે ૬ કુલગિરિ પર્વતો કહી ગયા તે દરેક પર્વતની ઉપર વેદિકા સહિત એક એક દ્રહ આવેલો છે. દ્રહ એટલે મોટું સરોવર. એ દ્રહો જે પર્વત ઉપર તેઓ આવેલા છે તે પર્વતની ઉંચાઈથી ૧૦ ગુણા લાંબા છે અને લંબાઈ કરતાં અર્ધ ભાગ જેટલા વિસ્તારવાળાં છે. ઉંડાઇમાં તો દરેક દ્રહ ૧૦ યોજનની ઉંડાઈવાળાં છે. જેમકે હિમવંત પર્વત ઉપર પદ્મ નામે દ્રહ આવેલ છે. હિમવંત પર્વત ૧૦૦ યોજન ઉંચો છે તેને દશ ગુણા કરવાથી ૧૦૦૦ યોજનની પદ્મ દ્રહની લંબાઇ આવે છે. અને તેનું અર્ધ કરીએ એટલે ૫૦૦ યોજનની પહોળાઇ આવે છે. તથા દરેક દ્રહની ઉંડાઈ તો સરખી છે અને તે ૧૦ યોજન પ્રમાણ જાણવી. એ પ્રમાણે બીજા દ્રહોનું પ્રમાણ નીચે આપેલા યન્ત્રથી જાણવું. ૩૪

**દ્રહોની લંબાઈ પહોળાઇનો યંત્રઃ—**

| કુલગિરિનું નામ | કુલગિરિની ઉંચાઇ યોજન | ઉંચાઇથી દશગુણા લંબાઇના જોજન | દ્રહની પહોળાઇ યોજન | દ્રહની ઉંડાઈ યોજન |
|---|---|---|---|---|
| ૧ હિમવંત | ૧૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ |
| ૨ શિખરી | ૧૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ |
| ૩ મહા હિમવંત | ૨૦૦ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ |
| ૪ રૂકમી | ૨૦૦ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ |
| ૫ નિષધ | ૪૦૦ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ |
| ૬ નીલવંત | ૪૦૦ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ |

તે દ્રહોનાં નામ કહે છેઃ—

**બહિ પઉમપુંડરીઆ, મજ્ઝે તે ચેવ હુંતિ મહપુવ્વા;**
**તેગચ્છિકેસરીઆ, અબ્ભિતરિઆ કમેણેસું. ૩૫**

| | |
|---|---|
| **બહિ**—બહાર | **તેગિચ્છિ**—તેગિચ્છી દ્રહ |
| **પઉમ**—પદ્મ દ્રહ | **કેસરિઆ**—કેસરી દ્રહ |
| **પુંડરીઆ** પુંડરીક દ્રહ | **અબ્ભિતરિઆ**—અંદરના |
| **મજ્ઝે**—મધ્યમાં | **કમેણ**—અનુક્રમે |
| **મહપુવ્વા**—મહાશબ્દપૂર્વક | **એસું**—એ દ્રહોમાં |

**અર્થઃ**—બાહ્યના બે પર્વત ઉપર અનુક્રમે પદ્મ અને પુંડરીક નામના દ્રહ છે, તથા મધ્યના બે પર્વત ઉપર તે જ દ્રહો મહાશબ્દપૂર્વક તથા અભ્યંતરના બે પર્વત ઉપર તિગિચ્છી અને કેશરી નામના દ્રહો છે. ૩૫

**વિવેચનઃ**—હિમવંત અને શિખરી એ બે બાહેરના પર્વત છે તેમાં હિમવંત ઉપર પદ્મ દ્રહ છે અને શિખરી પર્વત ઉપર પુંડરિક દ્રહ છે. આ બે દ્રહની લંબાઈ હજાર યોજનની છે અને પહોળાઇ ૫૦૦ યોજનની છે. મહાહિમવંત પર્વત અને રૂકમી પર્વત એ બે મધ્યના પર્વત છે તેમાં મહાહિમવંત ઉપર મહાપદ્મ દ્રહ છે અને રૂકિમ પર્વત ઉપર મહાપુંડરીક દ્રહ છે. આ બે દ્રહ ૨૦૦૦ યોજન લાંબા છે. અને તેથી અર્ધા એટલે ૧૦૦૦ યોજન પહોળા છે. તથા અંદરના નિષધ અને નીલવંત નામના બે પર્વતો ઉપર અનુક્રમે તેગિચ્છી અને કેસરી નામના દ્રહ છે. તે બન્ને ૪૦૦૦ યોજન લાંબા અને ૨૦૦૦ યોજન પહોળા છે. ૩૫

**સિરિલચ્છી હિરિબુદ્ધી, ધીકિત્તી નામિઆઉ દેવીઓ;**
**ભવણવઇઓ પલિઓ-વમાઉ વરકમલણિલયાઉ. ૩૬**

| | |
|---|---|
| **સિરિ**-શ્રીદેવી | **ભવણવઇઓ**-ભવનપતિ નિકાયની |
| **લચ્છી**-લક્ષ્મી દેવી | **પલિઓવમાઉ**-પલ્યોપમના આયુષ્યવાળી |
| **હિરિ**-હ્રી દેવી | **વરકમલ**-ઉત્તમ કમલ ઉપર |
| **બુદ્ધી**-બુદ્ધિ દેવી | **ણિલયાઓ**-સ્થાનવાળી, વસનારી |
| **ધી**-ધી દેવી | |
| **કિત્તી**-કીર્તિ દેવી | |

**અર્થ:**—તે દ્રહોમાં અનુક્રમે શ્રી, લક્ષ્મી, હ્રી, બુદ્ધિ, ધી અને કીર્તિ નામવાળી દેવીઓ વસે છે. તે સર્વે ભવનપતિનિકાયમાં ઉત્પન્ન થયેલી, એક પલ્યોપમના આયુષ્યવાળી અને શ્રેષ્ઠ કમળ રૂપ ઘરવાળી એટલે શ્રેષ્ઠ કમળમાં વસનારી હોય છે. ૩૬

**વિવેચન:**—ઉપર કહેલા છ દ્રહોને વિષે દેવીઓ રહે છે. તેમનાં નામ આ પ્રમાણે:—પદ્મ દ્રહમાં શ્રીદેવી, પુંડરીક દ્રહમાં લક્ષ્મીદેવી, મહાપદ્મ દ્રહમાં હ્રીદેવી, મહાપુંડરીક દ્રહમાં બુદ્ધિદેવી, તેગિચ્છિ દ્રહમાં ધીદેવી તથા કેસરી દ્રહમાં કીર્તિ નામે દેવીનો વાસ છે. તે ૬ એ દેવીઓ ભુવનપતિ નિકાયની છે. તેમનું આયુષ્ય પલ્યોપમનું હોય છે. અને દ્રહમાં આવેલા ઉત્તમ કમલો ઉપર આવેલા ભવનોમાં વસનારી છે. ૩૬

કયા દ્રહમાં કઈ દેવી વસે છે તે જણાવનારો યંત્રઃ—

| ગિરિનામ. | દ્રહનામ. | તેમાં વસનારી દેવીનાં નામ. |
|---|---|---|
| હિમવંત | પદ્મ | શ્રીદેવી |
| શિખરી | પુંડરીક | લક્ષ્મીદેવી |
| મહાહિમવંત | મહાપદ્મ | હ્રીદેવી |
| રૂક્મી | મહાપુંડરીક | બુદ્ધિદેવી |
| નિષેધ | તિગિચ્છિ | ધીદેવી |
| નીલવંત | કેશરી | કીર્તિદેવી |

તે દ્રહોમાં રહેલા કમળોનું પ્રમાણ કહે છેઃ—

**જલુવરિ કોસદુગુચ્ચં, દહવિત્થરપણસયંસવિત્થારં;**
**બાહલ્લે વિત્થરદ્ધં, કમલં દેવીણ મૂલિલ્લં. ૩૭**

જલુવરિ–પાણી ઉપર
કોસદુગ–બે કોશ
ઉચ્ચં–ઊંચું
પણસયંસ–પાંચસોમા ભાગ જેટલું
બાહલ્લે–જાડાઇ
વિત્થરદ્ધં–વિસ્તારથી અર્ધ પ્રમાણ
દેવીણ–દેવીઓનું
મૂલિલ્લં–મૂળ, મુખ્ય

**અર્થ**:—શ્રી વિગેરે સર્વ દેવીઓનું મૂળ–મુખ્ય નિવાસરૂપ કમળ જળની ઉપર બે કોશ ઉંચું છે. તથા દ્રહના વિસ્તારથી પાંચસોમે ભાગે વિસ્તારવાળું છે, તથા જાડાઇમાં વિસ્તારથી અર્ધ છે. ૩૭

**વિવેચન**:—પૂર્વે કહેલ શ્રીદેવી વગેરે છ દેવીઓનું મૂળ કમળ પાણી ઉપર બે કોશ ઉંચું છે. તથા જે દ્રહમાં તે કમળ આવેલું છે તે દ્રહના પાંચસોમા ભાગે તેનો વિસ્તાર છે. જેમકે શ્રીદેવીનું કમળ પદ્મદ્રહમાં આવેલું છે. તે પદ્મદ્રહનો

વિસ્તાર પાંચસો યોજનનો છે. માટે ૫૦૦ ને ૫૦૦ વડે ભાગતાં ૧ યોજન આવે તેટલો તે કમળનો વિસ્તાર છે. તથા વિસ્તારથી અર્ધ ભાગે તે કમળની જાડાઈ છે. તેથી શ્રી દેવીના કમળની જાડાઇ અર્ધ યોજન પ્રમાણ જાણવી. એ પ્રમાણે બીજા દ્રહોના કમળોનો વિસ્તાર વગેરે નીચેના યન્ત્રથી જાણવો. ૩૭

મૂળ કમળના વિસ્તાર તથા જાડાઈનો યંત્ર—

| દેવીનું નામ | જળ ઉપર ગાઉ | દ્રહ વિસ્તાર યોજન | કમળનો વિસ્તાર યોજન | કમળની જાડાઇ યોજન |
|---|---|---|---|---|
| શ્રીદેવી | ૨ | ૫૦૦ | ૧ | ૦॥ |
| લક્ષ્મીદેવી | ૨ | ૫૦૦ | ૧ | ૦॥ |
| હ્રીદેવી | ૨ | ૧૦૦૦ | ૨ | ૧ |
| બુદ્ધિદેવી | ૨ | ૧૦૦૦ | ૨ | ૧ |
| ધીદેવી | ૨ | ૨૦૦૦ | ૪ | ૨ |
| કીર્તિદેવ | ૨ | ૨૦૦૦ | ૪ | ૨ |

હવે તે કમળના વર્ણાદિક કહે છે—

**મૂલે કંદે નાલે, તં વયરારિટ્ઠવેરુલિયરુવં;**
**જંબુણયમજ્ઝતવણિ–જ્જબહિઅદલં રત્તકેસરિઅં. ૩૮**

મૂલે–મૂલને વિષે
કંદે–કંદને વિષે
નાલ–નાળને વિષે
વયર–વજ્ર રત્ન
અરિટ્ઠ–અરિષ્ટ રત્ન
વેરુલિયરુવં-વૈડૂર્યરત્ન
જંબૂણય–જાંબૂનદ (સુવર્ણ)
તવણિજ્જ–તપનીય (તપેલા) સુવર્ણના
બહિઅદલં–બાહેરનાં પાંદડાં
રત્તકેસરિઅં-રાતા કેસરાવાળું

**અર્થ**:—તે કમળ મૂળને વિષે, કંદને વિષે અને નાળને વિષે અનુક્રમે વજ્રમય, અરિષ્ટરત્નમય અને વૈડૂર્ય-રત્નમય છે, એટલે કે કમળનું મૂળ વજ્રમય છે. કંદ અરિષ્ટ રત્નમય છે અને નાળ વૈડૂર્ય રત્નમય છે, તથા મધ્યનાં પત્ર રક્તસુવર્ણમય છે અને બહારનાં પત્ર તપાવેલા પીળા સુવર્ણમય છે, તથા રક્તવર્ણવાળા કેસરા છે. આ કમળ પૃથ્વીકાયમય છે, વનસ્પતિકાયમય નથી એમ સમજવું. ૩૮

હવે તે કમળની મધ્યે રહેલી કર્ણિકાનું તથા દેવીના ભવનનું સ્વરૂપ કહે છે:—

**કમલદ્ધપાયપિહુલુ-ચ્ચકણગમયકણ્ણિગોવરિં ભવણં;**
**અદ્ધેગકોસપિહુદી-હચઉદ્દસયચાલધણુહુચ્ચં.** ૩૯

| | |
|---|---|
| **પાય**–પાદ, ચોથો ભાગ | **પિહુ**–પહોળુ |
| **પિહુલ**–પહોળાઈ | **ચઉદ્દસય**–ચૌદસો |
| **કણગમય**–સુવર્ણના | **ચાલ**–ચાલીસ |
| **કણ્ણિગોવરિ**–કર્ણિકા ઉપર | **ધણુહુચ્ચં**–ધનુષની ઉંચાઇ |

**અર્થ**:—કમળના વિસ્તારથી અર્ધી પહોળી અને પા ભાગની ઉંચી સુવર્ણમય કર્ણિકાની ઉપર દ્રહદેવીનું ભવન હોય છે. તે ભવન અર્ધ કોશ પહોળું, એક કોશ લાંબુ અને ચૌદ સો ને ચાળીશ ધનુષ ઉંચું હોય છે. ૩૯

**વિવેચન**:—કમલ ઉપર કર્ણિકા આવેલી છે. અને તે કર્ણિકા ઉપર દેવીનું ભવન આવેલું છે. તેનું પ્રમાણ જણાવે છે:—મૂળ કમલનો જેટલો વિસ્તાર છે તેનાથી અર્ધ પ્રમાણ જેટલી પહોળી અને ચોથા ભાગ જેટલી ઉંચી તે કર્ણિકા

છે. જેમકે પદ્મદ્રહની પહોળાઇ એક યોજનની છે તો તેની કર્ણિકા ૦॥ યોજન પહોળી છે અને પા ભાગે એટલે ૦। યોજન પ્રમાણ ઉંચી છે. એ પ્રમાણે બીજા કમળોની કર્ણિકાનું સ્વરૂપ નીચે આપેલા યન્ત્રમાંથી જાણવું. તથા તે કર્ણિકા ઉપર ભવન આવેલું છે. અને તે બધા ભવનોનું પ્રમાણ સરખું છે. એટલે ૦॥ કોશ પહોળું, ૧ કોશ લાંબું અને ૧૪૪૦ ધનુષ ઉંચું છે. ૩૯

કર્ણિકાના તથા દેવીના ભવનના પ્રમાણનો યંત્રઃ—

| દ્રહ | કમળ વિસ્તાર યોજન | કર્ણિકા વિસ્તાર યોજન | કર્ણિકા ઉંચી યોજન | ભવન પહોળું કોશ | ભવન લાંબુ કોશ | ભવન ઉંચું ધનુષ |
|---|---|---|---|---|---|---|
| પદ્મદ્રહ | ૧ | ૦॥ | ૦। | ૦॥ | ૧ | ૧૪૪૦ |
| પુંડરીકદ્રહ | ૧ | ૦॥ | ૦। | ૦॥ | ૧ | ૧૪૪૦ |
| મહાપદ્મદ્રહ | ૨ | ૧ | ૦॥ | ૦॥ | ૧ | ૧૪૪૦ |
| મહાપુંડરીકદ્રહ | ૨ | ૧ | ૦॥ | ૦॥ | ૧ | ૧૪૪૦ |
| તિગિચ્છદ્રહ | ૪ | ૨ | ૧ | ૦॥ | ૧ | ૧૪૪૦ |
| કેશરીદ્રહ | ૪ | ૨ | ૧ | ૦॥ | ૧ | ૧૪૪૦ |

હવે દ્વારનું પ્રમાણ કહે છે:

**પચ્છિમદિસિ વિણુ ધણુપણ-**
**સય ઉચ્ચ ઢાઇજ્જસય પિહુ પવેસં;**
**દારતિગં ઇહિ ભવણે, મજ્ઝે દહદેવિસયણિજ્જં. ૪૦**

**વિણુ**–વિના
**અઢ્ઢાઇજ્જસય**–અઢીસો ધનુષ્ય
**પિહુ**–પહોળાં
**પવેસ**–પ્રવેશ
**દારતિગં**–ત્રણ દ્વાર
**મજ્ઝે**–મધ્યમાં
**સયણિજ્જં**–શયનીય; શય્યા.

**અર્થ**:—પશ્ચિમ દિશા વિના બાકીની ત્રણ દિશાઓમાં પાંચ સો ધનુષ ઉંચા અને અઢી સો ધનુષ પૃથુપ્રવેશવાળાં એટલે પહોળા ને પ્રવેશવાળા ત્રણ દ્વાર ( દરવાજા ) આ ભવનને વિષે છે. તે ભવનના મધ્યમાં દ્રહદેવીઓની શય્યા છે.૪૦

**વિવેચન**:—આ ભવનોને વિષે ત્રણ ત્રણ દ્વાર છે. અને તે દ્વાર પશ્ચિમ દિશા સિવાયની બાકીની પૂર્વ ઉત્તર અને દક્ષિણ એ ત્રણ દિશાઓમાં આપેલાં છે. તે દ્વારો ૫૦૦ ધનુષ્ય અથવા ૦૧ ગાઉ ઉંચાં છે અને ૨૫૦ ધનુષ્ય પહોળાં છે. તથા તે ભુવનના મધ્યમાં દ્રહની દેવીની શય્યા હોય છે. ૪૦

હવે મૂળ કમળનાં પરિવારનાં કમળો કહે છે.—

**તં મૂલકમલદ્ધપ્પ-માણકમલાણ અડહિઅસએણં;**
**પરિક્ખિત્તં તબ્ભવણે-સુ ભૂસણાઇણિ દેવીણં. ૪૧**

| | |
|---|---|
| **તં**-તે ( કમળો ) | **પરિક્ખિત્તં**-વીંટાએલું |
| **મૂલ કમલ**-મૂલ કમલથી | **તબ્ભવણેસુ**-તેના ભવનમાં |
| **અદ્ધપ્રમાણ**-અર્ધ પ્રમાણવાળા | **ભૂસણાઇણિ** આભૂષણ વગેરે |
| **અડહિયસએણં**-એકસો આઠ | **દેવીણ**-દેવીઓનાં |

**અર્થ**:—તે મૂળ કમળ તેનાથી અર્ધ પ્રમાણવાળા કમળોના એક સો ને આઠ વડે પરિવરેલું છે. એટલે કે તે મૂળ કમળની ફરતાં તેનાથી અર્ધ પ્રમાણવાળા ૧૦૮ કમળો છે. અને તેના ઉપર રહેલા ભવનોને વિષે દ્રહદેવીઓના આભૂષણ વિગેરે વસ્તુ રહેલી હોય છે. ૪૧

**મૂલપડિમાઉ પુવ્વિં, મહયરિયાણં ચઉણ્હ ચઉ પડિમા;**
**અવરાઇ સત્ત પડિમા, અણિઆહિવઇણ સત્તણ્હં. ૪૨**

મહુયરિયાણું-મહત્તરિકા દેવીઓનાં
ચઉણ્હ-ચારનાં
પઉમા-કમળો
અવરાઇ-પશ્ચિમમાં
અણિઆહિવઈણું-સેનાધિપતિઓનાં
સત્તણ્હં-સાતનાં

અર્થ:—બીજા વલયમાં મૂળ કમળથી પૂર્વ દિશામાં ચાર મહત્તરિકાના ચાર કમળો છે, પશ્ચિમ દિશામાં સાત અનીકાધિપતિના સાત કમળો છે. ૪૨

**વાયવ્વાઇસુ તિસુ સુરિ-સામણ્ણસુરાણ ચઉસહસ પઉમા;**
**અટ્ઠદસબારસહસા, અગ્ગેઆઇસુ તિપરિસાણં. ૪૩**

વાયવ્વાઇસુ-વાયવ્યાદિક દિશાઓમાં
તિસુ-ત્રણ દિશાઓમાં
સુરિ-દેવીના
સામણ્ણસુરાણ-સામાનિક દેવોનાં
અગ્ગેઆઇસુ-અગ્નિ આદિ દિશાઓમાં
તિપરિસાણં-ત્રણ પર્ષદાના

અર્થ:—વાયવ્ય વિગેરે એટલે વાયવ્ય, ઉત્તર અને ઈશાન એ ત્રણ દિશાને વિષે દેવી સંબંધી સામાનિક દેવોના કુલ ચાર હજાર કમળો છે. અગ્નિ આદિક એટલે અગ્નિ, દક્ષિણ અને નૈર્ઋત એ ત્રણ દિશામાં બાહ્ય, મધ્ય અને અભ્યંતર એ ત્રણ પર્ષદાના અનુક્રમે આઠ હજાર, દશ હજાર અને બાર હજાર કમળો છે. ૪૩

**ઇઅ બીઅપરિક્ખેવો, તઇએ ચઉસુ વિ દિસાસુ દેવીણં;**
**ચઉ ચઉ પઉમસહસ્સા, સોલસસહસાઽઽયરક્ખાણં. ૪૪**

ઇઅ-એ
બીઅ-બીજો
પરિક્ખેવો-પરિક્ષેપ, વલય
તઇએ-ત્રીજા વલયમાં
સોલસસહસ-સોળ હજાર
આયરક્ખાણં-આત્મ રક્ષકોનાં

**અર્થ**:—એ પ્રમાણે કમળોનો બીજો વલય જાણવો. ત્રીજા વલયને વિષે ચારે દિશાઓમાં આત્મરક્ષક દેવીઓના ચાર ચાર હજાર કમળો છે, તેથી સર્વ મળીને સોળ હજાર કમળો આત્મરક્ષક દેવીઓના છે. ૪૪

ઇઅ-એ
બીઅ-બીજો
પરિક્ખેવો-પરિક્ષેપ, વલય
તઇએ-ત્રીજા વલયમાં
સોલસ સહસ-સોળ હજાર
આયરક્ખાણં--આત્મ રક્ષકોનાં

## અભિઓગાઇ તિવલએ, દુતીસચત્તાડયાલલક્ખાઈ;
## ઇગકોડિ વીસ લક્ખા, સઢ્ઢા વીસં સયં સવ્વે ૪૫

અભિઓગાઈ-આભિયોગિક દેવોના
તિવલએ-ત્રણ વલયમાં
દુતીસ-બત્રીસ
ચત્ત-ચાલીસ
અડયાલ લક્ખાઈ-અડતાલીસ લાખ
ઇગકોડિ-એક ક્રોડ
વીસલક્ખા-વીસ લાખ
સઢ્ઢા-સાર્ધ (પચાસ હજાર)
વીસં સયં-એક સો વીસ

**અર્થ**:—આભિયોગિક વિગેરે દેવોના કમળો ત્રણ વલયમાં (ચોથા, પાંચમા ને છઠ્ઠા વલયમાં) આવેલા છે. તેમાં અનુક્રમે બત્રીશ લાખ, ચાળીશ લાખ અને અડતાળીશ લાખ કમળો છે. આ અને ઉપરના સર્વ મળીને એક કરોડ વીશ લાખ, અર્ધ લાખ સહિત એટલે પચાસ હજાર, એક સો ને વીશ ૧૨૦૫૦૧૨૦ કમળો હોય છે. ૪૫

### સ્થાપના.

| | | |
|---|---|---|
| ૧ મૂળ કમળ | | ૧ |
| ૨ આભરણના કમળ | (પહેલા વલયમાં) | ૧૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૩ | મહત્તરાના કમળ | (બીજા વલયમાં) | ૪ |
| ૪ | અનીકાધિપતિના કમળ | „ | ૭ |
| ૫ | સામાનિકના કમળ | „ | ૪૦૦૦ |
| ૬ | આભ્યંતર પર્ષદાના કમળ | „ | ૮૦૦૦ |
| ૭ | મધ્ય પર્ષદાના કમળ | „ | ૧૦૦૦૦ |
| ૮ | બાહ્ય પર્ષદાના કમળ | „ | ૧૨૦૦૦ |
| ૯ | આત્મરક્ષકના કમળ | (ત્રીજા વલયમાં) | ૧૬૦૦૦ |
| ૧૦ | ચોથા વલયમાં આભિયોગિકના કમળ | | ૩૨૦૦૦૦૦ |
| ૧૧ | પાંચમા વલયમાં આભિયોગિકના કમળ | | ૪૦૦૦૦૦૦ |
| ૧૨ | છઠ્ઠા વલયમાં આભિયોગિકના કમળ | | ૪૮૦૦૦૦૦ |

કુલ કમળ—૧૨૦૫૦૧૨૦

હવે તે દ્રહોનાં દ્વારો કહે છેઃ—

**પુવ્વાવરમેરુમુહં, દુસુ દારતિગં પિ સદિસિ દહમાણા;**
**અસિઇભાગપમાણં, સતોરણં ણિગ્ગયણઇઅં. ૪૬**

| | |
|---|---|
| **પુવ્વાવર**—પૂર્વ અને પશ્ચિમ | **દહમાણા**—દ્રહના પ્રમાણથી |
| **મેરુમુહં**—મેરુ સન્મુખ | **અસિઇભાગ**—એંશીમા ભાગે |
| **દુસુ**—બે (સરોવર)માં | **સતોરણં**—તોરણ સહિત |
| **દારતિગં પિ**—ત્રણે દ્વારો પણ | **ણિગ્ગય**—નીકળેલી |
| **સદિસિ**—પોતપોતાની દિશાના | **નઇઅં**—નદીવાળું |

**અર્થ**:—બે દ્રહને વિષે પૂર્વ દિશામાં પશ્ચિમ દિશામાં તથા મેરુ પર્વતની સન્મુખ એમ ત્રણ દ્વાર છે. તે ત્રણ દ્વારો પણ પોતાની દિશાના દ્રહના પ્રમાણથી એંશીમા ભાગના

પ્રમાણવાળા છે. તે ત્રણે દ્વારો તોરણ સહિત તથા દ્વારમાંથી નીકળતી નદીવાળાં છે. ૪૬

**વિવેચનઃ**—હિમવંત પર્વત ઉપર પદ્મદ્રહ અને શિખરી પર્વત ઉપર પુંડરીક દ્રહ આવેલ છે. તે બંને દ્રહોને ત્રણ ત્રણ દ્વારો છે. એક પૂર્વ દિશા તરફ, બીજું પશ્ચિમ દિશા તરફ અને ત્રીજું મેરૂ સન્મુખ છે. આ દરેક દ્વારમાંથી એક એક નદી નીકળે છે એટલે ત્રણ ત્રણ નદીઓ છે. તે દ્વારો પોત પોતાની દિશા તરફ દ્રહના પ્રમાણથી એંસીમા ભાગ પ્રમાણ છે. આ બંને દ્રહો પૂર્વ પશ્ચિમ તરફ ૫૦૦ યોજન પહોળા છે, તેને એંસીએ ભાગવાથી ૬ા યોજન આવે. તેથી તે તરફનાં બંને દ્વારો ૬ા યોજન પહોળા જાણવા. ત્રીજું દ્વાર મેરૂ તરફ આવેલું છે. તે દિશામાં દ્રહ ૧૦૦૦ યોજન લાંબું છે. તેને એંસીએ ભાગતાં ૧૨ા યોજન આવે તેટલું ત્રીજું દ્વાર પહોળું છે દરેક દ્વાર તોરણ સહિત છે. ૪૬

બાકીના ચાર દ્રહનાં દ્વારો કહે છેઃ—

**જામુત્તરદારદુગં, સેસેસુ દહેસુ તાણ મેરુમુહા;**
**સદિસિ દહાસિઅભાગા, તયદ્ધમાણા ય બાહિરિયા. ૪૭**

**જામુત્તર**—દક્ષિણ અને ઉત્તર દિશા
**દારદુગં**—બે દ્વાર
**સેસેસુ**—બાકીના
**દહેસુ**—દ્રહોને વિષે
**તાણ**—તેઓમાં
**મેરુમુહ**—મેરૂ સન્મુખ
**સદિસિદહા**—પોતાની દિશામાં દ્રહના
**અસિયભાગા**—એંશીમા ભાગે
**તયદ્ધમાણા**—તેનાથી અર્ધા પ્રમાણના
**બાહિરિયા**—બહારના

**અર્થ**:—બાકીના દ્રહોને વિષે દક્ષિણ અને ઉત્તર દિશાએ એમ બે દ્વાર છે. તેમાં મેરૂ તરફના મુખવાળું દ્વાર દ્રહના એંસીમા ભાગ જેટલું અને બાહેરનું (બીજી તરફનું) તેનાથી અર્ધ પ્રમાણવાળું છે. ૪૭

**વિવેચન**:—બાકીના ચાર દ્રહો આ પ્રમાણેઃ—મહા હિમવંત ઉપર ૧ મહાપદ્મ નામે, રૂકમી પર્વત ઉપર ૨ મહાપુંડરિક નામે, નિષેધ પર્વત ઉપર ૩ તિગિચ્છી નામે અને નીલવંત પર્વત ઉપર ૪ કેસરી નામે દ્રહ આવેલ છે. આ ચારે દ્રહને એક દક્ષિણમાં અને બીજુ ઉત્તરમાં એમ બે બે દ્વારો છે. તેમાંનુ જે દ્વાર મેરૂ સન્મુખ છે તે દ્રહના વિસ્તારના એંસીમા ભાગ જેટલું છે અને બીજી તરફનું દ્વાર તેનાથી અર્ધા પ્રમાણવાળું છે. આથી મહાપદ્મ દ્રહનું અને મહાપુંડરીક દ્રહનું મેરૂ તરફનું દ્વાર ૨૫ યોજન પહોળું છે અને બીજી તરફનું દ્વાર ૧૨ાા યોજન પહોળું છે. તિગિચ્છી દ્રહનું અને કેસરી દ્રહનું મેરૂ તરફનું દ્વાર ૫૦ યોજન પહોળું અને બીજી તરફનું ૨૫ યોજન પહોળું છે. (આ માટે નીચે આપેલ યન્ત્ર જુઓ.) ૪૭

## દ્રહના દ્વારોની પહોળાઈનો યંત્રઃ—

| દ્રહનું નામ | કયા પર્વત ઉપર | દ્રહની લંબાઈ યોજન | દ્રહની પહોળાઈ યોજન | કેટલાં દ્વાર | પૂર્વના દ્વારનો વિસ્તારયોજન | પશ્ચિમના દ્વારનો વિસ્તાર | ઉત્તરનાદ્વારનો વિસ્તાર | દક્ષિણના દ્વારનો વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પદ્મદ્રહ | હિમવંત | ૧૦૦૦ | ૫૦૦ | ૩ | ૬ા યોજન | ૬ા યોજન | ૧૨ાા યો૦ | ૦ |
| ૨ પુંડરીકદ્રહ | શિખરી | ૧૦૦૦ | ૫૦૦ | ૩ | ૬ા યોજન | ૬ા યોજન | ૦ | ૧૨ાા યો૦ |
| ૩ મહાપદ્મદ્રહ | મહાહિમવંત | ૨૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૦ | ૦ | ૨૫ યો૦ | ૧૨ાા યો૦ |
| ૪ મહાપુંડરીકદ્રહ | રૂકમી | ૨૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૦ | ૦ | ૧૨ાા યો૦ | ૨૫ યો૦ |
| ૫ તિગિચ્છીદ્રહ | નિષધ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૨ | ૦ | ૦ | ૫૦ યો૦ | ૨૫ યો૦ |
| ૬ કેસરીદ્રહ | નીલવંત | ૪૦૦૦ | ૨૦૦૦ | ૨ | ૦ | ૦ | ૨૫ યો૦ | ૫૦ યો૦ |

તે દ્વારોમાંથી નીકળતી નદીઓનાં નામ કહે છે:-

**ગંગા સિંધૂ રત્તા, રત્તવઇ બાહિરં ણઇચિઉક્કં;**
**બહિદહપુવ્વાવરદા-રવિત્થરં વહઇ ગિરિસિહરે. ૪૮**

ગંગા-ગંગા નદી
સિંધૂ-સિંધુ નદી
રત્તા-રક્તા નદી
રત્તવઇ-રક્તવતી નદી
ણઇ ચઉક્કં-ચાર નદી
બહિદહ-બહારના દ્રહના
દારવિત્થરં-દ્વારના વિસ્તાર પ્રમાણે
વહઈ-વહે છે
ગિરિસિહરે-પર્વતના ઉપર

**અર્થ**—ભરતક્ષેત્રમાં ગંગા નદી અને સિંધુ નદી છે, તથા ઐરવતક્ષેત્રમાં રક્તા અને રક્તવતી નદીઓ છે. આ ચાર નદીઓ બાહ્ય કહેવાય છે. તે ચારે નદીઓ બાહ્ય દ્રહના એટલે પદ્મ અને પુંડરીક એ બે દ્રહના પૂર્વ અને પશ્ચિમ દ્વાર જેટલા વિસ્તારવાળી એટલે સવા છ યોજન વિસ્તારવાળી નીકળે છે. પછી હિમવંત અને શિખરી એ બે પર્વત ઉપર પણ તે તે દિશા તરફ તેટલા જ વિસ્તારે વહે છે. ૪૮

બે ગાથામાં તે ચાર નદીઓની ગતિ કહે છે—

**પંચ સય ગંતુ ણિઅગા-વત્તણકૂડાઉ બહિમુહં વલઈ;**
**પણસયતેવીસેહિં, સાહિઅતિકલાહિં સિહરાઓ. ૪૯**

**ણિવડઇ મગરમુહોવમ-વયરામયજિબ્ભિઆઇવયરતલે;**
**ણિઅગે ણિવાયકુંડે, મુત્તાવલિસમપ્પવાહેણ. ૫૦**

ગંતુ-જઈને
ણિઅગ-પોતાના નામનાળા
આવત્તણકૂડાઓ-આવર્તન કૂટથી
બહિમુહં-બાહ્ય ક્ષેત્ર તરફ
વલઇ-વળે છે
ણિવડઇ-પડે છે
મગરમુહ-મગરના મુખની
ઉવમ-ઉપમા, સરખી
વયરામય-વજ્રમય
જિબ્ભિયાઇ-જીભિકા વડે
તેવીસેહિં-તેવીસ
સાહિઅ-સાધિક
તિકલાહિં-ત્રણ કલા
સિહરાઓ-શિખર ઉપરથી
વયરતલે-વજ્રના તળીયાવાળા
ણિવાયકુંડે-નિપાત કુંડમાં
મુત્તાવલિસમ-મોતીના હાર સમાન
પવાહેણ-પ્રવાહવડે

**અર્થ:**—તે ચારે નદીઓ પાંચસો યોજન જઈને નિજકાવર્તન કૂટથી બાહ્ય સન્મુખ વળે છે. પછી પાંચસો ત્રેવીસ યોજન અને સાધિક ત્રણ કલા સુધી શિખર (પર્વત) ઉપર ચાલીને મગરના મુખ સરખી વજ્રમય જીભી વડે વજ્રમય તળીયાવાળા પોતાના નિપાત કુંડમાં મોતીના હાર સરખા પ્રવાહ વડે પડે છે. ૪૯—૫૦

**વિવેચન:**—આ ચાર નદીઓ દ્રહના દ્વારથી પર્વતના શિખર ઉપર દ્વારની સન્મુખ એટલે પૂર્વ અને પશ્ચિમ દિશા તરફ પાંચસો યોજન જઇને પછી પોતાના નામવાળા આવર્તન કૂટથી એટલે ગંગાવર્તન કૂટ, સિંધ્વાવર્તન કૂટ, રક્તાવર્તન કૂટ અને રક્તવત્યાવર્તન કૂટથી બાહ્ય એટલે ભરત અને ઐરવત-ક્ષેત્રની સન્મુખ વળે છે. જેમ પદ્મ દ્રહના પૂર્વ દ્વારમાંથી નીકળેલી ગંગા નદી ૬। યોજનના વિસ્તારે હિમવંત પર્વત ઉપર પૂર્વ દિશા તરફ ૫૦૦ યોજન ચાલે છે. ત્યાં નિજકા-વર્તનકૂટ આવેલ છે એટલે ગંગાવર્તન કૂટ આગળ આવેલી તે નદી બાહેર તરફ એટલે દક્ષિણમાં આવેલ ભરત ક્ષેત્ર તરફ વળે છે. એ પ્રમાણે બીજી ત્રણ નદીઓમાં પણ સમજવું. તે વખતે

પર્વતના મધ્ય ભાગથી બહાર આવતાં તે નદીઓ પર્વતના શિખર ઉપર પાંચ સો ત્રેવીશ યોજન અને કાંઈક અધિક ત્રણ કળા જેટલું ચાલે છે. આ પ્રમાણ શી રીતે આવે તે કહે છે—હિમવંત અને શિખરી પર્વતનો વિસ્તાર એક હજાર બાવન યોજન અને બાર કળા છે. તેમાંથી નદીનો વિસ્તાર સવા છ યોજન બાદ કરીએ ત્યારે બાકી એક હજાર છેંતાલીસ યોજન અને સવાસાત કળા રહે. તેનું અર્ધ કરીએ ત્યારે પાંચ સો ત્રેવીસ યોજન અને સાડીત્રણ કળાથી કાંઇક અધિક એટલું પ્રમાણ આવે છે.

પર્વતનો વિસ્તાર યોજન ૧૦૫૨–૧૨ કળા તેમાંથી
નદીનો વિસ્તાર યોજન ૬–૪ાા કળા બાદ કરતાં

બાકી યોજન ૧૦૪૬–૭ા કળા રહે તેનું અર્ધ કરવા માટે ૨ વડે ભાગવાથી

```
२) १०४६–७ा (५२३ योजन
   १०
   ---
   ००४
     ४
    ---
     ०६
      ६
     ---
      ०० ७ा (३ाा कळा साधिक
         ७
        ---
        ०ा
```

ઉપર પ્રમાણે ૫૨૩ યોજન ૩ાા કળા ઓળંગીને છેડે આવેલ મગરના મુખની ઉપમાવાળી એટલે મગરના મુખ જેવા આકારવાળી વજ્રમય. જીભીવડે કરીને એટલે જીભીના

આકારવાળી પરનાળવડે કરીને વજ્રમય તળીયાવાળા પોતાના એટલે તે નદીના નામવાળા નિપાત કુંડમાં મોતીના હારની જેવા પ્રવાહે કરીને પડે છે. ૧ ગંગાનિપાત કુંડ, ૨ સિંધુ-નિપાત કુંડ, ૩ રકતાનિપાત કુંડ અને ૪ રક્તવતી નિપાત કુંડ એ નામના અનુક્રમે ચાર નદીઓના ચાર નિપાત કુંડ જાણવા. ૪૯—૫૦

હવે તે જીભીઓનું પ્રમાણ કહે છે:—

**દહદારવિત્થરાઓ, વિત્થરપણ્ણાસભાગજડ્ડાઓ;**
**જડ્ડત્તાઓ ચઉગુણ–દીહાઓ સવ્વજિબ્ભીઓ. ૫૧**

| | |
|---|---|
| **જડ્ડાઓ**–જાડી | **જડ્ડત્તાઓ**–જાડાઈથી |
| **સવ્વજિબ્ભીઓ**–સર્વ જીભીઓ | **દીહાઓ**–લાંબી |

**અર્થ**—સર્વે જીભીઓ દ્રહના દ્વારના વિસ્તાર જેટલા વિસ્તારવાળી, વિસ્તારના પચાસમે ભાગે જાડી તથા જાડપણાથી ચાર ગુણી લાંબી હોય છે. ૫૧

**વિવેચન**:—આ નદીઓની જીભીઓ તે તે નદીના દ્રહના દ્વાર જેટલા વિસ્તારવાળી છે. જેમકે ગંગા નદી પદ્મ દ્રહમાંથી નીકળે છે, તેનું દ્વાર ૬। યોજન પહોળું છે તો ગંગા નદીની જીભી પણ ૬। યોજન પહોળી છે. વિસ્તારના પચાસમા ભાગ જેટલી તે જીભીઓની જાડાઈ જાણવી. ૬। ને પચાસે ભાગવા માટે તેના ગાઉ કર્યા ત્યારે ૨૫ ગાઉ આવ્યા તેને પચાસે ભાગવાથી ૦।। ગાઉની જાડાઈ આવે. અને જાડાઈને ચાર ગુણા કરવાથી બે ગાઉની લંબાઈ જાણવી. આ પ્રમાણે ગંગા નદીની જીભીનું પ્રમાણ જાણવું. બીજી નદીઓની જીભીનું પ્રમાણ પણ આ રીતે જ આવે છે. તે નીચેના યંત્ર ઉપરથી સમજવું. ૫૧

## નદીની જીભીઓના પ્રમાણનો યન્ત્રઃ—

| નદીનું નામ | ક્યા ક્ષેત્રની | દ્રહના દ્વારનો વિસ્તાર | જીભીનો વિસ્તાર | જીભીની જાડાઈ | જીભીની લંબાઇ |
|---|---|---|---|---|---|
| ૧ ગંગા | ભરત | ૬ા યોજન | ૬ા યોજન | ૦ાા ગાઉ | ૦ાા યોજન |
| ૨ સિંધુ | ભરત | ૬ા યોજન | ૬ા યોજન | ૦ાા ગાઉ | ૦ાા યોજન |
| ૩ રકતા | ઐરવત | ૬ા યોજન | ૬ા યોજન | ૦ાા ગાઉ | ૦ાા યોજન |
| ૪ રકતવતી | ઐરવત | ૬ા યોજન | ૬ા યોજન | ૦ાા ગાઉ | ૦ાા યોજન |
| ૫ રોહિતા | હૈમવંત | ૧૨ાા યો૦ | ૧૨ાા યો૦ | ૧ ગાઉ | ૧ યોજન |
| ૬ રોહિતાંશા | હૈમવંત | ૧૨ાા યો૦ | ૧૨ાા યો૦ | ૧ ગાઉ | ૧ યોજન |
| ૭ રૂપ્યકૂલા | ઐરણ્યવત | ૧૨ાા યો૦ | ૧૨ાા યો૦ | ૧ ગાઉ | ૧ યોજન |
| ૮ સુવર્ણકૂલા | ઐરણ્યવત | ૧૨ાા યો૦ | ૧૨ાા યો૦ | ૧ ગાઉ | ૧ યોજન |
| ૯ હરિકાંતા | હરિવર્ષ | ૨૫ યો૦ | ૨૫ યો૦ | ૨ ગાઉ | ૨ યોજન |
| ૧૦ હરિસલિલા | હરિવર્ષ | ૨૫ યો૦ | ૨૫ યો૦ | ૨ ગાઉ | ૨ યોજન |
| ૧૧ નરકાંતા | રમ્યક | ૨૫ યો૦ | ૨૫ યો૦ | ૨ ગાઉ | ૨ યોજન |
| ૧૨ નારીકાંતા | રમ્યક | ૨૫ યો૦ | ૨૫ યો૦ | ૨ ગાઉ | ૨ યોજન |
| ૧૩ સીતા | મહાવિદેહ | ૫૦ યો૦ | ૫૦ યો૦ | ૪ ગાઉ | ૪ યોજન |
| ૧૪ સીતોદા | મહાવિદેહ | ૫૦ યો૦ | ૫૦ યો૦ | ૪ ગાઉ | ૪ યોજન |

હવે કુંડને વિષે રહેલા દ્વીપનું પ્રમાણ કહે છે—

**કુંડંતો અડજોઅણુ–પિહુલો જલઉવરિ કોસદુગમુચ્ચો;**
**વેઇજુઓ ણઇદેવી–દીવો દહદેવિસમભવણો. ૫૨**

કુંડંતો–કુંડની અંદર
અડજોયણ–આઠ યોજન
પિહુલો–પહોળો
વેઇજુત્તો–વેદિકા સહિત
ણઇદેવી–નદીની દેવીનો
ભવણો–ભવનવાળો

**અર્થ:**—કુંડના મધ્યમાં આઠ યોજન પહોળો અને જળની ઉપર બે કોશ ઉંચો તથા વેદિકા યુકત નદીદેવીનો દ્વીપ એટલે ગંગાદેવી દ્વીપ વિગેરે છે. તેને વિષે દ્રહદેવીના ભવન સરખા ભવન છે. ૫૨

**વિવેચન:**—આ ગંગા નદીના નિપાત કુંડની વચ્ચે ગંગા દ્વીપ આવેલો છે. તે આઠ યોજન પહોળો છે. પાણી ઉપર બે ગાઉ ઉંચો છે. તથા વેદિકાવાળો છે. આ દ્વીપને વિષે ભવન આવેલ છે. તે ભવનનું પ્રમાણ દ્રહની દેવીના ભવન જેટલું છે એટલે ૦ાા ગાઉ પહોળું, ૧ ગાઉ લાંબું અને ૧૪૪૦ ધનુષ્ય ઉંચું છે. આ પ્રમાણે બીજા કુંડોની વચમાં પણ દ્વીપ આવેલા છે. તેમનું પ્રમાણ વગેરે યન્ત્ર ઉપરથી જાણવું. ૫૨

હવે પ્રપાત કુંડનું સ્વરૂપ કહે છે:—

**જોઅણસટ્ઠિપિહુત્તા, સવાયછપ્પિહુલવેઇતિદુવારા;**
**એએ દસુંડ કુંડા, એવં અણ્ણે વિ ણવરં તે. ૫૩**

સટ્ઠિ–સાઠ
પિહુત્તા–પહોળાઈ
સવાયછ–સવા ૭
દુવારા–દ્વાર
એએ–એ કુંડો
દસુંડ–દશ યોજન ઉંડા
એવં–એ પ્રમાણે
અન્નેવિ–બીજા પણ
ણવરં તે–પરંતુ તે કુંડો

**અર્થ**:—સાઠ યોજન પહોળા, તથા સવાછ યોજન પહોળા વેદિકાના ત્રણ દ્વારવાળા આ કુંડો દશ યોજન ઉંડા છે. એ જ પ્રમાણે બીજા પણ કુંડો છે. પરંતુ તેમાં વિશેષ છે તે (આગળની ગાથામાં) કહે છે. ૫૩

**વિવેચન**:—ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી એ ચાર નદીઓના ચાર પ્રપાત કુંડ ૬૦ યોજન પહોળા છે. આ કુંડોને ફરતી વેદિકા છે. અને તે વેદિકાને વિષે ત્રણ ત્રણ દ્વારો છે. તે દ્વારો ૬। યોજન પહોળા છે, દરેક કુંડની ઉંડાઈ ૧૦ યોજનની છે. આ પ્રમાણે બીજા પ્રપાત કુંડો છે તેમની વિશેષતા આગળ જણાવે છે. ૫૩

**એસિં વિત્થારતિગં, પડુચ્ચ સમદુગુણચઉગુણઽગુણા;**
**ચઉસટ્ઠિસોલચઉદો, કુંડા સવ્વે વિ ઇહિ ણુવઈ. ૫૪**

**એસિં**-એમના
**વિત્થારતિગં**-ત્રણ વિસ્તારને
**પડુચ્ચ**-આશ્રયીને
**સમ**-સરખા
**સવ્વેવિ**-સર્વે પણ
**ઇહ**-અહીં (જંબૂદ્વીપમાં)
**ણુવઇ**-નેવુ

**અર્થ**:—આ (પૂર્વે કહેલા) કુંડોના ત્રણ પ્રકારના વિસ્તારને આશ્રીને ચોસઠ, સોળ, ચાર અને બે કુંડો અનુક્રમે સરખા, બમણા, ચાર ગુણા અને આઠ ગુણા છે. આ જંબૂદ્વીપમાં સર્વ મળીને નેવું કુંડો છે. ૫૪

**વિવેચન**:—મહાવિદેહની બત્રીશ વિજયોમાં દરેક વિજયમાં બે બે નદીઓ હોવાથી ૬૪ નદીઓના ચોસઠ કુંડો છે, તે કુંડોનો વિસ્તાર ગંગાના પ્રપાત કુંડ સરખો છે

એટલે કે તે ચોસઠ કુંડો સાઠ યોજન પહોળા છે, તેમાં આવેલા દ્વીપો આઠ યોજન પહોળા છે અને વેદિકના દ્વારો સવા છ યોજન પહોળા છે. હૈમવત ક્ષેત્રની બે નદીઓ અને ઐરણ્યવત ક્ષેત્રની બે નદીઓ અને બાર અંતર નદીઓના મળીને જે સોળ કુંડો છે, તેમનો વિસ્તાર તેથી બમણો છે એટલે સાઠ યોજનને બમણા કરવાથી એક સો ને વીશ યોજન છે. તેમના દ્વીપનો વિસ્તાર આઠને બમણા કરવાથી સોળ યોજન છે. અને વેદિકાનાં દ્વારનો વિસ્તાર સવા છને બમણા કરવાથી સાડાબાર યોજન છે. તથા હરિવર્ષ ક્ષેત્રની બે નદી અને રમ્યક ક્ષેત્રની બે નદીના ચાર પ્રપાત કુંડો છે, તેમનો વિસ્તાર ચાર ગુણો છે, તેથી સાઠને ચાર ગુણા કરતાં બસો ને ચાળીશ યોજન કુંડનો વિસ્તાર છે. દ્વીપનો વિસ્તાર આઠને ચાર ગુણા કરવાથી બત્રીશ યોજન છે અને વેદિકાના દ્વારનો વિસ્તાર સવા છને ચાર ગુણા કરવાથી પચીશ યોજન છે. મહાવિદેહમાં બે નદીઓ છે, તેના બે પ્રપાત કુંડનો વિસ્તાર આઠગુણો હોવાથી સાઠને આઠે ગુણતાં ચારસો ને એંશી યોજન છે, દ્વીપનો વિસ્તાર આઠને આઠ ગુણા કરવાથી ચોસઠ યોજન છે અને વેદિકાના દ્વારનો વિસ્તાર સવા છને આઠ ગુણા કરવાથી પચાસ યોજન છે. એ પ્રમાણે બધા મળીને અહીં કુલ ૯૦ કુંડો છે. પરંતુ તેમાંના બત્રીસ વિજયની ૬૪ નદીઓના ૬૪ કુંડો તથા ૧૨ અંતર નદીઓના ૧૨ કુંડો મળી ૭૬ કુંડો પ્રપાત કુંડો નથી. કારણ કે તે કુંડોમાં નદીઓ પડતી નથી, પરંતુ તે કુંડોમાંથી જ તે નદીઓ નીકળે છે. માટે બાકી રહેલા ૧૪ કુંડો જ પ્રપાત કુંડો જાણવા. ૫૪

## કુંડાદિકના વિસ્તારનો યંત્રઃ—

| નદીનું નામ | કયા ક્ષેત્રની | કુંડની સંખ્યા | કુંડનો વિસ્તાર | દ્વીપનો વિસ્તાર | વેદિકાના દ્વારનો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ગંગા–સિંધુ | ભરત | ૨ | ૬૦ યો૦ | ૮ યો૦ | ૬ા યો૦ |
| રક્તા–રક્તવતી | ઐરવત | ૨ | ૬૦ યો૦ | ૮ યો૦ | ૬ા યો૦ |
| રોહિતા–રોહિતાંશા | હેમવંત | ૨ | ૧૨૦ યો૦ | ૧૬ યો૦ | ૧૨ા યો૦ |
| રૂપ્યકૂલા–સુવર્ણકૂલા | ઐરણ્યવત | ૨ | ૧૨૦ યો૦ | ૧૬ યો૦ | ૧૨ા યો૦ |
| હરિકાંતા–હરિસાલિલા | હરિવર્ષ | ૨ | ૨૪૦ યો૦ | ૩૨ યો૦ | ૨૫ યો૦ |
| નરકાંતા–નારીકાંતા | રમ્યક | ૨ | ૨૪૦ યો૦ | ૩૨ યો૦ | ૨૫ યો૦ |
| સીતા–સીતોદા | મહાવિદેહ | ૨ | ૪૮૦ યો૦ | ૬૪ યો૦ | ૫૦ યો૦ |
| ગંગા–સિંધુ | મહાવિદેહ | ૩૨ | ૬૦ યો૦ | ૮ યો૦ | ૬ા યો૦ |
| રક્તા–રક્તવતી | મહાવિદેહ | ૩૨ | ૬૦ યો૦ | ૮ યો૦ | ૬ા યો૦ |
| અંતર નદીઓ | મહાવિદેહ | ૧૨ | ૧૨૦ યો૦ | ૧૬ યો૦ | ૧૨ા યો૦ |

હવે બે ગાથામાં એ ચાર બાહ્ય નદીઓની ગતિ કહે છે:—

**એઅં ચ ણઇચિઉક્કં, કુંડાઓ બહિદુવારપરિવૂઢં;**
**સગસહસણઇસિમેઅં, વેઅડ્ઢગિરિંપિ ભિંદેઇ. ૫૫**
**તત્તો બાહિરખિત્ત–દ્ધમજ્ઝઓ, વલઇ પુવ્વઅવરમુહં;**
**ણઇસત્તસહસસહિયં, જગઇતલેણ ઉદહિમેઇ. ૫૬**

**ણઇ ચઉક્કં**–ચાર નદીઓ
**બહિદુવાર**–બાહ્ય દ્વારમાંથી
**પરિવૂઢં**-વહેતી
**સમેઅં**-સહિત
**વેઅડ્ઢગિરિંપિ**–વૈતાઢય પર્વતને પણ
**ભિંદેઇ**–ભેદે છે.

**તત્તો**–ત્યાર પછી
**ખિત્તદ્ધ**–ક્ષેત્રાર્ધ
**મજ્ઝઓ**–મધ્યમાં થઇને
**અવરમુહં**–પશ્ચિમ સન્મુખ
**સહિઅં**–સહિત
**જગઇતલેણ**–જગતી નીચે થઈને
**ઉદહિં**–સમુદ્રમાં
**એઈ**–જાય છે

**અર્થ**:—અને આ ચાર નદીઓ નિપાત કુંડના બાહ્ય દ્વારથી નીકળીને સાત હજાર નદીઓના પરીવાર સાથે વૈતાઢય પર્વતને પણ ભેદે છે. ત્યાર પછી બાહ્ય ક્ષેત્રના અર્ધના મધ્યભાગથી પૂર્વ અને પશ્ચિમ દિશા તરફ વળે છે. ત્યાર પછી તેઓ બીજી સાત હજાર નદીઓના પરિવાર સાથે જગતીના તળીયાને ભેદીને સમુદ્રમાં જાય છે. ૫૫–૫૬

**વિવેચન**:—અને આ ગંગા, સિંધુ, રકતા અને રકતવતી પોતપોતાના નિપાત કુંડના બાહ્ય દ્વારથી એટલે ગંગા અને સિંધુ દક્ષિણ દ્વારથી અને રકતા અને રકતવતી પોતાના નિપાત કુંડના ઉત્તર દ્વારથી

નીકળે છે, ગંગા અને સિંધુ ભરત ક્ષેત્રમાં દક્ષિણ તરફ અને રક્તા અને રક્તવતી ઐરવત ક્ષેત્રમાં ઉત્તર તરફ આગળ વધે છે. તેમને રસ્તામાં વૈતાઢય પર્વત સુધીમાં સાત હજાર નદીઓ મળે છે. એમ સાત હજાર નદીઓના પરિવારવાળી થઇને તે વૈતાઢય પર્વતને પણ ભેદે છે. ત્યાર પછી બાહ્ય-ક્ષેત્રના એટલે ભરત અને ઐરવત ક્ષેત્રના અર્ધના મધ્યભા-ગથી પૂર્વ અને પશ્ચિમ દિશાની સન્મુખ વળે છે એટલે કે ભરતક્ષેત્રમાં ગંગા નદી પૂર્વ દિશાએ સમુદ્ર તરફ જાય છે અને સિંધુ નદી પશ્ચિમ દિશાએ સમુદ્ર તરફ જાય છે. તથા ઐરવત ક્ષેત્રમાં રક્તા નદી પૂર્વ દિશાએ અને રક્તવતી પશ્ચિમ દિશાએ સમુદ્ર તરફ જાય છે. આ નદીઓ વૈતાઢય પર્વતને ભેદીને બહાર નીકળ્યા પછી પણ બીજી સાત હજાર નદીઓ તેમને મળે છે. સર્વ મળી ચૌદ હજાર નદીઓના પરિવારવાળી તે ચાર નદીઓ જગતીના તળને ભેદીને લવણ સમુદ્રમાં જાય છે—સમુદ્રને મળે છે. ૫૫—૫૬

તે નદીઓનો વિસ્તા તથા ઉંડાઇ કહે છે—

**ધુરિ કુંડદુવારસમા, પજ્જંતે દસગુણા ય પિહુલત્તે;**
**સવ્વત્થ મહણ્ણઇઓ, વિત્થરપણ્ણાસભાગુંડા ૫૭**

| | |
|---|---|
| **ધુરિ**—પ્રારંભમાં, શરૂઆતમાં | **સવ્વત્થ**—સર્વત્ર, સર્વ સ્થળે |
| **પજ્જંતે**—પર્યન્તે, અંતે | **મહણ્ણઇઓ**—મોટી નદીઓ |

**અર્થ**—મહા નદીઓ શરૂઆતમાં કુંડના દ્વાર જેટલી પહોળી અને અંતે દશ ગુણી પહોળી હોય છે. તથા સઘળે સ્થળે વિસ્તારના પચાસમા ભાગ જેટલી ઉંડી હોય છે. ૫૭



હિમવંત તથા શિખરી પર્વત ઉપર આવેલા પદ્મદ્રહ તથા પુંડરીકદ્રહના ત્રણ દ્વારમાંથી નીકળતી નદીઓ.

પૃ. ૫૪ ગા. ૪૮



મહાહિમવંત વગેરે પર્વતો ઉપર આવેલ મહાપદ્મ આદિ દ્રહના બે દ્વારમાંથી નીકળતી નદીઓ. પૃ. ૬૪ ગા. ૫૫ ૫૬

**વિવેચનઃ**—ગંગા સીંધુ વગેરે મોટી નદીઓ પ્રથમ નીકળતાં તે જે કુંડમાંથી નીકળે છે તે કુંડના દ્વાર જેટલા વિસ્તારવાળી હોય છે. અને છેડે (જ્યાં સમુદ્રને મળે ત્યાં) વિસ્તારમાં દશ ગુણી થાય છે. જેમકે ભરત અને ઐરવતની ગંગા સિન્ધુ રક્તા અને રક્તવતી એ ચાર નદીઓનો કુંડના દ્વાર પાસે સવા છ યોજનનો વિસ્તાર છે, તે છેવટે સમુદ્રને મળે ત્યારે દશ ગુણો વિસ્તાર થવાથી સવા છને દશે ગુણતાં સાડીબાસઠ યોજનનો વિસ્તાર થાય છે. તે જ રીતે બત્રીશ વિજયોની ચોસઠ નદીઓનો પણ આટલો જ આદિ અને અંતનો વિસ્તાર જાણવો. તથા હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રની ચાર નદીઓ અને મહાવિદેહ ક્ષેત્રમાં આવેલી બાર અંતરનદી મળી કુલ સોળ નદીઓનો આદિ વિસ્તાર સાડા બાર યોજન અને છેડે દશ ગુણો કરવાથી એક સો ને પચીશ યોજન થાય છે. તથા હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં ચાર નદીઓ છે, તેનો વિસ્તાર આદિમાં પચીશ યોજન છે. તેને દશ ગુણો કરતાં બસો પચાસ યોજનનો અંતે વિસ્તાર છે. મહાવિદેહ ક્ષેત્રની બે નદીઓનો આદિ વિસ્તાર પચાસ યોજન છે, તેને દશે ગુણતાં છેડે પાંચસો યોજનનો વિસ્તાર થાય છે. સર્વે મોટી નદીઓ સર્વત્ર વિસ્તારથી પચાસમે ભાગે ઉંડી હોય છે. જેમ ગંગા વિગેરેનો વિસ્તાર આદિમાં સવા છ યોજન છે, તેને પચાસે ભાગતાં ત્યાં અર્ધ કોશ ઉંડાઇ જાણવી. તથા છેડે સાડી બાસઠ યોજનનો વિસ્તાર છે, ત્યાં તેને પચાસે ભાગતાં સવા યોજન ઉંડાઈ જાણવી. એ જ પ્રમાણે સર્વ નદીઓ વિષે જાણવું. ૫૭

બાકીના હિમવંત વગેરે પાંચ ક્ષેત્રની નદીઓની
અતિ બે ગાથામાં કહે છે.—

**પણખિત્તમહણઇઓ, સદારદિસિ દહવિસુદ્ધગિરિઅદ્ધં;**
**ગંતૂણ સજિબ્ભીહિં, ણિઅણિઅકુંડેસુ ણિવડંતિ. ૫૮**
**ણિઅજિબ્ભિઅપિહુલત્તા, પણવીસંસેણ મુત્તુ મજ્ઝગિરિં;**
**જામમુહા પુવ્વુદહિં, ઇઅરા અવરોઅહિમુવિંતિ. ૫૯**

**પણખિત્ત**–પાંચ ક્ષેત્રની
**સદારદિસિ**–પોતાના દ્વારની દિશામાં
**દહવિસુદ્ધ**–દ્રહનો વિસ્તાર બાદ કરીને
**ગિરિઅદ્ધં**–ગિરિના અર્ધ ભાગ સુધી
**ગંતૂણ**–જઈને
**સજિબ્ભીહિં**–પોતાની જીવિકા વડે
**ણિઅણિઅ**–પોત પોતાના નામવાળા
**ણિવડંતિ**–પડે છે.
**ણિઅજિબ્ભિઅ**–પોતાની જીભિકાની
**પણવિસંસેણં**–પચીસમા ભાગે
**મુત્તુ**– મૂકીને, છોડીને
**મજ્ઝગિરિં**–મધ્યના પર્વતને
**જામમુહા**–દક્ષિણ તરફના મુખવાળી
**પુવ્વુદહિં**–પૂર્વ સમુદ્રમાં
**ઇઅરા**–ઈતર, ઉત્તર તરફના મુખવાળી
**અવરોઅહિં**–પશ્ચિમ સમુદ્રમાં
**ઉવિંતિ**–મળે છે, જાય છે

**અર્થ**:—પાંચ ક્ષેત્રની મોટી નદીઓ પોતાના દ્રહના દ્વારની દિશામાં પર્વતના વિસ્તારમાંથી દ્રહનો વિસ્તાર બાદ કરીને (બાકી રહે તેનું) અર્ધ કરીએ તેટલું પર્વત ઉપર ચાલીને પોતાની જીભી દ્વારા પોતપોતાના નિપાત કુંડમાં પડે છે. ૫૮

પછી (ક્ષેત્રમાં વહેતી) પોતપોતાની જીભીની પહોળાઇના પચીસમા ભાગ જેટલે છેટે મધ્ય ગિરિને મૂકીને દક્ષિણ દિશાના મુખવાળી પૂર્વ સમુદ્રમાં અને ઉત્તર તરફના મુખવાળી પશ્ચિમ સમુદ્રમાં જાય છે. ૫૯

**વિવેચન:**—હૈમવત, ઐરણ્યવત, હરિવર્ષ, રમ્યક અને મહાવિદેહ એ પાંચ ક્ષેત્રની મોટી નદીઓ પોતપોતાના દ્વારની દિશામાં, ગિરિના વિસ્તારમાંથી દ્રહનો વિસ્તાર બાદ કરી, બાકી રહેલા વિસ્તારને અર્ધ કરીએ, તેટલા યોજન ગિરિના શિખર ઉપર ચાલીને પોતપોતાની જીભી વડે પોતપોતાના પ્રપાત કુંડને વિષે પડે છે. જેમકે હેમવંત ક્ષેત્રમાં રોહિતા નદી છે. તે હિમવંત પર્વતના દ્રહમાંથી નીકળે છે. હિમવંત પર્વતનો વિસ્તાર ૧૦૫૨ જોજન ૬ કલા છે. તેમાંથી પદ્મદ્રહનો વિસ્તાર ૫૦૦ યોજન છે, તે બાદ કરતાં બાકી ૫૫૨ યોજન અને ૧૨ કળા રહે. તેનું અર્ધ કરવાથી ૨૭૬ યોજન અને ૬ કળા પર્વત ઉપર વહે છે. એ પ્રમાણે બીજી નદીઓમાં નીચે આપેલા યન્ત્રમાંથી જાણવું. ૫૮

# નદીઓના વિસ્તાર તથા ઉંડાઇનો યંત્રઃ—

| નદીનું નામ | કયા ક્ષેત્રની | આદિમાં વિસ્તાર | અંતે વિસ્તાર | આદિમાં ઉંડાઇ | અંતે ઉંડાઇ |
|---|---|---|---|---|---|
| ગંગા–સિંધુ-રક્તા-રક્તવતી | ભરત–૨ | ૬। યોજન | ૬૨।। યોજન | ૦।। કોશ | ૧। યોજન |
| ૧૭ ૧૭ ૧૭ ૧૭ | ઐરવત–૨ | ” | ” | ” | ” |
| | મહાવિદેહ-૬૪ | ” | ” | ” | ” |
| રોહિતા–રોહિતાંશા | હેમવંત–૨ | ૧૨।। યોજન | ૧૨૫ યોજન | ૧ કોશ | ૨।। યોજન |
| રૂપ્યકુલા ૧–સુવર્ણકુલા ૧ | ઐરણ્યવંત–૨ | ” | ” | ” | ” |
| હરિકાંતા ૧–હરિસલિલા ૧ | હરિવર્ષ–૨ | ૨૫ યોજન | ૨૫૦ યોજન | ૨ કોશ | ૫ યોજન |
| નરકાંતા ૧–નારિકાંતા ૧ | રમ્યક–૨ | ” | ” | ” | ” |
| સીતા ૧ સીતોદા ૧ | મહાવિદેહ–૨ | ૫૦ યોજન | ૫૦૦ યોજન | ૪ કોશ | ૧૦ યોજન |
| અંતર નદીઓ ૧૨ | મહાવિદેહ–૧૨ | ૧૨।। યોજન | ૧૨૫ યોજન | ૧ કોશ | ૨।। યોજન |

## પાંચ ક્ષેત્રની નદીઓની પર્વત ઉપર ગતિનો યંત્રઃ—

| ક્ષેત્રનું નામ | નદીનું નામ | ગિરિનો વિસ્તાર જોજન—કલા | દ્રહનો વિસ્તાર | બાદ જતાં બાકી રહેલા જોજન—કલા | અર્ધા કરતાં બાકી રહેલા જોજન—કલા |
|---|---|---|---|---|---|
| ૧ હિમવંત | રોહિતાંશા | ૧૦૫૨—૧૨ | ૫૦૦ યોજન | ૫૫૨—૧૨ | ૨૭૬—૬ |
| | રોહિતા | ૪૨૧૦—૧૦ | ૧૦૦૦ ,, | ૩૨૧૦—૧૦ | ૧૬૦૫—૫ |
| ૨ ઐરણ્યવત | સુવર્ણકૂલા | ૧૦૫૨—૧૨ | ૫૦૦ ,, | ૫૫૨—૧૨ | ૨૭૬—૬ |
| | રૂપ્યકૂલા | ૪૨૧૦—૧૦ | ૧૦૦૦ ,, | ૩૨૧૦—૧૦ | ૧૬૦૫—૫ |
| ૩ હરિવર્ષ | હરિકાંતા | ૪૨૧૦—૧૦ | ૧૦૦૦ ,, | ૩૨૧૦—૧૦ | ૧૬૦૫—૫ |
| | હરિસલિલા | ૧૬૮૪૨—૨ | ૨૦૦૦ ,, | ૧૪૮૪૨—૨ | ૭૪૨૧—૧ |
| ૪ રમ્યક | નરકાંતા | ૪૨૧૦—૧૦ | ૧૦૦૦ ,, | ૩૨૧૦—૧૦ | ૧૬૦૫—૫ |
| | નારીકાંતા | ૧૬૮૪૨—૨ | ૨૦૦૦ ,, | ૧૪૮૪૨—૨ | ૭૪૨૧—૧ |
| ૫ મહાવિદેહ | સીતા | ૧૬૮૪૨—૨ | ૨૦૦૦ ,, | ૧૪૮૪૨—૨ | ૭૪૨૧—૧ |
| | સીતોદા | ૧૬૮૪૨—૨ | ૨૦૦૦ ,, | ૧૪૮૪૨—૨ | ૭૪૨૧—૧ |

**વિવેચનઃ**—આ પાંચ ક્ષેત્રની નદીઓ પોતપોતાની જીભી વડે પ્રપાત કુંડમાં પડે છે અને તે કુંડના બહારના દ્વારથી ક્ષેત્રમાં વહેતી વહેતી તે ક્ષેત્રના મધ્યમાં આવેલા ગોળ પર્વત નજીક આવે છે. તે વખતે પોતપોતાની જીભીના વિસ્તારના પચીસમા ભાગ પ્રમાણ મધ્યગિરિ એટલે વૃત્ત વૈતાઢય તથા મેરૂ પર્વત છેટે રહે ત્યારે દક્ષિણ તરફના મુખવાળી અથવા દક્ષિણ દિશા તરફ વહેતી નદી પૂર્વ દિશા તરફ વળીને વહેતી વહેતી લવણ સમુદ્રમાં જાય છે અને ઉત્તર દિશા તરફ વહેતી નદી પશ્ચિમ દિશા તરફ વળીને વહેતી વહેતી પશ્ચિમ તરફ લવણ સમુદ્રને મળે છે. જેમકે હિમવંત ક્ષેત્રની રોહિતા નદી હિમવંત પર્વત ઉપરથી વહેતી પોતાના પ્રપાત કુંડમાં પડે, ત્યાંથી બહારના દ્વારથી નીકળીને ઉત્તર તરફ વહેતી વહેતી ગોળ વૈતાઢય નજીક આવે છે. રોહિતા નદીની જીભીનો વિસ્તાર સાડા બાર યોજનનો છે તેને પચીસે ભાગવાથી ૦ાા યોજન અથવા બે ગાઉ આવે. માટે વૃત્ત વૈતાઢય બે ગાઉ છેટો રહે તે વખતે રોહિતા નદી પશ્ચિમ દિશા તરફ વળીને વહેતી વહેતી લવણ સમુદ્રને મળે છે. એ પ્રમાણે બીજી નદીઓ ક્ષેત્રની મધ્યમાં આવેલ ગોળ પર્વત કેટલો છેટે રહે ત્યારે મુખની દિશા બદલે છે તે નીચેના યન્ત્રથી જાણવું. ૫૯

### પાંચ ક્ષેત્રની નદીઓ વૃત્ત પર્વતથી કેટલી છેટે રહીને દિશા બદલે તે જણુવનાર યંત્રઃ-

| ક્ષેત્રનું નામ | નદીનું નામ | જીભીનો વિસ્તાર | પચીસે ભાગતાં આવેલું પ્રમાણુ | કયો વૃત્ત પર્વત |
|---|---|---|---|---|
| ૧ હિમવંત | રોહિતા | ૧૨॥ યોજન | ૦॥ ગાઉ | વૃત્ત વૈતાઢય |
| ,, | રોહિતાંશા | ૧૨॥ ,, | ૦॥ ,, | ,, |
| ૨ ઐરણ્યવત | રૂપ્યકુલા | ૧૨॥ ,, | ૦॥ ,, | ,, |
| | સુવર્ણકુલા | ૧૨॥ ,, | ૦॥ ,, | ,, |
| ૩ હરિવર્ષ | હરિકાંતા | ૨૫ ,, | ૧ ,, | ,, |
| | હરિસલિલા | ૨૫ ,, | ૧ ,, | ,, |
| ૪ રમ્યક | નરકાંતા | ૨૫ ,, | ૧ ,, | ,, |
| | નારીકાંતા | ૨૫ ,, | ૧ ,, | ,, |
| ૫ મહાવિદેહ | સીતા | ૫૦ ,, | ૨ ,, | મેરૂ પર્વત |
| | સીતોદા | ૫૦ ,, | ૨ ,, | ,, |

પાંચ ક્ષેત્રની નદીઓનાં નામ તથા તેમની પરિવાર નદીઓની સંખ્યા ત્રણ ગાથામાં કહે છે.—

**હેમવઈ રોહિઅંસા, રોહિઆ ગંગદુગુણપરિવારા;**
**એરણ્ણવએ સુવણ્ણ—રુપ્પકૂલાઓ તાણ સમા. ૬૦**

**હેમવઇ**—હેમવંત ક્ષેત્રમાં
**રોહિઅંસા**—રોહિતાંશા
**રોહિઆ**—રોહિતા
**દુગુણપરિવારા**—બમણા પરિવાર વાળી
**એરણ્ણવએ**—ઐરણ્યવત ક્ષેત્રમાં
**સુવન્ન**—સુવર્ણકૂલા નદી
**રૂપ્પકુલાઓ**—રૂપકૂલા નદી
**તાણસમા**—તેમના સરખી

**અર્થ**—હૈમવંત ક્ષેત્રની રોહિતાંશા અને રોહિતા એ બે નદીઓ ગંગા નદીથી બમણા પરિવારવાળી છે, ગંગાનો પરિવાર ચૌદ હજાર નદીઓનો છે, તેને બમણા કરવાથી અઠ્ઠાવીશ હજાર નદીઓનો પરિવાર આ દરેક નદીઓનો છે. ઐરણ્યવત ક્ષેત્રમાં સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા નામની બે નદીઓ તેમના જેવી એટલે રોહિતાંશા અને રોહિતા નદીના જેટલા જ પરિવારવાળી છે. અથવા દરેક અઠ્ઠાવીશ હજાર નદીઓના પરિવારવાળી છે. ૬૦

**હરિવાસે હરિકંતા, હરિસલિલા ગંગચઉગુણણઈઆ;**
**એસિ સમા રમ્મયએ, ણરકંતા ણારિકંતા ય. ૬૧**

**હરિવાસે**—હરિવર્ષ ક્ષેત્રમાં
**હરિકંતા**—હરિકંતા નદી
**હરિસલિલા**—હરિસલિલા નદી
**ચઉગુણનઈઆ**—ચાર ગુણી નદીઓ વાળી
**એસિસમા**—એમના સરખી
**રમ્મયએ**—રમ્યક ક્ષેત્રમાં
**ણરકંતા**—નરકંતા નદી
**ણારિકંતા**—નારીકંતા નદી

**અર્થ:**—હરિવર્ષ ક્ષેત્રમાં હરિકાંતા અને હરિસલિલા નામની બે નદીઓ ગંગાનદીથી ચાર ગુણી નદીઓના પરિવારવાળી છે એટલે ચૌદ હજારને ચારે ગુણતાં છપ્પન હજાર નદીઓના પરિવારવાળી છે. આ બે નદીઓના જેવી જ રમ્યક ક્ષેત્રને વિષે નરકાંતા અને નારીકાંતા નામની બે નદીઓ છે એટલે તે બે પણ છપ્પન હજાર નદીઓના પરિવારવાળી છે. ૬૧

**સીઓઆ સીઆઓ, મહાવિદેહમ્મિ તાસુ પત્તેયં;**
**ણિવડઇ પણલકખ દુતી–સસહસ અડતીસ ણઇસલિલં. ૬૨**

**સીઓઆ**–સીતોદા
**સીઆઓ**–સીતા નદી
**તાસુ**–તે બેમાં
**પત્તેઅં**-દરેકમાં
**ણિવડઇ**–પડે છે
**પણલકખ**–પાંચ લાખ
**દુતીસસહસ**–બત્રીસ હજાર
**અડતીસ**–આડત્રીસ
**ણઇસલિલં**-નદીઓનું પાણી

**અર્થ:**—મહાવિદેહ ક્ષેત્રમાં શીતોદા અને શીતા નામની નદીઓ છે. તે પ્રત્યેકને વિષે પાંચ લાખ બત્રીશ હજાર અને આડત્રીશ નદીઓનું પાણી પડે છે એટલે તે દરેક નદીનો પરિવાર ૫૩૨૦૩૮ નદીઓનો છે. ૬૨

શીતોદા અને શીતા નદીઓનો ઉપરની ગાથામાં જે પરિવાર કહ્યો તે સમજાવે છે:—

**કુરુણઇ ચુલસીસહસા, છચ્ચેવંતરણઇઉ પઇવિજયં;**
**દો દો મહાણઇઓ, ચઉદસસહસ્સા ઉ પત્તેયં. ૬૩**

**અર્થ:**—કુરૂક્ષેત્રમાં ચોરાશી હજાર નદીઓ છે. છ જ અંતર નદીઓ છે અને દરેક વિજયમાં બે બે મોટી નદીઓ

છે. વળી તે દરેક મહાનદીઓને ચૌદ ચૌદ હજાર નદીઓનો પરિવાર છે. ૬૩

## મહાવિદેહની કુલ નદીઓ.

| | |
|---|---|
| દેવકુરૂ અથવા ઉત્તરકુરૂ ક્ષેત્રની નદીઓ | ૮૪૦૦૦ |
| એક બાજુના મહાવિદેહની અંતરનદીઓ | ૬ |
| સોળ વિજયની મોટી નદીઓ | ૩૨ |
| ૩૨ નદીઓની ચૌદ ચૌદ હજાર પરિવારની નદીઓ ગણતાં તેની કુલ નદીઓ | ૪૪૮૦૦૦ |
| શીતોદાની કુલ નદીઓ | ૫૩૨૦૩૮ |
| શીતાની કુલ નદીઓ | ૫૩૨૦૩૮ |
| મહાવિદેહની કુલ નદીઓ | ૧૦૬૪૦૭૬ |

જંબૂદ્વીપની સર્વ નદીઓની સંખ્યા કહે છેઃ—

**અડસયરિ મહણઈઓ, બારસ અંતરણઈઉ સેસાઓ;**
**પરિઅરણઈ ચઉદ્દસ, લકખા છપ્પણ્ણ સહસા ય. ૬૪**

અડસયરિ—અઠ્યોતેર
મહણઇઓ—મોટી નદીઓ
અંતરણઇઓ—અંતર નદીઓ
સેસાઓ—બાકીની
પરિઅરણઇ—પરિવારની નદીઓ

અર્થઃ—અઠ્ઠોતેર મહાનદીઓ છે, બાર અંતર નદીઓ છે. બાકીની પરિવારની નદીઓ ચૌદ લાખ અને છપ્પન હજાર છે. ૬૪

## કુલ નદીઓની સંખ્યાનો યંત્રઃ—

| ક્ષેત્રનું નામ. | મહાનદી | | પરિવાર નદી |
|---|---|---|---|
| ભરત | ગંગા | ૧ | ૧૪૦૦૦ |
| | સિંધુ | ૧ | ૧૪૦૦૦ |
| ઐરવત | રક્તા | ૧ | ૧૪૦૦૦ |
| | રક્તવતી | ૧ | ૧૪૦૦૦ |
| હૈમવત | રોહિતાંશા | ૧ | ૨૮૦૦૦ |
| | રોહિતા | ૧ | ૨૮૦૦૦ |
| ઐરણ્યવત | સુવર્ણકૂલા | ૧ | ૨૮૦૦૦ |
| | રૂપ્યકૂલા | ૧ | ૨૮૦૦૦ |
| હરિવર્ષ | હરિકાંતા | ૧ | ૫૬૦૦૦ |
| | હરિસલિલા | ૧ | ૫૬૦૦૦ |
| રમ્યક | નરકાંતા | ૧ | ૫૬૦૦૦ |
| | નારીકાંતા | ૧ | ૫૬૦૦૦ |
| મહાવિદેહ | શીતોદા | ૧ | ૫૩૨૦૦૦ |
| | શીતા | ૧ | ૫૩૨૦૦૦ |
| બત્રીશવિજય | | ૬૪ | |
| | | | ૧૪૫૬૦૦૦ |
| અંતર નદી | | ૧૨ | |
| | | ૯૦ | |

હવે કુલગિરિ વિગેરેના કૂટ એટલે શિખરોની સંખ્યા બે ગાથામાં કહે છેઃ—

**એગારડણવકૂડા, કુલગિરિજુઅલત્તિગે વિ પત્તેઅં;**
**ઇઇ છપ્પણ્ણ ચઉ ચઉ, વક્ખારેસુ ત્તિ ચઉસટ્ઠી. ૬૫**

**એગાર**–અગિઆર
**અડ**–આઠ
**કૂડા**–કૂટ, શિખર
**કુલગિરિ**–વર્ષધર પર્વતના
**જુઅલતિગે**–ત્રણ યુગલમાં
**ઇઇ**–એ પ્રમાણે
**વક્ખારેસુ**-વક્ષસ્કાર પર્વતોને વિષે
**ચઉસટ્ઠી**–ચોસઠ

**અર્થ**:—કુલગિરિના ત્રણ યુગલ એટલે છ કુલગિરિ પર્વતમાંના દરેક ગિરિ ઉપર અનુક્રમે અગ્યાર આઠ અને નવ કૂટ છે, એટલે હિમવાન અને શિખરી પર્વત પર અગ્યાર અગ્યાર કૂટ છે, મહાહિમવાન અને રૂકમી પર્વત પર આઠ આઠ કૂટ છે, તથા નિષધ અને નીલવંત ગિરિ ઉપર નવ નવ કૂટ છે. આ પ્રમાણે છ કુલગિરિના કુલ છપ્પન કૂટો છે. તથા સોળ વક્ષસ્કાર પર્વતોમાંના દરેક પર્વત ઉપર ચાર ચાર કૂટ છે. આ પ્રમાણે કુલ ચોસઠ કૂટ છે. ( બધા મળીને આ ગાથામાં ૧૨૦ કૂટ થયા. )

સોળ વખારા પર્વત ઉપર ચાર ચાર કૂટો છે, તેમનાં નામ સર્વને વિષે સરખાં જ છે. તેમાં બે બાજુએ પોતપોતાની વિજયના નામના જ બબે કૂટો છે ૨. ત્રીજો પોતપોતાના વખારાના નામનો ૩ અને ચોથો મહાનદીની દિશાએ રહેલો સિદ્ધકૂટ ૪. આ પ્રમાણે સોળે વક્ષસ્કાર પર્વતોના થઈને ૬૪ કૂટ હોય છે. ૬૫

## ૬ કુલગિરિનાં ૫૬ ફૂટનાં નામો પૂર્વ દિશાના ક્રમથી જાણવાઃ—

| હિમવાનના ફૂટ ૧૧ | શિખરીના ફૂટ ૧૧ | મહાહિમવાનના ફૂટ ૮ | રૂકમી પર્વતના ફૂટ ૮ | નિષધ પર્વતના ફૂટ ૯ | નીલવંત પર્વતના ફૂટ ૯ |
|---|---|---|---|---|---|
| ૧ સિદ્ધ ફૂટ | ૧ સિદ્ધ ફૂટ | ૧ સિદ્ધ ફૂટ | ૧ સિદ્ધ ફૂટ | ૧ સિદ્ધ ફૂટ | ૧ સિદ્ધ ફૂટ |
| ૨ હિમવત્ ,, | ૨ શિખરી ,, | ૨ મહાહિમવત | ૨ રૂકમી ,, | ૨ નિષધ ,, | ૨ નીલવંત ,, |
| ૩ ભરત ,, | ૩ ઐરણ્યવત ,, | ૩ હૈમવત્ , | ૩ રમ્યક ,, | ૩ હરિવર્ષ ,, | ૩ પૂર્વવિદેહ ,, |
| ૪ ઈલાદેવી ,, | ૪ સુવર્ણકૂલા ,, | ૪ રોહિતા ,, | ૪ નરકાંતા ,, | ૪ પૂર્વવિદેહ ,, | ૪ શીતા ,, |
| ૫ ગંગાવર્તન,, | ૫ શ્રીદેવી ,, | ૫ હ્રી ,, | ૫ બુદ્ધિ ,, | ૬ હ્રી ,, | ૫ કીર્તિ ,, |
| ૬ શ્રીકૂટ ,, | ૬ રક્તાવર્તન,, | ૬ હરિકાંતા,, | ૬ રૌપ્યકૂલા,, | ૫ ધૃતિ ,, | ૬ નારીકાંતા ,, |
| ૭ રોહિતાંશા ,, | ૭ લક્ષ્મી ,, | ૭ હરિવર્ષ ,, | ૭ ઐરણ્યવત,, | ૭ શીતોદા ,, | ૭ અપરવિદેહ ,, |
| ૮ સિંધ્વાવર્તન,, | ૮ રક્તવત્યાવર્તન | ૮ વૈડૂર્ય ,, | ૮ મણિકાંચન ,, | ૮ અપરવિદેહ ,, | ૮ રમ્યક ,, |
| ૯ સુરાદેવી ,, | ૯ ગંધાવતી ફૂટ | | | ૯ રૂચક ,, | ૯ ઉપદર્શન ,, |
| ૧૦ હૈમવત ,, | ૧૦ ઐરવત ,, | | | | |
| ૧૧ વૈશ્રમણ ,, | ૧૧ તેગિચ્છિ ,, | | | | |

**સોમણસગંધમાઇણિ, સગ સગ વિજ્જુપ્પભિમાલ-**
**વંતિ પુણો;**
**અટ્ઠટ્ઠ સયલ તીસં, અડ ણંદિણિ અટ્ઠ કરિકૂડા ૬૬.**

**સોમણસ**—સોમનસ પર્વત
**ગંધમાઇણિ**—ગંધમાદન પર્વત ઉપર
**સગ સગ**—સાત સાત
**વિજ્જુપ્પભિ**—વિદ્યુત્પ્રભ પર્વતને વિષે
**માલવંતિ**—માલ્યવંત પર્વતને વિષે
**અટ્ઠટ્ઠ**—આઠ આઠ
**સયલ**—સઘલા
**ણંદણિ**—નંદન વનમાં
**કરિકૂડા**—કરિ (હસ્તી) કૂટ

**અર્થ:**—સોમનસ તથા ગંધમાદન નામના ગજદંત ગિરિ ઉપર સાત સાત કૂટ છે, વિદ્યુત્પ્રભ તથા માલ્યવાન નામના ગજદંત ગિરિ ઉપર આઠ આઠ કૂટ છે, એ પ્રમાણે આ ચારે ગજદંત ગિરિના બધા મળીને ત્રીશ કૂટ છે, તથા નંદન વનમાં આઠ કૂટ છે. ભદ્રશાલ વનમાં કરિકૂટ એટલે હાથીના આકારવાળા આઠ કૂટ છે. એ પ્રમાણે આ ગાથામાં ૩૦+૧૬ મળી કુલ ૪૬ કૂટ જાણવા. પાછળની ગાથા ૬૫ માં આવેલા ૧૨૦ મેળવતાં કુલ કૂટ ૧૬૬ થયા. ૬૬

**વિવેચન:**—માલ્યવાન ગજદંત ઉપર નવમો હરિસ્સહ નામે કૂટ, તથા વિદ્યુત્પ્રભ ગજદંત ઉપર નવમો હરિકૂટ તથા નંદન વનમાં ઈશાન ખૂણામાં બળકૂટ એ પ્રમાણે એક એક કૂટ વધારે છે. પરંતુ આ ત્રણે કૂટ એક એક હજાર ઉંચા હોવાથી તેમની ગણત્રી સહસ્રાંક કૂટમાં કરેલી હોવાથી અહીં આઠ આઠ લખ્યા છે. ૬૬

## ચાર ગજદંત પર્વતનાં ૩૦ કૂટોનાં નામોઃ—

| સોમનસગિરિ કૂટ ૭ | ગંધમાદનગિરિ કૂટ ૭ | વિદ્યુત્પ્રભગિરિ કૂટ ૮ | માલ્યવાનગિરિ કૂટ ૮ |
|---|---|---|---|
| મેરૂદિશાના ક્રમે નિષધની સન્મુખ | મેરૂદિશાથી નીલવંત સન્મુખ | મેરૂદિશાથી નિષધ સન્મુખ | મેરૂદિશાથી નીલવંત સન્મુખ |
| ૧ સિદ્ધકૂટ | ૧ સિદ્ધકૂટ | ૧ સિદ્ધકૂટ | ૧ સિદ્ધકૂટ |
| ૨ સોમનસકૂટ | ૨ ગંધમાદનકૂટ | ૨ વિદ્યુત્પ્રભકૂટ | ૨ માલ્યવત્કૂટ |
| ૩ મંગલાવતીકૂટ | ૩ ગંધગકૂટ | ૩ દેવકુરૂકૂટ | ૩ ઉત્તરકુરૂકૂટ |
| ૪ દેવકુરૂકૂટ | ૪ ઉત્તરકુરૂકૂટ | ૪ પદ્મકૂટ | ૪ કચ્છકૂટ |
| ૫ વિમલકૂટ | ૫ સ્ફટિકકૂટ | ૫ કનકકૂટ | ૫ સાગરકૂટ |
| ૬ કાંચનકૂટ | ૬ લોહિતાક્ષકૂટ | ૬ સ્વસ્તિકકૂટ | ૬ રજતકૂટ |
| ૭ વિશિષ્ટકૂટ | ૭ આનંદકૂટ | ૭ શીતોદાકૂટ | ૭ શીતાકૂટ |
| | | ૮ સ્વયંજલકૂટ | ૮ પૂર્ણભદ્રકૂટ |

# નંદનવનના કૂટનાં તથા કરિકૂટનાં નામ:—

| નંદનવનમાં કૂટ ૮<br>ઈશાનેંદ્રના પ્રાસાદના પૂર્વભવનને આંતરે પ્રદક્ષિણાને ક્રમે | કરિકૂટ ૮<br>શીતાના ઉત્તર કાંઠાથી પ્રદક્ષિણાને ક્રમે | કુલ કૂટની સંખ્યા | |
|---|---|---|---|
| ૧ નંદન કૂટ | ૧ પદ્મોત્તર કૂટ | ૭ કુલગિરિના | ૫૬ |
| ૨ મંદર કૂટ | ૨ નીલવત્ કૂટ | સોળ વક્ષસ્કારના | ૬૪ |
| ૩ નિષધ કૂટ | ૩ સ્વહસ્તિ કૂટ | ચાર ગજદંતના | ૩૦ |
| ૪ હૈમવત કૂટ | ૪ અંજનગિરિ કૂટ | નંદનવનના | ૮ |
| ૫ રજત કૂટ | ૫ કુમુદ કૂટ | કરિકૂટ | ૮ |
| ૬ રૂચક કૂટ | ૬ પલાસ કૂટ | કુલ | ૧૬૬ |
| ૭ સાગરચિત્ર કૂટ | ૭ અવતંસ કૂટ | | |
| ૮ વજ્ર કૂટ | ૮ રોચનગિરિ કૂટ | | |

આ પર્વતો ઉપર સિદ્ધ કૂટને વિષે આવેલા જિન ભુવનો ક્યાં છે તે જણાવે છેઃ—

**ઈઅ પણસયઉચ્ચ છાસટ્ઠિસઉ(ય)કૂડા તેસુ દીહરગિરીણં;**
**પુવ્વણઈ મેરુદિસિ, અંતસિદ્ધકૂડેસુ જિણભવણા. ૬૭**

**ઇઅ**-એ (આગળ ગણાવેલા)
**પણસય ઉચ્ચ**-પાંચસો યોજન ઉંચાં
**છાસટ્ઠિસઉ**-એક સો છાસઠ
**તેસુ**-તે કૂટોમાં
**દીહરગિરીણં**-દીર્ઘ ગિરિઓના (લાંબા પર્વતોના)
**અંત**-પર્યન્તે રહેલા
**સિદ્ધકૂડેસુ**-સિદ્ધકૂટો ઉપર
**જિણભવણા**-જિનભવનો

**અર્થઃ**—આ પ્રમાણે ૧૬૬ કૂટો પાંચ સો યોજન ઉંચાં છે. તેમાંના દીર્ઘ—લાંબા પર્વતોની એટલે છ કુલગિરિની, સોળ વક્ષસ્કાર અને ચાર ગજદંત પર્વતોની અનુક્રમે પૂર્વ-દિશાએ, નદીની દિશાએ અને મેરૂની દિશાએ પર્યંતમાં રહેલા સિદ્ધકૂટોને વિષે જિનભવનો છે. ૬૭

**વિવેચનઃ**—એ પ્રમાણે છ કુલગિરિના ૫૬ કૂટો, ૧૬ વક્ષસ્કાર પર્વતના ૬૪ કૂટો, ચાર ગજદંત પર્વતના ૩૦ કૂટો, નંદનવનના ૮ કૂટો તથા ૮ કરિકૂટો મળીને કુલ (૫૬+૬૪+૩૦+૮+૮=૧૬૬) એક સો છાસઠ કૂટો પાંચ સો યોજન ઉંચા છે. તેમાંના દીર્ઘ પર્વતો એટલે ૬ કુલ-ગિરિ ૧૬ વક્ષસ્કાર અને ૪ ગજદંત પર્વતોના દરેકના એક એક કૂટ ઉપર જિનભવન આવેલાં છે. તે કૂટને સિદ્ધકૂટ અથવા જિનકૂટ કહે છે. તે કયે ઠેકાણે આવેલાં છે તે જણાવે છે. ૬ વર્ષધર પર્વતો ઉપર પૂર્વ દિશાએ આવેલા છેલ્લા કૂટ ઉપર, ૧૬ વક્ષસ્કાર પર્વત ઉપર નદીની દિશાએ છેલ્લા કૂટ ઉપર અને ચાર ગજદંત પર્વત ઉપર મેરૂ પર્વતની દિશા તરફ આવેલ છેલ્લા કૂટ ઉપર જિન ભવન છે. કુલ ૨૬ કૂટ ઉપર જિન ભવન છે. ૬૭

તે જિનભવનોનું પ્રમાણ કહે છે:—

**તે સિરિગિહાઓ દોસય–ગુણપ્પમાણા તહેવ તિદુવારા;**
**ણવરં અડવીસાહિઅ–સયગુણદારપ્પમાણમિહ. ૬૮**

| | |
|---|---|
| **તે**–તે (જિનભવનો) | **ણવરં**–એટલું વિશેષ |
| **સિરિગિહાઓ**–શ્રીદેવીના ગૃહથી | **અડવીસાહિય**–અઠ્ઠાવીસ અધિક |
| **દોસયગુણ**–બસો ગુણા | **સયગુણ**–સોગુણા |
| **તહેવ**–તેમજ | **દારપ્પમાણં**–દ્વારનું પ્રમાણ |
| **તિદુવારા**–ત્રણ દ્વારવાળા | |

**અર્થ:**—તે જિનભવનો શ્રીદેવીના ગૃહના પ્રમાણથી બસો ગુણા પ્રમાણવાળા છે. ત્રણ દ્વારવાળા છે. પરંતુ અહીં દ્વારનું પ્રમાણ એક સો અઠ્ઠાવીસ ગુણું અધિક જાણવું. ૬૮

**વિવેચન:**—તે પાંચસો યોજન ઉંચા સિદ્ધકૂટ ઉપર રહેલા જિનભવનો શ્રીદેવીના ગૃહના (ભુવનના) પ્રમાણથી બસો ગુણા પ્રમાણવાળા છે. શ્રીદેવીનું ગૃહ એક કોશ લાંબું, અર્ધ કોશ પહોળું અને ચૌદસો ચાળીશ (૧૪૪૦) ધનુષ ઉંચું છે. તેને બસોએ ગુણીએ ત્યારે બસો કોશ એટલે પચાસ યોજન લાંબું, સો કોશ એટલે પચીશ યોજન પહોળું અને છત્રીશ યોજન ઉંચું દરેક જિનભવન છે. તથા તે જ પ્રમાણે એટલે શ્રીદેવીના ગૃહની જ પ્રમાણે આ જિનભવનોને ત્રણ દ્વારો છે. તેમાં વિશેષતા આ પ્રમાણે છે– અહીં દ્વારનું પ્રમાણ એક સો અઠ્ઠાવીશ ગુણું છે. એટલે શ્રીદેવીના ગૃહના દ્વારનું જે પ્રમાણ પૂર્વે કહ્યું છે તેનાથી એકસો ને અઠ્ઠાવીશ ગુણું જિનભવનના દ્વારનું પ્રમાણ છે. શ્રીદેવીના ગૃહનું દ્વાર પાંચસો ધનુષ ઉંચું, અઢીસો ધનુષ પહોળું અને અઢીસો ધનુષ્યના પ્રવેશવાળું છે, તેને એકસો ને અઠ્ઠાવીશે ગુણતાં જિનભવનના દ્વારનું પ્રમાણ આઠ યોજન ઉંચું ચાર યોજન પહોળું અને પ્રવેશમાં ચાર યોજન હોય છે. ૬૮

## સિદ્ધકૂટને વિષે આવેલા જિનભવનના પ્રમાણનું યંત્રઃ—

| શ્રીદેવીના ગૃહનું પ્રમાણ. | | ગુણવાનો અંક. | ગુણતાં આવેલું જિનભવનનું પ્રમાણ. |
|---|---|---|---|
| લાંબું— | ૧ કોશ | ૨૦૦ | યોજન ૫૦ |
| પહોળું— | ૦॥ કોશ | ૨૦૦ | યોજન ૨૫ |
| ઉંચું— | ૧૪૪૦ ધનુષ | ૨૦૦ | યોજન ૩૬ |

## તે જિનભવનના દ્વારના પ્રમાણનું યંત્રઃ—

| શ્રીદેવીના ગૃહના દ્વારનું પ્રમાણ. | | ગુણવાનો અંક. | ગુણતાં આવેલું જિનભવનના દ્વારનું પ્રમાણ. |
|---|---|---|---|
| ઉંચું— | ૫૦૦ ધનુષ | ૧૨૮ | યોજન ૮ |
| પહોળું— | ૨૫૦ ધનુષ | ૧૨૮ | યોજન ૪ |
| પ્રવેશ— | ૨૫૦ ધનુષ | ૧૨૮ | યોજન ૪ |

હવે બાકીના પાંચ સો યોજન ઉંચા કૂટો ઉપર રહેલા પ્રાસાદનું પ્રમાણ કહે છે:—

**પણવીસં કોસસયં, સમચઉરંસવિત્થડા દુગુણમુચ્ચા;**
**પાસાયા કૂડેસુ, પણસયઉચ્ચેસુ સેસેસુ. ૬૯**

**પણવીસં**-પચીસ
**કોસ**-ગાઉ
**સમચતુરસ**-સમચતુરસ્ત્ર
**વિત્થડા**-વિસ્તારવાળા
**દુગુણમુચ્ચા**-બમણાં ઉંચાં
**પાસાયા**-દેવ પ્રાસાદો
**કુડેસુ**-કૂટો ઉપર
**સેસેસુ**-બાકીના

**અર્થ:**—પાંચસો યોજન ઉંચા બાકીના શિખરોને વિષે પ્રાસાદો આવેલા છે. તે પ્રાસાદો સમચતુરસ્ત્ર (સમચોરસ) આકારવાળા છે. એકસો પચીશ કોશ લાંબા, એકસો પચીસ કોશ પહોળા અને બમણા એટલે અઢીસો કોશ ઉંચા છે. ૬૯

**વિવેચન:**—પાંચસો યોજન ઉંચા ગણાવેલા ૧૬૬ કૂટોમાંથી ૨૬ કૂટો ઉપર જિનભુવન આવેલા છે, તેથી બાકી રહેલા ૧૪૦ કૂટો ઉપર પ્રાસાદો આવેલા છે. તે પ્રાસાદો સરખા લાંબા પહોળા હોવાથી સમચોરસ આકારવાળા છે. તેમની લંબાઈ પહોળાઈ સવાસો કોશની છે તથા ઉંચાઈ તેથી બમણી એટલે અઢીસો કોશની છે. ૬૯

હવે સહસ્રાંક કૂટો કહે છે.—

**બલહરિસ્સહહરિકૂડા, ણંદણવણિ માલવંતિ વિજ્જુપભે;**
**ઇસાણુત્તરદાહિણ-દિસાસુ સહસુચ્ચ કણગમયા. ૭૦**

**બલ**-બલકૂટ
**હરિસહ**-હરિસહ કૂટ
**હરિકૂડા**-હરિ કૂટ
**ણંદણવણિ**-નંદન વનમાં
**સહસુચ્ચ**-હજાર યોજન ઉંચાં
**કણગમયા**-કનકના, સુવર્ણના

**અર્થ:**—બલકૂટ, હરિસહ કૂટ અને હરિકૂટ નામના ત્રણ કૂટ અનુક્રમે નંદનવનમાં ઇશાન ખુણામાં, માલ્યવંત-ગિરિ ઉપર ઉત્તર દિશામાં અને વિદ્યુત્પ્રભ ગિરિ ઉપર દક્ષિણ દિશામાં આવેલા છે. તે હજાર યોજન ઉંચા છે, તેથી સહસ્રાંક નામે કહેવાય છે. તથા તે ત્રણે કૂટો સુવર્ણમય છે. ૭૦

**વિવેચન:**—એક હજાર યોજન ઉંચા હોવાથી સહસ્રાંક કૂટ કહેવાય છે. આવા ત્રણ કૂટો છે:–૧ બલકૂટ, ૨ હરિસહ કૂટ, ૩ હરિકૂટ, તેમાં બલકૂટ નંદન વનમાં ઈશાન ખુણામાં આવેલો છે. હરિસહ કૂટ માલ્યવંત નામના ગજદંત પર્વત ઉપર ઉત્તર દિશામાં આવેલો છે. તથા હરિકૂટ વિદ્યુત્પ્રભ નામના ગજદંત પર્વતની ઉપર દક્ષિણ દિશામાં આવેલો છે. ૭૦

હવે વૈતાઢ્ય પર્વત પર આવેલા કૂટો કહે છે:—

**વેઅડ્ઢેસુ વિ ણવ ણવ, કૂડા પણવીસકોસઉચ્ચા તે;**
**સવ્વે તિસય છડુત્તર, એસુ વિ પુવ્વંત જિણકૂડા. ૭૧**

**વિઅડ્ઢેસુવિ**-વૈતાઢ્ય ઉપર પણ
**ઉચ્ચા**-ઉંચા
**તિસય**-ત્રણસો
**છડુત્તર**-૭ અધિક
**એસુવિ**-એઓમાં પણ
**પુવ્વંતિ**-પૂર્વ દિશાના અન્તે
**જિણકૂડા**-જિનકૂટ, સિદ્ધકૂટ

**અર્થ**—વૈતાઢ્ય પર્વતો ઉપર પણ નવ નવ કૂટો છે. ભરત અને ઐરવત ક્ષેત્રના બે અને બત્રીશ વિજયના બત્રીશ મળીને કુલ ચોત્રીશ દીર્ઘ વૈતાઢ્યો છે. તે દરેક ઉપર નવ નવ કૂટો છે, તેથી ચોત્રીશને નવે ગુણતાં કુલ ત્રણ સો ને છ (૩૦૬) કૂટો થાય છે. તે સર્વ કૂટો પચીશ કોશ ઉંચા છે. તેમને વિષે પણ પૂર્વ દિશાને છેડે સિદ્ધકૂટ છે. ૭૧

તે સિદ્ધકૂટ પર રહેલા ચૈત્યનું પ્રમાણ કહે છે—

**તાણુવરિં ચેઇહિરા, દહદેવીભવણતુલ્લપરિમાણા;**
**સેસેસુ અ પાસાયા, અદ્ધેગકોસં પિહુચ્ચત્તે. ૭૨**

**તાણુવરિં**-તેમના ઉપર
**ચેઇહરા**-ચૈત્ય ઘરો, ચૈત્યો
**દહદેવી**-દ્રહની દેવીના
**તુલ્લ પરિમાણા**-સરખા પ્રમાણ-વાળા
**અદ્ધેગકોસ**-અર્ધ કોશ અને એક કોશ
**પિહુચ્ચત્તે**-પહોળાઈ અને ઉંચાઇમાં

**અર્થઃ**—તે સિદ્ધકૂટોની ઉપર ચૈત્યગૃહો છે. તે દ્રહ દેવીના ભવન સરખા પ્રમાણવાળા છે. બાકીના કૂટો ઉપર પ્રાસાદ છે. તે પ્રાસાદ અર્ધો કોશ લાંબા, અર્ધો કોશ પહોળાં અને એક કોશ ઉંચાં છે. ૭૨

**વિવેચનઃ**—તે વૈતાઢ્યના સિદ્ધકૂટોની ઉપર ચૈત્યગૃહો છે, તે દ્રહદેવીના ભવનની તુલ્ય પ્રમાણવાળા છે. દ્રહદેવીનું એટલે શ્રીદેવીનું ગૃહ એક કોશ લાંબું, અર્ધ કોશ પહોળું અને ચૌદ સો ચાળીશ ૧૪૪૦ ધનુષ ઉંચું છે તેટલા જ પ્રમાણવાળા આ જિનચૈત્યો પણ છે. તથા જેમ શ્રીદેવીના

ગૃહનાં દ્વાર પાંચ સો ધનુષ ઉંચાં, અઢી સો ધનુષ પહોળાં અને અઢી સો ધનુષ પ્રવેશવાળાં છે, તેમ આ ચૈત્યનાં દ્વારો પણ તેટલા જ પ્રમાણવાળાં છે. બાકીનાં વૈતાઢ્યનાં ફૂટો ઉપર પ્રાસાદો એટલે ક્રીડાગૃહો છે તે અર્ધ કોશ લાંબાં, અર્ધ કોશ પહોળાં અને એક કોશ ઉંચાં છે. ૭૨

હવે તે ફૂટોનો વિસ્તાર વિગેરે કહે છે:—

**ગિરિકરિકૂડા ઉચ્ચ-ત્તણાઉ સમઅધ્ધમૂલુવરિરુંદા;**
**રયણમયા ણવરિ વિઅ-ડ્ઢમજ્ઝિમા તિતિ કણગરુવા.૭૩**

**ગિરિકરિકૂડા**–ગિરિકૂટ અને કરિકૂટ
**ઉચ્ચત્તણાઓ**–ઉંચાઈથી
**સમ**–સરખા
**અદ્ધ**–અર્ધા
**મૂલુવરિ**–મૂળમાં અને ઉપર
**રૂંદા**–વિસ્તારવાળા
**રયણમયા**–રત્નમય
**ણવરિ**–એટલું વિશેષ
**મજ્ઝિમાતિતિ**–મધ્યના ત્રણ ત્રણ

**અર્થ:**—ગિરિકૂટ તથા કરિકૂટ ઉંચાઈ જેટલા મૂલમાં વિસ્તારવાળા છે અને ઉપર તેથી અર્ધ વિસ્તારવાળા છે. આ ફૂટો રત્નમય છે, પરંતુ વૈતાઢ્ય પર્વતના વચલા ત્રણ ત્રણ ફૂટો સુવર્ણમય છે એટલી વિશેષતા છે. ૭૩

**વિવેચન:**—અહીં સુધી ગણાવેલા ફૂટોમાંથી ગિરિના ફૂટ અને કરિકૂટ જેટલા ઉંચા છે તેટલા મૂળમાં વિસ્તારવાળા છે અને તેથી અર્ધો વિસ્તાર શિખર ઉપર છે જેમકે બલકૂટ, હરિસ્સહકૂટ અને હરિકૂટ એ ત્રણ સહસ્રાંક ફૂટ એક હજાર યોજન ઉંચા છે, તેથી હજાર યોજન મૂળમાં વિસ્તા-

રવાળા છે અને પાંચ સો યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. તથા છ કુલગિરિના ૫૬ કૂટ, સોળ વક્ષસ્કારના ૬૪ કૂટ, ચાર ગજદંત પર્વતના ૩૦ કૂટ, નંદનવનના ૮ કૂટ તથા ૮ કરિકૂટ મળીને ૧૬૬ કૂટ ૫૦૦ યોજન ઉંચા છે તેથી ૫૦૦ યોજન મૂળમાં વિસ્તારવાળા અને ૨૫૦ યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. તથા આગળ કહેવાતો ભરતનો એક ઋષભકૂટ, ઐરવતનો એક ઋષભકૂટ અને બત્રીશ વિજયના બત્રીશ ઋષભકૂટ મળી કુલ ૩૪ ઋષભકૂટો પચીશ યોજન ઉંચાં છે, તેથી તેઓ પચીશ યોજન મૂળમાં વિસ્તારવાળા છે અને સાડાબાર યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. આ કૂટોનો નીચેથી ઉપર ચડતાં અનુક્રમે વિસ્તાર ઘટતો જાય છે અને ઉપરથી નીચે ઉતરતાં વિસ્તાર વધતો જાય છે તે બાબતની ગણતરી જગતીની જેમ જાણી લેવી. આ સર્વ કૂટો રત્નમય છે. પરંતુ ૩૪ વૈતાઢ્ય પર્વતના મધ્યના ત્રણ ત્રણ કૂટ સુવર્ણમય છે, એટલી વિશેષતા જાણવી. તેમજ ત્રણ સહસ્રાંક કૂટ પણ સુવર્ણમય છે, એ સીત્તેરમી ગાથામાં કહ્યું છે. ૭૩

હવે વૃક્ષના કૂટો કહે છેઃ—

**જંબૂણયરયયમયા, જગઇસમા જંબૂસામલીકૂડા;**
**અટ્ઠટ્ઠ તેસુ દહદેવિ–ગિહસમા ચારુચેઇહરા. ૭૪**

**જંબૂણય**–જાંબુનદ સુવર્ણના
**રયયમયા**–રજતના, રૂપાના
**જંબૂ**–જંબૂ કૂટ
**સામલી કૂડા**–શાલ્મલી કૂટો
**ગિહસમા**–ઘર સરખા
**ચારુ**–મનોહર
**ચેઇહરા**–ચૈત્યો

**અર્થ**:—જંબૂવૃક્ષ અને શાલ્મલી વૃક્ષના આઠ આઠ કૂટો અનુક્રમે જાંબૂનદ અને રજતમય છે. જગતી સમાન વિસ્તારવાળા છે. તેઓના ઉપર દ્રહદેવીના ભવન સમાન સુંદર ચૈત્યો છે. ૭૪

**વિવેચન**:—ઉત્તરકુરૂના પૂર્વાર્ધમાં આવેલ જંબૂવૃક્ષના અને દેવકુરૂના પશ્ચિમાર્ધમાં આવેલ શાલ્મલી વૃક્ષના આઠ આઠ કૂટો છે. તેમાં જંબૂવૃક્ષના કૂટો જાંબૂનદ એટલે રક્ત સુવર્ણમય છે તથા શાલ્મલી વૃક્ષના કૂટો રૂપામય છે. આ સર્વ કૂટો જગતની તુલ્ય વિસ્તારવાળા તથા ઉંચા છે. એટલે કે મૂળમાં બાર યોજન વિસ્તારવાળા, શિખર ઉપર ચાર યોજન વિસ્તારવાળા અને આઠ યોજન ઉંચા છે. તે ૧૬ કૂટો ઉપર દ્રહદેવીના એટલે શ્રીદેવીના ભવન સમાન એટલે એક કોશ લાંબા, અર્ધ કોશ પહોળા અને ચૌદ સો ચાળીશ ૧૪૪૦ ધનુષ ઉંચાં મનોહર ચૈત્યગૃહો છે. ૭૪

હવે ઋષભકૂટો કહે છે:—

**તેસિ સમોસહકૂડા, ચઉતીસં ચુલ્લકુંડજુઅલંતો;**
**જંબૂણએસુ તેસુ અ, વેઅડ્ઢેસું વ પાસાયા. ૭૫**

| | |
|---|---|
| **તેસિ સમ**-તેમના સરખા | **જુઅલ અંતો**-એની વચ્ચે |
| **ઉસહકૂડા**-ઋષભકૂટ | **જંબૂણએસુ**-જાંબૂનદ સુવર્ણમય |
| **ચઉતીસં**=ચોત્રીસ | **તેસુ**-તે (ઋષભકૂટ) ઉપર |
| **ચુલ્લ કુંડ**-લઘુ કુંડ | **વેઅડ્ઢેસુંવ**-વૈતાઢ્ય સરખા |

**અર્થ**:—તેમના સમાન પ્રમાણવાળા ચોત્રીસ ઋષભકૂટો નાના કુંડ યુગલની વચ્ચે આવેલા છે. રક્ત સુવર્ણમય તે કૂટો ઉપર વૈતાઢ્યના પ્રાસાદ જેવા પ્રાસાદો છે. ૭૫

**વિવેચનઃ**—તે વૃક્ષકૂટની સમાન પ્રમાણવાળા ઋષભકૂટ છે, એટલે મૂલમાં ૧૨ યોજન અને ઉપર ૪ યોજન વિસ્તારવાળા છે. તથા આઠ યોજન ઉંચાં છે. ભરત, ઐરવત અને બત્રીશ વિજયમાં એક એક ઋષભકૂટ હોવાથી કુલ ચોત્રીશ ઋષભકૂટો છે. તે ઋષભકૂટો નાના એટલે સાઠ યોજનના વિસ્તારવાળા તે તે ક્ષેત્રના બે બે પ્રપાત કુંડની વચ્ચે આવેલા છે એટલે તે ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતીના પ્રપાત કુંડોની વચ્ચે છે, તથા રક્ત સુવર્ણમય તે ઋષભકૂટો ઉપર વૈતાઢચના પ્રાસાદ સરખા પ્રમાણવાળા પ્રાસાદો છે એટલે તેઓ એક કોશ ઉંચા અને અર્ધ કોશ વિસ્તારવાળા એટલે લાંબા પહોળા છે. ૭૫

હવે જંબૂદ્વીપને વિષે કૂટોની કુલ સંખ્યા કહે છે.—

**પંચસએ પણવીસે, કૂડા સવ્વે વિ જંબુદીવમ્મિ;**
**તે પત્તેઅં વરવણ-જુઆહિ વેઇહિં પરિક્ખિત્તા. ૭૬**

**સવ્વેવિ**—સર્વે પણ
**તે પત્તેઅં**—તે દરેક કૂટ
**વરવણ જુઆહિ**—ઉત્તમ વન સહિત
**વેઇહિં**—વેદિકા વડે
**પરિક્ખિત્તા**—વીંટાએલા

**અર્થઃ**—જંબૂદ્વીપમાં સર્વ મળીને પાંચસો પચીસ કૂટો છે. તે દરેક કૂટ શ્રેષ્ઠ વને કરીને સહિત વેદિકાથી વીંટાએલા છે. ૭૬

**વિવેચનઃ**—બધા મળીને જંબૂદ્વીપમાં ૫૨૫ કૂટો છે. તે કયા પર્વત ઉપર કેટલા છે તે નીચેના યંત્રથી જાણવું:—

# કૂટનો યંત્ર

| પર્વતાદિનું નામ. | કૂટની સંખ્યા. |
|---|---|
| હિમવાન | ૧૧ |
| શિખરી | ૧૧ |
| મહાહિમવંત | ૮ |
| રૂક્મી | ૮ |
| નિષધ | ૯ |
| નીલવંત | ૯ |
| ૧૬ વક્ષસ્કાર | ૬૪ |
| સોમનસ | ૭ |
| ગંધમાદન | ૭ |
| વિદ્યુત્પ્રભ | ૮ |
| માલ્યવાન | ૮ |
| નંદનવન | ૮ |
| ભદ્રશાળવન ( કરિકૂટ ) | ૮ |
| | ૧૬૬ |

| પર્વતાદિનું નામ. | કૂટની સંખ્યા. |
|---|---|
| ૩૪ વૈતાઢ્ય | ૩૦૬ |
| જંબૂવૃક્ષના | ૮ |
| શાલ્મલી વૃક્ષના | ૮ |
| ઋષભકૂટો | ૩૪ |
| (૧ ભરત, ૧ ઐરવત, ૩૨ મહાવિદેહમાં ) | |
| સહસ્રાંક કૂટ | ૩ |
| (૧ વિદ્યુત્પ્રભ ઉપર, ૧ માલ્યવાન ઉપર ૧ નંદનવનમાં ) | |
| | ૩૫૯ |
| | ૧૬૬ |
| | કુલ ૫૨૫ |

જંબૂદ્વીપમાં જિનભવનો કયાં કયાં છે તે કહે છેઃ—

**છ સયરિ કૂડેસુ તહા, ચૂલા ચઉવણતરૂસુ જિણભવણા;**
**ભણિયા જંબૂદીવે, સદેવયા સેસઠાણેસુ. ૭૭**

**છસયરિ**–છોંતેર
**ચૂલા**–ચૂલિકા
**તરૂસુ**-બે વૃક્ષોને વિષે
**ભણિયા**–કહ્યા છે
**સદેવયા**–દેવતા સહિત
**સેસઠાણેસુ**-બાકીના સ્થાનોમાં

**અર્થ:**—જંબૂદ્વીપમાં ૭૬ કૂટો ઉપર, ચૂલિકાને વિષે મેરૂના ચાર વનને વિષે તથા વૃક્ષો ઉપર જિનભવનો કહ્યા છે. બાકીના સ્થાનોમાં દેવતાના ભવનો છે. ૭૭

**વિવેચન:**—જંબૂદ્વીપમાં છોંતેર કૂટો ઉપર એટલે છ કુલગિરિના ૬ કૂટ, ચાર ગજદંતાના ૪ કૂટ, ચોત્રીશ વૈતાઢયના ૩૪ કૂટ, સોળ વક્ષસ્કારના ૧૬ કૂટ, જંબૂ વૃક્ષ અને શાલ્મલી વૃક્ષના ૮–૮ મળીને ૧૬ કૂટ, એમ સર્વ મળીને ૭૬ કૂટો ઉપર જિનભવનો છે. તથા મેરૂ પર્વતની ઉપર આવેલી ચૂલિકાને વિષે મેરૂના નંદનવન વગેરે ચાર વનને વિષે, તથા જંબૂ વૃક્ષ અને શાલ્મલી વૃક્ષ એ બે વૃક્ષો ઉપર જિનેશ્વરનાં ભવનો (ચૈત્યો) કહ્યા છે. બાકીના કૂટાદિક સ્થાનોને વિષે પોતપોતાના સ્થાનના નામવાળા દેવોનાં ભવનો છે. ૭૭

હવે જિનભવનના વિસંવાદ સ્થાનો કહે છે—

**કરિકૂડકુંડણઇદહ–કુરુકંચણયમલસમવિઅડ્ઢેસુ;**
**જિણભવણવિસંવાઓ, જો તં જાણંતિ ગીઅત્થા ૭૮**

| | |
|---|---|
| **કરિકૂડ**–કરિકૂટ | **જિણભવન**–જિનભવનો સંબંધી |
| **કુરૂકંચણ**–કુરૂક્ષેત્રના કંચનગિરિ | **વિસંવાઓ**–વિસંવાદ |
| **યમલ**–યમલગિરિ | **જો**–જે |
| **સમવિઅડ્ઢેસુ**–સમ(ગોળ) વૈતાઢય ઉપર | **જાણંતિ**–જાણે છે |
| | **ગીઅત્થા**–ગીતાર્થો |

**અર્થ:**—કરિકૂટ, નદીપ્રપાત કુંડો, નદીઓ, દ્રહો, કુરૂ (દેવકુરૂ–ઉત્તરકુરૂ) ક્ષેત્રમાં રહેલાં બસો કંચનગિરિ,

શીતોદા અને શીતા નદીના દ્રહની પાસે રહેલા ચાર યમક નામના પર્વતો તથા વૃત્ત વૈતાઢયો, આ સ્થાનોને વિષે જિનેશ્વરના ભવનનો વિસંવાદ એટલે છે કે નહી એવો સંદેહ જોવામાં આવે છે, તેના નિર્ણયને ગીતાર્થો જ જાણે છે. ૭૮

ચાર ગાથાવડે દીર્ઘ વૈતાઢય પર્વતનું સ્વરૂપ કહે છેઃ—

**પુવ્વાવરજલહિંતા, દસુચ્ચદસપિહુલમેહલચઉક્કા;**
**પણવીસુચ્ચા પણ્ણા-સતીસદસજોઅણપિહુત્તા ૭૯**

**જલહિંતા**–સમુદ્રના અંતવાળા
**પિહુલ**–પહોળા
**મેહલ ચઉક્કા**–ચાર મેખલાવાળા
**પન્નાસ**–પચાસ
**પિહુત્તા**–પહોળાઈવાળા

**અર્થઃ—પૂર્વથી પશ્ચિમ સમુદ્ર સુધી લાંબા, દશ યોજન ઉંચી અને દશ યોજન પહોળી ચાર મેખલાવાળા, પચીસ જોજન ઉંચા, પચાસ, ત્રીસ અને દશ યોજન** પહોળા (**દીર્ઘ વૈતાઢય** છે) ૭૯

**વિવેચનઃ**—જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રની બરોબર વચમાં અને ઐરવત ક્ષેત્રમાં બરોબર વચમાં દીર્ઘ વૈતાઢય આવેલ છે. તે બન્ને વૈતાઢય પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર સુધી લાંબા છે. આ બંને વૈતાઢયને વિષે દશ યોજન ઉંચી અને દશ યોજન પહોળી ચાર મેખલાઓ છે એટલે કે દરેક વૈતાઢય ઉપર ઉત્તર તરફ બે અને દક્ષિણ તરફ બે એમ ચાર મેખલાઓ છે. તે વૈતાઢયો પચીશ યોજન ઉંચાં છે. વળી તે વૈતાઢયો પચાસ, ત્રીશ અને દશ યોજન

પહોળા છે એટલે કે સમભૂતળા પૃથ્વીથી દસ યોજન ઉપર જઇએ ત્યાં સુધી પચાસ યોજન પહોળા છે. ત્યાં બંને બાજુએ પહેલી મેખલા આવે છે. તે મેખલા ઉત્તર તથા દક્ષિણુ બાજુએ દસ દસ યોજન પહોળી છે. તેથી પચાસમાંથી બંને મેખલાના વીશ યોજન બાદ કરતાં બાકી ત્રીશ યોજન પહોળાઇ રહે છે. ત્યાંથી બીજા દસ યોજન ઉંચે ચડીએ ત્યાં સુધી ત્રીશ યોજન પહોળા છે. પછી ત્યાં બંને બાજુ બીજી મેખલા આવે છે. તે પણુ ઉત્તર દક્ષિણુ બાજુએ દસ દસ યોજન પહોળી હોવાથી ત્રીશમાંથી વીશ બાદ કરતાં બાકી દસ યોજન પહોળાઇ રહે છે. ત્યાંથી પાંચ યોજન ઉપર ચડીએ ત્યાં સુધી તે પર્વતો દસ યોજન પહોળા છે. ત્યાં તેનું શિખર આવે છે. તેથી પચીસ યોજનની ઉંચાઇ પૂર્ણુ થઈ. તેના ઉપર પ્રથમ કહ્યા પ્રમાણે કૂટો રહેલા છે. હિમવાન વગેરે બીજા પર્વતો નીચેથી ઉપર સુધી ભીંતને આકારે એક સરખા પહોળા છે. પરંતુ આ બંને વૈતાઢયો એક સરખા પહોળા નથી. કારણુ કે આ પર્વતોને વિષે આવેલી મેખલાઓને લીધે તેમની પહોળાઇ ઘટતી જાય છે. હિમવાન વગેરે પર્વતોને વિષે મેખલા નથી તેથી તેમની પહોળાઈ બધે સ્થળે એક સરખી છે. ૭૯

**વેઇહિં પરિક્ખિત્તા, સખયરપુરપણ્ણસટ્ઠિસેણિદુગા;**
**સદિસિંદલોગપાલો-વભોગિ ઉવરિલ્લમેહલયા. ૮૦**

| | |
|---|---|
| **વેઇહિં**-વેદિકા વડે [નગરો સહિત | **પન્ના**-પચાસ |
| **સખયરપુર**-ખેચર (વિદ્યાધરો)નાં | **સટ્ઠિ**-સાઠ |

| | |
|---|---|
| **સેઢિદુઆ**-બે શ્રેણીઓ | **ઉવભોગિ**-ઉપભોગ માટે |
| **સદિસિ**-પોતપોતાની દિશિના | **ઉવરિલ્લ**-ઉપરની |
| **ઇંદલોગપાલ**-ઇન્દ્રના લોકપાલ | **મેહલયા**-મેખલાવાળા |

**અર્થ**:—વેદિકા વડે વીંટાએલા, વિદ્યાધરોના પચાસ અને સાઠ નગરો સહિત બે શ્રેણિઓવાળા, પોત પોતાની દિશાના ઈન્દ્રોના લોકપાલ દેવોને ઉપભોગ કરવા લાયક ઉપરની મેખલાવાળા (તે વૈતાઢયો છે.) ૮૦

**વિવેચન**:—તે બન્ને વૈતાઢય પર્વતો વેદિકાવડે વીંટાએલા છે. એટલે ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે અનુક્રમે પચાસ, ત્રીશ અને દશ યોજનના વિસ્તારને છેડે બન્ને (ઉત્તર-દક્ષિણ) બાજુએ એક એક વેદિકા હોવાથી કુલ છ વેદિકા (વનખંડ સહિત) દરેક પર્વત ઉપર આવેલી છે. તથા વિદ્યાધરના પચાસ અને સાઠ નગરની બે શ્રેણી સહિત છે. એટલે કે દક્ષિણ ને ઉત્તર બાજુની પહેલી મેખલા જે દસ દસ યોજન પહોળી છે તેમાં વિદ્યાધરોની રાજધાની સહિત પચાસ અને સાઠ નગરોની શ્રેણિ છે. તેમાં ભરત ક્ષેત્રમાં દક્ષિણ શ્રેણિમાં લંબાઈ ઓછી હોવાથી પચાસ નગરો છે અને ઉત્તર શ્રેણિમાં લંબાઈ વધારે હોવાથી સાઠ નગરો છે. ઐરવત ક્ષેત્રમાં તેથી ઉલટું ઉત્તર બાજુ ૫૦ નગરો અને દક્ષિણ બાજુ લંબાઇ વધારે હોવાથી ૬૦ નગરો છે. તથા પોતપોતાની દિશાના ઇંદ્રોના એટલે દક્ષિણ દિશામાં સૌધર્મેન્દ્રના અને ઉત્તર દિશામાં ઈશાનેન્દ્રના લોકપાળોને ઉપભોગ-ક્રીડા કરવા લાયક ઉપરની

મેખલાવાળા બન્ને વૈતાઢયો છે. એટલે ભરતક્ષેત્રના વૈતાઢયની ઉપરની બીજી બે મેખલા ઉપર સૌધર્મ ઇંદ્રના લોકપાળો ક્રીડા કરે છે અને ઐરવત ક્ષેત્રના વૈતાઢયની ઉપરની બીજી બે મેખળા ઉપર ઇશાનેંદ્રના લોકપાળો ક્રીડા કરે છે. ૮૦

## દુદુખડંવિહિઅભરહે-રવયા દુદુગુરુગુહા ય રુપ્પમયા;
## દો દીહા વેઅડ્ઢા, તહા દુતીસં ચ વિજએસુ. ૮૧

| | |
|---|---|
| **દુદુખંડ**-બે બે વિભાગ | **રુપ્પમયા**-રૂપામય |
| **વિહિય**-કરેલા | **દીહા**-દીર્ઘ, લાંબા |
| | **વેઅડ્ઢા**-વૈતાઢય |
| **ગુરૂગુહા**-મોટી ગુફા | **વિજએસુ**-વિજયોમાં |

**અર્થ:**—વળી જેમણે ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રના બે બે ખંડ (વિભાગ) કર્યા છે, બે બે મોટી ગુફાઓવાળા અને રૂપાના બે લાંબા વૈતાઢય પર્વતો છે. તેમજ બત્રીસ વિજયોમાં બત્રીસ લાંબા વૈતાઢય છે. ૮૧

**વિવેચન:**—ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રના બરોબર મધ્ય ભાગમાં આવેલા હોવાથી તે બંને ક્ષેત્રના બે બે વિભાગ થયા છે. એટલે ભરતક્ષેત્રના દક્ષિણ ભરતાર્ધ અને ઉત્તર ભરતાર્ધ તથા ઐરવત ક્ષેત્રના દક્ષિણ ઐરવતાર્ધ અને ઉત્તર ઐરવતાર્ધ એમ બે વિભાગ થયા છે. દરેક વૈતાઢયમાં બે બે મોટી ગુફાઓ ( જેનું વર્ણન આગળ ગાથા ૮૩ માં કરેલું છે) આવેલી છે. આ વૈતાઢય પર્વતો રૂપાના છે. આ પ્રમાણે લાંબા બે વૈતાઢય જાણવા. તથા મહાવિદેહ

ક્ષેત્રની બત્રીસ વિજયોમાં દરેક વિજયમાં એક એક વૈતાઢય હોવાથી બત્રીસ લાંબા વૈતાઢય છે. કુલ ચોત્રીસ લાંબા વૈતાઢય જંબૂદ્વીપમાં જાણવા. ૮૧

**ણવરં તે વિજયંતા, સખયરપણ્ણપણ્ણપુરદુસેણીઆ;**
**એવં ખયરપુરાઈ, સગતીસસયાઈ ચાલાઈ. ૮૨**

| | |
|---|---|
| **વિજયંતા**-વિજયને છેડે અંતવાળા | **દુસેણિઆ**-બે શ્રેણિવાળા |
| **ખયર**-વિદ્યાધરોના | **ખયરપુરાઇ**-વિદ્યાધરોનાં નગરો |
| **પણ્ણપન્નપુર**-પંચાવન નગરની | **સગતીસ**-સાડત્રીસ |
| | **ચાલાઈ**-ચાલીસ |

**અર્થ**:—વિજયના બત્રીસ વૈતાઢયમાં એટલું વિશેષ છે કે તેઓના છેડા વિજયના અંત સુધી આવેલા છે. અને વિદ્યાધરોના પંચાવન નગરોની બે શ્રેણીઓ છે. એ પ્રમાણે વિદ્યાધરોનાં નગરો સાડત્રીસ સો અને ચાલીસ છે. ૮૨

**વિવેચન**:—વિશેષ એ છે કે તે વિજયના વૈતાઢયો વિજયના બે બાજુના અંત સુધી લાંબા છે, પણ સમુદ્ર-પર્યંત લાંબા નથી, વળી બન્ને બાજુ સમાન લંબાઇ હોવાથી વિદ્યાધરોના પંચાવન પંચાવન નગરોની બે શ્રેણિ સહિત છે એટલે કે બન્ને શ્રેણિમાં વિદ્યાધરોના પંચાવન પંચાવન નગરો છે. આ પ્રમાણે સર્વ મળીને વિદ્યાધરોના નગરો સાડત્રીશ સો અને ચાળીશ થાય છે. ભરત અને ઐરવતના બે વૈતાઢયો અને બત્રીશ વિજયના બત્રીશ વૈતાઢયો મળીને ચોત્રીશ થાય છે. તે દરેક વૈતાઢય ઉપર બે શ્રેણિના મળીને એક સો દશ નગરો હોવાથી ૩૪ ને

૧૧૦ વડે ગુણવાથી (૩૪×૧૧૦=૩૭૪૦) સાડત્રીસ સો ચાલીસ થાય છે. ૮૨

હવે ચોત્રીશ વૈતાઢયોની ગુફાઓનું સ્વરૂપ કહે છે—

**ગિરિવિત્થરદીહાઓ, અડુચ્ચચઉપિહુપવેસદારાઓ;**
**બારસપિહુલાઉ અડુ-ચ્ચયાઉ વેઅડ્ઢ દુગુહાઓ. ૮૩**

ગિરિવિત્થર-પર્વતના વિસ્તાર જેટલી
દીહાઓ-લાંબી
અડુચ્ચ-આઠ યોજન ઉંચા
ચઉપિહુ પવેસ-ચાર યોજન પહોળાં અને પ્રવેશવાળાં
દારાઓ-દ્વારવાળી
ઉચ્ચયાઉ-ઉંચાઈવાળી
વેઅડ્ઢગુહાઓ-વૈતાઢયની ગુફાઓ

અર્થ:—પર્વતના વિસ્તાર જેટલી એટલે પચાસ યોજન લાંબી તથા આઠ યોજન ઉંચા, ચાર યોજન પહોળા અને ચાર યોજન પ્રવેશવાળા ઉત્તર દક્ષિણ સન્મુખ દ્વારોવાળી તથા અંદરથી બાર યોજન પહોળી અને આઠ યોજન ઉંચી બે બે ગુફાઓ તે દરેક વૈતાઢય પર્વતને વિષે આવેલી છે. આ ગુફાઓ વૈતાઢયમાં નીચેથી વહેતી ગંગા અને સિંધુ તથા રક્તા અને રક્તવતીની વચ્ચે છે. ૮૩

તે સર્વ ગુફાઓમાં બબે નદીઓ છે તે કહે છે—

**તમ્મજ્ઝદુજોઅણઅં-તરાઉ તિતિવિત્થરાઉ દુણઇઓ;**
**ઉમ્મગ્ગનિમગ્ગાઓ, કડગાઉ મહાણઇગયાઓ. ૮૪**

તમ્મજ્ઝ-તે ગુફાના મધ્યમાં
દુજોઅણ-બે જોજનના
અંતરાઓ આંતરાવાળી
તિતિ-ત્રણ ત્રણ (યોજનના)
વિત્થરાઓ-વિસ્તારવાળી
દુણઇઓ-બે નદીઓ

ઉમ્મગ્ગ-ઉન્મગ્ના નામની
ણિમ્મગાઓ-નિમગ્ના નામની
કડગાઓ-કટકમાંથી, ખડકમાંથી
મહાણઈ-મોટી નદીઓમાં
ગયાઓ-ગએલી

**અર્થ**:—તે ગુફાઓના મધ્ય ભાગમાં બે યોજનના આંતરાવાળી તથા ત્રણ ત્રણ યોજનના વિસ્તારવાળી ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે નદીઓ ગુફાના ખડકોમાંથી નીકળીને મોટી નદીઓને મળે છે. ૮૪

**વિવેચનઃ**—આ વૈતાઢ્યની ગુફામાં બે બે નદીઓ આવેલી છે. તે નદીઓ પચાસ યોજન લાંબી ગુફાના મધ્યભાગના એટલે પચીશમા અને છવીશમા એ બે યોજનના આંતરામાં આવેલી છે. તે નદીઓ ત્રણ ત્રણ યોજન વિસ્તારવાળી છે. તે ઉન્મગ્ના અને નિમગ્ના નામની છે. એટલે કે ગુફાના દક્ષિણ દ્વારથી એકવીશ યોજન જઇએ ત્યારે ૨૨-૨૩-૨૪ એ ત્રણ યોજન પહોળી ઉન્મગ્ના નદી છે. ત્યાર પછી પચીસમું અને છવીસમું એ બે યોજન મૂકીને ૨૭-૨૮-૨૯ એ ત્રણ યોજન પહોળી નિમગ્ના નદી આવે છે. ત્યાર પછી એકવીશ યોજન જઇએ ત્યારે ગુફાનું ઉત્તર દ્વાર આવે છે. તથા તે બે નદીઓ પર્વતની મધ્યે રહેલા કટક એટલે મોટા પાષાણ થકી નીકળીને ગંગા સિંધુ રક્તા અથવા રક્તવતી નામની મહાનદીઓમાં મળે છે. ૮૪

તે ગુફાઓમાં પ્રવેશ કરતી વખતે ચક્રવર્તી કાકિણી રત્નવડે ગુફાની ભીંતને વિષે મંડલો કરે છે, તે કહે છે:—

**ઇહ પઇભિત્તિં ગુણવ-ણણમંડલે લિહઇ ચક્કિ દુદુસમુહે;**
**પણ સયધણુહપમાણે, બારેગડજોઅણુજ્જોએ. ૮૫**

ઇહ–આ ગુફામાં
પઇભિાત્ત–દરેક ભીંત ઉપર
ગુણવન્ન–ઓગણપચાસ
મંડળે–મંડળો, માંડલા
લિહઈ–લખે છે, આલેખે છે
દુ દુ સમુહે–બે બે સામસામે
ધણુહ–ધનુષ્ય
ઉજ્જોએ–પ્રકાશ કરનારા

**અર્થ**:—ચક્રવર્તી આ ગુફાને વિષે દરેક ભીંતે એટલે બન્ને બાજુની ભીંતે સૂર્યની જેવા આકાવાળા ઓગણપચાસ માંડલા બબે સન્મુખ કાકિણી રત્નવડે લખે છે–આળેખે છે. તે મંડળો (ઉત્સેધાંગુલે) પાંચસો ધનુષ પ્રમાણ અને બાર યોજન, એક યોજન અને આઠ યોજન સુધી પ્રકાશ કરનારાં હોય છે. ૮૫

**વિવેચન**:—વૈતાઢયની આ બંને ગુફાઓ અંધકારવાળી હોય છે. તેથી જ્યારે ચક્રવર્તી સૈન્ય સાથે તે ગુફામાં પ્રવેશ કરે છે ત્યારે ચક્રવર્તીને મણિરત્નવડે પ્રકાશ થાય છે. પરંતુ તે રત્ન આગળ ચાલતું હોવાથી પાછળ આવતા સન્યને અંધારૂં ન લાગે માટે ચક્રવર્તી પૂર્વાદિક કટકમાં ભીંત ઉપર એક યોજન છોડીને કાકિણી રત્નવડે ઉત્સેધાંગુલ પ્રમાણ પાંચ સો ધનુષ લાંબુ પહોળું સૂર્યમંડળ જેવું (ગોળ આકૃતિનું) પહેલું મંડલ કરે છે. પશ્ચિમ દિશાની ભીંતે તેની જ સન્મુખ બીજું મંડલ આલેખે છે. ત્યાર પછી પૂર્વ દિશાની ભીંતે જે પહેલું મંડળ કર્યું છે તેનાથી પ્રમાણાંગુલે એક યોજનને આંતરે ત્રીજું મંડળ કરે છે અને તેની જ સન્મુખ પશ્ચિમ દીશાની ભીંતે ચોથું મંડળ કરે છે. આ પ્રમાણે એક એક યોજનને આંતરે પૂર્વ અને પશ્ચિમ દિશાની ભીંત ઉપર મંડલોને

આલેખતા આલેખતા તમિસ્રા ગુફાના ઉત્તર દ્વાર સુધી જાય છે. આ રીતે એક એક ભીંત ઉપર ઓગણપચાસ ઓગણપચાસ મંડલો થાય છે. એટલે કુલ અઠ્ઠાણું મંડલો હોય છે. અહીં બન્ને બાજુની ભીંત ઉપર જે મંડલો આલેખે છે તેમાં આરંભે અને છેડે ચાર ચાર મંડલો કમાડ ઉપર કરે છે એમ જાણવું. આ મંડલો બાબત કેટલાક આચાર્યો કહે છે કે-ગુફામાં પ્રવેશ કરતા ચક્રવર્તી ગોમૂત્રિકાના ન્યાયે કરીને એક ભીંત ઉપર પચીશ અને બીજી ભીંત ઉપર ચોવીશ એમ કુલ ઓગણપચાસ જ માંડલા કરે છે. આ બાબતનો નિર્ણય કેવળી જ જાણે છે. દરેક માંડલું ગુફાનો વિસ્તાર બાર યોજનનો છે તેથી બાર યોજન સુધી પ્રકાશ કરે છે. એક માંડલાથી બીજા માંડલાને એક યોજનનું આંતરૂં છે તેથી એક યોજન સુધી પ્રકાશ કરે છે અને ગુફાની ઉંચાઈ આઠ યોજનની છે તેથી તે માંડલું પણ આઠ યોજન જેટલો ઉંચે પ્રકાશ કરે છે. અહીં માંડલાનું આંતરૂં જે એક યોજનનું કહ્યું છે તે પ્રમાણાંગુલે જાણવું અને મંડલનું પ્રમાણ (લંબાઈ પહોળાઇ) પાંચસો ધનુષ કહ્યું તે ઉત્સેધાંગુલે જાણવું. અને તે માંડલા બાર, આઠ અને એક યોજનને પ્રકાશિત કરે છે તે યોજન પ્રમાણાંગુલના માપથી જાણવા. ૮૫

તે બે ગુફાઓનાં નામ કહે છે:—

**સા તમિસગુહા જીએ, ચક્કી પવિસેઇ મજ્ઝખંડંતો;**
**ઉસહં અંકિઅ સો જી-એ વલઈ સા ખંડગપવાયા. ૮૬**

સા–તે
તમિસગુહા–તમિસ્રા ગુફા
જીએ–જેના વડે
પવિસઈ–પ્રવેશ કરે છે
મજ્ઝખંડંતો–મધ્ય ખંડની અંદર
ઉસહં ઋષભ કૂટને
અંકિઅ–અંકિત કરીને, નામ લખીને
સો–તે (ચક્રવર્તી)
વલઈ–પાછા વળે છે
ખંડગપવાયા–ખંડ પ્રપાતા ગુફા

**અર્થ:**—જે ગુફામાં ચક્રવર્તી દક્ષિણના મધ્યખંડને વિષે પ્રવેશ કરે છે તે તમિસ્રા નામની ગુફા છે. અને તે ચક્રવર્તી ઋષભકૂટને અંક કરીને એટલે ઋષભકૂટ ઉપર પોતાનું નામ લખીને જે ગુફામાં પાછા વળે છે, પાછા વળીને બહારના મધ્યખંડમાં આવે છે. તે ખંડકપ્રપાતા નામની ગુફા છે. ૮૬

**વિવેચન:**—ચક્રવર્તી દક્ષિણાર્ધ ભરતના મધ્ય ખંડ-માંથી ઉત્તરના મધ્ય ખંડમાં જવાને માટે તમિસ્રા નામની ગુફામાં પ્રવેશ કરે છે. તે વખતે તે ચક્રી ગુફામાં પ્રકાશ સારૂ માંડલાં આલેખે છે. ત્યાર પછી તે ગુફામાંથી બહાર નીકળે ત્યારે ઉત્તરના મધ્ય ખંડમાં આવે છે. ત્યાંથી બે પ્રપાતકુંડની વચમાં આવેલા ઋષભકૂટ પર્વત પાસે તે જાય છે અને ત્યાં તે પોતાનું નામ લખે છે. પછી ઉત્તરાર્ધ ભરતને જીતીને વૈતાઢયની બીજી ખંડપ્રપાતા નામની ગુફામાં પેસીને પાછા દક્ષિણ ભરતાર્ધમાં આવે છે. ૮૬

તે ગુફાઓ કયાં સુધી ઉઘાડી રહે છે તે કહે છે:—

**કયમાલનટ્ટમાલય–સુરાઉ વદ્ધઇણિબદ્ધસલિલાઉ;**
**જા ચક્કી તા ચિટ્ઠંતિ, તાઉ ઉગ્ઘડિયદારાઉ. ૮૭**

કયમાલ-કૃતમાલ દેવ
નટ્ટમાલ-નૃત્તમાલ દેવ
સુરાઓ-દેવવાળી
વડ્ઢઈ-વાર્ધકી રત્ન
ણિબદ્ધ-બાંધેલી
સલિલાઓ-નદીઓવાળી

જા-જ્યાં સુધી
ચક્કી-ચક્રવર્તી
તા-ત્યાં સુધી
ચિટ્ઠંતિ-રહે છે
તાઓ-તે ગુફાઓ
ઉગ્ઘડિઅ-ઉઘાડા

**અર્થ**—તે બે ગુફાઓના કૃતમાલ અને નૃત્તમાલ નામના દેવો અધિષ્ઠાયક છે. આ ગુફામાં આવેલી પૂર્વે કહેલી નદીઓનું પાણી વાર્ધકી રત્ને બાંધ્યું હોય છે. આવી તે ગુફાઓ ચક્રવર્તી હોય ત્યાં સુધી ઉઘાડા દ્વારવાળી હોય છે ૮૭

**વિવેચન**:—તમિસ્રા ગુફાનો અધિષ્ઠાયક કૃતમાલ દેવ છે અને ખંડપ્રપાતા ગુફાનો અધિષ્ઠાયક નૃત્તમાલ દેવ છે. ચક્રવર્તીના વાર્ધકી રત્ને એટલે સૂત્રધારે બાંધ્યું છે પાણી જેનું એવી તે ગુફાઓ છે. એટલે કે તે ગુફાઓમાં રહેલી ઉન્મગ્ના અને નિમગ્ના એ બે નદીઓ ઉપર વાર્ધકી રત્ન પૂલ બાંધે છે તેથી તે નદીઓ સુખેથી ઓળંગી શકાય છે. તથા જ્યાં સુધી ચક્રવર્તી જીવતા હોય અથવા જ્યાં સુધી ચક્રવર્તીએ દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી તે ગુફાઓ ઉઘાડા દ્વારવાળી રહે છે. (નદી પરના પુલ અને માંડલાં પણ ત્યાં-સુધી જ રહે છે.) ૮૭

બાહ્ય ખંડના મધ્ય ભાગમાં આવેલી નગરીનું પ્રમાણ કહે છે:—

**બહિખંડંતો બારસ-દીહા નવવિત્થડા અઉજ્ઝપુરી;**
**સા લવણા વેઅડ્ઢા, ચઉદહિઅસયં ચિગારકલા. ૮૮**

**બહિખંડંતો**-બાહ્ય ખંડની અંદર
**વિત્થડા**-વિસ્તારવાળી
**અઉજ્ઝપુરી**-અયોધ્યાપુરી
**લવણા**-લવણ સમુદ્રથી

**વેઅડ્ઢા**-વૈતાઢ્યથી
**ચઉદહિઅસયં**-એક સો ચૌદ
**ઇગાર કલા**-અગિઆર કલા

**અર્થ**:—બાહ્ય ખંડના મધ્ય ભાગમાં બાર યોજન લાંબી અને નવયોજન પહોળી અયોધ્યા નામની નગરી છે. તે લવણ સમુદ્રથી તથા વૈતાઢ્ય પર્વતથી એક સો ચૌદ યોજન અને અગિઆર કલા જેટલી દૂર છે. ૮૮

**વિવેચન**:—બાહ્ય ખંડની મધ્યે એટલે દક્ષિણાર્ધ ભરતના મધ્ય ખંડની વચ્ચે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી અયોધ્યા નામની નગરી છે. તે નગરી લવણ સમુદ્રથી અને વૈતાઢ્ય પર્વતથી ચૌદ અધિક સો એટલે એક સો ને ચૌદ ( ૧૧૪ ) યોજન અને અગ્યાર કળા દૂર છે. તે આ પ્રમાણેઃ–ભરતક્ષેત્રનો વિસ્તાર પ૨૬ યોજન ને ૬ કળા છે. તેમાંથી વૈતાઢ્યના વિસ્તારના પચાસ યોજન બાદ કરીએ ત્યારે ૪૭૬ યોજન અને ૬ કળા રહે છે, તેનું અર્ધ કરવાથી બાહ્ય ખંડનો એટલે દક્ષિણાર્ધનો વિસ્તાર ૨૩૮ યોજન અને ૩ કળા થાય છે. તેમાંથી નગરીના વિસ્તારના ૯ યોજન બાદ કરીએ ત્યારે ૨૨૯ યોજન અને ૩ કળા રહે છે. તેનું અર્ધ કરીએ ત્યારે ૧૧૪ યોજન થાય. ઉપર એક યોજન વધે છે. તેની કળા ૧૯ થાય તેમાં ૩ કળા નાંખવાથી ૨૨ કળા થાય. તેનું અર્ધ કરતાં ૧૧ કળા રહે છે. તેથી ૧૧૪ યોજન અને ૧૧ કળા આટલી લવણ સમુદ્રથી અને વતાઢ્યથી દૂર અયોધ્યા નગરી છે એમ જાણવું. ૮૮

માગધાદિક તીર્થો કહે છે:—

**ચક્કિવસણઇપવેસે, તિત્થદુગં માગહો પભાસો અ;**
**તાણંતો વરદામો, ઇહ સવ્વે બિઉત્તરસયં તિ. ૮૯**

**ચક્કિવસ**–ચક્રવર્તીએ વશ કરેલી
**ણઇપવેસે**–નદીના પ્રવેશ સ્થાને
**તિત્થદુગં**–બે તીર્થ
**માગહો**–માગધ તીર્થ
**પભાસો**–પ્રભાસ તીર્થ
**તાણંતો**–તે બે તીર્થની વચ્ચે
**વરદામો**–વરદામ તીર્થ
**ઇહ**–અહીં (જંબૂદ્વીપમાં)
**બિઉત્તરસયંતિ**–એક સો બે

**અર્થ:**—ચક્રવર્તીને વશવર્તી નદીના પ્રવેશ સ્થાને માગધ અને પ્રભાસ નામે બે તીર્થ છે. તે બે તીર્થની વચ્ચે વરદામ નામે તીર્થ છે. અહીં સર્વે મળી એકસો બે તીર્થ છે. ૮૯

ચક્રવર્તીને વશવર્તી અથવા જેમાં ચક્રવર્તી થાય તેવા ૩૪ ક્ષેત્રો છે. તે આ પ્રમાણે:—ભરત ક્ષેત્ર, ઐરવત ક્ષેત્ર અને મહાવિદેહની બત્રીશ વિજય મળીને કુલ ચોત્રીશ ક્ષેત્રોમાં ચક્રવર્તી હોય છે. તેમાં ભરત ક્ષેત્રમાં ગંગા અને સિંધુ તથા ઐરવત ક્ષેત્રમાં રક્તા અને રક્તવતી એ ચારે નદીઓ પૂર્વમાં અને પશ્ચિમમાં લવણ સમુદ્રને મળે છે. તથા બત્રીશ વિજયની ગંગા વગેરે બબે નદીઓ શીતોદા અને શીતા નદીને મળે છે. આ નદીઓનું પોતપોતાના સંગમનું જે સ્થાન છે એટલે જે સ્થળે તે નદી સમુદ્રને મળે છે. તે સ્થાનને તીર્થ કહેવામાં આવે છે. તેમાં પૂર્વ દિશાના સંગમ સ્થાન રૂપ જે તીર્થ છે તે માગધ નામનું તીર્થ છે

અને પશ્ચિમ દિશાના સંગમ સ્થાન રૂપ જે તીર્થ છે તે પ્રભાસ નામનું તીર્થ છે. તથા તે બન્નેની વચ્ચે વરદામ નામનું ત્રીજું તીર્થ છે. એ પ્રમાણે ચોવીશે ક્ષેત્રોમાં ત્રણ ત્રણ તીર્થ હોવાથી ચોત્રીશને ત્રણે ગુણતાં ૧૦૨ તીર્થો થાય છે. ૮૯

ભરત અને ઐરવત ક્ષેત્રમાં ફરતા કાળચક્રનું સ્વરૂપ કહે છે:—

**ભરહેરવએ છછઅર–યમયાવસપ્પિણિઉસપ્પિણીરુવં;**
**પરિભમઈ કાલચક્કં, દુવાલસારં સયા વિ કમા. ૯૦**

**ભરહેરવએ**–ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં
છ છ–છ છ
**અરમય** આરામય
**અવસપ્પિણી**–અવસર્પિણીરૂપ
**ઉસપ્પિણીરૂવં**–ઉત્સર્પિણી સ્વરૂપ

**પરિભમઈ**–પરિભ્રમણ કરે છે, ફરે છે
**કાલચક્કં**–કાલચક્ર
**દુવાલસઆરં**–બાર આરાવાળું
**સયાવિ**–હંમેશાં
**કમા**–અનુક્રમે

**અર્થ:**—ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે છ છ આરામય અવસર્પિણી અને ઉત્સર્પિણી રૂપ કુલ બાર આરાવાળું કાળચક્ર નિરંતર ભ્રમણ કરે છે–ફર્યા કરે છે. ૯૦

**વિવેચન:**—ભરત ક્ષેત્ર તથા ઐરવત ક્ષેત્રમાં અવસર્પિણી તથા ઉત્સર્પિણી એમ બે પ્રકારનો કાલ છે, જેમાં મનુષ્યની બુદ્ધિ, બળ, આયુષ્ય, સુખ વગેરે ઘટતું જાય તે અવસર્પિણી કાલ અને જેમાં બુદ્ધિ, બળ, આયુષ્ય વગેરે વધતું જાય તે ઉત્સર્પિણી કાલ. આ બંને પ્રકારના કાલમાં



ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાલના છ છ આરા.

પૃ. ૧૦૭ ગા. ૯૧

છ છ આરા હોવાથી બાર આરા પ્રમાણ કાલચક્ર અનુક્રમે અનાદિ કાળથી ભમ્યા કરે છે. ૯૦

આરાનાં નામો કહે છે:—

**સુસમસુસમા ય સુસમા, સુસમદુસમા ય દુસમસુસમા ય;**
**દુસમા ય દુસમદુસમા, કમુક્કમા દુસુ વિ અરછક્કં. ૯૧**

સુસમસુસમા–સુષમ સુષમા નામનો
સુસમા–સુષમા નામનો
સુસમદુસમા–સુષમ દુષમા નામનો
દુસમ સુસમા–દુષમ સુષમા નામનો
દુસમા–દુષમા નામનો
દુસમ દુસમા–દુષમ દુષમા નામનો
કમ–ક્રમે, અનુક્રમે
ઉક્કમે–ઉત્ક્રમે, ઉલટા ક્રમે
દુસુવિ–બેમાં ( અવર્પિણી અને ઉત્સર્પિણીમાં )
અરછક્કં–છ આરા

**અર્થ**:—બન્નેને વિષે ક્રમે અને ઉત્ક્રમે કરીને છ છ આરા હોય છે, તે આ પ્રમાણે–પહેલો સુષમસુષમા નામનો આરો ૧, તથા બીજો સુષમા નામનો આરો. ત્રીજો સુષમ-દુષમા નામનો આરો, અને ચોથો દુષમસુષમા નામનો આરો, અને પાંચમો દુષમા નામનો આરો તથા છઠ્ઠો દુષમદુષમા નામનો આરો છે. ૯૧

**વિવેચન**:—અવસર્પિણીના છ આરાના નામ ગાથાના અર્થમાં ગણાવ્યા છે. તેનાથી ઉત્ક્રમે ઉલટી રીતે ઉત્સર્પિ-ણીના છ આરાના નામ જાણવાં. એટલે કે દુષમદુષમા ૧, દુષમા ૨, દુષમસુષમા ૩, સુષમદુષમા ૪, સુષમા ૫ અને સુષમસુષમા ૬. તેમાં અવસર્પિણી એ પડતો કાળ છે અને

ઉત્સર્પિણી એ ચડતો કાળ છે. આ બારે આરા મળીને એક કાળચક્ર કહેવાય છે. જેમ ચક્ર એટલે પૈડામાં આરા હોય છે, તેમ આ કાલરૂપી ચક્રના આરા હોવાથી કાલચક્ર કહેવાય છે. ૯૧

સાગરોપમ કાળનું માન કહે છે:--

**પુવ્વુત્તપલ્લિસમસય-અણુગ્ગહણા ણિટ્ઠિએ હવઇ પલિઓ;**
**દસકોડિકોડિપલિએ-હિં સાગરો હોઇ કાલસ્સ. ૯૨**

| | |
|---|---|
| **પુવ્વુત્ત**-પૂર્વે કહેલો | **ણિટ્ઠિએ**-ખાલી થતાં |
| **પલ્લિ**-પાલો | **પલિઓ**-પલ્યોપમ |
| **સમસય**-સો વર્ષે | **સાગરો**-સાગરોપમ |
| **અણુગહણા**-વારંવાર ગ્રહણ (કાઢવાથી) કરવાથી | **કાલસ્સ**-કાલનો, અદ્ધાનો |

**અર્થ**:—પૂર્વે કહેલો અસંખ્યાત રોમના અણુવડે ભરેલો એક યોજન પ્રમાણ પલ્ય, તેમાંથી સો સો વર્ષે એક એક અણુ ગ્રહણ કરવાથી તે પલ્ય જ્યારે ખાલી થાય ત્યારે એક પલ્યોપમ થાય છે, તેવા દશ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ કાળનું માન થાય છે. ૯૨

**વિવેચન**:—પૂર્વે ચોથી ગાથામાં એક યોજન લાંબો પહોળો અને ઉંડો પલ્ય કહ્યો છે. તેમાં અસંખ્યાતા સૂક્ષ્મ અંશ કરીને ભરેલા સૂક્ષ્મ વાલાગ્રોમાંથી સો સો વર્ષે એક એક વાલાગ્ર કાઢીએ અને જેટલા કાલે તે પાલો ખાલી થાય તેટલા કાલે એક અદ્ધા પલ્યોપમ થાય છે. અને તેવા દશ

કોડાકોડી અદ્ધા પલ્યાપમે એક સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય છે. ૯૨

આરાનું પ્રમાણ કહે છે—

**સાગરચઉતિદુકોડા-કોડિમિએ અરતિગે નરાણ કમા;**
**આઉ તિદુઇગપલિઆ,તિદુઇગકોસા તણુચ્ચત્તં. ૯૩**

| | |
|---|---|
| **ચઉતિદુ**-ચાર ત્રણ બે | **આઉ**-આયુષ્ય |
| **મિએ**-પ્રમાણવાળા | **કોસા**-કોશ, ગાઉ |
| **અરતિગે**-ત્રણ આરામાં | **તણુચ્ચત્તં**-શરીરની ઉંચાઇ |

**અર્થ**:—ચાર, ત્રણ અને બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ પહેલા ત્રણ આરાને વિષે મનુષ્યોનું આયુષ્ય અનુક્રમે ત્રણ, બે અને એક પલ્યોપમનું હોય છે. તથા ત્રણ, બે અને એક કોશ પ્રમાણ શરીરની ઉંચાઇ હોય છે. ૯૩

**વિવેચનઃ**—અવસર્પિણીનો પહેલો આરો ચાર કોડાકોડિ સાગરોપમનો છે, બીજો આરો ત્રણ કોડાકોડિ સાગરોપમનો અને ત્રીજો આરો બે કોડાકોડિ સાગરોપમનો છે. મનુષ્યોનું આયુષ્ય પહેલા આરામાં ત્રણ પલ્યોપમનું, બીજા આરામાં બે પલ્યોપમનું અને ત્રીજા આરામાં એક પલ્યોપમનું છે. પહેલા આરામાં મનુષ્યોના શરીરની ઉંચાઇ ત્રણ ગાઉની છે, બીજા આરામા બે ગાઉની અને ત્રીજા આરામાં એક ગાઉની છે. ૯૩

તે જ ત્રણ આરાને વિષે આહારાદિકનું પ્રમાણ કહે છે—

**તિદુઇગદિણેહિં તુવરિ-બયરામલમિત્તુ તેસિમાહારો;**
**પિટ્ઠકરંડા દોસય, છપ્પણ્ણા તદ્દલં ચ દલં. ૯૪**

| | |
|---|---|
| **દિણેહિં**-દિવસો વડે | **આહારો**-આહાર |
| **તૂવરિ**-તુવેર | **પિટ્ટકરંડા**-પાંસળીઓ |
| **બયર**-બોર (જેટલો) | **તદ્દલં**-તેનું અર્ધ |
| **અમલગમિત્તુ**-આંબલા માત્ર | |

**અર્થ:**—ત્રણ આરાને વિષે અનુક્રમે ત્રણ, બે અને એક દિવસે કરીને તે મનુષ્યોને તુવેર, બોર અને આમળા પ્રમાણ આહાર હોય છે. તથા પહેલા આરામાં ૨૫૬ પાંસળીઓ બીજામાં તેનાથી અર્ધી સંખ્યા અને ત્રીજામાં તેનાથી અર્ધી સંખ્યા હોય છે. ૯૪

**વિવેચન:**—આ આરાઓમાં પહેલા આરામાં મનુષ્યોને ત્રણ દિવસ ગયા પછી ચોથે દિવસે આહારની ઇચ્છા થાય છે. તે વખતે તેઓ તુવેરના કણ જેટલો આહાર કરીને તૃપ્ત થાય છે. એજ પ્રમાણે બીજા આરામાં બે દિવસ ગયા પછી ત્રીજે દિવસે આહારની ઇચ્છા થાય છે અને બોર પ્રમાણ આહારથી તૃપ્ત થાય છે, એ જ પ્રમાણે ત્રીજા આરામાં એકાંતર દિવસે આમળા પ્રમાણ આહાર કરી તૃપ્ત થાય છે. અહીં શંકા થાય કે આવા ત્રણ ગાઉ પ્રમાણના શરીરવાળા યુગલિયાઓને ત્રણ દિવસને આંતરે તુવેરના કણ પ્રમાણ આહારથી કેવી રીતે તૃપ્તિ થાય? તો જણાવવાનું કે તે આહાર અત્યંત સ્નિગ્ધ અને પૌષ્ટિક હોવાથી તેટલા આહારથી પણ તેમને તૃપ્તિ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. હવે પહેલા આરાના મનુષ્યોને બસો ને છપ્પન પાંસળીઓ હોય છે, બીજા આરામાં તેથી અર્ધી એટલે એક સો ને

અઠ્ઠાવીશ પાંસળીઓ હોય છે, અને ત્રીજા આરાના મનુષ્યોને પૃષ્ઠકરંડક તેથી પણ અર્ધા એટલે ચોસઠ હોય છે. ૯૪

તેજ ત્રણ આરાને વિષે અપત્યપાલન કરવાનું પ્રમાણ વગેરે કહે છે—

**ગુણવણ્ણદિણે તહ પનર-પણર અહિએ અવચ્ચપાલણયા;**
**અવિ સયલજિઆ જુઅલા, સુમણ સુરુવા ય**
**સુરગઇઆ. ૯૫**

| | |
|---|---|
| **ગુણવન્નદિણે**-ઓગણપચાસ દિવસે | **સયલજિઆ**-સઘળા જીવો |
| **પનરઅહિએ**-પંદર અધિક | **જુઅલા**-યુગલિયા |
| **અવચ્ચ પાલણયા**-અપત્ય (બાળક) પાલના | **સુમણ**-સારા મનવાળા |
| | **સુરૂવા**-ઉત્તમ રૂપવાળા |
| **અવિ**-વળી | **સુરગઇઆ**-દેવ ગતિમાં જનારા |

**અર્થ:**—પહેલા આરામાં ૪૯ દિવસ અપત્યનું પાલન કરે છે. બીજા અને ત્રીજા આરામાં અનુક્રમે ૧૫-૧૫ દિવસ અધિક જાણવું. વળી સઘળા જીવો યુગલિયા હોય છે. તેઓ સારા મનવાળા, સુંદર રૂપવાળા અને દેવગતિમાં જનારા હોય છે. ૯૫

**વિવેચન:**—પહેલા આરાને વિષે યુગલિક દંપતી (સ્રી પુરૂષ) અપત્યનું એટલે જે પુત્રપુત્રી રૂપ બાળકને જન્મ આપે તેમનું પાલન એટલે પોષણ સાર સંભાળ ઓગણપચાસ દિવસ સુધી કરે છે. ૪૯ દિવસમાં તે બાળકો પોતાની મેળે પોતાનું પોસણ કરે તેવા થાય છે. (અપત્ય પ્રસવ પછી છ માસે તેના માતાપિતા મરણ પામે છે. એમ

## ૭ આરાના પ્રમાણ વગેરેનો યંત્રઃ—

| આરાનું નામ | આરાનું પ્રમાણ | મનુષ્યનું આયુષ્ય | શરીરની ઉંચાઇ | આહારનું આંતરૂં | આહારનું પ્રમાણ | પૃષ્ટકરંડક | અપત્ય પાલન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ સુષમસુષમા | ૪ સાગરોપમ | ૩ પલ્યોપમ | ૩ ગાઉ | ૩ દીવસ | તુવેર | ૨૫૬ | ૪૯ દિવસ |
| ૨ સુષમ | ૩ સાગરોપમ | ૨ પલ્યોપમ | ૨ ગાઉ | ૨ દીવસ | બોર | ૧૨૮ | ૬૪ દિવસ |
| ૩ સુષમ દુષમ | ૨ સાગરોપમ | ૧ પલ્યોપમ | ૧ ગાઉ | ૧ દીવસ | આમળા | ૬૪ | ૭૯ દિવસ |
| ૪ દુષમ સુષમ | ૧ સાગરોપમમાં ૪૨ હજાર વર્ષ હીન | પૂર્વક્રોડ વર્ષ | ૫૦૦ ધનુષ | | | | |
| ૫ દુષમ | ૨૧ હજાર વર્ષ | ૧૩૦ વર્ષ | ૭ હાથ | | | | |
| ૬ દુષમ દુષમ | ૨૧ હજાર વર્ષ | ૨૦ વર્ષ | ૨ હાથ | | | | |

ત્રણે આરા માટે સમજવું.) તથા બીજા આરાને વિષે પંદર દિવસ અધિક એટલે ચોસઠ દિવસ સુધી અપત્યનું પાલન કરે છે અને ત્રીજા આરાને વિષે તેથી પણ પંદર દિવસ અધિક એટલે ઓગણાએંશી દિવસ સુધી અપત્યનું પાલન કરે છે. વળી તે ત્રણે આરામાં સર્વે ગર્ભજ પંચેદ્રિય જીવો યુગલિયા હોય છે. તથા અલ્પ કષાય હોવાથી શુભ ચિત્ત-વાળા, સારા રૂપવાળા એટલે સમચતુરસ્ર સંસ્થાનવાળા અને મરીને દેવગતિમાં જનારા હોય છે એટલે કે યુગલ-ધાર્મિક મનુષ્યો અને તિર્યંચો એ સર્વે પોતાના આયુષ્યના ક્ષયે મરીને પોતાના આયુષ્ય સમાન અથવા હીન આયુષ્ય-વાળા દેવોને વિષે જ ઉત્પન્ન થાય છે. ૯૫

તે આરાને વિષે દશ પ્રકારના કલ્પવૃક્ષો યુગલિકોને જે જે વસ્તુ આપે છે તે બે ગાથાવડે કહે છે—

તેસિ મત્તંગ ૧ ભિંગા ૨, તુડિઅંગા ૩ જોઇ ૪ દીવ ૫ ચિત્તંગા ૬;<br>
ચિત્તરસા ૭ મણિઅંગા ૮, ગેહાગારા ૯ અણિઅ-યક્ખા ૧૦. ૯૬

પાણં ૧ ભાયણ ૨ પિચ્છણ ૩, રવિપહ ૪ દીવપહ ૫ કુસુમ ૬ માહારે ૭;<br>
ભૂસણ ૮ ગિહ ૯ વત્થાસણ ૧૦, કપ્પદુમા દસવિહા દિંતિ. ૯૭

**તેસિ**–તે યુગલિકોને
**મત્તંગ**-મત્તંગ કલ્પવૃક્ષ
**ભિંગા**-ભૃંગ કલ્પવૃક્ષ
**તુડિઅંગા**-તૂર્યાંગ કલ્પવૃક્ષ
**જોઈ**-જ્યોતિરંગ કલ્પવૃક્ષ
**દીવ**–દીપાંગ કલ્પવૃક્ષ
**ચિત્તંગા**-ચિત્રાંગ કલ્પવૃક્ષ
**ચિત્તરસા**-ચિત્રરસાંગ કલ્પવૃક્ષ
**મણિઅંગા**-મણિતાંગ કલ્પવૃક્ષ
**ગેહાગારા**-ગૃહાકાર કલ્પવૃક્ષ
**અણિઅયકૂખા**-અનિયત નામના
**પાણં**-પાન, પાણી
**ભાયણ**-ભાજન, વાસણ
**પિચ્છણ**-નાટક, વાજીંત્ર
**જ્યોતિરંગ**-સૂર્ય સમાન પ્રકાશ
**દીવપહ**-દીપકનો પ્રકાશ
**કુસુમ**-ફૂલ
**આહારો**-આહાર
**ભૂસણ**-ઘરેણાં
**ગિહ**-ઘર, આવાસ
**વત્થાસણ**-વસ્ત્ર અને આસન
**કપ્પદુમા**-કલ્પવૃક્ષો
**દિંતિ**-આપે છે

**અર્થ**:—દશ પ્રકારના કલ્પવૃક્ષો અનુક્રમે શું શું આપે છે, તે કહે છે–તે યુગલિક મનુષ્યોને મત્તંગ નામના કલ્પવૃક્ષો દ્રાક્ષાપાન વિગેરે પીવાની વસ્તુ આપે છે ૧, ભૃંગ નામના કલ્પવૃક્ષો સુવર્ણના થાળ, વાટકા વિગેરે પાત્રો આપે છે ૨, તૂર્યાંગ નામના કલ્પવૃક્ષો વાંજિત્ર સહિત બત્રીશ પાત્રબદ્ધ નાટક વિગેરે દેખાડે છે ૩, જ્યોતિરંગ નામના કલ્પવૃક્ષો રાત્રે પણ સૂર્યના ઉદ્યોત જેવી પ્રભાને પ્રગટ કરે છે ૪, દીપાંગ નામના કલ્પવૃક્ષો ઘરની અંદર દીવાના જેવી પ્રભાને પ્રગટ કરે છે ૫, ચિત્રાંગ નામના કલ્પવૃક્ષો વિચિત્ર જાતિના પંચ વર્ણના સુગંધી પુષ્પો તથા માળા વિગેરે આપે છે ૬, ચિત્રરસાંગ નામના કલ્પવૃક્ષો મનોહર ષડરસ મિષ્ટાન્નાદિક આહારને આપે છે ૭, મણિતાંગ નામના કલ્પવૃક્ષો મણિ, મુકુટ, કુંડળ, કેયૂર વિગેરે આભૂષણોને આપે છે ૮, ગેહાકાર નામના કલ્પવૃક્ષો વિચિત્ર

પ્રકારની ચિત્રશાળા વિગેરે સહિત સાત માળના, પાંચ માળના અને ત્રણ માળના વિગેરે ઘરોને આપે છે ૯, તથા અનિયત નામના કલ્પવૃક્ષો દેવદૂષ્ય વિગેરે વસ્ત્રો અને ભદ્રાસન વિગેરે આસનો તથા શય્યા વિગેરે આપે છે. ૧૦. ૯૬-૯૭

સર્વ આરાઓને વિષે તિર્યંચોના આયુષ્યના પ્રમાણને આહુલ્યતાએ કહે છે:—

**મણુઆઉસમ ગયાઈ, હયાઇ ચઉરંસજાઇ અટ્ઠંસા;**
**ગોમહિસુટ્ટખરાઇ, પણંસ સાણાઈ દસમંસા. ૯૮**
**ઇચ્ચાઈ તિરચ્છાણ વિ, પાયં સવ્વારએસુ સારિચ્છં;**
**તઇઆરસેસિ કુલગર-ણયજિણધમ્માઈ ઉપ્પત્તી. ૯૯**

**મણુઆઉસમ**-મનુષ્ય આયુષ્ય જેટલું

**ગયાઈ** હાથી વગેરેનું

**હયાઇ** ઘોડા વગેરેનું

**ચઉરંગ**-ચોથો ભાગ

**અજાઇ**-બકરા વગેરેનું

**અટ્ઠંસા**-આઠમા ભાગનું

**ગો**-ગાય

**મહિસ**-પાડા

**ઉટ્ટ**-ઉંટ

**ખરાઇ**-ગધેડાં વગેરેનું

**પણંસ**-પાંચમા ભાગનું

**સાણાઈ**-કુતરાં વગેરેનું

**દસમંસા**-દશમા ભાગનું

**ઇચ્ચાઈ**-ઇત્યાદિ

**તિરચ્છાણવિ**-તિર્યંચોનું પણ

**પાયં**-પ્રાયે, ઘણા ભાગે

**સવ્વારએસુ**-સર્વ આરાઓમાં

**સારિચ્છં**-સરખું

**તઇઆરસેસિ**-ત્રીજો આરો (કાંઇક) બાકી હોય ત્યારે

**કુલગર**-કુલકર

**ણય**-નીતિ

**જિણધમ્માઇ**-જિનધર્માદિકની

**ઉપ્પત્તી**-ઉત્પત્તિ

**અર્થ:**—હાથી વગેરેનું મનુષ્યના આયુષ્ય જેટલું, ઘોડા વગેરેનું મનુષ્યના આયુષ્યના ચોથા ભાગ જેટલું, બકરા વગેરેનું આઠમા ભાગ જેટલું; બળદ, પાડા, ઉંટ, ગધેડા વગેરેનું પાંચમા ભાગ જેટલું અને કુતરા વગેરેનું દશમા ભાગ જેટલું આયુષ્ય હોય છે. એ પ્રમાણે પ્રાયે તિર્યંચોનું સર્વ આરાઓમાં સરખાપણું જાણવું. ત્રીજો આરો કાંઈક બાકી રહે ત્યારે કુલકરની, તીર્થંકરની અને ધર્માદિની ઉત્પત્તિ થાય છે. ૯૮–૯૯

**વિવેચનઃ**—હાથી, સિંહ, અષ્ટાપદ વગેરેનું આયુષ્ય મનુષ્યના આયુષ્ય જેટલું હોય છે. ઘોડા, ખચ્ચર વિગેરેનું આયુષ્ય મનુષ્યના આયુષ્યના ચોથા ભાગ જેટલું હોય છે. બકરા, ઘેટા વિગેરેનું આયુષ્ય મનુષ્યના આયુષ્યના આઠમા ભાગ જેટલું હોય છે. બળદ, પાડા, ઉંટ, ગધેડા વિગેરેનું આયુષ્ય મનુષ્યના આયુષ્યના પાંચમા ભાગ જેટલું હોય છે. કુતરા, વરૂ, ચિત્તા વિગેરે મનુષ્યના આયુષ્યના દશમા ભાગના આયુષ્યવાળા હોય છે. ઈત્યાદિ તિર્યંચોનું પણ આયુષ્ય પ્રાયે કરીને સર્વ એટલે છએ આરાને વિષે સમાન એટલે મનુષ્યના આયુષ્યથી ઉપર જણાવેલા અંશ પ્રમાણ હોય છે. જે જે આરામાં મનુષ્યનું જેટલું આયુષ્ય કહ્યું છે તેની અપેક્ષાએ તે તે આરામાં તેટલામે ભાગે તે તે તિર્યંચોનું આયુષ્ય જાણવું. તથા ત્રીજો આરો કાંઇક શેષ રહે ત્યારે કુલકરોની, નીતિની, તીર્થંકરની અને ધર્મ, અગ્નિ વિગેરેની ઉત્પત્તિ થાય છે. ૯૮–૯૯

કયા આરામાં પહેલા અને છેલ્લા તીર્થંકરની ઉત્પત્તિ તથા નિર્વાણ થાય તે કહે છેઃ—

**કાલદુગે તિચઉત્થા-રગેસુ એગૂણણવઇપકખેસુ;**
**સેસિ ગએસું સિજ્ઝં-તિ હુંતિ પઢમંતિમજિણિંદા. ૧૦૦**

**કાલદુગે**-બે કાળમાં
**તિચઉત્થારગેસુ** ત્રીજા ચોથા આરામાં
**એગુણનવઇ**-નેવ્યાસી
**પક્ખેસુ**-પખવાડીયા
**સેસિ**-બાકી રહેતાં
**ગએસુ**-ગયે છતે
**સિજ્ઝંતિ**-સિદ્ધ થાય છે
**પઢમંતિમ**-પહેલા અને છેલ્લા
**જિણંદા**-જિનેશ્વરો

**અર્થઃ**—બંને કાલને વિષે-એટલે અવસર્પિણીના ત્રીજા અને ચોથા આરાના ૮૯ પખવાડીયા શેષ રહે ત્યારે પહેલા અને છેલ્લા જિનેશ્વર સિદ્ધ થાય છે. અને ઉત્સર્પિણીના બંને આરાના ૮૯ પખવાડીયા જાય ત્યારે પહેલા અને છેલ્લા જિનેશ્વર જન્મે છે. ૧૦૦

**વિવેચનઃ**—અવસર્પિણીમાં ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહે ત્યારે પહેલા તીર્થંકર સિદ્ધિપદને પામે અને તેનાજ ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહે ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધિપદને પામે છે. ઉત્સર્પિણીને વિષે ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા જાય ત્યારે પ્રથમ તીર્થંકર જન્મે અને તેનાજ ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા જાય ત્યારે છેલ્લા તીર્થંકર જન્મે. ૧૦૦

**બાયાલસહસવરસૂ-ણિગકોડાકોડિઅયરમાણાએ;**
**તુરિએ નરાઉ પુવ્વા-ણ કોડિ તણુ કોસચઉરંસં. ૧૦૧**

| | |
|---|---|
| **બાયાલ**-બેંતાલીસ | **તુરિએ**-ચોથા |
| **ઊણ**-ઓછા | **ણરાઉ**-મનુષ્યનું આયુષ્ય |
| **ઇગ**-એક | **પુવ્વાણકોડિ**-પૂર્વ ક્રોડ વર્ષનું |
| **કોડાકોડિ**-ક્રોડાક્રોડી | **તણુ**-શરીર |
| **અયરમાણાએ**-સાગરોપમ પ્રમાણના | **કોસ**-ગાઉનો |
| | **ચઉરંસં**-ચોથો ભાગ |

**અર્થઃ—**બેંતાલીશ હજાર વર્ષ ઓછા એક કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળા ચોથા આરાને વિષે મનુષ્યોનું આયુષ્ય એક કોટિ પૂર્વનું હોય છે. ચોરાસી લાખને ચોરાસી લાખે ગુણીએ ત્યારે ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષે, એક પૂર્વ થાય છે. તથા તેમનું શરીર એક કોશનો ચોથો ભાગ એટલે પાંચસો ધનુષ પ્રમાણ ઉંચું હોય છે. ૧૦૧

પાંચમા આરાનું સ્વરૂપ કહે છેઃ—

**વરિસેગવીસસહસ-પ્પમાણપંચમરએ સગકરુચ્ચા;**
**તીસહિઅસયાઉ ણરા, તયંતિ ધમ્માઇઆણંતો. ૧૦૨**

| | |
|---|---|
| **વરિસ**-વર્ષ | **આઉ**-આયુષ્યવાળા |
| **પંચમરએ**-પાંચમા આરામાં | **તયંતિ**-તેના અન્તે |
| **સગકર**-સાત હાથ | **ધમ્માઇઆણ**-ધર્મ વગેરેનો |
| **ઉચ્ચા**-ઉંચા | **અંતો**-અંત, નાશ |
| **તિસહિયસય**-એક સો ત્રીસ | |

**અર્થઃ—**એકવીશ હજાર વર્ષના પ્રમાણવાળા પાંચમા

આરાને વિષે મનુષ્યો પ્રારંભમાં સાત હાથ ઉંચા હોય છે, તથા એક સો ને ત્રીશ વર્ષના આયુષ્યવાળા હોય છે. તેને અંતે એટલે પાંચમા આરાને છેડે ધર્માદિકનો નાશ થાય છે. ૧૦૨

પાંચામા આરાનું અંતનું સ્વરૂપ કહે છેઃ—

**ખારગ્ગિવિસાઇહિં, હાહાભૂઆકયાઇપુહવીએ;**
**ખગબીયવિઅડ્ઢાઇસુ, ણરાઇબીયં બિલાઇસુ. ૧૦૩**

| | |
|---|---|
| **ખાર**-ક્ષારની | **પુહવીએ**-પૃથ્વીમાં |
| **અગ્ગિ**-અગ્નિની | **ખગબીય**-પક્ષીનાં બીજ |
| **વિસાઇહિં** વિષાદિકની | **વિયડ્ઢાઇસુ**-વૈતાઢ્યાદિ પર્વતોમાં |
| **હાહાભૂઆકયાઈ**-હાહાકાર કરાએલી | **ણરાઈબીયં**-મનુષ્ય વગેરેનાં બીજ |
| | **બિલાઇસુ**-બિલોમાં |

**અર્થઃ**—લવણાદિક ક્ષાર, અગ્નિ અને વિષાદિકની વૃષ્ટિવડે હાહાભૂત કરેલી પૃથ્વી ઉપર પક્ષીનાં બીજ વૈતાઢ્ય વિગેરે પર્વતને વિષે અને મનુષ્ય અને પશુનું બીજ બિલ વિગેરેને વિષે રહેશે. ૧૦૩

બિલનું સ્વરૂપ કહે છેઃ—

**બહુમચ્છચક્કવહણઇ-ચઉક્કપાસેસુ ણવ ણવ બિલાઈ;**
**વેઅડ્ઢોભયપાસે, ચઉઆલસયં બિલાણેવં. ૧૦૪**

| | |
|---|---|
| **બહુ મચ્છ**-ઘણા મત્સ્યવાળી | **ઉભયપાસે**-બે પાસે (બાજુએ) |
| **ચક્કવહુ**-ચક્ર જેટલા પ્રવાહવાળી | **બિલાઈ**-બિલો |
| **ણઇચઉક્ક**-ચાર નદીઓના | **ચઉઆલસયં**-એક સો ચુમાલીસ |
| **પાસેસુ**-પડખે | **એવં**-એ પ્રમાણે |

અર્થ:—વૈતાઢ્ય પર્વતની બંને બાજુએ ઘણાં માછલાંવાળી અને ચક્રની ધારા જેવડા પ્રવાહવાળી નદીઓના ચાર તટને વિષે નવ નવ બિલ હોવાથી કુલ એકસો ચુંમાલીસ બીલો જાણવા. ૧૦૪

**વિવેચન:**—ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રના વૈતાઢ્ય પર્વતની ઉત્તર તથા દક્ષિણ બાજુએ ઘણાં માછલાં એટલે જળચર જીવોવાળી અને ચક્રની ધારા જેવડા પ્રવાહવાળી ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી નામની ચાર નદીઓ રહેશે. તેના બન્ને બાજુના તટને વિષે નવ નવ બિલો છે. એ પ્રમાણે સર્વ મળીને બિલો એક સો ને ચુમાળીશ થાય છે. તે આ પ્રમાણે:—દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં ગંગા ને સિંધુ એ બે નદીઓના ચાર તટ છે અને એ જ પ્રમાણે ઉત્તરાર્ધ ભરતમાં પણ તે બે નદીઓના ચાર તટ છે, બન્ને મળીને આઠ તટ થયા. તે દરેક તટને વિષે નવ નવ બિલો હોવાથી નવને આઠે ગુણતાં બહોંતેર બિલો ભરત ક્ષેત્રના એક વૈતાઢ્યના બંને બાજુના મળીને થયા. એ જ પ્રમાણે ઐરવત ક્ષેત્રમાં એક વૈતાઢ્ય છે. તે ક્ષેત્રની રક્તા અને રક્તવતી એ બે નદીઓના પણ આઠ તટ થાય અને તેને નવે ગુણતાં ૭૨ થાય. બંને મળીને જંબૂદ્વીપને વિષે ૧૪૪ બિલો છે. ૧૦૪

છઠ્ઠા આરામાં મનુષ્યાદિકનું સ્વરૂપ બે ગાથામાં કહે છે—

**પંચમસમછટ્ઠારે, દુકરુચ્ચા વીસવરિસઆઉ ણરા;**
**મચ્છાસિણો કુરુવા, કૂરા બિલવાસી કુગઇગમા. ૧૦૫**

| | |
|---|---|
| **પંચમસમ**–પાંચમા આરા સરખા | **મચ્છાસિણો**–મત્સ્ય ખાનારા |
| **છટ્ઠારે**–છટ્ઠા આરામાં | **કુરૂવા**–કદ્રૂપા |
| **દુકરૂચ્ચા**–બે હાથ ઉંચા | **કૂરા**–નિર્દય |
| **ણરા**–મનુષ્યો | **બિલવાસી**–બિલોમાં વસનારા |
| | **કુગઇગમા**–દુર્ગતિમાં જનારા |

**અર્થઃ**—પાંચમા આરાની જેટલા એટલે એકવીશ હજાર વર્ષના પ્રમાણવાળા છઠ્ઠા આરામાં મનુષ્યો બે હાથ ઉંચા હોય છે, વીશ વર્ષના આયુષ્યવાળા, મત્સ્યનો આહાર કરનારા, ખરાબ રૂપવાળા, ક્રૂર અધ્યવસાયવાળા, બિલમાં વસનારા અને મરીને નરક અને તિર્યંચ રૂપ કુગતિમાં જનારા હોય છે. ૧૦૫

**ણિલ્લજ્જા ણિવ્વસણા, ખરવયણા પિઅસુ-**
**આઇઠિઇરહિઆ;**
**થીઓ છવરિસગબ્ભા, અઇદુહપસવા બહુસુઆ ય.૧૦૬**

| | |
|---|---|
| **ણિલ્લજ્જા**–લજ્જા રહિત | **થીઓ**–સ્ત્રીઓ |
| **ણિવ્વસણા**–વસ્ત્રરહિત | **છવરિસગબ્ભા**–છ વર્ષમાં ગર્ભવાળી |
| **ખરવયણા**–કઠોર વચનવાળા | **અઇદુહ**–ઘણા દુઃખે |
| **પિઅસુઆઇ**–પિતા પુત્રાદિકની | **પસવા**–પ્રસવ કરનારી |
| **ઠિઇરહિઆ**–સ્થિતિ (વ્યવહાર રહિત) | **બહુસુઆ**–બહુ સંતાનવાળી |

**અર્થઃ**—તે છઠ્ઠા આરાના મનુષ્યો લજ્જારહિત, વસ્ત્ર-રહિત–નગ્ન, કઠોર વચન બોલનારા, પિતા પુત્ર વિગેરેના સ્થિતિ–મર્યાદા રહિત એટલે પિતા પુત્ર, સ્ત્રી પુરૂષ, ભાઇ

બેન વિગેરેની મર્યાદા વિનાના, સ્વતંત્ર વર્તણુકવાળા થશે. સ્ત્રીઓ છ વર્ષની વયે ગર્ભને ધારણ કરનારી, અતિ દુઃખે ગર્ભનો પ્રસવ કરનારી અને ઘણાં છોકરાંવાળી હોય છે. ૧૦૬

હવે સંપૂર્ણ કાળચક્ર કહે છેઃ—

**ઇઅ અરછક્કેણવસ-પ્પિણિ ત્તિ ઓસપ્પિણી વિ વિવરીઆ;**
**વીસં સાગરકોડા-કોડીઓ કાલચક્કમ્મિ. ૧૦૭**

ઇઅ-એ પ્રમાણે
**અરછક્કેણ**-છ આરા વડે
**વિવરીઆ**-વિપરીત
**સાગર**-સાગરોપમ
**કાલચક્કમ્મિ**-કાલ ચક્રમાં

**અર્થઃ**—આ પ્રમાણે એટલે ઉપર કહ્યા પ્રમાણે છ આરાએ કરીને અવસર્પિણી સમાપ્ત થાય છે. અને તેનાથી વિપરીત એવી ઉત્સર્પિણી પણ છ આરાવડે સમાપ્ત થાય છે. આ પ્રમાણે અવસર્પિણી અને ઉત્સર્પિણી રૂપ એક કાળચક્રને વિષે વીશ કોડાકોડિ સાગરોપમ પ્રમાણ કાળ જાય છે. ૧૦૭

**વિવેચનઃ**—એ પ્રમાણે પ્રથમ સુખમસુખમા આરાથી શરૂ કરીને છેલ્લા દુઃખમદુઃખમા રૂપ છ આરા મળીને એક અવસર્પિણી થાય છે. તેથી ઉલટી રીતે એટલે પહેલો દુઃખમ-દુઃખમા અને છેલ્લો સુખમસુખમા એ ક્રમે છ આરા મળીને એક ઉત્સર્પિણી થાય છે. જો કે ઉત્સર્પિણી અને અવસ-ર્પિણી બંનેમાં કાલનું પ્રમાણ સરખું છે તે છતાં બે જુદાં નામ રાખવાનું કારણ એ છે કે ઉત્સર્પિણીમાં બળ, બુદ્ધિ,

આયુષ્ય, સુખ વગેરે ભાવો ક્રમે ક્રમે વૃદ્ધિ પામે છે. ત્યારે તેનાથી ઉલટા સ્વરૂપવાળી અવસર્પિણીમાં તે બળ બુદ્ધિ વગેરે ધીમે ધીમે ઘટતા જાય છે. આ બંને મળીને એક કાલચક્ર કહેવાય છે. તેમાં ૨૦ કોડાકોડી સાગરોપમનો કાલ થાય છે. ૧૦૭

હવે ચાર યુગ્મ ક્ષેત્રને વિષે અનુક્રમે ચાર આરાનું સમાનપણું કહે છે:—

**કુરુદુગિ હરિરમ્મયદુગિ, હેમવએરણ્ણવઇદુગિ વિદેહે;**
**કમસો સયાવસપ્પિણિ, અરયચઉક્કાઇસમકાલો. ૧૦૮**

| | |
|---|---|
| કુરૂદુગિ–દેવકુરૂ અને ઉત્તર કુરૂમાં | અરય ચઉક્ક–ચાર આરાના |
| કમસો–અનુક્રમે | આઇસમ કાલો–પ્રારંભ જેવો કાળ |

**અર્થ:**—દેવકુરૂ અને ઉત્તરકુરૂના યુગલમાં, હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રના યુગલમાં, હેમવંત અને ઐરવત ક્ષેત્રના યુગલમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં અનુક્રમે અવસર્પિણીના ચાર આરાના આદિ કાલ જેવો કાલ સદા કાલ હોય છે. ૧૦૮

**વિવેચન:**—બે કુરૂ ક્ષેત્રમાં એટલે દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં, હરિવર્ષ અને રમ્યક એ બે ક્ષેત્રમાં, હૈમવત અને ઐરણ્યવત એ બે ક્ષેત્રમાં તથા વિદેહમાં એટલે પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ એ બે ક્ષેત્રમાં અનુક્રમે સદાકાળ અવસર્પિણીના ચાર આરાના પ્રારંભના જેવો કાળ વર્તે છે. એટલે દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રમાં સુષમસુષમા નામના પહેલા આરાના પ્રારંભ કાળ જેવો કાળ સદા વર્તે

છે. હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં સુષમા નામના બીજા આરાના આરંભ કાળ જેવો કાળ સદા વર્તે છે, હૈમવંત અને ઐરણ્યવત ક્ષેત્રમાં સુષમદુષમા નામના ત્રીજા આરાના આરંભ કાળ જેવો કાળ સદા વર્તે છે, દુષમસુષમા નામના ચોથા આરાના આરંભ જેવો કાળ મહાવિદેહમાં સદા વર્તે છે. ૧૦૮

હવે વૃત્ત વૈતાઢયનું સ્વરૂપ બે ગાથાવડે કહે છેઃ—

**હેમવએરણ્ણવએ, હરિવાસે રમ્મએ ય રયણમયા;**
**સદ્દાવઇ વિઅડાવઇ, ગંધાવઇ માલવંતકખા. ૧૦૯**
**ચઉ વટ્ટવિઅઢ્ઢા સા–ઇઅરુણપઉમપ્પભાસસુરવાસા;**
**મૂલુવરિ પિહુત્તે તહ, ઉચ્ચત્તે જોયણસહસ્સં. ૧૧૦**

**રયણમયા**–રત્નમય
**સદ્દાવઇ**–શબ્દાપાતી
**વિયડાવઇ**–વિકટાપાતી
**ગંધાવઇ**–ગંધાપાતી
**માલવંતકખા**–માલ્યવંત નામના
**વટ્ટવિઅઢ્ઢા**–ગોળ વૈતાઢ્ય
**સાઇ**–સ્વાતિદેવ
**અરૂણ**–અરૂણદેવ
**પઉમ**–પદ્મદેવ
**પભાસ**–પ્રભાસ દેવ
**સુરવાસા**-દેવતાના આવાસવાળા
**મૂલુવરિ**–મૂલમાં અને ઉપર
**પિહુત્તે**–પહોળાઇમાં
**ઉચ્ચત્તે**–ઉંચાઇમાં

**અર્થઃ**—હેમવંત ક્ષેત્રમાં, ઐરણ્યવત ક્ષેત્રમાં, હરિવર્ષ ક્ષેત્રમાં અને રમ્યક ક્ષેત્રમાં સર્વ રત્નમય અનુક્રમે શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી અને માલ્યવાન એ નામના ચાર ગોળ વૈતાઢ્ય પર્વતો છે. તેમાં અનુક્રમે સ્વાતિ, અરૂણ, પદ્મ અને પ્રભાસ નામના ચાર દેવોના



**મહાવિદેહ ક્ષેત્રના મધ્ય ભાગમાં આવેલ મેરૂ પર્વત.**

પૃ. ૧૨૫ ગા. ૧૧૧

આવાસો છે. તે ચારે પર્વતો એક હજાર યોજન મૂળને વિષે તથા ઉપર (શિખરને) વિષે પહોળા છે. તથા ઉંચપણાને વિષે એક હજાર યોજન છે. ૧૦૯–૧૧૦

**વિવેચનઃ**—હેમવંત ક્ષેત્ર, ઐરણ્યવત ક્ષેત્ર, હરિવર્ષ ક્ષેત્ર તથા રમ્યક ક્ષેત્ર એ ચાર યુગલિક ક્ષેત્રોમાં મધ્ય ભાગમાં એક એક ગોળ વૈતાઢય રત્નમય છે. તેમાં હેમવત ક્ષેત્રમાં શબ્દાપાતી નામનો વૃત્ત વૈતાઢય છે તેની ઉપર સ્વાતિ નામના દેવનો નિવાસ છે. ઐરણ્યવત ક્ષેત્રમાં વિકટાપાતી નામનો વૃત્ત વૈતાઢય છે તેની ઉપર અરૂણ દેવનો આવાસ છે, હરિવર્ષ ક્ષેત્રમાં ગંધાપાતી નામનો વૃત્ત વૈતાઢય છે તેની ઉપર પદ્મદેવનો આવાસ છે અને રમ્યક ક્ષેત્રમાં માલ્યવાન નામે વૃત્ત વૈતાઢય છે; તેની ઉપર પ્રભાસદેવનો આવાસ છે. આ ચારે વૃત્ત વૈતાઢયની મૂલમાં એક હજાર યોજન પહોળાઈ છે. તથા શિખર ઉપર પણ એક હજાર યોજન પહોળાઈ છે. તેમજ ઉંચાઈ પણ હજાર યોજનની છે. ૧૦૯–૧૧૦

હવે મેરૂ પર્વતનું સ્વરૂપ કહે છે—

**મેરુ વટ્ટો સહસ્સ–કંદો લક્ખૂસિઓ સહસ્સુવરિં;**
**દસગુણ ભુવિ તં સણવઈ, દસિગારંસ પિહુલમૂલે. ૧૧૧**

**વટ્ટો**–ગોળ આકારવાળો
**કંદો**–કંદવાળો
**લક્ખૂસિઓ**–લાખ યોજન ઉંચો
**ભુવિ**–પૃથ્વી ઉપર
**સણવઈ**–નેવુ યોજન સહિત
**દસિગારંસ**–અગિઆરીઆ દશ ભાગ
**પિહુલમૂલે**–મૂલમાં પહોળો

**અર્થઃ**—મેરૂ પર્વત વર્તુલ–ગોળ છે. તેનો એક હજાર યોજન પ્રમાણ કંદ છે. તે લાખ યોજન ઉંચો છે. તથા એક

હજાર યોજન શિખર ઉપર વિસ્તારવાળો—પહોળો છે તેથી દશગુણો પૃથ્વીતળ ઉપર પહોળો છે. તથા તેમાં નેવું યોજન અને એક યોજનના અગીયારિયા દશ ભાગ નાંખીએ તેટલો મૂળને વિષે પહોળો છે. ૧૧૧

**વિવેચનઃ**—મેરૂ પર્વત મહાવિદેહ ક્ષેત્રની વચમાં આવેલો છે. તે ગોળાકારે છે. તેનો કંદ એક હજાર યોજનનો છે. એટલે તે જમીનમાં એક હજાર યોજન ઉંડો છે. તેની એક લાખ યોજનની ઉંચાઈ છે. એટલે એક હજાર યોજન જમીનમાં આવેલો છે. અને નવાણુ હજાર યોજન બહાર છે. એ પ્રમાણે લાખ યોજન ઉંચો છે. તેની શિખર ઉપર એક હજાર યોજનની પહોળાઈ છે. અને પૃથ્વી તળ આગળ તેથી દશ ગુણી એટલે દશ હજાર યોજન પહોળાઈ છે. તથા મૂલમાં એટલે કંદને વિષે તે દશ હજારમાં નેવું યોજન અને અગિઆરીઆ દશ ભાગ અધિક કરીએ એટલે દશ હજાર નેવું જોજન અને અગિઆરીઆ દશ ભાગની પહોળાઈ છે. ૧૧૧

મેરૂના ત્રણ કાંડ કહે છેઃ—

**પુઢવુવલવયરસક્કર–મયકંદો ઉવરિ જાવ સોમણસં;**
**ફલિહંકરયયકંચણ–મઓ અ જંબૂણઓ સેસો. ૧૧૨**

| | |
|---|---|
| **પુઢવી**–પૃથ્વી | **ફલિહ**–સ્ફટિક રત્ન |
| **ઉવલ**-પત્થર | **અંક**–અંક રત્ન |
| **વયર**–વજ્રરત્ન | **રયય**–રજત, રૂપું |
| **સક્કરમય**–કાંકરાવાળો | **કંચણમઓ**–કંચન મય |
| **જાવ**=સુધી | **જંબૂણઓ**–જાંબૂનદ સુવર્ણવાળો |
| **સોમણસં**-સોમનસ વન | **સેસો**–બાકીનો ભાગ |

**અર્થ**:—મેરૂનો કંદ પૃથ્વી, પાષાણ, વજ્ર અને કાંકરામય છે. ત્યાંથી ઉપર સોમનસ વન સુધી સ્ફટિક, રત્ન, અંકરત્ન, રૂપું અને સુવર્ણમય છે. બાકીનો રક્ત સુવર્ણમય છે. ૧૧૨

**વિવેચનઃ**—પૃથ્વી એટલે માટી, ઉપલ એટલે પાષાણ વજ્ર એટલે હીરા અને શર્કરા એટલે કાંકરા આ ચાર વસ્તુમય મેરૂ પર્વતનો કંદ છે. મેરૂ પર્વત પૃથ્વીમાં એક હજાર યોજન પ્રમાણ ઉંડો છે. તે મેરૂનો કંદ કહેવાય છે તે કંદ આ ચાર વસ્તુમય છે. એ મેરૂનો પહેલો કાંડ સમજવો. ૧ પછી ભૂમિથી ઉપર સોમનસ નામનું વન આવે ત્યાંસુધી સ્ફટિકરત્ન, અંકરત્ન, રૂપું અને કંચન એટલે સુવર્ણ એ ચારમય ત્રેસઠ હજાર યોજનનો આ બીજો કાંડ છે. ૨ તથા બાકીનો મેરૂ પર્વત એટલે સોમનસ વનથી શિખર સુધી રક્ત સુવર્ણમય છે. આ છત્રીશ હજાર યોજનનો ત્રીજો કાંડ છે. આ પ્રમાણે એક હજાર યોજનનો પ્રથમ કાંડ, ત્રેસઠ હજાર યોજનનો બીજો કાંડ અને છત્રીશ હજાર યોજનનો ત્રીજો કાંડ મળીને લાખ યોજન પૂર્ણ થાય છે. (અહીં એટલું વિશેષ જાણવાનું છે કે—પહેલો કાંડ હજાર યોજનનો છે તેમાં પ્રથમથી અઢીસો અઢીસો યોજન માટી, પાષાણ, હીરા અને કાંકરામય છે. એ જ રીતે ત્રેસઠ હજારના બીજા કાંડમાં પણ પંદર હજાર સાતસો ને પચાસ યોજન સ્ફટિકરત્નમય ૧૫૭૫૯ અંકરત્નમય, ૧૫૭૫૯ રૂપામય અને ૧૫૭૫૯ સુવર્ણમય છે તથા ત્રીજો કાંડ એકલા રક્તસુવર્ણમય છે. આ બાબતમાં બીજે એમ પણ જણાવ્યું છે કે

પહેલા કાંડનાં હજાર યોજન સુધી માટી વગેરે ચારેની મિશ્રતા છે. તેવીજ રીતે બીજા કાંડમાં પણ સળંગ સુધી મિશ્રતા જાણવી- ત્રીજો કાંડ એકલા રક્તસુવર્ણમય કહ્યો છે એટલે ત્યાં મિશ્રતા નથી. તોપણ ત્યાં બીજી થોડી થોડી વસ્તુઓ હોવાથી તેની વિવક્ષા કરી નથી એમ સમજવું. ૧૧૨

મેરૂની ચૂલિકાનું સ્વરૂપ કહે છે:—

**તદુવરિ ચાલીસુચ્ચા, વટ્ટા મૂલુવરિ બાર ચઉ પિહુલા;**
**વેરુલિયા વરચૂલા, સિરિભવણપમાણચેઇહરા. ૧૧૩**

| | |
|---|---|
| **તદુવરિ**–તેની ઉપર | **સિરિ ભવણ**–શ્રીદેવીના ભવન સમાન. |
| **વેરૂલિયા**–વૈડૂર્ય રત્નની | |
| **વરચૂલા**–ઉત્તમ ચૂલિકા | **ચેઇહરા**–ચૈત્યવાળી |

**અર્થ:**—તે મેરૂ પર્વતની ઉપર ચાલીસ યોજન ઉંચી ગોળાકારે, મૂળમાં અને ઉપર બાર અને ચાર યોજન પહોળી, વૈડૂર્ય રત્નની ઉત્તમ ચૂલિકા છે. તેના ઉપર શ્રીદેવીના ભવન પ્રમાણ ચૈત્યગૃહ છે. ૧૧૩

**વિવેચન:**—લાખ યોજન ઉંચા તે મેરૂપર્વતની ટોચ ઉપર ચૂલિકા છે. તે ચૂલિકા ચાળીશ યોજન ઉંચી છે. ગોળાકાર છે. મૂળમાં બાર યોજન પહોળી અને ઉપર ચાર યોજન પહોળી છે. વૈડૂર્ય રત્નની છે. (આ ચૂલિકાની વચમાં પહોળાઈ જાણવા માટે પાનું ૧૯મું જુઓ.) તે ચૂલિકા ઉપર જિનભવન આવેલું છે. તે જિનભવન શ્રીદેવીના ભવન જેટલું એટલે ૧ ગાઉ લાંબુ, ૦।। ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ્ય ઉંચું છે. ૧૧૩

હવે પંડક વનનું સ્વરૂપ કહે છે:—

**ચૂલાતલાઉ ચઉસય, ચઉણવઇ વલયરુવવિક્ખંભં;**
**બહુજલકુંડં પંડગ–વણં ચ સિહરે સવેઇઅં. ૧૧૪**

| | |
|---|---|
| **ચૂલાતલાઉ**-ચૂલિકાના મૂળથી | **બહુજલકુંડં**-ઘણા પાણીવાળા કુંડવાળું |
| **ચઉણવઇ**-ચોરાણું | **પંડગવણં**-પાંડુકવન |
| **વલયરૂવ**-વલય રૂપ | **સવેઇઅં**-વેદિકા સહિત. |
| **વિક્ખંભં**-વિષ્કંભવાળું | |

**અર્થ**:—ચૂલિકાના તળથી શિખર તળને વિષે ચારસો ચોરાણું યોજન વલયાકારે વિષ્કંભરૂપ, ઘણા જળના કુંડોવાળું, વેદિકા સહિત પાંડુક વન આવેલું છે. ૧૧૪

**વિવેચન**:--મેરૂ પર્વતના શિખરને વિષે પાંડુકવન આવેલું છે. તે મેરૂની ચૂલિકાને ફરતું ચારે બાજુ વલયાકારે આવેલું છે. તેની વલયાકાર પહોળાઇ ચારસો ચોરાણું યોજન પ્રમાણ છે. કારણ કે મેરૂનું શિખર એક હજાર યોજન ગોળાકારે પહોળું છે. તેમાં વચ્ચે ગોળાકાર બાર યોજન પહોળી ચૂલિકા છે. તે હજારમાંથી બાદ કરતાં ૯૮૮ યોજન બાકી રહે. ચૂલિકા વચમાં હોવાથી બંને બાજુ તેના અર્ધ પ્રમાણ એટલે ૪૯૪ યોજન પ્રમાણ ગોળાકારે તે પંડક વન જાણવું. વળી તે વનમાં આવેલા કુંડોમાં ઘણું જળ છે. તેમ જ વનને ચારે બાજુ ફરતી વેદિકા આવેલી છે. ૧૧૪

પંડકવનમાં આવેલા જિનભવનો અને પ્રાસાદોનું સ્વરૂપ કહે છેઃ—

**પણ્ણાસજોઅણેહિં, ચૂલાઓ ચઉદિસાસુ જિણભવણા;**
**સવિદિસિ સક્કીસાણં, ચઉવાવિજુઆ ય પાસાયા. ૧૧૫**

| | |
|---|---|
| **પણ્ણાસ**-પચાસ | **સક્કીસાણં**-શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના |
| **ચૂલાઓ**-ચૂલિકાથી | **વાવિજુઆ**-વાપિકા યુક્ત |
| **સવિદિશિ**-પોત પોતાની વિદિશામાં | **પાસાયા**-પ્રાસાદો |

**અર્થ**—આ પંડકવનમાં ચૂલિકાની ચારે દિશામાં ચૂલિકાથી પચાસ યોજન દૂર એક એક જિનભવન આવેલું છે એટલે ચારે દિશામાં થઈને ચાર જિનભવન છે. તથા પોતાની ( ચૂલિકાની ) વિદિશામાં સૌધર્મ ઇંદ્રના અને ઈશાન ઇંદ્રના ચાર વાવોવડે યુક્ત પ્રાસાદો આવેલા છે. એટલે કે અગ્નિ અને નૈઋત ખૂણામાં શક્રેંદ્રના બે પ્રાસાદો આવેલા છે અને તે દરેકની ચાર દિશાએ ચાર વાવડીઓ છે. વાયવ્ય તથા ઈશાન ખૂણામાં ઇશાનેંદ્રના બે પ્રાસાદો છે. તે દરેકની ચારે દિશાએ ચાર વાવડીઓ છે. ૧૧૫.

તે જિનભવનો અને પ્રાસાદોનું પ્રમાણ કહે છેઃ—

**કુલગિરિચેઇહરાણં, પાસાયાણં ચિમે સમટ્ઠગુણા;**
**પણવીસરુંદદુગુણા-યામાઉ ઇમાઉ વાવીઓ. ૧૧૬**

| | |
|---|---|
| **ચેઇહરાણં**-ચૈત્યો | **રુંદ**-વિસ્તારવાળી |
| **ઇમે**-આ | |
| **સમટ્ઠગુણા**-સરખા અને આઠગુણા | **આયામાઉ**-લંબાઇવાળી |

**અર્થ**:—કુલગિરિ ઉપર આવેલા ચૈત્યગૃહો અને પ્રાસાદોથી આ ( ચૈત્યો અને પ્રાસાદો ) અનુક્રમે સરખા અને આઠ ગુણા છે. અને તે વાવો પચીસ યોજન પહોળી અને બમણી લાંબી છે. ૧૧૬

**વિવેચન**—કુલગિરિ ઉપર આવેલા ચૈત્યગૃહો એટલે જિનભવનો અને પ્રાસાદોથી આ પંડકવનના જિનભવનો અને પ્રાસાદો અનુક્રમે સરખા અને આઠ ગુણા છે. એટલે કે કુલગિરિ ઉપર રહેલા જિનભવનોની જેટલા જ પ્રમાણુવાળા પંડકવનના જિનભવનો છે અને કુલગિરિ ઉપર રહેલા પ્રાસાદોથી આઠ ગુણા પ્રમાણવાળા પંડકવનના પ્રાસાદો છે. જેમકે–કુલગિરિના જિનભવન ૫૦ યોજન લાંબા, ૨૫ યોજન પહોળા અને ૩૬ યોજન ઉંચા છે; તેવા જ પંડકવનના જિનભવનો છે; તથા કુલગિરિના પ્રાસાદો ૧૨૫ કોશ લાંબા તથા પહોળા છે તેને આઠ ગુણા કરતાં ૧૦૦૦ કોશ થાય તેને ચારે ભાગતાં ૨૫૦ યોજન લાંબા અને પહોળા પંડકવનના પ્રાસાદો છે. કુલગિરિના પ્રાસાદ ૨૫૦ કોશ ઉંચા છે તેને આઠ ગુણા કરતાં ૨૦૦૦ કોશ થાય તેને ચારે ભાગતાં ૫૦૦ યોજન ઉંચા તે પંડકવનના પ્રાસાદો છે.

## પંડકવનના જિનભવન તથા પ્રાસાદની સ્થાપના.

| નામ | લંબાઈ | પહોળાઈ | ઉંચાઇ |
|---|---|---|---|
| કુલગિરિના જિનભવન | ૫૦ યોજન | ૨૫ યોજન | ૩૬ યોજન |
| પંડકવનના જિનભવન | ૫૦ યોજન | ૨૫ યોજન | ૩૬ યોજન |
| કુલગિરિના પ્રાસાદ | ૧૨૫ કોશ | ૧૨૫ કોશ | ૨૫૦ કોશ |
| પંડકવનના પ્રાસાદ | ૨૫૦ યોજન | ૨૫૦ યોજન | ૫૦૦ યોજન |

હવે તે દરેક પ્રાસાદની ચારે દિશાએ જે એક એક વાવ છે. તે વાવો પચીશ યોજન પહોળી અને બમણી એટલે પચાસ યોજન લાંબી છે. તે વાવડીઓનાં નામો ઈશાન ખૂણાના પ્રાસાદથી પ્રદક્ષિણાના અનુક્રમે આ પ્રમાણે જાણવા:—તેમાં ઇશાન ખૂણાના પ્રાસાદની ફરતી પુંડ્રા ૧, પુંડ્રપ્રભા ૨, રક્તા ૩ અને રક્તવતી ૪ નામની વાવડીઓ છે. અગ્નિ ખૂણાના પ્રાસાદની ફરતી ક્ષીરરસા ૧, ઇક્ષુરસા ૨, અમૃતરસા ૩ અને વારૂણીરસા ૪ નામની છે. નૈઋત ખૂણાના પ્રાસાદની ફરતી શંખોત્તરા ૧, શંખા ૨, શંખાવર્તા ૩ અને બલાહકા ૪ નામથી છે. તથા વાયવ્ય ખૂણાના પ્રાસાદની ફરતી પુષ્પોત્તરા ૧, પુષ્પવતી ૨, સુપુષ્પા ૩ અને પુષ્પમાલિની ૪ નામની છે. ૧૧૬

તે પંડકવનમાં જિનભવનની આગળ ચાર શિલાઓ છે તેનું સ્વરૂપ કહે છે:—

**જિણહરબહિદિસિ જોઅણ-પણસય દીહદ્ધપિહુલ ચઉઉચ્ચા;**
**અદ્ધસસિસમા ચઉરો, સિઅકણયસિલા સવેઇઆ. ૧૧૭**

| | |
|---|---|
| જિણહર-જિન ભુવનથી | અદ્ધસસિસમા-અર્ધચંદ્રસમાન |
| બહિદિસિ-બહારની દિશાએ | સિય-ધોળા |
| અદ્ધ પિહુલ-અર્ધી પહોળાઇ-વાળી | સિલા-શિલાઓ |
| | સવેઇઆ-વેદિકા સહિત |

**અર્થ**:—તે પંડકવનમાં જિનભવનની બહારની દિશામાં (ભાગમાં) પાંચ સો યોજન લાંબી, તેનાથી અર્ધ

એટલે અઢીસો યોજન પહોળી અને ચાર યોજન ઉંચી તથા અર્ધ ચંદ્રના આકારવાળી અને વેદિકા સહિત ચાર શ્વેત સુવર્ણની શિલાઓ છે. ૧૧૭

તે શિલાઓ ઉપર રહેલાં સિંહાસનોનું પ્રમાણ કહે છેઃ—

**સિલમાણટ્ઠસહસ્સંસમાણસીહાસણેહિં દોહિં જુઆ;**
**સિલ પંડુકંબલા રત્તકંબલા પુવ્વપચ્છિમઓ. ૧૧૮**

| | |
|---|---|
| **સિલમાણ**-શિલાના પ્રમાણથી | **જુઆ**-સહિત |
| **અટ્ઠસહસ્સ**-આઠ હજાર | **પંડુકંબલા**-પાંડુકંબલા |
| **અંસમાણ**-ભાગ પ્રમાણ | **રત્તકંબલા**-રક્ત કંબલા |
| **સિંહાસણેહિં**-સિંહાસનો વડે | **પુવ્વપચ્છિમઓ**-પૂર્વ અને પશ્ચિમમાં |
| **દોહિં**-બે | |

**અર્થ**:—શિલાનું જે પ્રમાણ કહ્યું તેના આઠ હજારમા ભાગના પ્રમાણવાળા બે સિંહાસનો વડે યુક્ત પૂર્વ અને પશ્ચિમ દિશાને વિષે અનુક્રમે પાંડુકંબલા અને રક્તકંબલા નામની શિલા છે. ૧૧૮

**વિવેચનઃ**—પાંડુકવનમાં પૂર્વ દિશામાં પાંડુકંબલા નામની શિલા છે અને પશ્ચિમ દિશામાં રક્તકંબલા નામની શિલા છે. તે બન્ને શિલા ઉપર બે બે સિંહાસન છે. કારણ કે આ બે સિંહાસનો ઉપર મહાવિદેહમાં જન્મેલા તીર્થંકરોનો અભિષેક થાય છે અને ત્યાં બે તીર્થંકરો એક એક દિશામાં એક સાથે ઉપજે છે. તે સિંહાસનોનું પ્રમાણ શિલાના પ્રમાણના આઠ હજારમા ભાગ જેટલું છે. તે આ

પ્રમાણે—શિલાઓ પાંચ સો યોજન લાંબી, અઢી સો યોજન પહોળી અને ચાર યોજન ઉંચી છે. તેને આઠ હજારે ભાગવા માટે પ્રથમ કોશ કરવા સારૂ ચારે ગુણતાં અનુક્રમે ૨૦૦૦–૧૦૦૦–૧૬ કોશ થાય છે. તેને ધનુષ કરવા માટે બે હજારે ગુણતાં અનુક્રમે ૪૦૦૦૦૦૦–૨૦૦૦૦૦૦–૩૨૦૦૦ ધનુષ થાય છે. તેને આઠ હજારે ભાગ દેતાં અનુક્રમે તે સિંહાસનો ૫૦૦ ધનુષ લાંબા, ૨૫૦ ધનુષ પહોળા અને ૪ ધનુષ ઉંચા હોય છે. (યોજનને ૮૦૦૦ વડે ભાગતાં જેટલા યોજન એટલા ધનુષ આવે એમ સમજવું. કારણ કે એક યોજનના ૮૦૦૦ ધનુષ્ય થાય છે.) ૧૧૮

**જામુત્તરાઉ તાઓ, ઇગેગસીહાસણાઉ અઇપુવ્વા;**
**ચઉસુ વિ તાસુ નિયાસણ–દિસિ ભવજિણમજ્જણં**
**હોઈ. ૧૧૯**

**જામુત્તરાઓ**–દક્ષિણ અને ઉત્તરની
**તાઓ**–તે બે શિલાઓ
**ઇગેગ**–એક એક
**સીહાસણાઓ**–સિંહાસનવાળી
**અઇપુવ્વા**–'અતિ' પૂર્વક
**ચઉસુવિ**–ચારે પણ શિલાઓ ઉપર
**તાસુ**–તે
**નિઆસણ**–પોતાના આસનની
**દિસિભવ**–દિશામાં થએલા
**જિણમજ્જણં**–જિનેશ્વરનું સ્નાત્ર

**અર્થ**:—દક્ષિણ અને ઉત્તર દિશાની તે શિલાઓ એક એક સિંહાસનવાળી છે. અને અતિ શબ્દ પૂર્વક નામવાળી છે. આ ચારે શિલાઓને વિષે પોતપોતાના સિંહાસનની દિશામાં ઉત્પન્ન થએલા જિનેશ્વરોનો સ્નાત્ર મહોત્સવ થાય છે. ૧૧૯

**વિવેચન**:—તે પાંડુકવનમાં દક્ષિણ દિશાએ અને ઉત્તર દિશાએ રહેલી તે બે શિલાઓ 'અતિ' શબ્દ પૂર્વક નામવાળી છે. એટલે કે દક્ષિણ દિશાએ અતિપાંડુકંબલા નામની અને ઉત્તર દિશાએ અતિરક્તકંબલા નામની તે શિલાઓ છે. તે બન્ને શિલા ઉપર, ઉપર જણાવેલા પ્રમાણવાળું એક એક સિંહાસન છે. તે ચારે શિલાઓ ઉપર પોતપોતાના સિંહાસનની તરફ રહેલી દિશામાં જન્મેલા જિનેશ્વરનો મજ્જન એટલે જન્માભિષેકનો (સ્નાત્ર) મહોત્સવ થાય છે. પૂર્વ અને પશ્ચિમ દિશાની જે બે શિલા છે તે દક્ષિણ ઉત્તર લાંબી છે અને પૂર્વ પશ્ચિમ પહોળી છે, તથા દક્ષિણ અને ઉત્તર દિશામાં જે બે શિલા છે તે પૂર્વ પશ્ચિમ લાંબી છે અને દક્ષિણ ઉત્તર પહોળી છે. વળી તે શિલાઓ અર્ધ ચંદ્રાકારે હોવાથી તેની વક્રતા અંદરની દિશામાં છે કે બહારની દિશામાં છે? એ બાબત વિકલ્પ છે. તથા પાંડુકંબલા અને રક્તકંબલા એ બે શિલા ઉપર બબે સિંહાસન હોવાથી ચાર સિંહાસન છે. તેનું કારણ એ કે—પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહમાં એકી વખતે બબે તીર્થંકરોનો જન્મ થાય તે વખતે એકી સાથે ચારે તીર્થંકરોનો જન્માભિષેક થઈ શકે છે, અને અતિપાંડુકંબલા તથા અતિરક્તકંબલા એ બે શિલા ઉપર એક એક સિંહાસન છે તેથી ભરત અને ઐરવત ક્ષેત્રમાં એકી વખતે એકેક તીર્થંકરનો જન્મ થાય ત્યારે તે બન્નેનો સ્નાત્રમહોત્સવ પણ એકી સાથે થઈ શકે છે; તેથી સર્વ મળીને છ સિંહાસનો છે. ૧૧૯

સૌમનસ વનનું સ્વરૂપ કહે છેઃ—

**સિહરા છત્તીસેહિં, સહસેહિં મેહલાઈ પંચ સએ;**
**પિહુલં સોમણસવણં, સિલવિણુ પંડગવણસરિચ્છં.૧૨૦**

| | |
|---|---|
| **સિહરા**-શિખરથી | **પિહુલં**-પહોળાઈવાળું |
| **છત્તીસેહિં**-છત્રીસ | **સોમણસવણં**-સોમનસ વન |
| **મેહલાઈ**-મેખલાને વિષે | **સિલવિણુ**-શિલા વિના |
| **પંચસએ**-પાંચસો યોજન | **સરિચ્છં**-સરખું |

**અર્થઃ**—શિખર ઉપરથી છત્રીસ હજાર યોજન નીચે પાંચસો યોજન પહોળી મેખલાને વિષે સોમનસ નામે વન છે. તે શિલા વિના પંડગવન સરખું છે. ૧૨૦

**વિવેચનઃ**—મેરૂ પર્વતના શિખરથી નીચે છત્રીશ હજાર (૩૬૦૦૦) યોજન ઉતરીએ એટલે મેરૂના મૂલથી ચોસઠ હજાર યોજન ઉંચે આવીએ ત્યારે ત્યાં પાંચ સો યોજન પહોળી વલયને આકારે મેખલા છે. તે મેખલામાં પાંચ સો યોજન પહોળું વલયને આકારે સૌમનસ નામનું વન છે. તે વન પડંગવન સરખું છે, પરંતુ તેમાં શિલાઓ નથી. એટલે પંડકવનની પેઠે આ સોમનસ વનમાં ચાર દિશાએ ચાર જિનભવન છે, ચાર વિદિશાએ ચાર પ્રાસાદ છે અને દરેક પ્રાસાદની ચારે દિશાએ ચાર ચાર વાવો છે. તે વાવોનાં નામ આ પ્રમાણે—ઇશાન ખૂણાના પ્રાસાદની ફરતી સુમના ૧, સૌમનસા ૨, સૌમનસ્યા ૩ અને મનોરમા. ૪. અગ્નિ ખૂણાના પ્રાસાદની ફરતી ઉત્તરકુરા ૧, દેવકુરા ૨, વારિષેણા ૩ અને સરસ્વતી

૪. નૈઋત ખૂણાના પ્રાસાદની ફરતી વિશાલા ૧, માઘભદ્રા ૨, અભયસેના ૩ અને રોહિણી ૪. વાયવ્ય ખૂણાના પ્રાસાદની ફરતી ભદ્રોત્તરા ૧, ભદ્રા ૨, સુભદ્રા ૩ અને ભદ્રાવતી ૪. આ નામની કુલ ૧૬ વાવો છે. ૧૨૦

આ સૌમનસ વન આગળ મેરૂનું જાડપણું કહે છે:—

**તબ્બાહિરિ વિક્ખંભો, બાયાલસયાઇ દુસયરિ જુઆઇ;**
**અડ્ઢેગારસભાગા, મજ્ઝે તં ચેવ સહસૂણં. ૧૨૧**

**તબ્બાહિરિ**—તેનો બહારનો
**બાયાલ**—બેંતાલીસ
**દુસયરી**—બહોંતેર
**જુઆઈ**—સહિત
**ઈગારસભાગા**—અગિઆરીઆ ભાગ
**મજ્ઝે**—મધ્યમાં, અંદર
**સહસૂણં**—હજાર યોજન ઓછો

**અર્થ:**—તેનો બાહેરનો વિષ્કંભ બેંતાલીસ સો ને બહોંતેર યોજન તથા અગિઆરીઆ આઠ ભાગ પ્રમાણ છે. અને અંદરની બાજુ તેનાથી હજાર યોજન ઓછો છે. ૧૨૧

**વિવેચન:**—તે સૌમનસ વનની બહારની બાજુ એટલે પૂર્વથી પશ્ચિમ અથવા દક્ષિણથી ઉત્તર સુધીનો મેરૂનો વિષ્કંભ એટલે પહોળાઇ (જાડપણું) બેંતાલીશસો બહોંતેર યોજન સહિત અગ્યારીયા આઠ ભાગ (૪૨૭૨ યોજન અને ૮ કળા) છે. (તેની પરિધિ ૧૩૫૧૧ યોજન અને અગ્યારિયા ૬ ભાગ $\frac{૬}{૧૧}$ થાય છે) તથા તે સૌમનસ વનની મધ્યે એટલે અંદરની બાજુ પૂર્વથી પશ્ચિમ સુધી અથવા ઉત્તરથી દક્ષિણ સુધી મેરૂનો વિસ્તાર બહારના

વિષ્કંભથી હજાર યોજન ઓછો જાણવો. કેમકે સૌમનસ વન દરેક દિશાએ પાંચસો પાંચસો યોજન પહોળું હોવાથી બન્ને દિશાનું મળીને એક હજાર યોજન થાય છે. તે ૪૨૭૨ ૮/૧૧ યોજનમાંથી બાદ કરતાં વન સિવાયના મેરૂનો વિસ્તાર ૩૨૭૨ ૮/૧૧ યોજનનો થાય છે. (તેની પરિધિ ૧૦૩૪૯ યોજન અને અગ્યારિયા ૨ ભાગ ૨/૧૧ થાય છે.)

આ વિષ્કંભ જાણવાની રીત આ પ્રમાણે:-જે ઠેકાણે સમભુતલાથી મેરૂનું જેટલું ઉંચપણું હોય તેને અગ્યારે ભાગ દેવો. ભાગમાં જે આવે તેને સમભૂતલા આગળ મેરૂનો જે વિસ્તાર છે તેમાંથી બાદ કરવા, જે બાકી રહે તેટલો તે ઇચ્છેલા સ્થાને વિષ્કંભ જાણવો. જેમકે સમભૂત-ળાથી ૬૩૦૦૦ યોજન ઉંચે જઇએ ત્યારે સૌમનસવન આવે છે, તેનો વિષ્કંભ જાણવો છે માટે ૬૩૦૦૦ ને અગ્યારે ભાગવાથી ભાગમાં ૫૭૨૭ ૩/૧૧ યોજન આવે છે. તેને સમ-ભૂતળાના ૧૦૦૦૦ યોજન પ્રમાણ વિષ્કંભમાંથી બાદ કરીએ. એટલે ૪૨૭૨ ૮/૧૧ બાકી રહ્યા. આટલો સૌમનસ વન પાસે મેરૂનો વિષ્કંભ આવે છે. આ પ્રમાણે નંદનવન વિગેરે સર્વ ઠેકાણે ભાવના કરવી. પરિધિ જાણવાની રીત આગળ કહેશે. ૧૨૧

નંદનવનનું સ્વરૂપ કહે છે:—

**તત્તો સઢ્ઢદુસઢ્ઢી-સહસેહિં ણંદણં પિ તહ ચેવ;**
**ણવરિ ભવણપાસાયં-તરટ્ઠ દિસિ કુમરિકૂડા વિ. ૧૨૨**

| | |
|---|---|
| તત્તો-તે વનથી | ભવણ પાસાયંતર-જિનભવન અને પ્રાસાદના આંતરામાં |
| સઢ્ઢદુસટ્ઠી-સાડી બાસઠ | દિસિકુમરિ-દિશા કુમારીઓના |
| ણંદણંપિ-નંદનવન પણ | કૂડા અવિ-કૂટો પણ |
| તહ ચેવ-તેવું જ | |
| ણવરિ-વિશેષ | |

**અર્થ**:—તે સૌમનસ વનથી સાડી બાસઠ હજાર યોજન નીચે નંદનવન પણ તેના જેવું જ છે. પરંતુ ભવન અને પ્રાસાદના આઠ આંતરામાં આઠ દિકકુમારીઓના કૂટો છે, એટલી વિશેષતા છે. ૧૨૨

**વિવેચન**:—તે મેરૂ પર્વતના સૌમનસ વનથી સાડી-બાસઠ હજાર (૬૨૫૦૦) યોજન નીચે ઉતરીએ ત્યારે ત્યાં નંદનવન આવેલું છે, તે પણ સૌમનસ વનની જેવું જ છે. એટલે અહીં પણ ૫૦૦ યોજન પહોળી વલયાકારે મેખલા આવેલી છે. તે મેખલામાં ૫૦૦ યોજન વલયને આકારે ચોતરફ પહોળું નંદનવન છે. પરંતુ વિશેષતા એ છે કે દિશામાં આવેલાં ચાર જિનભવન અને વિદિશામાં આવેલા ચાર પ્રાસાદના આઠ આંતરાના વિભાગમાં દિક્કુમારીના આઠ કૂટો આવેલા છે. તે કૂટો પાંચ સો યોજન ઉંચા છે. નવમો બલકૂટ એક હજાર યોજન ઉંચો છે તેથી તે સહસ્રાંક કૂટ કહેવાય છે, તે પ્રથમ કહી ગયા છીએ. આ દિક્કુમા-રિકાઓ સમભૂતળા પૃથ્વીથી એક હજાર યોજન ઉંચે (એટલે કે સમભૂતળાથી ૫૦૦ યોજન ઉંચે નંદનવન છે અને તે વનમાં ૫૦૦ યોજન ઉંચા દિક્કુમારીના કૂટો છે તેથી એક હજાર યોજન ઉંચે) કૂટની ઉપર રહેલા પોત-

પોતાના ભવનોને વિષે વસે છે તેથી ( સમભૂતલાથી ૯૦૦ યોજન ઉંચા તિર્છાલોકને અતિક્રમવાથી ) તે ઊર્ધ્વલોકવાસી કહેવાય છે, તે દિક્કુમારીઓનાં નામ આ પ્રમાણે— ૧ મેઘંકરા, ૨ મેઘવતી, ૩ સુમેઘા, ૪ મેઘમાલિની, ૫ સુવત્સા, ૬ વત્સમિત્રા, ૭ બલાહકા, અને ૮ વારિષેણા.

પ્રાસાદની ચારે બાજુએ આવેલી વાવોનાં નામો આ પ્રમાણે—ઈશાન ખૂણામાં રહેલા પ્રાસાદને ફરતી-નંદોત્તરા ૧. નંદા ૨, સુનંદા ૩ અને નંદિવર્ધિની ૪ એ નામની વાવો છે. અગ્નિ ખૂણામાં રહેલા પ્રાસાદને ફરતી નંદિષેણા ૧, અમોઘા ૨, ગોસ્તૂપા ૩ અને સુદર્શના ૪ એ નામની વાવો છે. નૈઋત્ય ખૂણાના પ્રાસાદને ફરતી ભદ્રા ૧, વિશાલા ૨, કુમુદા ૩ અને પુંડરીકિણી ૪ એ નામની વાવો છે અને વાયવ્ય ખૂણામાં રહેલા પ્રાસાદને ફરતી વિજયા ૧, વૈજયંતી ૨. જયંતી ૩ અને અપરાજિતા ૪ એ નામની વાવો છે. કુલ ૧૬ વાવો છે. ૧૨૨

હવે નંદનવન આગળ મેરૂનો વિસ્તાર કહે છે:—

**ણવસહસ ણવસયાઈં, ચઉપણ્ણા છચ્ચિગારહાયા યઃ**
**ણંદણબહિવિક્ખંભો, સહસૂણો હોઈ મજ્ઝમ્મિ. ૧૨૩**

| | |
|---|---|
| **ચઉપન્ના**-ચોપન | **બહિ**-બહારનો |
| **છચ્ચ**-વળી છ | **સહસૂણો**-હજાર યોજન ઓછો |
| **ઇગાર ભાગા**-અગિઆરીઆ ભાગ | **મજ્ઝંમિ**-અંદરનો |

**અર્થ**:—નંદનવનનો બહારનો વિષ્કંભ નવ હજાર નવસો ચોપન યોજન અને અગિઆરીઆ છ ભાગ પ્રમાણ

છે. મધ્યનો વિસ્તાર તેથી એક હજાર યોજન ઓછો હોય છે. ૧૨૩

**વિવેચન:**—નવ હજાર નવસો ચોપન યોજન અને ઉપર અગ્યારિયા છ ભાગ (૯૯૫૪ ૬/૧૧) આટલો નંદનવનના બહારના છેડા સુધીના મેરૂનો વિસ્તાર છે. તેમાંથી એક હજાર ઓછા કરીએ તેટલો મેરૂના મધ્યનો એટલે વન સિવાય એકલા મેરૂનો વિસ્તાર થાય છે. તેથી ૮૯૫૪ ૬/૧૧ મધ્યનો વિસ્તાર છે. તે આ રીતે—સમભૂતળાથી ૫૦૦ યોજન ઉંચે નંદનવન આવેલું છે. તેથી ૫૦૦ ને અગ્યારે ભાગતા ૪૫ યોજન અને અગ્યારીયા પાંચ ભાગ આવે છે. તેટલો વિસ્તાર સમભૂતળાથી નંદનવન સુધી આવીએ ત્યારે મેરૂ પર્વતમાંથી ઓછો થાય છે. માટે સમભૂતળાના વિસ્તારના દશ હજાર યોજનમાંથી તેટલો બાદ કરતાં ૯૯૫૪ ૬/૧૧ યોજન વન સહિત મેરૂનો વિસ્તાર આવે છે. તે નંદનવનની બાહેરની પરિધિ ૩૧૪૭૯ જોજન થાય છે અને વન સિવાય એકલા મેરૂનો વિસ્તાર ૮૯૫૪ ૬/૧૧ યોજન છે તેની પરિધિ ૨૮૩૧૬ ૮/૧૧ યોજન થાય છે. ૧૨૩

**ભદ્રશાલ વનનું સ્વરૂપ કહે છે:—**

**તદ્દહો પંચસએહિં, મહિઅલિ તહ ચેવ ભદ્દસાલવણં;**
**ણવરમિહ દિગ્ગઇચ્ચિયઅ, કૂડા વણવિત્થરં તુ ઇમં. ૧૨૪**

**તદ્દહો**—તે (નંદનવન)ની નીચે
**મહિઅલિ** પૃથ્વીતલ ઉપર, ભૂમિ ઉપર
**ભદ્દસાલવણં**—ભદ્રશાલ વન
**નવરં ઇહ**—અહીં વિશેષમાં
**દિગ્ગયકૂડા**—દિગ્ગજફૂટ
**વણવિત્થરં**—વનનો વિસ્તાર
**ઇમં**—આ

**અર્થ**:—તે ભદ્રશાલ વનથી પાંચસો યોજન નીચે પૃથ્વીતળને વિષે તેજ પ્રકારે ભદ્રશાલ વન આવેલું છે. પરંતુ અહીં દિગ્ગજ કૂટો આવેલા છે એટલી વિશેષતા છે. તેમજ વનનો વિસ્તાર તો આ પ્રમાણે (આગલી ગાથામાં કહે છે તે પ્રમાણે) જાણવો. ૧૨૪

**વિવેચનઃ**—તે નંદનવનથી પાંચ સો યોજન નીચે જઈએ ત્યારે પૃથ્વીતળ આવે છે. તે પૃથ્વીતળને વિષે મેરૂ પર્વતને ફરતું તેજ પ્રકારે એટલે નંદનવનની જેમ ભદ્રશાલ નામે વન આવેલું છે. વિશેષ એ છે કે–અહીં એટલે આ ભદ્રશાલ વનમાં દિગ્ગજકૂટો આવેલા છે. બીજું નામ કરિ-કૂટ જાણવું. કારણ કે આ કૂટો હાથીના જેવા આકારવાળા છે. વળી વનનો વિસ્તાર આ પ્રમાણે હવે પછીની ગાથામાં કહ્યા પ્રમાણે છે. અહીં ભદ્રશાલ વનમાં મેરૂની ચારે દિશાઓ શીતોદા અને શીતા એ બે નદીઓના પ્રવાહે રૂંધી છે તેથી ચાર દિશામાં ચાર જિનભવનો નથી, પરંતુ નદીના કિનારાની પાસે જિનભવનો છે, અને ચાર પ્રાસાદો ગજદંત-ગિરિની પાસે છે, તથા તે ભવનો અને પ્રાસાદોના આઠ આંતરાને વિષે આઠ કરિકૂટ છે. અહીં પણ ચાર વિદિશા-ઓમાં ચાર ચાર વાવો છે, તેનાં નામ આ પ્રમાણે–ઈશાન ખૂણામાં–પદ્મા ૧, પદ્માભા ૨, કુમુદા ૩ અને કુમુદાભા ૪

અગ્નિખૂણામાં—ઉત્પલભૌમા ૧, નલિના ૨, ઉત્પલોજ્વલા ૩ અને ઉત્પલા ૪. નૈઋર્ત્યખૂણામાં ભૃંગા ૧, ભૃંગિની ૨, ભંજની ૩ અને કજ્જલપ્રભા ૪. વાયવ્યખૂણામાં—શ્રીકાંતા ૧, શ્રીમહિતા ૨, શ્રીનંદા ૩ અને શ્રીનિલયા ૪. એ નામની વાવો છે. ૧૨૪

ભદ્રશાલ વનનો વિસ્તાર કહે છે—

**બાવીસ સહસ્સાઇં, મેરુઓ પુવ્વઓ અ પચ્છિમઓ;**
**તં ચાડસીવિહત્તં, વણમાણં દાહિણુત્તરઓ. ૧૨૫**

**મેરૂઓ**—મેરૂથી
**અડસી**—અઠ્યાસી વડે
**વિહત્તં**—ભાગતાં
**વણમાણં**—વનનું માન

**અર્થ**:—મેરૂ પર્વતથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં બાવીશ હજાર ૨૨૦૦૦ યોજન વિસ્તારવાળું (લાંબુ) ભદ્રશાલ વન આવેલું છે. તથા તે (બાવીશ હજાર) ને અઠ્ઠાશીએ ભાગીએ તેટલો દક્ષિણ અને ઉત્તર દિશામાં ભદ્રશાલ વનનો વિસ્તાર (પહોળાઈ) આવેલો છે. ૧૨૫

**વિવેચન**:—આ ભદ્રસાલ વન મેરૂને ફરતું પૃથ્વીતલ ઉપર આવેલું છે. મેરૂથી પૂર્વમાં તથા પશ્ચિમમાં ૨૨૦૦૦ યોજન લાંબું છે. તથા ઉત્તર અને દક્ષિણમાં તેના અઠયાસીમા ભાગ જેટલું છે. બાવીસ હજારને અઠયાસીએ ભાગીએ ત્યારે અઢીસો (૨૫૦) યોજન આવે છે. તેટલો ઉત્તર દક્ષિણનો વિસ્તાર જાણવો. ૧૨૫

## મેરૂ પર્વતના ચાર વનનો યંત્ર :—

| વનનું નામ | કેટલા યોજનનો વિસ્તાર | કેટલા યોજનનો મેરૂનો વિસ્તાર | કેટલી ઉંચાઇએ આવેલું છે. | દિશામાં ભુવન | વિદિશામાં પ્રાસાદ | શિલા | આઠ આંતરામાં શું છે ? |
|---|---|---|---|---|---|---|---|
| પંડુકવન | ૪૯૪ | ૧૦૦૦ | ૧૦૦૦૦૦ યો૦ | ૪ | ૪ | ૪ | — |
| સોમનસવન | ૫૦૦ | ૪૨૭૨ $\frac{૮}{૧૧}$ યો૦ | ૬૪૦૦૦ યો૦ | ૪ | ૪ | — | — |
| નંદન વન | ૫૦૦ | ૯૯૫૪ $\frac{૬}{૧૧}$ યો૦ | ૧૫૦૦ યો૦ | ૪ | ૪ | — | ૮ દિક્કુમરીના ફૂટ |
| ભદ્રસાલવન | ૫૪૦૦૦ લાંબુ ૨૫૦ પહોળું | ૧૦૦૦૦ યો૦ | ૧૦૦૦ યો૦ પૃથ્વી તલપર | ૪ | ૪ | — | ૮ દિગ્ગજફૂટ |

૧ અહીં મેરૂના ઉંચાઈ પૃથ્વી તલથી નહિ પણ મૂલની અપેક્ષાએ જાણવી.

હવે ગજદંત ગિરિનું વર્ણન કરે છે—

**છવ્વીસ સહસ ચઉ સય, પણહત્તરિ ગંતુ કુરુણઇપવાયા;**
**ઉભઓ વિણિગ્ગયા ગય–દંતા મેરુમ્મુહા ચઉરો. ૧૨૬**

| | |
|---|---|
| **પણહત્તરિ**–પંચોતેર | **ઉભઓ**–બંને બાજુ |
| **ગંતુ**–જઈને | **વિણિગ્ગયા**–નીકળેલા |
| **કુરુણઈ**–કુરૂક્ષેત્રની નદીના | **ગયદંતા**–ગજદંત પર્વત |
| **પવાયા**–પ્રપાતકુંડમાંથી | **મેરૂમ્મુહા**–મેરૂની સન્મુખ |

**અર્થ:**—કુરૂક્ષેત્રની નદીના પ્રપાતકુંડથી છવ્વીસ હજાર ચારસો પંચોતેર યોજન જઈએ ત્યારે બંને બાજુએ મેરૂની સન્મુખ ચાર ગજદંતા નીકળ્યા છે. ૧૨૬

**વિવેચન:**—દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં આવેલી શીતોદા અને શીતા નદીના પ્રપાતકુંડથી છવીશ હજાર ચાર સો અને પંચોતેર (૨૬૪૭૫) યોજન જઈએ ત્યારે તે ઠેકાણે નિષધ અને નીલવંત એ બે કુલગિરિમાંથી બે બે ગજદંત પર્વતો નીકળ્યા છે. તે ચારે ગજદંત પર્વતો મેરૂપર્વતની સન્મુખ ગએલા છે. ( મેરૂ સુધી પહોંચેલા છે. ) તે હાથીના દાંતને આકારે વાંકા હોવાથી ગજદંત કહેવાય છે. ( મેરૂ પર્વત ૧૦૦૦૦ યોજન પહોળો અને તેના પૂર્વ–પશ્ચિમે ભદ્રશાલ વન બાવીશ બાવીશ હજાર યોજન–કુલ ૫૪૦૦૦ યોજન પ્રમાણ પહોળા કુરૂક્ષેત્રમાં બે ગજદંતાની પહોળાઈના એક હજાર યોજન જતાં ૫૩૦૦૦ તેમાંથી શીતા શીતોદાના મૂળ વિસ્તારના ૫૦ યોજન જતાં ૫૨૯૫૦ તેના અર્ધ ભાગે ૨૬૪૭૫ યોજન થાય એટલા શીતા ને શીતોદાથી બંને બાજુના ગજદંતો છેટા છે. ૧૨૬

ચારે ગજદંત પર્વતોનાં વર્ણ તથા નામ કહે છે—

**અગ્ગેઆઇસુ પયાહિ-ણેણ સિઅરત્તપીઅનીલાભા;**
**સોમણસવિજ્જુપ્પહ-ગંધમાયણમાલવંતક્ખા. ૧૨૭**

| | |
|---|---|
| **અગ્ગેયાઇસુ**-અગ્નિ ખૂણો આદિ | **સોમણસ**-સોમનસ ગજદંત |
| **પયાહિણેણ**-પ્રદક્ષિણાવર્તે | **વિજ્જુપ્પહ**-વિદ્યુત્પ્રભ ગજદંત |
| **સિઅ**-શ્વેત, ધોળી | **ગંધમાયણ**-ગંધમાદન ગજદંત |
| **રત્ત**-રાતી | **માલવંતક્ખા**-માલ્યવંત નામે ગજદંત |
| **પીઅ**-પીળી | |
| **નીલાભા**-નીલ કાન્તિવાળા | |

**અર્થ:**—અગ્નિ ખૂણા આદિ ચાર વિદિશાને વિષે પ્રદક્ષિણાના ક્રમે શ્વેત, રક્ત, પીત અને નીલ વર્ણવાલા અનુક્રમે સોમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન અને માલ્યવંત નામના ચાર ગજદંતો છે. ૧૨૭

**વિવેચન:**—અગ્નિખૂણામાં સૌમનસ નામનો ગજદંત રૂપા જેવા શ્વેત વર્ણવાળો છે ૧, નૈઋત્ય ખૂણામાં વિદ્યુત્પ્રભ નામનો ગજદંત વિદ્રુમ ( પરવાળા ) જેવા રક્ત વર્ણવાળો છે ૨, વાયવ્ય ખૂણામાં ગંધમાદન નામનો ગજદંત સુવર્ણ જેવા પીત વર્ણવાળો છે. ૩ અને ઈશાન ખૂણામાં માલ્યવંત નામનો ગજદંત વૈડૂર્યરત્ન જેવા વર્ણવાળો છે. ૪. ૧૨૭

ગજદંતની નીચે અધોલોકમાં વસનારી દિક્કુમારીઓનું સ્થાન કહે છે—

**અહલોયવાસિણીઓ, દિસાકુમારીઉ અટ્ઠ એએસિં;**
**ગયદંતગિરિવરાણં, હિટ્ઠા ચિટ્ઠંતિ ભવણેસુ. ૧૨૮**

| | |
|---|---|
| **અહલો**ય–અધોલોકમાં | **ગયદંત**-ગજદંત |
| **વાસિણીઓ**-વસનારી | **હિટ્ઠા**–નીચે |
| **એએસિં**–એ (ગજદંત પર્વતો)ની | **ચિટ્ઠંતિ**–રહે છે |

**અર્થ:**—અધોલોકમાં વસનારી આઠ દિક્કુમારીઓ છે, તેઓ આ શ્રેષ્ઠ એવા ગજદંત પર્વતોની નીચે ભવનોને વિષે એટલે આવાસોને વિષે રહે છે. ૧૨૮

**વિવેચન:**—આ ચાર ગજદંત પર્વતની નીચે અધોલોકવાસી દિશાકુમારીઓનાં ભવનો આવેલા છે. દરેક ગજદંતની નીચે બે બે દેવીઓના ભુવનો છે. તે સમભૂતલા પૃથ્વીથી એક હજાર યોજન નીચે હોવાથી અધોલોક વાસી કહેવાય છે. તેમનાં નામઆ પ્રમાણે છે. ભોગંકરા ૧, ભોગવતી ૨, સુભોગા ૩, ભોગમાલિની ૪, સુવત્સા ૫, વત્સમિત્રા ૬, પુષ્પમાલા ૭ અને નંદિતા ૮ ઇતિ. ૧૨૮

હવે તે ગજદંતગિરિની ઉંચાઈ પહોળાઈ અને લંબાઈ કહે છે—

**ધુરિ અંતે ચઉપણસય, ઉચ્ચત્તિ પિહુત્તિ પણસયાઽસિસમા;**
**દીહત્તિ ઇમે છકલા, દુસય ણવુત્તર સહસતીસં. ૧૨૯**

| | |
|---|---|
| **ધુરિ**–શરૂઆતમાં | **અસિસમા**–તરવાર સરખા |
| **અંતે**-છેડે | **ઇમે**–એ ચાર |
| **પિહુત્તિ**–પહોળા | **ણવુત્તર**–નવ અધિક |

**અર્થ**:—આ ચારે ગજદંત પર્વતો શરૂઆતમાં ચારસો યોજન ઉંચા અને અંતે પાંચસો યોજન ઉંચા છે. શરૂઆતમાં પાંચસો યોજન પહોળા અને અંતે તરવારની ધાર સમાન છે. તથા ત્રીસ હજાર બસો ને નવ યોજન અને છ કળા પ્રમાણ પહોળા છે. ૧૨૯

**વિવેચન**:—તે ચારે ગજદંતગિરિ શરૂઆતમાં એટલે કુલગિરિમાંથી નીકળે છે તે પ્રદેશને વિષે અને છેડે એટલે મેરૂપર્વતના પ્રદેશને વિષે અનુક્રમે ચાર સો અને પાંચ સો યોજન ઉંચા છે એટલે પ્રારંભમાં નિષધ અને નીલવંત આગળ ચાર સો યોજન અને છેડે મેરૂપર્વત આગળ પાંચ સો યોજન ઉંચા છે. તથા પહોળપણામાં (જાડપણમાં) પ્રારંભમાં પાંચ સો યોજન પહોળા છે અને અંતે–છેડે અસિસમ એટલે ખડ્ગની ધારાની જેમ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા પહોળા છે. તથા આ ગજદંત પર્વતો હાથીના દાંતના આકારે વાંકા હોવાથી લાંબપણાને વિષે ત્રીશ હજાર બસો ને નવ યોજન અને છ કલા (૩૦૨૦૯$\frac{૬}{૧૯}$) હોય છે. તે બે ગજદંતાની અણીઓ મળી ગયેલ હોવાથી બે ગજદંતની લંબાઈ એકઠી કરીએ ત્યારે કુરૂક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ થાય છે. કારણ કે બે બે ગજદંતાની વચ્ચે દેવકુરૂ તથા ઉત્તરકુરૂ આવેલ છે. ધનુષ્યના પાછળના આકાર જેવો આકાર હોવાથી ધનુઃપૃષ્ટ કહેવાય છે. તે ૬૦૪૧૮$\frac{૧૨}{૧૯}$ યોજન પ્રમાણ અને અર્ધ વર્તુલાકાર થાય છે. તથા શીતોદા અને શીતા નદીના પ્રપાતકુંડથી બંને બાજુ ૨૬૪૭૫ યોજન દૂર દરેક ગજદંત

પર્વત. છે તેથી તે બે ગજદંત પર્વતનું અંતર એકઠું કરવા માટે તેને બમણા કરવાથી ૫૨૯૫૦ યોજન થાય. તેમાં પ્રપાત-કુંડમાંથી નીકળ્યા પછીના પ્રારંભના પ્રવાહના પચાસ યોજન ભેળવતાં ૫૩૦૦૦ યોજન થાય. આટલી કુરૂક્ષેત્રની જીવા જાણવી. ધનુષ્યને બાંધેલી દોરી સમાન આકાર હોવાથી જીવા કહેલ છે. તેમાં બે ગજદંતાની હજાર યોજનની પ્રારંભની પહોળાઈ ભેળવતાં ૫૪૦૦૦ યોજન પ્રમાણ જીવા થાય છે. ૧૨૯

હવે કુરૂક્ષેત્રના વિસ્તારને એટલે ઈષુને કહે છેઃ—

**તાણંતો દેવુત્તર-કુરાઉ ચંદદ્ધસંઠિયાઉ દુવે;**
**દસસહસવિસુદ્ધમહા-વિદેહદલમાણપિહુલાઓ. ૧૩૦**

| | |
|---|---|
| **તાણંતો**–તેઓની વચ્ચે | **દુવે**–બે |
| **દેવુત્તરકુરાઓ**–દેવકુરૂ અને ઉત્તરકુરૂ | **વિસુદ્ધ**–બાદ કરેલ |
| **ચંદદ્ધ**–અર્ધ ચંદ્ર સમાન | **દલમાણ**–અર્ધનું પ્રમાણ |
| **સંઠિઉ**–આકારવાળા | **પિહુલાઓ**–પહોળાં |

અર્થઃ—તે બે ગજદંતની વચ્ચે અર્ધ ચંદ્રના આકારવાળા દેવકુરૂ અને ઉત્તરકુરૂ નામે બે ક્ષેત્રો છે. મહાવિદેહના પ્રમાણ (વિસ્તાર)માંથી દશ હજાર બાદ કરતાં જે બાકી રહે તેના અર્ધ ભાગ જેટલી તે દરેકની પહોળાઈ છે. ૧૩૦

**વિવેચનઃ**—તે ગજદંત પર્વતોને મધ્યે એટલે બન્ને ગજદંતની વચ્ચે દેવકુરૂ અને ઉત્તરકુરૂ નામના બે યુગલિયાના ક્ષેત્રો છે. મેરૂની દક્ષિણમાં દેવકુરુ અને મેરૂની ઉત્તર

દિશામાં ઉત્તરકુરુ છે. તે બન્ને ક્ષેત્રો અર્ધચંદ્ર સમાન આકારે રહેલા છે, તે દરેક ક્ષેત્રની પહોળાઈ ૧૧૮૪૨ યોજનને ૨ કલા જેટલી છે. તે આવી રીતે જાણવી:-

મહાવિદેહ ક્ષેત્રની પહોળાઈ ૩૩૬૮૪ યોજન ને ૪ કલા પ્રમાણ કહી છે. તેમાંથી મેરૂ પર્વતની પહોળાઈના દશ હજાર યોજન કાઢી નાખ્યા ત્યારે ૨૩૬૮૪ યોજન ને ૪ કલા બાકી રહે. તેનું અર્ધ કરીએ ત્યારે ઉપર કહેલ ૧૧૮૪૨ યોજન ને ૨ કલા પ્રમાણ પહોળાઈ આવે છે. આટલું દેવકુરુ તથા ઉત્તરકુરુનું ઇષુ કહેવાય છે. કારણકે ધનુષ્ય સરખા આકારવાળા દેવકુરુ અને ઉત્તરકુરુના વચમાં સ્થાપેલ ઇષુ એટલે બાણ સમાન તેનો આકાર છે. ૧૩૦

કુરૂક્ષેત્રમાં આવેલા ચાર પર્વતો કહે છે:—

**ણઇપુવ્વાવરકુલે, કણગમયા બલસમા ગિરી દો દો;**
**ઉત્તરકુરાઇ જમગ, વિચિત્તચિત્તા ય ઇઅરીએ. ૧૩૧**

**પુવ્વાવર**–પૂર્વ અને પશ્ચિમ
**કૂલે**–કિનારે
**બલસમા**–બલકૂટ સરખા
**ઉત્તરકુરાઇ**–ઉત્તર કુરૂમાં
**જમગા**–યમક પર્વ
**ઇઅરીએ**–ઇતરક્ષેત્ર (દેવકુરૂ)માં

**અર્થ:**—નદીના પૂર્વ પશ્ચિમ કાંઠે સુવર્ણમય અને બલકૂટ સમાન બબે પર્વતો આવેલા છે. તેમાં દેવકુરુમાં જમક નામના બે પર્વતો છે અને ઉત્તરકુરુમાં વિચિત્ર અને ચિત્ર નામના બે પર્વતો છે. ૧૩૧

**વિવેચન:**—મહાવિદેહમાં આવેલી શીતોદા અને શીતા નદીના પૂર્વ અને પશ્ચિમ તટને વિષે કનકમય એટલે

સુવર્ણના બન્ને પર્વતો આવેલા છે. તે બલકૂટની જેવા છે એટલે એક હજાર યોજન ઉંચા, હજાર યોજન મૂળમાં વિસ્તારવાળા અને પાંચ સો યોજન શિખર પર વિસ્તારવાળા છે. તેમાં ઉત્તરકુરુને વિષે શીતા નદીના પૂર્વ પશ્ચિમ કાંઠે જમક નામના બે પર્વતો છે. અન્યત્ર જમક અને સમક નામના બે પર્વતો કહ્યા છે. દેવકુરુને વિષે વિચિત્ર અને ચિત્ર નામના બે પર્વતો છે. તેમાં શીતોદાના પૂર્વ તટને વિષે વિચિત્ર નામનો પર્વત છે અને તેના પશ્ચિમ તટને વિષે ચિત્ર નામનો પર્વત છે. ૧૩૧

કુરુક્ષેત્રની બન્ને નદીઓના દ્રહો બે ગાથામાં કહે છેઃ—

**ણઇવહદીહા પણ પણ, હરયા દુદુદારયા ઇમે કમસો;**
**ણિસહો તહ દેવકુરુ, સૂરો સુલસો ય વિજ્જુપભો. ૧૩૨**
**તહ ણીલવંત ઉત્તર-કુરુ ચંદેરવય માલવંતુ ત્તિ;**
**પઉમદહસમા ણવરં, એએસુ સુરા દહસણામા. ૧૩૩**

**ણઇવહ**–નદીનો પ્રવાહ
**હરયા**–હ્રદો, દ્રહો
**દુદુદારયા**–બે બે દ્વારવાળા
**ઇમે**–આ
**કમસો**–અનુક્રમે
**તહ**–તથા
**પઉમદહસમા**–પદ્મ દ્રહ સરખા
**ણવરં**–વિશેષ
**દહસણામા**–દ્રહ સરખા નામવાળા

**અર્થઃ**—બન્ને નદીના પ્રવાહને વિષે દીર્ઘપણાવાળા પાંચ પાંચ દ્રહો છે. તે બબ્બે દ્વારવાળા છે, તે અનુક્રમે આ પ્રમાણે છે. ૧ નિષધ તથા ૨ દેવકુરૂ ૩ સૂર ૪ સુલસ અને

૫ વિદ્યુત્પ્રભ. આ પાંચ શીતોદા નદીના પ્રવાહમાં રહેલા દ્રહો છે. તથા ૧ નીલવાન ૨ ઉત્તરકુરૂ ૩ ચંદ્ર ૪ ઐરવત અને ૫ માલ્યવાન, આ પાંચ દ્રહો શીતા નદીના પ્રવાહમાં રહેલા છે. આ સર્વ દ્રહો પદ્મદ્રહની તુલ્ય છે. વિશેષ એ કે આ દશ દ્રહોને વિષે અધિષ્ઠાયક દેવો દ્રહની સરખા નામવાળા છે. ૧૩૨–૧૩૩

**વિવેચનઃ**—નદીના પ્રવાહને વિષે લંબાઇવાળા એટલે એક હજાર યોજન લંબાઈવાળા તથા પાંચસો યોજનની પહોળાઈવાળા અને દશ યોજન ઉંડા આ દશે દ્રહો છે. માટે દશે દ્રહો પદ્મદ્રહ સરખા કહ્યા છે. દરેક દ્રહને દક્ષિણ દિશામાં તથા ઉત્તર દિશામાં એમ બે દ્વાર છે. દ્રહોનાં નામ અર્થમાં આપેલા છે માટે ફરીથી કહ્યા નથી. આ દ્રહોને વિષે દ્રહ સરખા નામવાળા દેવો તેના અધિષ્ઠાયક જાણવા. એટલે નિષધ દ્રહનો અધિષ્ઠાયક નિષધ નામે દેવ જાણવો. નીલવંત દ્રહનો નીલવંત નામે દેવ અધિષ્ઠાયક જાણવો. ૧૩૨–૧૩૩

હવે કુલગિરિ. યમલગિરિ, પાંચ દ્રહ અને મેરૂ એ આઠનું આંતરૂં કહે છેઃ—

**અડ સય ચઉતીસ જોઅ-ણાઈ તહ સેગસત્તભાગાઓ;**
**ઇક્કારસ ય કલાઓ, ગિરિજમલદહાણમંતરયં. ૧૩૪**

| | |
|---|---|
| **અડસય**—આઠસો | **ઇક્કારસ**—અગિઆર |
| **ચઉતીસ**—ચોત્રીસ | **જમલ**—યમલગિરિનું |
| **સેગ સત્તભાગાઓ**—સાતીયા એક ભાગ સહિત | **અંતરયં**—આંતરૂં |

**અર્થ**:—આઠસો ચોત્રીસ યોજન, અગીઆર કલા તથા કલાનો સાતીયો એક ભાગ એટલું કુલગિરિ, યમલ પર્વત, પાંચ દ્રહ અને મેરૂનું આંતરૂં છે. ૧૩૪

**વિવેચનઃ**—કુલગિરિ એટલે નિષધ અથવા નીલવંત પર્વત. તથા યમલગિરિ, પાંચ દ્રહ અને મેરૂ પર્વત એ આઠની વચ્ચે સરખા પ્રમાણવાળા સાત આંતરા છે. તે દરેક આંતરૂં ૮૩૪ યોજન ૧૧ કલા અને કલાના સાત ભાગ કરીએ તેવા એક ભાગ પ્રમાણ છે. તે આંતરૂં આ પ્રમાણે–તે દેવકુરૂ અથવા ઉત્તરકુરૂનો વિસ્તાર ૧૧૮૪૨ યોજન અને ૨ કળા છે. તેમાંથી યમલગિરિનો વિસ્તાર ૧૦૦૦ યોજન અને પાંચ દ્રહોનો મળીને મેરૂ સન્મુખ વિસ્તાર (લંબાઈ) ૫૦૦૦ યોજન છે તે મળીને ૬૦૦૦ યોજન બાદ કરવા. ત્યારે ૫૮૪૨ $\frac{૨}{૧૯}$ રહે. તેને આઠ વસ્તુના આંતરા સાત થાય માટે સાતે ભાગવા એટલે ૮૩૪ યોજન આવે. બાકી ચાર યોજન રહ્યા તેની કળા કરવા માટે ઓગણીશ વડે ગુણતાં છોંતેર થાય. તેમાં ઉપરની બે કળા ઉમેરતાં ૭૮ કળા થાય. તેને સાતે ભાગતાં ૧૧ કળા આવે. બાકી ૧ કલા શેષ રહે તેથી સાતીયો એક ભાગ. એટલે ઉપર કહ્યા પ્રમાણે ૮૩૪ યોજન એક યોજનના ઓગણીશીયા અગ્યાર ભાગ–કળા અને એક કળાનો સાતીયો એક ભાગ (૮૩૪ યોજન $\frac{૧૧}{૧૯}$ $\frac{૧}{૭}$) એટલું કુલગિરિ વિગેરે દરેકનું આંતરૂં સિદ્ધ થાય છે. ૧૩૪

હવે કાંચનગિરિ કહે છેઃ—

**દહપુવ્વાવરદસજો-યણેહિ દસ દસ વિઅદ્ધકૂડાણં;**
**સોલસગુણપ્પમાણા, કંચણગિરિણો દુસય સવ્વે. ૧૩૫**

| | |
|---|---|
| **દહપુવ્વાવરે**-દ્રહની પૂર્વ અને પશ્ચિમે | **કંચણગિરિણો**-કંચનગિરિ પર્વતો |
| **વિઅડ્ઢકૂડાણું**-વૈતાઢ્યના કૂટોથી | **દુસય**-બસો |
| | **સવ્વે**-સઘળા, સર્વે મળીને |

**અર્થ**—દ્રહની પૂર્વ તથા પશ્ચિમ દિશામાં દશ યોજન છેટે દશ દશ કાંચનગિરિ પર્વતો આવેલા છે. આ પર્વતો વૈતાઢ્યના શિખર કરતાં સોળ ગુણા પ્રમાણવાળા છે. બધા મળીને બસો કાંચનગિરિ છે. ૧૩૫

**વિવેચનઃ**—શીતા નદીના તથા શીતોદા નદીના મધ્યમાં આવેલા ૧૩૨–૧૩૩ એ બે ગાથામાં જણાવેલા દશ દ્રહોની પૂર્વ તથા પશ્ચિમ દિશામાં દશ દશ કંચનગિરિ હોવાથી એક દ્રહના બે બાજુના વીસ કંચનગિરિ થાય છે. તેને દશ વડે ગુણવાથી બસો કંચનગિરિ આવે છે. તે પર્વતો વૈતાઢ્યના કૂટથી સોળ ગુણા પ્રમાણવાળા છે. વૈતાઢ્યના કૂટ પચીશ કોશ ઉંચા, પચીશ કોશ મૂળમાં વિસ્તારવાળા અને સાડાબાર કોશ શિખર પર વિસ્તારવાળા છે. તેને સોળ ગુણા કરવાથી આ કાંચનગિરિઓ સો યોજન ઉંચા, સો યોજન મૂળમાં વિસ્તારવાળા અને પચાસ યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. આ દશ દશ કંચનગિરિઓનો મૂળ વિસ્તાર સો સો યોજન હોવાથી એકંદર હજાર યોજન થાય. દ્રહ પણ તેટલા લાંબા હોવાથી તે કંચનગિરિઓ મૂળમાં એક બીજાને મળતા ( અડતા ) છે ને ઉપર જતાં પચાસ યોજન હોવાથી ત્યાં પચાસ પચાસ યોજન છેટા છે. ૧૩૫

## કાંચનગિરિના પ્રમાણનો યંત્રઃ—

| કાંચનગિરિ | ઉંચપણું | મૂળમાં વિસ્તાર | શિખરનો વિસ્તાર |
|---|---|---|---|
| વૈતાઢ્યકૂટ પ્રમાણ | ૨૫ કોશ | ૨૫ કોશ | ૧૨ાા કોશ |
| ગુણાકારનો અંક | ૧૬ | ૧૬ | ૧૬ |
| કાંચનગિરિનું પ્રમાણ | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન | ૫૦ યોજન |

હવે દશ ગાથાઓમાં જંબૂવૃક્ષનું વર્ણન કરે છેઃ—

**ઉત્તરકુરુપુવ્વદ્ધે, જંબૂણય જંબૂપીઢમંતેસુ;**
**કોસદુગુચ્ચં કમિ વ-ડ્ઢમાણુ ચઉવીસગુણં મજ્ઝે. ૧૩૬**

| | |
|---|---|
| **પુવ્વદ્ધે**-પૂર્વના અર્ધમાં | **કોસદુગુચ્ચં**-બે કોશ ઉંચું |
| **જંબૂણય**-જાંબૂનદ સુવર્ણમય | **કમિ**-અનુક્રમે |
| **અન્તેસુ**-પર્ય-ન્તે, છેડે | **વડ્ઢમાણુ**-વધતું વધતું |

**અર્થ**:—ઉત્તરકુરૂ ક્ષેત્રના પૂર્વાર્ધમાં રાતા સુવર્ણમય જંબૂપીઠ છે. તે પીઠ અંતે (છેડે) બે કોસ ઉંચું છે. પછી અનુક્રમે વધતું વધતું મધ્યમાં ચોવીસ ગુણું મોટું છે. ૧૩૬

**વિવેચનઃ**—આ દેવકુરૂના મધ્યમાં આવેલી શીતા નદી ને ઉત્તરકુરૂના મધ્યમાં આવેલી શીતોદા નદીએ બંને ક્ષેત્રના પૂર્વાર્ધ ને પશ્ચિમાર્ધ એવા બે ભાગ પાડેલા છે. તેમાંના ઉત્તરકુરૂના પૂર્વાર્ધને વિષે રક્તસુવર્ણમય જંબૂપીઠ છે. તે પીઠ છેડાને વિષે ફરતું બે કોશ ઉંચું (જાડું) છે અને અનુક્રમે વધતું વધતું હોવાથી મધ્ય ભાગમાં ચોવીશ ગુણું ઉંચું છે. એટલે કે બે કોશને ચોવીશે ગુણતાં ૪૮ કોશ થાય. તેને ચારે ભાગતાં ૧૨ યોજન મધ્ય ભાગે ઉંચુ (જાડું) છે. ૧૩૬

**પણસયવટ્ટપિહુત્તં, પરિખિત્તં તં ચ પઉમવેઇએ;**
**ગાઉદુગદ્ધુચ્ચપિહુ-ત્તચારુચઉદારકલિઆએ. ૧૩૭**

| | |
|---|---|
| **વટ્ટપિહુત્તં**-ગોળ આકારે વિસ્તારવાળું | **અદ્ધપિહુત્ત**-અર્ધ પહોળાઈવાળા |
| **પરિખિત્તં**-વીંટાએલું | **ચારૂ**-સુંદર |
| **પઉમવેઇએ**-પદ્મવેદિકા વડે | **કલિયાએ**=સહિત |

**અર્થ:**—પાંચ સો યોજન ગોળ વિસ્તારવાળું-લાંબું પહોળું તે પીઠ પદ્મવર વેદિકાવડે વીંટાયેલું છે એટલે તે પીઠની ફરતી પદ્મવર વેદિકા છે. તે વેદિકા બે કોશ ઉંચા અને અર્ધ કોશ પહોળા મનોહર ચાર દ્વારવડે સહિત છે. ૧૩૭

**તં મજ્ઝે અડવિત્થર—ચઉચ્ચમણિપીઢિઆઈ જંબુતરુ;**
**મૂલે કંદે ખંધે, વરવયરારિટ્ઠવેરુલિએ. ૧૩૮**
**તસ્સ ય સાહપસાહા, દલા ય બિંટા ય પલ્લવા કમસો;**
**સોવણ્ણજાયરુવા, વેરુલિતવણિજ્જજંબુણયા. ૧૩૯**
**સો રયયમયપવાલો, રાયયવિડિમો ય રયણપુપ્ફફલો;**
**કોસદુગં ઉવ્વેહે, થુડસાહાવિડિમવિકખંભો. ૧૪૦**

**તં મજ્ઝે**-તે (પીઠ)ની મધ્યમાં
**મણિપીઢિઆઈ**-મણિપીઠિકાને વિષે
**જંબૂતરૂ**-જંબૂવૃક્ષ
**મૂલે**-મૂલમાં
**કન્દે**-કન્દમાં
**ખંધે**-સ્કંધમાં
**વર વયર**-ઉત્તમ વજ્ર
**અરિટ્ઠ**-અરિષ્ટ રત્ન
**તસ્સ**-તે જંબૂવૃક્ષની
**સાહાપસાહા**-શાખા અને પ્રશાખા
**દલા**-પત્રો
**બિંટા**-બીંટ, પત્રનો મૂલ ભાગ
**પલ્લવ**-પલ્લવ, ગુચ્છા
**સોવન્ન**-સુવર્ણ
**જાયરૂવા**-જાતરૂપ, સુવર્ણ
**વેરૂલિ**-વૈડૂર્ય રત્નના
**તવણિજ્જ**-તપનીય સુવર્ણના
**જંબુણયા**-જાંબૂનદ સુવર્ણના
**સો**-તે (જંબૂવૃક્ષ)
**રયયમય**-રજતમય, રૂપામય
**પવાલો**-પ્રવાલ, નવા પલ્લવ
**રાયય**-રૂપાની
**વિડિમો**-વચલી (ઉર્ધ્વ) શાખા
**પુપ્ફફલો**-પુષ્પ ફલવાળું
**ઉવ્વેહે**-ઉંડાઈમાં
**થુડ**-થડ
**વિક્ખંભે**-વિષ્કંભમાં, પહોળાઇમાં




જંબૂદ્વીપના ઉત્તર કુરૂક્ષેત્રમાં આવેલું પૃથ્વીમય જંબૂવૃક્ષ.

પેજ ૧૫૯ ગા. ૧૩૮ થી ૧૪૧

અર્થઃ—તે પીઠના મધ્ય ભાગમાં આઠ યોજનના વિસ્તારવાળી, ચાર યોજન ઉંચી મણિપીઠિકાને વિષે જંબૂ-વૃક્ષ છે. તે વૃક્ષ મૂળને વિષે, કંદને વિષે અને સ્કંધને વિષે અનુક્રમે શ્રેષ્ઠ વજ્રરત્ન, અરિષ્ટરત્ન અને વૈડૂર્યરત્નમય છે. એટલે કે તે જંબૂવૃક્ષનું મૂળ ( પૃથ્વીમાં ચોતરફ પ્રસરેલી મૂળીયાની જટા ) વજ્ર રત્નમય છે, કંદ ( પૃથ્વીમાં રહેલું થડ ) અરિષ્ટ રત્નમય છે અને સ્કંધ ( પૃથ્વી ઉપર રહેલું શાખા નીકળે ત્યાં સુધીનું થડ ) વૈડૂર્યરત્નમય છે. ૧૩૮ તથા તે જંબૂવૃક્ષની મુખ્ય મોટી શાખાઓ, પ્રશાખા એટલે મોટી શાખામાંથી નીકળેલી નાની શાખાઓ, પાંદડાંઓ, અને વૃંત એટલે પાંદડાંનાં ડીંટ અને કિસલયરૂપ નવાંકુર અનુક્રમે સુવર્ણમય, જાતરૂપમય, વૈડૂર્ય રત્નમય, તપનીયમય અને જાંબૂનદમય છે. એટલે કે મુખ્ય શાખાઓ સુવર્ણમય પીળા વર્ણવાળી છે, પ્રશાખાઓ જાતરૂપમય એટલે કાંઇક શ્વેતવર્ણવાળા સુવર્ણમય છે, પાંદડાંઓ નીલવર્ણવાળા વૈડૂર્ય-રત્નમય છે, વૃંતો તપાવેલા સુવર્ણમય છે અને નવાંકુરો રક્તવર્ણવાળા સુવર્ણમય છે. ૧૩૯ તે જંબૂવૃક્ષ રજતમય પ્રવાલવાળો છે એટલે તેના નવ પલ્લવ—પાંદડાં રૂપામય છે. રૂપામય વિડિમ એટલે વચ્ચેની ઊર્ધ્વ શાખાવાળો છે. તથા વિવિધ રત્નમય પુષ્પવાળો અને ફળવાળો છે. બે કોશ ભૂમિમાં ઉંડો છે. તથા થડ, મુખ્ય શાખા અને વચ્ચેની ઊર્ધ્વ શાખાનો વિષ્કંભ—જાડપણું બે કોશ છે. ૧૪૦

**થુડસાહવિડિમદીહ-ત્તિ ગાઉએ અટ્ઠપણરચઉવીસં;**
**સાહા સિરિસમભવણા, તમ્માણુસચેઇઅં વિડિમં. ૧૪૧**

| | |
|---|---|
| **દીહુત્તિ**-દીર્ઘપણું, લંબાઇ | **તપ્પમાણ**-તેટલા પ્રમાણુવાળા |
| **સિરિસમ**-શ્રીદેવી સરખા | **સચેઇઅં**-ચૈત્ય સહિત |

**અર્થ**:—થડ, શાખા અને વિડિમની લંબાઈ અનુક્રમે આઠ ગાઉ, પનર ગાઉ અને ચોવીસ ગાઉની છે. શાખાઓ શ્રીદેવીના ભવન સરખા ભવનવાળી છે. અને તેજ પ્રમાણવાળા ચૈત્યવાળી વિડિમ (મધ્ય શાખા) છે. ૧૪૧

**વિવેચન**:—આ જંબૂવૃક્ષના થડની લંબાઈ આઠ ગાઉની છે. મુખ્ય ચાર શાખાઓની લંબાઈ પંદર ગાઉની છે અને વિડિમ એટલે વચલી ઉર્ધ્વ શાખાની લંબાઈ ચોવીસ ગાઉની છે. તેમાં ચાર દિશામાં નીકળેલી ચાર મુખ્ય શાખાઓ ઉપર શ્રીદેવીના ભવનની જેવા ભવન છે, અને ઉપર વચ્ચેની ઉર્ધ્વ શાખા ચૈત્યગૃહ સહિત એટલે શ્રીગૃહની જેવા જિનભવન વડે સહિત છે. એટલે તે ભુવન તથા ચૈત્ય એક કોશ લાંબું, અર્ધો કોશ પહોળું અને ૧૪૪૦ ધનુષ્ય ઉંચું છે. ૧૪૧

**પુવ્વિલ્લ સિજ્જ તિસુ આ-સણાણિ ભવણેસુ ણાઢિઅસુરસ્સ;**
**સા જંબૂ બારસવે-ઇઆહિં કમસો પરિક્ખિત્તા. ૧૪૨**

| | |
|---|---|
| **પુવ્વિલ્લ**-પૂર્વ દિશામાં | **અણાઢિઅ સુરસ્સ**-અનાદત દેવના |
| **સિજ્જ**-શય્યા | **વેઇઆહિં**-વેદિકાઓ વડે |
| **આસણાણિ**-આસનો | **પરિક્ખિત્તા**-વીંટાએલું |

**અર્થ**:—પૂર્વ દિશાએ રહેલી શાખાના ભવનને વિષે

જંબૂદ્વીપના અધિષ્ઠાયક અનાદતસુરની શય્યા છે અને બાકીના ત્રણ ભવનને વિષે તે જ દેવના આસનો છે. વળી તે જંબૂવૃક્ષ અનુક્રમે બાર વેદિકાવડે વીંટાયેલો છે. ૧૪૨

**વિવેચનઃ**—આ જંબૂવૃક્ષની ચાર શાખામાંની પૂર્વ-દિશાની શાખા ઉપર આવેલા ભવનને વિષે જંબૂદ્વીપના અધિષ્ઠાયક અનાદત નામના દેવની શય્યા છે. અને બાકીની ત્રણ શાખાઓના ભવનને વિષે તે તે દેવના આસનો એટલે બેસવા માટે સિંહાસનો છે. આ જંબૂવૃક્ષ અનુક્રમે બાર વેદિકા વડે વીંટાએલું છે. ૧૪૨

**દહપઉમાણં જં વિ-ત્થરં તુ તમિહાવિ જંબુરુક્ખાણં;**
**નવરં મહયરિયાણં, ઠાણે ઇહ અગ્ગમહિસીઓ. ૧૪૩**

**દહપઉમાણં**-દ્રહોના કમળોનો
**ઇહાવિ**-અહીં પણ
**મહયરિયાણં**-મહત્તરિકા દેવીઓના
**ઠાણે**-સ્થાને
**અગ્ગમહિસીઓ**-અગ્ર મહિષીઓ, પટરાણીઓ

**અર્થઃ**—જે પ્રમાણે દ્રહોના કમળોનો પરિવાર રૂપ વિસ્તાર કહ્યો છે તે પ્રમાણે અહીં જંબૂવૃક્ષનો પણ વિસ્તાર જાણવો. પરંતુ ચાર મહત્તરિકાને બદલે અહીં ચાર અગ્ર મહિષીઓ જાણવી. ૧૪૩

**વિવેચનઃ**—જેમ દ્રહમાં આવેલ મૂલ કમળને ફરતો બીજા કમળોનો પરિવાર કહ્યો છે, તેમ અહીં પણ જંબૂવૃ-ક્ષોનો તે જ પ્રમાણે પરિવાર જાણવો. એટલે કે શ્રીદેવીના મુખ્ય પદ્મના પરિવાર રૂપ બીજા પદ્મો કહ્યા છે તે જ રીતે

આ મુખ્ય જંબૂવૃક્ષના પરિવાર રૂપ બીજા નાના જંબૂવૃક્ષો જાણવા. પરંતુ વિશેષ એ છે કે ત્યાં શ્રીદેવીના અધિકારમાં ચાર મહત્તરિકા કહી છે તેમને ઠેકાણે અહીં ચાર અગ્રમહિષીઓ જાણવી. આ જંબૂવૃક્ષો પૃથ્વીકાય રૂપ છે. ૧૪૩

**કોસદુસએહિં જંબૂ, ચઉદ્દિસિં પુવ્વસાલસમભવણા;**
**વિદિસાસુ સેસતિસમા, ચઉવાવિજુયા ય પાસાયા.૧૪૪**

| | |
|---|---|
| **પુવ્વસાલ સમ**–પૂર્વ દિશાની શાખા સરખા | **ચઉવાવિ**–ચાર વાવો |
| **સેસતિસમા**–બાકીના ત્રણ સમાન | **જુઆ**–યુક્ત, સહિત |

**અર્થ**:—જંબૂવૃક્ષની ચારે દિશામાં બસો ગાઉ છેટે પૂર્વ દિશાની મુખ્ય શાખા ઉપર આવેલ ભવન સમાન ચાર ભવનો છે. અને ચાર વિદિશામાં બાકીની ત્રણ દિશાની શાખાઓના ભવન સમાન ચાર વાવો સહિત પ્રાસાદો છે. ૧૪૪

**વિવેચનઃ**—જંબૂવૃક્ષથી પૂર્વાદિ ચારે દિશામાં બસો કોશ એટલે પચાસ યોજન દૂર જઈએ ત્યારે તે ઠેકાણે પૂર્વ દિશાની મુખ્ય શાખા પર રહેલા ભવનની જેવા ચાર ભવનો છે, અને ઈશાનાદિ ચારે વિદિશામાં તેટલે જ દૂર એટલે પચાસ યોજન છેટે બાકીની ત્રણ દિશાની ત્રણ મુખ્ય શાખાઓ ઉપર રહેલા ભવનની જેવા અને ચાર ચાર વાવોએ કરીને યુક્ત એવા પ્રાસાદો છે. એક એક વિદિશામાં એક એક પ્રાસાદ હોવાથી ચાર પ્રાસાદો છે. તે બેસવા માટેના સિંહાસનો સહિત છે. દરેક પ્રાસાદને ફરતી ચાર ચાર વાવો છે. તે વાવો એક કોશ લાંબી, અર્ધ કોશ પહોળી અને કોશના આઠમા ભાગ જેટલી ( અઢીસો ધનુષ ) ઉંડી છે. ૧૪૪

**તાણંતરેસુ અડ જિણ-કૂડા તહ સુરકુરાઇ અવરદ્ધે;**
**રાયયપીઢે સામલિ-રુક્ખો એમેવ ગરુલસ્સ. ૧૪૫**

| | |
|---|---|
| **તાણંતરેસુ**-તેઓના આંતરામાં | **રાયયપીઢે**-રજતમય પીઠ ઉપર |
| **જિણકૂડા**-જિન કૂટો | **સામલિરુક્ખો**-શાલ્મલિ વૃક્ષ |
| **સુરકુરાઇ**-દેવકુરૂ ક્ષેત્રમાં | **એમેવ**-એવું જ |
| **અવરદ્ધે**-પશ્ચિમાર્ધને વિષે | **ગરૂલસ્સ**-ગરૂડ દેવનું |

**અર્થ**:—તેમના આંતરામાં આઠ જિન કૂટો છે, તથા દેવકુરૂના પશ્ચિમાર્ધને વિષે રૂપાના પીઠને વિષે ગરૂડદેવનું શાલ્મલી નામે વૃક્ષ છે. ૧૪૫

**વિવેચનઃ**—તે ચાર ભવન અને ચાર પ્રાસાદનાં આઠ આંતરાને વિષે જિનભવનો સહિત આઠ કૂટો છે. તે કૂટો મૂળમાં બાર યોજન વિસ્તારવાળા, શિખર પર ચાર યોજન વિસ્તારવાળા અને આઠ યોજન ઉંચા છે. તથા દેવકુરૂના પશ્ચિમાર્ધને વિષે રૂપામય પીઠ ઉપર ગરૂડદેવનું શાલ્મલી નામનું વૃક્ષ છે. તે પણ એ જ પ્રમાણે એટલે જંબૂવૃક્ષની જેવા જ પરિમાણ ને પરિવારવાળું છે. ૧૪૫

હવે મહાવિદેહના વિજયાદિકનું સ્વરૂપ કહે છે—

**બત્તીસ સોલ બારસ, વિજયા વક્ખાર અંતરણઇઓ;**
**મેરુવણાઓ પુવ્વા-વરાસુ કુલગિરિમહણુયંતા ૧૪૬**

| | |
|---|---|
| **વક્ખાર**-વક્ષસ્કાર પર્વતો | **પુવ્વાવરાસુ**-પૂર્વ અને પશ્ચિમમાં |
| **અંતરણઇઓ**-અંતર નદીઓ | **મહણુયંતા**-મહા નદી આગળ અન્તવાળા |
| **મેરૂવણાઓ**-મેરૂના વનથી | |

**અર્થઃ**—મેરૂના ભદ્રસાલ વનથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં કૂલગિરિથી આરંભીને મહાનદીની વચ્ચે બત્રીસ

વિજયો, સોલ વક્ષસ્કાર પર્વતો અને બાર અંતરનદીઓ આવેલી છે. ૧૪૬

**વિવેચનઃ**—મહાવિદેહ ક્ષેત્રમાં મેરૂ પર્વતના ભદ્રસાલ વનથી પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં કુલગિરિ એટલે નિષધ અને નીલવંત પર્વત તથા મહાનદી એટલે શીતા અને શીતોદાની વચમાં બંને દિશાના મળીને ૩૨ વિજયો, ૧૬ વક્ષસ્કાર અને બાર અંતરનદીઓ આવેલી છે. એટલે કે—મેરૂના ભદ્રશાળ વનથી પૂર્વ દિશામાં નિષધ અને નીલવંત પર્વતથી આરંભીને શીતા નદી સુધી લાંબી આઠ આઠ વિજયો, ચાર ચાર વક્ષસ્કારો અને ત્રણ ત્રણ અંતરનદીઓ અનુક્રમે છે. અર્થાત્—મેરૂના વનથી પૂર્વ દિશામાં પ્રથમ બે વિજયો, પછી બે વક્ષસ્કાર, ફરી પાછા બે વિજય અને પછી બે અંતરનદીઓ, ફરીથી બે વિજય, ઈત્યાદિ ક્રમ વડે સોળ વિજય, આઠ વક્ષસ્કાર અને છ અંતરનદીઓ છે. તે જ પ્રમાણે મેરૂથી પશ્ચિમ દિશામાં પણ તેટલી જ વિજયો વગેરે છે. તે બન્ને દિશાના મળી બત્રીશ વિજય, સોળ વક્ષસ્કાર અને બાર અંતરનદીઓ છે. ૧૪૬

વિજયાદિકની પહોળાઈ કહે છે—

**વિજયાણ પિહુત્તિ સગ-ટ્ઠભાગ બારુત્તરા દુવીસસયા;**
**સેલાણં પંચસએ, સવેઈણઈ પન્નવીસસયં. ૧૪૭**

**સગટ્ઠ ભાગ**—આઠીયા સાત ભાગ
**બારુત્તરા**—બાર અધિક
**દુવીસસયા**—બાવીસ સો
**સેલાણં**—પર્વતોની
**સવેઇ**—વેદિકા સહિત
**ણઇ**—અન્તર નદીઓ

**અર્થ**:—તે દરેક વિજયની પહોળાઈ બાવીસસો બાર યોજન તથા યોજનના આઠીયા સાત ભાગ પ્રમાણ છે. વક્ષસ્કાર પર્વતોની પહોળાઇ ૫૦૦ યોજન પ્રમાણ છે. અને વેદિકા સહિત દરેક નદીનું પ્રમાણ એકસો પચીસ યોજનનું છે. ૧૪૭

**વિવેચનઃ**—દરેક વિજયની પહોળાઈ બાવીશસો ને બાર યોજન તથા ઉપર આઠીયા સાત ભાગ (૨૨૧૨$\frac{7}{8}$) જેટલું છે. દરેક વક્ષસ્કાર પર્વતનું પાંચસો (૫૦૦) યોજન પહોળપણું છે અને વેદિકા સહિત અંતરનદીઓનું એકસો ને પચીસ (૧૨૫) યોજન પહોળપણું છે. આ દરેકની પહોળાઇ આ પ્રમાણે જાણવી—મેરૂ પર્વત અને તેની બંને બાજુના ભદ્રશાલ વનનું પહોળાપણું ૫૪૦૦૦ યોજન છે એટલે ૫૪૦૦૦ યોજન પ્રમાણ ભૂમિ મેરૂ અને બે બાજુના વને મળીને રોકી છે. સોળ વિજયોની કુલ પહોળાઈ ૩૫૪૦૬ યોજન છે, આઠ વક્ષસ્કાર પર્વતોની કુલ પહોળાઈ ૪૦૦૦ યોજન છે, છ અંતરનદીઓની કુલ પહોળાઇ ૭૫૦ યોજન છે, અને બે બાજુના–પૂર્વ ને પશ્ચિમના વનમુખની પહોળાઇ ૫૮૪૪ યોજન છે. આ પાંચમાંથી જેની પહોળાઈ લાવવાની ઈચ્છા હોય તે સિવાય બાકીના ચારની પહોળાઈ એકઠી કરવી એટલે કે બાકીના ચારની પહોળાઈના જેટલા યોજનો ઉપર લખ્યા છે તેનો સરવાળો કરવો. પછી જે અંક આવે તે જંબૂદ્વીપના એક લાખ યોજન પ્રમાણ વિષ્કંભમાંથી બાદ કરવો. જે બાકી રહે તેને ઈચ્છેલા વિજયાદિના અંકે ભાગવા. જે ભાગાકાર આવે તે ઇષ્ટ વિષયની ( સ્થાનની ) પહોળાઈ જાણવી. ૧૪૭

# વિજયાદિકની પહોળાઇનો યંત્ર.

| વિષ્કંભ લાવવાના સ્થાનો. | ઇષ્ટ સિવાયના સ્થાનનો વિષ્કંભ યોજન. | ચારેનો સરવાળો | લાખમાંથી બાદ કરતાં બાકી રહેલ ઇષ્ટ સ્થાનના વિષ્કંભ યોજન | ભાગવાનો અંક. | ભાગવાથી આવેલી દરેક સ્થાનની યો. ક. પહોળાઇ. |
|---|---|---|---|---|---|
| ૧ મેરૂ પર્વત ભદ્રશાળવન સાથે | ૩૫૪૦૬—૪૦૦૦ ૭૫૦—૫૮૪૪ | ૪૬૦૦૦ | ૫૪૦૦૦ | ૧ | ૫૪૦૦૦ |
| ૨ સોળ વિજયો | ૫૪૦૦૦—૪૦૦૦ ૭૫૦—૫૮૪૪ | ૬૪૫૯૪ | ૩૫૪૦૬ | ૧૬ | ૨૨૧૨$\frac{૧૪}{૧૬}$ |
| ૩ આઠ વક્ષસ્કાર | ૫૪૦૦૦—૩૫૪૦૬ ૭૫૦—૫૮૪૪ | ૯૬૦૦૦ | ૪૦૦૦ | ૮ | ૫૦૦ |
| ૪ છ અંતરનદી | ૫૪૦૦૦-૩૫૪૦૬ ૪૦૦૦—૫૮૪૪ | ૯૯૨૫૦ | ૭૫૦ | ૬ | ૧૨૫ |
| ૫ બે વનમુખ | ૫૪૦૦૦—૩૫૪૦૬ ૪૦૦૦—૭૫૦ | ૯૪૧૫૬ | ૫૮૪૪ | ૨ | ૨૯૨૨ |
| | | | ૧૦૦૦૦૦ | | |

વિજયાદિકની લંબાઇ કહે છે—

**સોલસસહસ્સ પણુસય, બાણુઉઆ તહ ય દો કલાઓ ય;**
**એએસિં સવ્વેસિં, આયામો વણમુહાણં ચ. ૧૪૮**

| | |
|---|---|
| **બાણુઉઆ**–બાણુ | **સવ્વેસિં**–સર્વેનો |
| **તહય**–તેમજ | **આયામો**–લંબાઇ |
| **એએસિં**–એમનો | **વણમુહાણં**–વનમુખોનો |

**અર્થ:**—એ સઘળાંની તથા વનમુખની લંબાઈ સોળ હજાર પાંચસો બાણુ યોજન અને બે કલા (૧૬૫૯૨–૨) પ્રમાણ છે. ૧૪૮

**વિવેચન:**—સોળ હજાર પાંચ સો બાણું યોજન તથા ઉપર બે કળા એટલે ઓગણીશીયા બે ભાગ આટલો આયામ–લંબાઈ આ સર્વનો એટલે દરેક વિજય, વક્ષસ્કાર અને અંતરનદીનો છે. તથા વળી દરેક વનમુખનો પણ તેટલો જ આયામ છે એટલે શીતોદા અને શીતા નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારે જે ચાર વનમુખ છે તેનો પણ તેટલો જ વિસ્તાર છે. ૧૪૮

વક્ષસ્કારની ઉંચાઇ વગેરે કહે છે—

**ગયદંતગિરિવ્વુચ્ચા, વક્ખારા તાણમંતરણુઈણં;**
**વિજયાણં ચ ભિહાણા–ઈ માલવંતા પયાહિણઓ. ૧૪૯**

| | |
|---|---|
| **ગયદંત**–ગજદંત | **અભિહાણાઈ**–નામો |
| **ગિરિવ્વુચ્ચા**–પર્વતની જેમ ઉંચા | **માલવંતા**–માલ્યવાન ગજદંતથી |
| **તાણં**–તેમના | **પયાહિણઓ**–પ્રદક્ષિણા વર્તે |

**અર્થ**:—આ વક્ષસ્કાર પર્વતો ગજદંતગિરિ જેટલા ઉંચા છે. તેઓનાં, અંતરનદીઓનાં અને વિજયોનાં નામો માલવંત ગિરિથી પ્રદક્ષિણાવર્તે જાણવા. ૧૪૯

**વિવેચનઃ**—સોળ વક્ષસ્કાર પર્વતો ગજદંત ગિરિની જેટલા ઉંચા છે. જેમ ગજદંતગિરિ કુલગિરિની પાસે ચાર સો યોજન ઉંચા છે અને છેડે પાંચ સો યોજન ઉંચા છે, તેમ આ વક્ષસ્કાર ગિરિઓ પણ કુલગિરિની પાસે ચાર સો યોજન ઉંચા છે અને છેડે એટલે શીતોદા અને શીતા નદીની સમીપે પાંચ સો યોજન ઉંચા છે. તથા તેમનું જાડપણું આદિ અને અંતમાં પાંચ સો યોજન છે. તે ૧૬ વક્ષસ્કારનાં, ૧૨ અંતરનદીઓનાં, અને ૩૨ વિજયોનાં નામો માલ્યવંત નામના ગજદંત પર્વતથી શરૂ કરીને પ્રદક્ષિણાએ નીચે પ્રમાણે જાણવા. ૧૪૯

પ્રથમ ૧૬ વક્ષસ્કારનાં નામો કહે છે—

**ચિત્તે ૧ બંભકૂડે ૨, ણલિણીકૂડે ૩ ય એગસેલે ૪ ય;**
**તિઉડે ૫ વેસમણે ૬ વિ ય, અંજણ ૭ માયંજણે ૮ ચેવ. ૧૫૦**

**અંકાવઈ ૯ પમ્હાવઈ ૧૦, આસીવિસ ૧૧ તહ સુહાવહે ૧૨ ચંદે ૧૩; સૂરે ૧૪ ણાગે ૧૫ દેવે ૧૬ સોલસ વક્ખારગિરિણામા. ૧૫૧**

**ચિત્તે**-ચિત્રકૂટ
**બંભકૂડે**-બ્રહ્મકૂટ
**ણલિણીકૂડે**-નલિની કૂટ
**એગસેલે**-એકશૈલ

| | |
|---|---|
| તિઉડે–ત્રિકૂટ | સુહાવહે–સુખાવહ |
| વેસમણેવિ–વૈશ્રમણ પણ | ચંદે–ચંદ્ર |
| અંજણ–અંજનગિરિ | સૂરે–સૂર |
| માયંજણે–માતંજન | ણાગે–નાગદેવ |
| અંકાવઈ–અંકાપાતી | દેવે–દેવ |
| પમ્હાવઈ–પક્ષ્માપાતી | વક્ખારગિરિ–વક્ષસ્કાર [પર્વતનાં] |
| આસીવિસ–આશીવિષ | ણામા–નામો |

અર્થ:—ચિત્રકૂટ ૧, અને બ્રહ્મકૂટ ૨, નલિનીકૂટ ૩, અને એકશૈલકૂટ ૪, અને ત્રિકૂટ ૫, વૈશ્રમણકૂટ ૬, વળી અંજનકૂટ ૭, માતંજનકૂટ ૮, નિશ્ચે અંકાપાતીકૂટ ૯ પક્ષ્માપાતીકૂટ ૧૦, આશીવિષકૂટ ૧૧ તથા સુખાવહકૂટ ૧૨, ચંદ્રકૂટ ૧૩, સૂરકૂટ ૧૪ નાગકૂટ ૧૫ અને દેવકૂટ ૧૬. આ સોળ વક્ષસ્કાર પર્વતનાં નામો માલ્યવંત નામના ગજદંત પર્વતથી પ્રદક્ષિણાવર્તે જાણવાં. ૧૫૦–૧૫૧

હવે ૧૨ અંતરનદીઓનાં નામ કહે છે—

**ગાહાવઈ ૧ દહવઇ ૨, વેગવઈ ૩ તત્ત ૪ મત્ત ૫ ઉમ્મત્તા ૬; ખીરોય ૭ સીયસોયા ૮ તહ અંતોવાહિણી ૯ ચેવ. ૧૫૨**

**ઉમ્મીમાલિણિ ૧૦ ગંભી–રમાલિણી ૧૧ ફેણમાલિણી ૧૨ ચેવ;**
**સવ્વત્થ વિ દસજોયણ–ઉંડા કુંડુબ્ભવા એયા. ૧૫૩**

| | |
|---|---|
| **ગાહાવઈ**–ગ્રાહવતી | **અંતોવાહિણી**–અન્તર્વાહિની |
| **દહવઈ**–દ્રહવતી | **ઉમ્મીમાલિણિ**–ઉર્મિમાલિની |
| **વેગવઇ**–વેગવતી | **ગંભીરમાલિણિ**–ગંભીરમાલિની |
| **તત્ત**–તપ્તા | **ફેણમાલિણી**–ફેનમાલિની |
| **મત્ત**–મત્તા | **સવ્વત્થવિ**–સર્વ સ્થળે |
| **ઉમ્મત્તા**–ઉન્મત્તા | **કુંડુબ્ભવા**–કુંડમાંથી ઉત્પન્ન થએલી |
| **ખીરોય**–ક્ષીરોદા | |
| **સીયસોયા**–શીતસ્રોતા | **એયા**–એ અન્તર્નદીઓ |

**અર્થ**:—ગ્રાહવતી ૧, દ્રહવતી ૨, વેગવતી ૩, તપ્તા ૪, મત્તા ૫, ઉન્મત્તા ૬, ક્ષીરોદા ૭, શીતસ્રોતા ૮, તથા અંતર્વાહિની ૯, નિશ્ચે ઊર્મિમાલિની ૧૦, ગંભીરમાલિની ૧૧ અને ફેનમાલિની ૧૨ નિશ્ચે આ બાર અંતર નદીઓ સર્વ ઠેકાણે દશ યોજન ઉંડી છે. તથા નિષધ અને નીલવંતગિરિની પાસે રહેલા પોતપોતાની તુલ્ય નામવાળા કુંડમાંથી ઉત્પન્ન થયેલી—નીકળેલી છે. જેમ ગ્રાહવંત કુંડમાંથી ગ્રાહવતી નદી નીકળી છે ઈત્યાદિ. અહીં નદીઓની દેવીઓ, તેના દ્વીપો વિગેરે વિશેષ હકીકત રોહિતાંશા નદીની પ્રમાણે જાણવી. ૧૫૨–૧૫૩.

હવે ૩૨ વિજયનાં નામો કહે છે—

**કચ્છુ ૧ સુકચ્છો ૨ ય મહા–કચ્છો ૩ કચ્છાવઈ ૪ તહા;**
**આવત્તો ૫ મંગલાવત્તો ૬, પુક્ખલો ૭ પુક્ખલાવઈ.**
**૮. ૧૫૪**

**વચ્છુ ૯ સુવચ્છો ૧૦ ય મહા–વચ્છો ૧૧ વચ્છાવઈ ૧૨ વિ ય; [વઈ. ૧૬. ૧૫૫**
**રમ્મો ૧૩ ય રમ્મઓ ૧૪ ચેવ, રમણી ૧૫ મંગલા-**

પમ્હુ ૧૭ સુપમ્હો ૧૮ ય મહા-પમ્હો ૧૯ પમ્હાવઈ
૨૦ તઓ; [૨૪. ૧૫૬

સંખો ૨૧ ણલિણણામા ૨૨ ય, કુમુઓ ૨૩ ણલિણાવઇ.
વપ્પુ ૨૫ સુવપ્પો ૨૬ અ મહા-વપ્પો ૨૭ વપ્પાવઇ
૨૮ ત્તિ ય; [૩૨. ૧૫૭

વગ્ગુ ૨૯ તહા સુવગ્ગુ ૩૦ ય, ગંધિલો ૩૧ ગંધિલાવઇ.

કુચ્છુ-કુચ્છ વિજય
સુકુચ્છો-સુકચ્છ વિજય
મહાકચ્છો-મહાકચ્છ વિજય
કુચ્છાવઈ-કચ્છાવતી વિજય
આવત્તો-આવર્ત વિજય
મંગલાવત્તો-મંગલાવર્ત વિજય
પુક્ખલો-પુષ્કલાવર્ત વિજય
પુક્ખલાવઇ-પુષ્કલાવતી વિજય
વચ્છુ-વત્સ વિજય
સુવચ્છા-સુવત્સ વિજય
મહાવચ્છો-મહાવત્સ વિજય
વચ્છાવઈ-વત્સાવતી વિજય
રમ્મો-રમ્ય વિજય
રમ્મઓ-રમ્યક વિજય
રમણી-રમણીય વિજય
મંગલાવઈ-મંગલાવતી વિજય

પમ્હુ-પક્ષ્મ વિજય
સુપમ્હો-સુપક્ષ્મ વિજય
મહાપમ્હો-મહાપક્ષ્મ વિજય
પમ્હાવઇ-પક્ષ્માવતી વિજય
સંખો-શંખ વિજય
ણલિણનામા-નલિન નામવાળો
કુમુઓ-કુમુદ
ણલીણાવઈ-નલિનાવતી વિજય
વપ્પુ-વપ્ર વિજય
સુવપ્પો-સુવપ્ર વિજય
મહાવપ્પો-મહાવપ્ર વિજય
વપ્પાવઇત્તિ-વપ્રાવતી વિજય
વગ્ગુ-વલ્ગુ વિજય
સુવગ્ગુ-સુવલ્ગુ વિજય
ગંધિલો-ગંધિલ વિજય
ગંધિલાવઈ-ગંધિલાવતી વિજય.

**અર્થ**:—કચ્છ ૧, સુકચ્છ ૨, અને મહાકચ્છ ૩, કચ્છવત્ ( કચ્છાવતી ) ૪, તથા આવર્ત ૫, મંગલાવર્ત ૬,

પુષ્કલ ૭, પુષ્કલવત્ ૮ (પુષ્કલાવતી) વચ્છ ૯, સુવચ્છ ૧૦ મહાવચ્છ અને ૧૧. વચ્છવત્ (વચ્છાવતી) ૧૨, વળી રમ્ય ૧૩ અને રમ્યક ૧૪, નિશ્ચે રમણીય ૧૫, મંગલાવત (મંગળાવતી) ૧૬, પદ્મ ૧૭, સુપદ્મ ૧૮, અને મહાપદ્મ ૧૯. પદ્મવત્ (પદ્માવતી) ૨૦, ત્યાર પછી શંખ ૨૧, નલિન નામની ૨૨, અને કુમુદ ૨૩, નલિનવત્ (નલિનાવતી) ૨૪ વપ્ર ૨૫, સુવપ્ર ૨૬. અને મહાવપ્ર ૨૭, વપ્રવત્ (વપ્રાવતી નામે ૨૮, અને વલ્ગુ ૨૯, તથા સુવલ્ગુ ૩૦. અને ગંધિલ ૩૧ તથા ગંધિલવત્ (ગંધિલાવતી) ૩૨, આ પ્રમાણે વિજયનાં નામો છે. ૧૫૪–૧૫૭

**એએ પુવ્વાવરગય-વિઅડ્ઢદલિય ત્તિ ણઇદિસિદલેસુ:**
**ભરહદ્ધપુરિસમાઓ, ઇમેહિં ણામેહિં ણયરીઓ. ૧૫૮**

| | |
|---|---|
| **એએ**–એ વિજયો [રહેલા | **ભરહદ્ધ**–ભરતાર્ધની |
| **પુવ્વાવરગય**-પૂર્વ પશ્ચિમમાં | **પુરીસમાઓ**-નગરી સરખી |
| **દલિય**–અર્ધ થએલા | **ઇમેહિં ણામેહિં**–આ નામવાળી |
| **ણઇદિસિદલેસુ**–નદી તરફના અર્ધ ભાગમાં | **ણયરીઓ**–નગરીઓ |

**અર્થ**—આ વિજયોના પૂર્વ પશ્ચિમ ગએલા (લાંબા) વૈતાઢ્ય વડે બે વિભાગ કરાયા છે. તેમાં નદીની દિશાના ખંડને વિશે ભરતાર્ધની નગરી સમાન આ નામે નગરીઓ છે. ૧૫૮

**વિવેચન**—આ કચ્છાદિક ૩૨ વિજયો પૂર્વ અને પશ્ચિમ દિશામાં ગએલા એટલે પૂર્વ પશ્ચિમ લાંબા અને

વિજયની મધ્યમાં રહેલા વૈતાઢ્ય પર્વતવડે દલ રૂપ કરાયા છે એટલે ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ એવા બે ખંડવાળા કરાયા છે. તથા તેમાં રહેલી નદીઓ વડે ભરત ક્ષેત્રની જેમ છ ખંડવાળા થયા છે. નદીદ્વિશિના દલને વિષે એટલે શીતા ને શીતોદા તરફના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધના મધ્ય ખંડને વિષે ભરતાર્ધની એટલે દક્ષિણ ભરતાર્ધના મધ્યખંડમાં રહેલી અયોધ્યા નગરીની જેવી આ કહેવાશે એવા નામે નગરીઓ છે. ૧૫૮

તે નગરીઓનાં નામ કહે છે--

ખેમા ૧ ખેમપુરા ૨ વિ અ, અરિટ્ઠ ૩ રિટ્ઠાવઇ ૪
ચ ણાયવ્વા; [૮ ય. ૧૫૯

ખગ્ગી ૫ મંજૂસા ૬ વિય, ઓસહિપુરિ ૭ પુંડરિગિણી
સુસીમા ૯ કુંડલા ૧૦ ચેવ, અવરાવિઅ ૧૧ પહંકરા ૧૨;
અંકાવઇ ૧૩ પમ્હાવઇ ૧૪, સુભા ૧૫ રયણસંચયા.
[૧૬. ૧૬૦

આસપુરા ૧૭ સીંહપુરા ૧૮, મહાપુરા ૧૯ ચેવ હવઇ
વિજયપુરા ૨૦; [સોગા ૨૪ ય. ૧૬૧

અવરાઇયા ૨૧ ય અવરા ૨૨, અસોગા ૨૩ તહ વીઅ-
વિજયા ૨૫ ય વેજયંતી ૨૬, જયંતી ૨૭ અપરાજિયા
ય ૨૮ બોધવ્વા; અઉજ્ઝા ૩૨ ય. ૧૬૨

ચક્કપુરા ૨૯ ખગ્ગપુરા ૩૦, હોઇ અવજ્ઝા ૩૧

| | |
|---|---|
| **ખેમા**–ક્ષેમા | **સીંહપુરા**–સીંહપુરા |
| **ખેમપુરા**–ક્ષેમપુરા | **મહાપુરા**–મહાપુરા |
| **અરિટ્ઠ**–અરિષ્ટા | **ચેવ**–નિશ્ચે |
| **રિટ્ઠાવઈ**–અરિષ્ટાવતી | **વિજયપુરા**–વિજયપુરા |
| **ણાયવ્વા**–જાણવી | **અવરાઇયા**–અપરાજિતા |
| **ખગ્ગી**–ખડ્ગી | **અવરા**–અપરા |
| **મંજૂસા**–મંજુષા | **અસોગા**–અશોકા |
| **ઓસહિપુરિ**–ઔષધિ પુરી | **વીઅસોગા**–વીતશોકા |
| **સુસીમા**–સુસીમા | **વિજયા**–વિજયા |
| **કુંડલા**–કુંડલા | **વેજયંતી**–વૈજયંતી |
| **અવરા**–અપરાવતી | **જયંતિ**–જયન્તી |
| **પહંકરા**–પ્રભંકરા | **અપરાજિયા**–અપરાજિતા |
| **અંકાવઈ**–અંકાવતી | **બોધવ્વા**–જાણવી |
| **પમ્હાવતી**–પદ્માવતી | **ચક્કપુરા**–ચક્રપુરા |
| **સુભા**–શુભા | **ખગ્ગપુરા**–ખડ્ગપુરા |
| **રયણસંચયા**-રત્ન સંચયા | **અવજ્ઝા**–અવધ્યા |
| **પુંડરિગિણી**–પુંડરીકિણી | **અઉજ્ઝા**–અયોધ્યા |
| **આસપુરા**–અશ્વપુરા | |

**અર્થ** :––કચ્છ વિગેરે વિજયોમાં અનુક્રમે આ નામની નગરીઓ છે–ક્ષેમા ૧, ક્ષેમપુરા ૨, વળી અરિષ્ટા ૩, અને અરિષ્ટાવતી ૪ જાણવી. ખડ્ગી ૫, મંજૂષા ૬, વળી ઔષધિપુરી ૭, પુંડરીકિણી ૮, અને સુસીમા ૯, કુંડલા ૧૦, નિશ્ચે અપરાવતી ૧૨, પ્રભંકરા ૧૨, અંકાવતી ૧૩, પદ્માવતી ૧૪, શુભા ૧૫, રત્નસંચયા ૧૬, અશ્વપુરા, ૧૭, સિંહપુરા ૧૮, મહાપુરા ૧૯, નિશ્ચે છે. વિજયપુરા ૨૦, અપરાજિતા ૨૧, અને અપરા ૨૨ અશોકા ૨૩, તથા

વીતશોકા ૨૪, અને વિજયા ૨૫, અને વૈજયંતી ૨૬, જયંતી ૨૭, અને અપરાજિતા ૨૮, જાણવી. ચક્રપુરા ૨૯ ખડ્ગપુરા ૩૦ અવધ્યા ૩૧, અને અયોધ્યા ૩૨ છે. ૧૫૯—૧૬૨

વિજયની નદીઓનું સ્વરૂપ કહે છે—

**કુંડુબ્ભવા ઉ ગંગા–સિંધૂઓ કચ્છપમ્હપમુહેસુ;**
**અટ્ટસુ વિજએસું, સેસેસુ ય રત્તરત્તવઈ. ૧૬૩**

કુંડુબ્ભવા–કુંડમાંથી નીકળેલી
પમુહેસુ-પ્રમુખ
અટ્ટસુ–આઠ આઠ
વિજએસુ–વિજયોમાં
સેસેસુ-બાકીના (વિજયોમાં)
રત્તરત્તવઈ–રક્તા અને રક્તવતી;

**અર્થ**—કુંડમાંથી નીકળેલી ગંગા અને સિંધૂ નામની નદીઓ અનુક્રમે કચ્છ વગેરે આઠ વિજયમાં તથા પદ્મ વિગેરે આઠ વિજયોમાં જાણવી. બાકીના વિજયોમાં રક્તા તથા રક્તવતી નામે નદીઓ જાણવી. ૧૬૩

**વિવેચન**:—નિષધ પર્વતની સમીપે જે ૩૨ કુંડો છે તે કુંડમાંથી ગંગા અથવા સિંધૂ નામે એક એક નદી નીકળે છે. તે નામની બે નદીઓ પદ્મપ્રમુખ દક્ષિણ બાજુની આઠ આઠ એટલે કુલ ૧૬ વિજયોને વિષે હોય છે, અને બાકીના એટલે વચ્છ વિગેરે આઠ અને વપ્ર વિગેરે આઠ મળી કુલ ૧૬ ઉત્તર બાજુની વિજયોને વિષે રક્તા અને રક્તવતી નામની બબે નદીઓ છે. તે નદીઓ નીલવંત પાસેના ૩૨ કુંડોમાંથી નીકળેલી છે. આ સર્વ નદીઓ વૈતાઢ્યને ભેદીને શીતા અને શીતોદાને વિષે પ્રવેશ કરે છે–મળે છે. ૧૬૩

**અવિવક્ખિઊણ જગઇ, સવેઇવણમુહચઉક્કપિહુલત્તં;**
**ગુણતીસસય દુવીસા, ણઇંતિ ગિરિઅંતિ એગકલા. ૧૬૪**

| | |
|---|---|
| **અવિવક્ખિઊણ**–વિવક્ષા કર્યા વિના | **ચઉક્ક**–ચાર |
| **જગઇ**–જગતીની | **ગુણતીસસય**–ઓગણત્રીસસો |
| **સવેઇ**–વેદિકા સહિત | **ણઇંતિ**–નદીઓના અન્તે |
| **વણમુહ**–વનમુખ | **ગિરિ અંતિ**–પર્વતના અન્તે |
| | **એગકલા**–એક કલા |

શીતા અને શીતોદાની બન્ને બાજુ મળીને ચાર વનમુખ આવેલાં છે તેની પહોળાઈ કહે છેઃ—

**અર્થ**:—જગતીની વિવક્ષા કર્યા વિના એટલે જગતીના આઠ યોજન જુદા ગણ્યા વિના—અર્થાત્ તેને ભેળા ગણીને વેદિકા સહિત ચારે વનમુખની પહોળાઈ ઓગણ-ત્રીશ સો ને બાવીશ (૨૯૨૨) યોજન નદીની પાસે છે અને ત્યાંથી ઓછી ઓછી થતાં છેડે નિષધ નીલવંત ગિરિની પાસે એક જ કળા જેટલી પહોળાઇ છે. ૧૬૪

**વિવેચન**—શીતા અથવા શીતોદા નદી જે તરફ લવણ સમુદ્રને મળે છે તે બાજુ શીતોદાથી નિષધ અથવા નિલવંત પર્વત સુધી જગતીની અંદર વનમુખ આવેલ છે. એક એક નદીની ઉત્તર તથા દક્ષિણે વનમુખ હોવાથી કુલ ચાર વનમુખ છે. તે વનમુખ નદી આગળ સૌથી વધારે પહોળાં છે. ત્યાં તેની પહોળાઈ ૨૯૨૨ યોજન પ્રમાણ છે. આમાં જગતીની પહોળાઇના ૧૨ યોજન ભેગા ગણેલા છે, માટે જગતીની જુદી જુદી વિવક્ષા કરી નથી. ત્યાંથી નિષધ

અથવા નીલવંત પર્વત તરફ જતાં તેની પહોળાઈ ધીમે ધીમે ઘટતી જાય છે. અને છેવટે પર્વત આગળ તેની પહોળાઇ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલીજ હોય છે.

આ વનમુખની પહોળાઇ લાવવાની રીત આ પ્રમાણે– કુલગિરિથી નદી તરફ જે ઠેકાણે વનમુખનો વિષ્કંભ જાણવાનો હોય તે ઠેકાણે કુલગિરિથી જેટલા યોજનાદિક છેટું હોય તે યોજનાદિકના અંકને ( યોજનને ૧૯ વડે ગુણી ઉપર કળા હોય તે તેમાં ભેળવવી. ) વનમુખના અંત્ય વિસ્તારના અંકવડે એટલે ૨૯૨૨ વડે ગુણવો. પછી વનની કુલ લંબાઈ જે ૧૬૫૯૨ યોજન અને ૨ કળા છે, તેને સવર્ણ કરવા માટે યોજનની સંખ્યાને ૧૯ વડે ગુણી તેમાં ઉપરની બે કળા નાંખવી. તેમ કરવાથી કુલ કળા ૩૧૫૨૫૦ થાય છે. તે વડે ઉપરના ગુણાકાર કરેલા અંકનો ભાગાકાર કરવો. ભાગમાં જે આવે તેટલા યોજન અને બાકી શેષ રહે તે કળા સમજવી. આટલો ઈષ્ટ સ્થાનનો વિષ્કંભ જાણવો.

જેમકે–કુલગિરિથી ૧૬૫૯૨ યોજન અને ૨ કળા જઇએ ત્યારે વનમુખનો વિષ્કંભ કેટલો હોય તે જાણવું છે, માટે તે યોજનના અંકને ૧૯ વડે ગુણતાં ૩૧૫૨૪૮ થાય તેમાં ઉપરની ૨ કળા નાખવાથી ૩૧૫૨૫૦ થાય. તેને વિસ્તારના આંક ૨૯૨૨ વડે ગુણતાં ૯૨૧૧૬૦૫૦૦ થાય. તેને વનની કુલ લંબાઈની જે કળા ૩૧૫૨૫૦ આવી છે તે વડે ભાંગતાં ભાગમાં ૨૯૨૨ આવે છે. બાકી શેષ શૂન્ય રહે છે, તેથી નદી પાસે આવેલા વનમુખનો વિષ્કંભ ૨૯૨૨ યોજનનો છે એમ સિદ્ધ થયું. એ જ પ્રમાણે સર્વત્ર જાણવું.

જેમકે—કુલગિરિથી ૧૦૦ યોજન જઇએ ત્યારે તેનો વિષ્કંભ કેટલો હોય તે જાણવું હોય તો ૧૦૦ ને ૧૯ વડે ગુણતાં ૧૯૦૦ કળા થઈ. તેને ૨૯૨૨ વડે ગુણતાં ૫૫૫૧૮૦૦ થયા. તેને વનની કુલ લંબાઈની કળા ૩૧૫૨૫૦ વડે ભાગતાં ૧૭ યોજન અને અર્ધ યોજન ઉપરથી પણ વધારે વિષ્કંભ આવે છે. તેટલી વનમુખની પહોળાઇ કુલગિરિથી ૧૦૦ યોજન છેટે જાણવી. ૧૬૪

હવે વિજયાદિક પાંચનો વિસ્તાર એકત્ર કરતાં લાખ યોજન પૂર્ણ થાય છે તે કહે છે—

**પણતીસ સહસ ચઉ સય, છડુત્તરા સયલવિજય-**
**વિક્ખંભો;**
**વણમુહદુગવિક્ખંભો, અડવણ્ણ સયા ય ચોયાલા. ૧૬૫**
**સગ સય પણ્ણાસા ણઇ–પિહુત્તિ ચઉવણ્ણ સહસ મેરુવણે;** **[લક્ખં. ૧૬૬**
**ગિરિવિત્થરિ ચઉ સહસા, સવ્વસમાસો હવઇ**

**પણતીસ**—પાંત્રીસ
**છડુત્તરા**—છ અધિક
**સયલ**—સઘળી
**વણમુહદુગ**—બે વનમુખનો
**અડવન્નસયા**—અઠ્ઠાવન સો
**ચોયાલા**—ચુમાલીસ
**પણ્ણાસા**—પચાસ [પહોળાઇ
**ણઇપિહુત્તિ**—અન્તર્નદીઓની
**ચઉવન્ન**—ચોપન
**મેરુવણે**—મેરુના વનમાં
**ગિરિ વિત્થરિ**—પર્વતનો વિસ્તાર
**સવ્વસમાસો**—સર્વનો સરવાળો

**અર્થ**:—પાંત્રીશ હજાર ચાર સો અને ઉપર છ એટલા યોજન સમગ્ર એટલે એક બાજુની સોળ

વિજયોનો મળીને વિસ્તાર છે, તથા બે બાજુના (પૂર્વ ને પશ્ચિમના) વનમુખનો વિસ્તાર અઠ્ઠાવન સો અને ચુમાળીશ યોજન છે, તથા સાત સો અને પચાસ યોજન છ અંતરનદીનો વિસ્તાર છે, ચોપન હજાર યોજન મેરૂ અને ભદ્રશાળ વનનો વિસ્તાર છે, તથા આઠ વક્ષસ્કાર ગિરિનો વિસ્તાર ચાર હજાર યોજન છે. એ સર્વને એકઠા કરવાથી પરિપૂર્ણ એક લાખ યોજન થાય છે. ૧૬૫–૧૬૬

**વિવેચનઃ—**મહાવિદેહની એક લાખ યોજનની લંબાઈ છે. તેની અંદર નીચે જણાવ્યા પ્રમાણે આવેલા વિજયાદિક પાંચનો વિસ્તાર એકઠો કરવાથી લાખ યોજન થાય છે, તે જણાવે છે.—

| | |
|---|---|
| સોળ વિજયોનો વિષ્કંભ | ૩૫૪૦૬ યોજન |
| બે વનમુખનો વિષ્કંભ | ૫૮૪૪ યોજન |
| છ અંતરનદીનો વિષ્કંભ | ૭૫૦ યોજન |
| મેરૂનો વિષ્કંભ | ૧૦૦૦૦ યોજન |
| બે બાજુના ભદ્રશાલ વનનો વિષ્કંભ | ૪૪૦૦૦ યોજન |
| આઠ વક્ષસ્કાર ગિરિનો વિષ્કંભ | ૪૦૦૦ યોજન |
| (૧૬૫–૧૬૬) | કુલ. ૧૦૦૦૦૦ યોજન |

અધોગ્રામ ક્યાં છે તે કહે છે:—

**જોઅણસયદસગંતે, સમધરણીઓ અહો અહોગામા;**
**બાયાલીસસહસેહિં, ગંતું મેરુસ્સ પચ્છિમઓ. ૧૬૭**

| | |
|---|---|
| **સમધરણીઓ**-સમભૂમિથી | **બાયાલીસ**-બેંતાલીસ |
| **અહો**-નીચે | **ગંતું**-જઈને |
| **અહોગામા**-અધોગ્રામ | **પચ્છિમઓ**-પશ્ચિમ દિશામાં |

**અર્થ**:—મેરૂ પર્વતની પશ્ચિમ દિશાએ સમભૂતલા પૃથ્વીથી બેંતાળીશ હજાર યોજન જઇએ ત્યારે નીચે દશ સો યોજનને અંતે એટલે એક હજાર યોજન ઉંડા જઇએ તે ઠેકાણે અધોગ્રામ આવે છે. ૧૬૭

**વિવેચન**:—મેરૂ પર્વતથી પશ્ચિમ તરફ સમભૂતલાથી અનુક્રમે માત્રાએ માત્રાએ ભૂમિ નીચી નીચી થતી જાય છે, તે તરફ ૪૨૦૦૦ યોજન જઇએ ત્યારે ત્યાં સમભૂતલાની અપેક્ષાએ ૧૦૦૦ યોજન નીચાણ થાય છે. તે ઠેકાણે જે ગામો છે તે અધોગ્રામ કહેવાય છે. (જંબૂદ્વીપના લાખ યોજનમાંથી મેરૂના દશ હજાર યોજન બાદ કરતાં ૯૦૦૦૦ રહે તેના અર્ધ એટલે ૪૫૦૦૦ યોજન મેરૂની પૂર્વ અને પશ્ચિમે છે. તેમાંથી વનમુખના ૨૯૨૨ યોજન બાદ કરતાં ૪૨૦૭૮ યોજન રહે છે. તે સ્થાને એક હજાર યોજન ઉંડાઈ સમજવી.) સમભૂતલાથી ઉંચે અને નીચે નવ સો નવ સો યોજન સુધી તિર્યગ લોક છે. સમભૂતલાથી નવ સો યોજનની ઉપરનો ભાગ તે ઉર્ધ્વલોક અને નવ સો યોજનથી નીચેનો ભાગ તે અધોલોક કહેવાય છે, તેથી એક હજાર યોજન નીચે જઈએ ત્યારે જે ગામો આવે તે અધોગ્રામ કહેવાય છે. ૧૬૭

હવે જંબૂદ્વીપમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી તીર્થંકરાદિકની ઉત્પત્તિ કહે છે—

**ચઉ ચઉતીસં ચ જિણા, જહણ્ણમુક્કોસઓ અ હુંતિ કમા;**
**હરિચક્કિબલા ચઉરો, તીસં પત્તેઅમિહ દીવે. ૧૬૮**

| | |
|---|---|
| **જિણા**-તીર્થંકરો | **બલા**-બલદેવ |
| **હરિ**-વાસુદેવ | **પત્તેઅં**-પ્રત્યેક |
| **ચક્કી**-ચક્રવર્તી | **ઇહ દીવે**-આ દ્વીપમાં |

**અર્થ**:—આ જંબૂદ્વીપમાં અનુક્રમે જઘન્યથી ચાર અને ઉત્કૃષ્ટથી ચોત્રીસ જિનેશ્વરો હોય છે. વાસુદેવ, ચક્રવર્તી અને બળદેવ (પ્રતિ વાસુદેવ) એ દરેક જઘન્યથી ચાર અને ઉત્કૃષ્ટથી ત્રીસ હોય છે. ૧૬૮

**વિવેચનઃ**—આ જંબૂદ્વીપમાં જઘન્યથી ચાર અને ઉત્કૃષ્ટથી ચોત્રીશ તીર્થંકરો હોય છે. કેમકે બત્રીશ વિજય અને ભરત તથા ઐરવત એ ચોત્રીશ ક્ષેત્રમાં એક સાથે એક એક તીર્થંકર હોય છે તેથી તે વખતે ઉત્કૃષ્ટથી ચોત્રીશ તીર્થંકર હોય છે; તથા જઘન્યથી મહાવિદેહની ચાર વિજયમાં એક એક તીર્થંકર હોય ત્યારે ચાર તીર્થંકર હોય છે. અત્યારે મહાવિદેહમાં ચાર તીર્થંકરો વિચરતા છે. તથા વાસુદેવ, ચક્રવર્તી અને બળદેવ તે દરેક દરેક જઘન્યથી ચાર ચાર અને ઉત્કૃષ્ટથી ત્રીશ ત્રીશ હોય છે. અહીં કોઇ શંકા કરે કે—ચક્રી અને વાસુદેવ વગેરે ઉત્કૃષ્ટથી ચોત્રીશ ચોત્રીશ કેમ ન હોય? ઉત્તર—જે ક્ષેત્રમાં જે વખતે ચક્રવર્તી હોય તે ક્ષેત્રમાં તે વખતે વાસુદેવો હોતા નથી એમ નિશ્ચય છે, અને જઘન્યથી ચાર ચક્રવર્તી અને ચાર વાસુદેવ હોય છે, એમ કહી ગયા છીએ તેથી જે ક્ષેત્રોમાં જે વખતે ચાર ચક્રવર્તીઓ હોય તે ક્ષેત્રોમાં તે વખતે વાસુદેવો હોય નહી. તે સિવાયના ક્ષેત્રોમાં ૩૦ વાસુદેવ હોય અને જે ચાર ક્ષેત્રમાં વાસુદેવો હોય તેમાં ચક્રવર્તીઓ હોય નહી, તે

સિવાયના ૩૦ ક્ષેત્રોમાં ચક્રવર્તી હોય. તેથી ઉત્કૃષ્ટપણે પણ ચક્રીઓ ને વાસુદેવો ત્રીશ ત્રીશ જ હોય, એમ કહ્યું છે તે બરાબર છે. અહીં ક્ષેત્ર શબ્દે મહાવિદેહની ૩૨ વિજય અને ભરત તથા ઐરવત મળી ૩૪ ક્ષેત્ર સમજવા. ૧૯૮

હવે ચંદ્ર અને સૂર્યનું ચારક્ષેત્ર (ચાલવાનું-ગતિ કરવાનું ક્ષેત્ર) કહે છે.—

**સસિદુગરવિદુગચારો, ઇહ દીવે તેસિં ચારખિત્તં તુ;**
**પણ સય દસુત્તરાઇં, ઇગસટ્ઠિ હાયા (ભાગા) ય**
**અડયાલા. ૧૯૯**

**સસિદુગ**-બે ચંદ્રનો
**રવિદુગ**-બે સૂર્યનો
**ચારો**-ચાર, ભ્રમણ
**તેસિં**-તેમનું
**ચારખિત્તં**-ચાર ક્ષેત્ર
**દસુત્તરાહિં**-દશ અધિક
**ઇગસટ્ઠિ ભાગા**-એકસઠીયા ભાગ
**અડયાલા**-અડતાલીસ

**અર્થ**:—આ દ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્યનો ચાર (ફરવું તે) છે. તેમનું ચાર ક્ષેત્ર તો પાંચ સો દશ યોજન અને એકસઠીયા અડતાલીસ ભાગ જેટલું છે. ૧૯૯

**વિવેચનઃ**—આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્યનો ચાર એટલે ચાલવું છે. એટલે જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય પ્રકાશ આપે છે. તેમનું ચાર ક્ષેત્ર ૫૧૦ યોજન અને એક યોજનના ૬૧ ભાગ કરીએ એવા ૪૮ ભાગ જેટલું છે. એટલે આ ચંદ્ર અને સૂર્ય આટલા ક્ષેત્રમાં (પહોળાઇની અપેક્ષાએ) ફરે છે. તેમાં પણ જંબૂદ્વીપમાં




ચંદ્રના ૧૫ માંડલા તથા ૧૪ આંતરા.

પૃ. ૧૮૩ ગા. ૧૭૦

૧૮૦ યોજનનું ચાર ક્ષેત્ર છે અને લવણ સમુદ્રમાં ૩૩૦$\frac{48}{61}$ યોજન છે. ૧૬૯

તે ચંદ્ર સૂર્યના મંડળોની સંખ્યા અને તેમનાં આંતરાં કહે છે—

**પણરસ ચુલસીઇસયં, છપ્પણઅડયાલભાગમાણાઈં;**
**સસિસૂરમંડલાઈં, તયંતરાણિગિગહીણાઈં. ૧૭૦**

| | |
|---|---|
| **પણરસ**–પંદર | **સૂર**–સૂર્યનાં |
| **ચુલસીઈ**–ચોરાસી | **મંડલાઇં**–મંડલો, માંડલાં |
| **અડયાલ ભાગ**–અડતાલીસીયા ભાગ | **તયંતરાણિ**–તેનાં આંતરાં |
| **માણાઈં**–પ્રમાણનાં | **ઇગિગહીણાઈં**-એક એક ઓછાં |

**અર્થ**:—ચંદ્ર અને સૂર્યનાં માંડલાં અનુક્રમે પંદર અને એક સો ચોરાસી છે. તેમનું પ્રમાણ અનુક્રમે એકસઠીયા ૫૬ અને ૪૮ ભાગ પ્રમાણ છે. તેમનાં આંતરાં માંડલાં કરતાં એક એક હીન છે. ૧૭૦

**વિવેચનઃ**—ચંદ્રનાં ૧૫ માંડલા છે અને સૂર્યનાં ૧૮૪ માંડલા છે. તે માંડલા છપ્પન અને અડતાળીશ ભાગ પ્રમાણવાળાં છે એટલે કે ચંદ્રનાં મંડળ એક યોજનના એકસઠ ભાગ કરીએ તેવા એકસઠીયા છપ્પન ભાગ $\frac{56}{61}$ પ્રમાણવાળાં છે અને સૂર્યના મંડળ એકસઠીયા અડતાળીશ ભાગ $\frac{48}{61}$ પ્રમાણવાળાં છે. તથા તે સર્વ માંડલાના આંતરા એક એક ઓછા છે એટલે ચંદ્રના પંદર માંડલાના ચૌદ આંતરાં થાય છે અને સૂર્યના ૧૮૪ માંડલાના આંતરા ૧૮૩ થાય છે. મંડળને આકારે (ગોળાકારે) આકાશમાં ચાલતા ચંદ્ર

અને સૂર્યના વિમાનોએ અનુક્રમે $\frac{56}{61}$ અને $\frac{48}{61}$ યોજન પ્રમાણ ક્ષેત્રનો વિભાગ રોકેલો હોય છે તેનું નામજ માંડલા કહેવાય છે. ૧૭૦

એક માંડલાથી બીજા માંડલા સુધીમાં વચ્ચે કેટલું અંતર હોય છે તે કહે છે—

**પણતીસજોઅણે ભાગ-તીસ ચઉરો અ ભાગ સગહા-**
**[ભા] યા;**
**અંતરમાણું સસિણો, રવિણો પુણ જોઅણે દુણ્ણિ. ૧૭૧**

| | |
|---|---|
| **ભાગ તીસ**-ત્રીસ ભાગ | **અંતરમાણં**-આંતરાનું પ્રમાણ |
| **ચઉરો**-ચાર | **દુન્નિ**-બે |
| **સગ ભાગ**-સાતીયા ભાગ | |

**અર્થ:**—ચંદ્રના મંડલનું આંતરૂં ૩૫ યોજન એકસઠીયા ૩૦ ભાગ અને એકસઠીયા એક ભાગના સાત ભાગ કરીએ તેવા ૪ ભાગ જેટલું છે. અને સૂર્યના મંડલનું આંતરૂં બે યોજન છે ૧૭૧

**વિવેચન:**—ચંદ્રના કુલ પંદર માંડલા છે. તેથી તેનાં ૧૪ આંતરાં છે. તે દરેક આંતરાનું પ્રમાણ ૩૫ યોજન, એકસઠીયા ૩૦ ભાગ અને એક એકસઠીયા ભાગના સાત ભાગ કરીએ તેવા ચાર ભાગ પ્રમાણ છે. સૂર્યના ૧૮૪ માંડલા છે. તેથી તેના ૧૮૩ આંતરા છે. તે દરેક આંતરાનું પ્રમાણ બે યોજનનું છે. આ બંને આંતરા કેવી રીતે આવે છે તે જણાવે છે:—




સૂર્યના ૧૮૪ માંડલા તથા માંડલાના આંતરા.

પૃ. ૧૮૪ ગા. ૧૭૦

આ અંતર લાવવાની રીત આ પ્રમાણે-જેટલી માંડલાની સંખ્યા હોય તેટલી સંખ્યાને તે માંડલાના પ્રમાણ વડે ગુણવી. પછી તેને એકસઠે ભાગવા. જે આવે તે મૂળ રાશિમાંથી (ચાર ક્ષેત્રમાંથી) બાદ કરવું. જે શેષ રહે તેને આંતરાવડે ભાગવા. જે ભાગમાં આવે તે યોજન જાણવા. જે શેષ રહે તેને એકસઠે ગુણવા. તેમાં ઉપરની રાશિના જે અંશ હોય તે નાંખવા. પછી ફરીથી તેને આંતરાવડે ભાગવા. જે ભાગમાં આવે તે અંશ. જે બાકી રહે તેને સાતે ગુણવા પછી તેને આંતરાવડે ભાગવા. જે ભાગમાં આવે તે પ્રતિઅંશ. એટલું દરેક આંતરા વચ્ચેનું અંતર જાણવું.

ચંદ્રના માંડલાનું અંતર આ પ્રમાણે જાણવું. ચંદ્રના માંડલા ૧૫ છે, એક એક માંડલું ૫૬ ભાગ પ્રમાણ છે માટે તેને ૫૬ સાથે ગુણીએ, ત્યારે ૮૪૦ આવે. તેને ૬૧ વડે ભાગવાથી ભાગમાં ૧૩ આવે. બાકી એકસઠીયા ૪૭ અંશ શેષ રહે. ૧૩$\frac{૪૭}{૬૧}$ યોજન માંડલાએ રોકયા છે. માટે તેને મૂળ રાશિમાંથી (ચાર ક્ષેત્રમાંથી) એટલે ૫૧૦$\frac{૪૮}{૬૧}$ માંથી બાદ કરીએ ત્યારે ૪૯૭$\frac{૧}{૬૧}$ રહે. હવે આ ૪૯૭$\frac{૧}{૬૧}$ ને ચૌદ આંતરા વડે ભાગવા. તો ભાગમાં ૩૫ યોજન આવ્યા. બાકી ૭ રહ્યા. તેના એકસઠીયા અંશ કરવા માટે ૬૧ વડે ગુણતાં ૪૨૭ થાય. તેમાં ઉપરનો ૧ અંશ ઉમેરવાથી ૪૨૮ થયા. તેને ફરીથી ચૌદ આંતરાવડે ભાગતાં ભાગમાં ૩૦ એકસઠીયા અંશ આવે. બાકી ૮ વધે છે તેને સાતે ગુણતાં ૫૬ થાય. તેને પાછા ચૌદ આંતરાએ ભાંગતાં

ભાગમાં ૪ આવે છે તેથી $\frac{૪}{૭}$ પ્રતિઅંશ થયા. આ પ્રમાણે ૩૫ યોજન, એકસઠીયા ૩૦ અંશ અને સાતીયા ૪ પ્રતિઅંશ ($૩૫\frac{૩૦}{૬૧}, \frac{૪}{૭}$) આટલું ચંદ્રના દરેક માંડલા વચ્ચેનું અંતર છે.

એ જ રીતે સૂર્યના માંડલાનું અંતર કાઢવું. તે આ પ્રમાણે—સૂર્યના માંડલા ૧૮૪ છે. એક એક માંડલાનું પ્રમાણ એકસઠીયા ૪૮ ભાગનું છે. તેથી ૧૮૪ ને ૪૮ વડે ગુણતાં ૮૮૩૨ ભાગ થાય. તેને ૬૧ વડે ભાગતાં ભાગમાં ૧૪૪ યોજન આવે ને ૪૮ અંશ વધે. આટલું ક્ષેત્ર માંડલાએ રોકયું છે. હવે ચાર ક્ષેત્રની મૂળ રાશિ ૫૧૦ યોજન અને ૪૮ અંશ છે, તેમાંથી ૧૪૪ યોજન અને ૪૮ અંશ બાદ કરીએ ત્યારે ૩૬૬ યોજન બાકી રહે. તેને ૧૮૩ આંતરાવડે ભાગતાં ભાગમાં બરાબર બે યોજન આવે છે. શેષ કાંઈ રહેતું નથી, તેથી સૂર્યના દરેક માંડલા વચ્ચે બબે યોજનનું અંતર છે એમ જાણવું. ૧૭૧

ચંદ્ર તથા સૂર્યનું જંબૂદ્વીપમાં અને લવણ સમુદ્રમાં કેટલું ચાર ક્ષેત્ર છે તે કહે છેઃ—

**દીવંતો અસિઅસએ, પણ પણસટ્ઠી અ મંડલા તેસિં;**
**તીસહિય તિસય લવણે, દસિગુણવીસં સયં કમસો. ૧૭૨**

**દીવંતો**-જંબૂ દ્વીપની અંદર
**અસિઅસએ**-એક સો એંસી
**પણ**-પાંચ
**પણસટ્ઠી**-પાંસઠ
**તીસહિય**-ત્રીસ અધિક
**દસિગુણવીસં**-ઓગણીસ
**કમસો**-અનુક્રમે

**અર્થ**:—જંબૂદ્વીપમાં તેમનું ૧૮૦ યોજન પ્રમાણ ચાર ક્ષેત્ર છે. તેમાં અનુક્રમે ચંદ્રના પાંચ માંડલા અને

સૂર્યના ૬૫ માંડલા આવેલા છે. તથા લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન ને ૪૮ એકસઠીયા ભાગ પ્રમાણ ચાર ક્ષેત્ર છે. તેમાં ચંદ્રના ૧૦ ને સૂર્યના ૧૧૯ માંડલા આવેલા છે. ૧૭૨

**વિવેચન:**—જગતીથી જંબૂદ્વીપની અંદર ૧૮૦ યોજન સુધી ચંદ્ર અને સૂર્ય આવતા હોવાથી તેમનું જંબૂદ્વીપમાં તેટલું ચાર ક્ષેત્ર છે. તેમાં ચંદ્રના પાંચ માંડલાં આવેલાં છે અને સૂર્યનાં ૬૫ માંડલાં આવેલાં છે. તથા જગતીથી ૩૩૦ યોજન ને ૪૮ અંશ જેટલા લવણમાં ચંદ્ર તથા સૂર્ય જાય છે. માટે લવણ સમુદ્રમાં તેમનું તેટલું ચાર ક્ષેત્ર છે. તેમાં ચંદ્રના ૧૦ માંડલા અને સૂર્યનાં ૧૧૯ માંડલાં છે. ગાથામાં ૪૮ અંશ કહ્યા નથી. તે અલ્પ હોવાથી નથી કહ્યા તેમ સમજવું. બંને મળીને કુલ ચાર ક્ષેત્ર ૫૧૦ યોજન ને ૪૮ અંશ જાણવું. ૧૭૨

બે ચંદ્ર અને બે સૂર્યનું પરસ્પર અંતર કહે છે—

**સસિ સસિ રવિ રવિ અંતરિ, મજ્ઝે ઇગલક્ખુ તિસય સાહૂણો;**
**સાહિઅદુસયરિપણચઇ—બહિ લક્ખો છસય સાઠહિઓ. ૧૭૩**

| | |
|---|---|
| **સસિ સસિ**—એક ચંદ્રથી બીજા ચંદ્રને | **તિસયસાહૂણો**—ત્રણસો સાઠ ઓછા |
| **રવિ રવિ**—એક સૂર્યથી બીજા સૂર્યને | **સાહિય**—સાધિક |
| **અંતરિ**—આંતરૂં | **દુસયરિ**—બોંતેર |
| **મજ્ઝે**—મધ્ય ( અંદરના )ના | **ચઇ**—વૃદ્ધિ |
| **ઇગલક્ખુ**—એક લાખ | **છસય**—છ સો |

**અર્થ:**—સર્વ આભ્યંતર મંડલમાં રહેલા એક ચંદ્રથી બીજા ચંદ્રની વચ્ચે તથા એક સૂર્યથી બીજા સૂર્યની વચ્ચે

આંતરૂં ત્રણ સો ને સાઠ યોજન ઓછા એક લાખ યોજન પ્રમાણ છે. ત્યાર પછી અનુક્રમે માંડલે માંડલે ૭૨ યોજન અધિક અને પાંચ યોજન વૃદ્ધિ કરતાં સૌથી બાહેરનાં મંડલે એક લાખ છ સો ને સાઠ યોજનનું ઉત્કૃષ્ટ આંતરૂં જાણવું. ૧૭૩

**વિવેચન**:—એક ચંદ્ર અને સૂર્ય નિષધ પર્વતે સર્વ આભ્યંતર મંડલે ઉદય પામે અને બીજો ચંદ્ર અને સૂર્ય નીલવંત પર્વતે આભ્યંતર મંડલે ઉદય પામે છે. તે બંનેના માંડલા સમુદ્રથી જંબૂદ્વીપની અંદર ૧૮૦ યોજન પ્રમાણ છેટે છે. બન્ને મળી ૩૬૦ યોજન થાય, તે જંબૂદ્વીપની લાખ યોજનની પહોળાઇમાંથી બાદ કરતાં ૯૯૬૪૦ યોજન પ્રમાણ બે ચંદ્રમંડલ અને બે સૂર્યમંડલનું પરસ્પર પૂર્વ-પશ્ચિમ સર્વ આભ્યંતર મંડલે જઘન્ય અંતર જાણવું. તથા લવણ સમુદ્રમાં સર્વ બાહ્ય મંડલ ૩૩૦ યોજન છેટે છે અને પશ્ચિમ સમુદ્રમાં પણ તેજ પ્રમાણે ૩૩૦ યોજન છેટે છે. તે બન્ને મળીને ૬૬૦ યોજન થાય, તે લાખ યોજનમાં ભેળવવાથી ૧૦૦૬૬૦ યોજન પ્રમાણ બે ચંદ્રમંડલ અને બે સૂર્ય મંડલને પરસ્પર ઉત્કૃષ્ટ આંતરૂં જાણવું.

અંદરના માંડલેથી ચંદ્ર જેમ જેમ બાહેરનાં માંડલામાં આવે છે તેમ તેમ માંડલે માંડલે ૭૨ યોજનથી અધિક એટલે ૭૨ યોજન ઉપર કાંઇક અધિક એકસઠીયા ૫૧ ભાગની આંતરામાં વૃદ્ધિ થતી જાય છે. અને સૂર્ય અંદરના માંડલેથી બાહેરના માંડલે આવે છે તેમ તેમ માંડલે માંડલે પાંચ યોજન અધિક એકસઠીયા પાંત્રીસ ભાગની આંતરામાં વૃદ્ધિ

થતી જાય છે. જ્યારે સૂર્ય અને ચંદ્ર સૌથી બાહેરના માંડલે આવે છે ત્યારે જઘન્ય આંતરામાં ૧૦૨૦ યોજન અધિક વૃદ્ધિ થાય છે. તેથી જઘન્ય આંતરામાં તે વૃદ્ધિ ઉમેરવાથી ઉત્કૃષ્ટ આંતરૂં આવે છે.

ચંદ્રના ૧૫ મંડલના ૧૪ આંતરા છે. દરેક આંતરૂં એક બાજુ ૩૫ $\frac{૩૦}{૬૧}$, $\frac{૪}{૭}$ પ્રમાણ છે. તેને બમણા કરતાં ૭૧–૦–$\frac{૧}{૭}$ થાય. તેમાં ચંદ્રના બે માંડલાના ૧ યોજન ને $\frac{૫૧}{૬૧}$ ભેળવતાં ૭૨ યો૦ $\frac{૫૧}{૬૧}$, $\frac{૧}{૭}$ થાય. તેમાંના ૭૨ યોજનને ૧૪ વડે ગુણતાં ૧૦૦૮ યોજન થાય. ઉપર એકસઠીયા ૫૧ ભાગ છે તેને પણ ૧૪ વડે ગુણતાં ૭૧૪ ભાગ થાય. તેના યોજન કરવા માટે ૬૧ વડે ભાગતાં ૧૧ યોજન અને ૪૩ ભાગ વધે, તેમાં ચુરણીયા એક ભાગને ૧૪ વડે ગુણી ૭ વડે ભાગતાં $\frac{૨}{૬૧}$ ભાગ આવે. તે ભેળવતાં $\frac{૪૫}{૬૧}$ થયા. તે ૧૦૧૯ યોજન ને $\frac{૪૫}{૬૧}$ ભાગમાં ચંદ્રના છેલા બે મંડળના યો૦ ૧$\frac{૫૧}{૬૧}$ ભેળવતાં ૧૦૨૦$\frac{૯૬}{૬૧}$ ભાગ થયા. એટલું બંને બાજુનું મળીને ચારક્ષેત્ર છે. તેને જઘન્ય આંતરાના ૯૯૬૪૦ યોજનમાં ભેળવતાં ૧૦૦૬૬૦ યોજનને $\frac{૯૬}{૬૧}$ ભાગ થાય.

સૂર્યના મંડલ ૧૮૪ છે તેના આંતરા ૧૮૩ છે. તેને પાંચ યોજન અને ૩૫ ભાગ સાથે ગુણવા. પ્રથમ ૧૮૩ ને પાંચે ગુણતાં ૯૧૫ યોજન થયા. પછી ૩૫ ભાગને ૧૮૩ વડે ગુણતાં ૬૪૦૫ ભાગ થયા. ૬૧ વડે ભાગતાં પૂરેપૂરા ૧૦૫ યોજન થયા. તે ૯૧૫ માં ઉમેરતાં ૧૦૨૦ યોજન થયા. તે ૯૯૬૪૦ માં ભેળવતાં ૧૦૦૬૬૦ ઉપર બતાવ્યા પ્રમાણે થયા. ( આ ગુણાકાર સૂર્યના બે માંડલા ને બે

આંતરા મળીને થયેલા ૫$\frac{૩૫}{૬૧}$ યોજન સાથે કરવામાં આવેલો છે. સૂર્યના છેલા બે માંડલાના $\frac{૯૬}{૬૧}$ જુદા ગણવાના છે. ) ૧૭૩

હવે ચંદ્રની દરેક મંડલે મુહૂર્ત્તગતિ કહે છે—

**સાહિઅ પણસહસ તિહુત્તરાઈં, સસિણો મુહુત્તગઈ ભણ્ણે;**
**બાવણહિઆ સા બહિ, પઇમંડલ પઉણચઉ વુડ્ઢી.૧૭૪**

**તિહુત્તરાઈં**-તહોંતેર

**મુહુત્તગઇ**-મુહૂર્ત ગતિ

**બાવ-નહિઆ**-બાવન અધિક

**બહિ**-બહાર

**પઇમંડલ**-પ્રતિ મંડલે, દરેક માંડલે

**પઉણચઉ**-પોણાચાર

**અર્થ**:—સૌથી અંદરના મંડલે રહેલા ચંદ્રની મુહૂર્ત-ગતિ પાંચ હજાર તોંતેર યોજન અધિક જાણવી. તે ગતિમાં પ્રતિમંડલે પોણા ચાર યોજન વધારતાં સૌથી બાહેરના મંડલે બાવન જોજન અધિક મુહૂર્ત ગતિ આવે છે. ૧૭૪

**વિવેચન**:—ચંદ્ર જ્યારે સૌથી અંદરના માંડલે એટલે નિષધ પર્વત ઉપરના આભ્યંતર માંડલે હોય છે, ત્યારે તેની ૫૦૭૩ યોજન અધિક મુહૂર્તગતિ હોય છે. અહીં અધિકમાં સાઠીયા ઓગણત્રીસ ભાગ $\frac{૨૯}{૬૦}$ અથવા $\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ યોજન લેવા. જ્યારે ચંદ્ર સૌથી બાહ્ય મંડલે આવે છે ત્યારે તે મુહૂર્ત ગતિમાં બાવન યોજન વધે છે. કારણ કે ચંદ્ર જેમ જેમ બાહેરના માંડલે આવે તેમ તેમ પોણા ચાર પોણા ચાર યોજનનો મુહૂર્ત ગતિમાં વધારો થાય છે. ૫૦૭૩ યોજનમાં (૫૨) બાવન યોજન વધારવાથી ૫૧૨૫ યોજન આવે છે. ઉપર $\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ યોજન વધારે જાણવા.

અહીં બીજા મંડલથી ચૌદે મંડલમાં પોણાચાર પોણાચાર વધારવાના છે, તેથી ચૌદને પોણાચારે ગુણતાં બાવન અધિક એટલે સાડી બાવન થાય છે. પરંતુ સાચી રીતે તો (પર) યોજનમાં પણ $\frac{૭૫૪}{૧૩૭૨૫}$ ભાગ ઓછાની વૃદ્ધિ થાય છે. કારણ કે માંડલે પોણાચાર યોજન વૃદ્ધિ કહી છે તે સ્હેજ ઓછી હોય છે. અહીં એક યોજનના ૧૩૭૨૫ ભાગ કરીએ તેવા ૯૯૯૦ ભાગ સમજવા. ૧૭૪

સૂર્યની દરેક મંડળે મુહૂર્ત્તગતિ કહે છે:—

**જા સસિણો સા રવિણો, અડસયરિસએણ સીસએણ હિઆ;**
**કિંચૂણાણ અટ્ઠારસટ્ઠિ-હાયાણમિહ વુડ્ઢી. ૧૭૫**

જા—જે
અડસયરિ—અઠ્યોત્તેર
અસિસએણ—એક સો એંસી યોજન
અહિઆ—અધિક
કિંચૂણાણં—કાંઇક ઓછાં
સટ્ઠિ ભાગાણં—સાઠીયા ભાગની
ઇહ—અહીં
વુડ્ઢી—વૃદ્ધિ

**અર્થ:**—જે ચંદ્રની ગતિ કહી તે સૂર્યની પણ ગતિ જાણવી. પરંતુ અંદરના માંડલે મુહૂર્ત ગતિમાં ૧૭૮ યોજન વધારવી ને બાહ્ય માંડલે ૧૮૦ યોજન અધિક કરવી. અહીં પ્રત્યેક માંડલે કાંઇક હીન સાઠીયા ૧૮ ભાગની વૃદ્ધિ થાય છે. ૧૭૫

**વિવેચન:**—ચંદ્રની આભ્યંતર મંડળને વિષે જે મુહૂર્ત્ત ગતિ કહી છે તે જ સૂર્યની ગતિ છે પણ તે એકસો

ને અઠ્ઠોતેર (૧૭૮) યોજન અધિક કરવી. એટલે કે–આભ્યંતર મંડળને વિષે ચંદ્રની ગતિ ૫૦૭૩ યોજન ઉપર કાંઇક અધિક કહી છે, તેમાં ૧૭૮ ઉમેરવાથી ૫૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન થાય છે તેટલી આભ્યંતર મંડળે સૂર્યની મુહૂર્તગતિ જાણવી. કારણ કે ચંદ્ર કરતાં સૂર્યની શીઘ્ર ગતિ છે. તથા ચંદ્રની બાહ્ય મંડળને વિષે સાધિક–કાંઈક અધિક ૫૧૨૫ યોજનની મુહૂર્તગતિ કહી છે તે એકસો ને એંશી વડે અધિક કરવી એટલે કે ૫૧૨૫ માં ૧૮૦ ભેળવીએ ત્યારે ૫૩૦૫$\frac{૧૫}{૬૦}$ યોજન પ્રમાણ બાહ્ય મંડળમાં સૂર્યની મુહૂર્તગતિ જાણવી; કેમકે કાંઇક ઊણા સાઠીયા અઢાર ભાગની અહીં વૃદ્ધિ કરવાની છે. એટલે કે દરેક મંડળે કાંઈક ન્યૂન અઢાર અઢાર સાઠીયા ભાગની વૃદ્ધિ કરવાથી ૫૪ યોજન લગભગ એટલે ૫૩$\frac{૪૬}{૬૦}$ યોજનની વૃદ્ધિ થાય છે. ૧૭૫

( આ ગતિ સંબંધી વધારે હકીકત સમજવા માટે ક્ષેત્ર લોકપ્રકાશ સર્ગ ૨૦ મો જુઓ. )

હવે સૂર્યના મંડલોને વિષે ઉદય અને અસ્તનું આંતરૂં કહે છે—

**મજ્ઝે ઉદયત્થંતરિ, ચઉણવઇસિહસ્સ પણસય છવીસા;**
**બાયાલ સટ્ઠિભાગા, દિણં ચ અટ્ઠારસમુહુત્તં. ૧૭૬**

**મજ્ઝે**–અંદરના માંડલે
**ઉદયત્થંતરિ**–ઉદય અને અસ્તનું આંતરૂં
**ચઉણવઇ**–ચોરાણું
**બાયાલ**–બેંતાલીસ
**સટ્ઠિ ભાગા**–સાઠીયા ભાગ
**દિણં**–દિવસ
**અટ્ઠારસ**–અઢાર

**અર્થ**:—સૌથી અંદરના માંડલે સૂર્યને ચોરાણું હજાર

પાંચ સો છવ્વીસ યોજન ને સાઠીયા બેંતાલીસ ભાગ પ્રમાણ ઉદય તથા અસ્તનું આંતરૂં કહ્યું છે. તે વખતે દિવસ ૧૮ મુહૂર્તનો હોય છે. ૧૭૬

**વિવેચનઃ**—મધ્યે એટલે સર્વ આભ્યંતર મંડળને વિષે સૂર્ય વર્તતો હોય ત્યારે ઉદય અને અસ્ત વચ્ચેનું આંતરૂં ચોરાણુ હજાર પાંચ સો ને છવીશ યોજન અને ઉપર સાઠીયા બેંતાળીશ ભાગ (૯૪૫૨૬$\frac{૪૨}{૬૦}$) જેટલું હોય છે. અને તે વખતે (અભ્યંતર મંડળે સૂર્ય હોય ત્યારે) દિવસ અઢાર મુહૂર્તનો હોય છે. અને રાત્રી ૧૨ મુહૂર્તની હોય છે. ૧૭૬

ત્યાર પછી દરેક મંડળે દિવસની હાનિ થતી જાય છે, તે કહે છે—

**પઇમંડલ દિણહાણી, દુણ્હ મુહુત્તેગસટ્ઠિભાગાણં;**
**અંતે બારમુહુત્તં, દિણં ણિસા તસ્સ વિવરીઆ. ૧૭૭**

| | |
|---|---|
| પઇમંડલ-દરેક મંડલે | દિણં-દિવસ |
| દિણહાણી-દિવસની હાનિ | ણિસા-રાત્રી |
| દુણ્હ-બે | તસ્સ-તેનાથી |
| અંતે-બાહ્ય માંડલે | વિવરીઆ-વિપરીત |

**અર્થઃ**—અભ્યંતર માંડલેથી સૂર્ય બહાર આવે ત્યારે માંડલે માંડલે એક મુહૂર્તના એકસઠ ભાગ કરીએ તેવા બે ભાગ પ્રમાણ દિવસમાં હાનિ થાય છે. છેવટે સૂર્ય બાહ્યમંડલે આવે ત્યારે દિવસ બાર મુહૂર્તનો થાય છે અને રાત્રી તેથી વિપરીત હોય છે. ૧૭૭

**વિવેચનઃ**—અભ્યંતર મંડળથી સૂર્ય બહાર આવે ત્યારે એટલે બીજે, ત્રીજે, ચોથે વિગેરે માંડલે આવે ત્યારે દરેક માંડલે એક મુહૂર્ત્તના એકસઠ ભાગ કરીએ તેવા બે ભાગ જેટલી દિવસની હાનિ થાય છે. એટલે કે અઢાર મુહૂર્ત્તમાંથી $\frac{2}{61}$ મુહૂર્ત્ત દરેક દિવસે હાનિ થતી જાય છે, અને છેવટે એટલે સર્વ બાહ્ય (એક સો ને ચોરાશીમે) માંડલે બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. એટલે કે ૧૮૩ માંડલામાં દરેક માંડલે $\frac{2}{61}$ મુહૂર્ત્ત ઘટે છે તેથી ૧૮૩ ને ૨ વડે ગુણતાં ૩૬૬ ભાગ છેલ્લે ૧૮૪ મે માંડલે ઘટે. તેને ૬૧ વડે ભાગતાં ભાગમાં ૭ મુહૂર્ત આવે. તેથી અઢાર મુહૂર્ત્તમાંથી ૭ મુહૂર્ત્ત બાદ કરતાં ૧૨ મુહૂર્ત્તનો દિવસ થાય છે, તથા રાત્રી તેનાથી એટલે દિવસથી વિપરીત જાણવી. એટલે કે અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે બાર મુહૂર્ત્તની રાત્રી હોય, અને બાર મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે અઢાર મુહૂર્ત્તની રાત્રી હોય. ૧૭૭

હવે બાહ્ય માંડલે રહેલા સૂર્યના ઉદય અને અસ્તનું આંતરૂં તથા એક ચંદ્રનો પરિવાર કહે છે—

**ઉદયત્થંતરિ બાહિં, સહસા તેસટ્ઠિ છસય તેસટ્ઠા;**
**તહ ઇગસસિપરિવારો, રિક્ખડવીસાડસીઇ ગહા. ૧૭૮**

| | |
|---|---|
| **બાહિં**-બાહ્ય માંડલે | **પરિવારે**-પરિવારમાં |
| **તેસટ્ઠિ**-ત્રેસઠ | **રિક્ખ**-નક્ષત્રો |
| **તેસટ્ઠા**-ત્રેસઠ | **અડસીઇ**-અઠયાસી |

**અર્થઃ**—બાહ્ય મંડળમાં સૂર્ય રહેલો હોય ત્યારે તેના

ઉદય અને અસ્તનું અંતર ત્રેસઠ હજાર, છ સો અને ત્રેસઠ ૬૩૬૬૩ યોજનનું હોય છે. અભ્યંતર મંડળમાંથી સૂર્ય બહારના મંડળમાં આવતો જાય ત્યારે દરેક મંડળે ઉદય અને અસ્તના અંતરમાં કેટલી હાનિ થાય તે કહ્યું નથી તો પણ દરેક મંડળે આશરે ૧૬૮ યોજનની હાનિ જાણવી. તથા એક ચંદ્રના પરિવારમાં અભિજિત વિગેરે અઠ્ઠાવીશ ૨૮ નક્ષત્રો છે, અને અંગાકાર વિગેરે અઠયાશી ૮૮ ગ્રહો છે. (આ સર્વનાં નામો સંગ્રહણીની વૃત્તિમાંથી જાણવાં.) ૧૭૮

એક ચંદ્રના પરિવારના તારાની સંખ્યા કહે છે—

**છાસટ્ઠિ સહસ ણવસય, પણહત્તરિ તારકોડિકોડીણં;**
**સણ્ણંતરેણ વુસ્સે-હંગુલમાણેણ વા હુંતિ. ૧૭૯**

| | |
|---|---|
| **છાસટ્ઠિ**—છાસઠ | **સણ્ણંતરેણ**—સંજ્ઞાન્તર વડે |
| **પણહત્તરિ**—પંચોતેર | **ઉસ્સેહંગુલ**—ઉત્સેધાંગુલ |
| **તાર**—તારા | **હુંતિ**—હોય છે. |

**અર્થ:**—છાસઠ હજાર નવ સો પંચોતેર કોડાકોડી તારાનો પરિવાર એક ચંદ્રને હોય છે. કેટલાક આચાર્ય કહે છે કે આ કોટાકોટી સંજ્ઞાન્તર છે. અથવા ઉત્સેધાંગુલના પ્રમાણથી છે. ૧૭૯

**વિવેચન:**—છાસઠ હજાર નવ સો અને પંચોતેર (૬૬૯૭૫) કોટાકોટી તારાઓ એક ચંદ્રના પરિવારમાં છે. અહીં જંબૂદ્વીપનું ક્ષેત્ર તો એક લાખ યોજન

હોવાથી નાનું છે અને તારાઓની સંખ્યા ઘણી મોટી છે તેથી કેટલાક આચાર્યો કહે છે કે—આ કોટાકોટી સંજ્ઞાંતર એટલે કોટાકોટિ એ કોઈ જૂદી જ સંજ્ઞા છે. કોડને ક્રોડ ગુણવાથી કોટાકોટી થાય છે. આટલી સંખ્યાના તારાના વિમાનો જંબૂદ્વીપ ઉપર માઈ શકે નહિ, તેથી તેના સમાધાનમાં અહીં સંજ્ઞાન્તર એટલે ઉપર પ્રમાણેની કોટાકોટી નહિ પરંતુ બીજી કોઈ સંજ્ઞા જાણવી એમ કેટલાક આચાર્યો કહે છે. અથવા કેટલાક આચાર્ય કહે છે કે તારાઓના વિમાનોને ઉત્સેધાંગુલે માપવા, તેમ કરવાથી આ સંખ્યા સમાઈ શકે છે. પર્વતાદિ શાશ્વતા પદાર્થો પ્રમાણાંગુલે માપવાના કહ્યા છે. તેથી તારાના વિમાનો પ્રમાણાંગુલે માપીએ તો જંબૂદ્વીપ ઉપર માઈ શકે નહિ માટે ઉત્સેધાંગુલે માપીએ તો માઇ શકે. તેથી આનું રહસ્ય તત્ત્વજ્ઞાની જાણે. ૧૭૯

હવે ગ્રહાદિકની સંખ્યા જાણવા માટે કરણ બતાવે છે—

**ગહરિક્ખતારગાણં, સંખં સસિસંખસંગુણં કાઉં;**
**ઇચ્છિયદીવુદહિંમિ ય, ગહાઇમાણં વિઆણેહ. ૧૮૦**

| | |
|---|---|
| ગહ—ગ્રહ | ઇચ્છિઅ—ઇચ્છેલા |
| રિક્ખ—નક્ષત્ર | દીવુદહિંમિ—દ્વીપ સમુદ્રમાં |
| સંખં—સંખ્યાને | ગહાઇમાણં—ગ્રહાદિકનું પ્રમાણ |
| સસિસંખં—ચંદ્રની સંખ્યા. | વિઆણેહ—જાણો |
| સંગુણં કાઉં—ગુણાકાર કરીને | |

અર્થ:—ગ્રહો, નક્ષત્રો અને તારાઓની સંખ્યાને

# ચંદ્રના પરિવારનો યંત્ર

| નામ | જંબૂદ્વીપમાં | લવણ સમુદ્રમાં | ધાતકી ખંડમાં | કાલોદધિમાં | પુષ્કરાર્ધદ્વીપ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ચંદ્ર (સૂર્ય) | ૨ | ૪ | ૧૨ | ૪૨ | ૭૨ | ૧૩૨ સૂર્ય<br>૧૩૨ ચંદ્ર |
| નક્ષત્રો | ૫૬ | ૧૧૨ | ૩૩૬ | ૧૧૭૬ | ૨૦૧૬ | ૩૬૯૬ |
| ગ્રહો | ૧૭૬ | ૩૫૨ | ૧૦૫૬ | ૩૬૯૬ | ૬૩૩૬ | ૧૧૬૧૬ |
| તારાની કોડાકોડી | ૧૩૩૯૫૦ | ૨૬૭૯૦૦ | ૮૦૩૭૦૦ | ૨૮૧૨૯૫૦ | ૪૮૨૨૨૦૦ | ૮૮૪૦૭૦૦ |

આ નક્ષત્ર ગ્રહ ને તારાની સંખ્યા એક ચંદ્રના પરિવારભૂત ૨૮ નક્ષત્ર ૮૮ ગ્રહ ને ૬૬૯૭૫ કોટાકોટિ તારાની સંખ્યાને ૨–૪–૧૨–૪૨ ને ૭૨ વડે ગુણતાં આવેલ છે.

ચંદ્રની સંખ્યા સાથે ગુણાકાર કરીએ ત્યારે ઈચ્છેલા દ્વીપ અને સમુદ્રને વિષે ગ્રહાદિકનું પ્રમાણ જાણવું. એટલે એક ચંદ્રના પરિવારમાં ગ્રહાદિકની જે સંખ્યા ઉપર બતાવી છે, તેનાથી જે દ્વીપ કે સમુદ્રના જેટલી સંખ્યાવાળા ચંદ્રો હોય તેની સાથે તેનો ગુણાકાર કરવાથી ઇચ્છિત દ્વીપ કે સમુદ્રના ચંદ્રોનો પરિવાર આવી શકે છે. ૧૮૦

હવે લવણસમુદ્ર વિગેરેમાં ચંદ્ર અને સૂર્યની સંખ્યા કહે છે—

**ચઉ ચઉ બારસ બારસ, લવણે તહ ધાયંમિ સસિસૂરા;**
**પરઓ દહિદીવેસુ અ, તિગુણા પુવ્વિલ્લસંજુત્તા. ૧૮૧**

| | |
|---|---|
| ધાયંમિ-ધાતકી ખંડમાં | તિગુણા-ત્રણ ગુણા |
| પરઓ-ત્યાંથી આગળ | પુવ્વિલ્લસંજુત્તા-પૂર્વના સહિત |

**અર્થ**:—લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર ને ચાર સૂર્ય, તથા ધાતકી ખંડમાં બાર ચંદ્ર ને બાર સૂર્ય છે. આગળના સમુદ્રમાં અને દ્વીપમાં ત્રણ ગુણા કરીને પૂર્વના સહિત કરવાથી તેમની સંખ્યા આવે છે. ૧૮૧

**વિવેચન**:—લવણસમુદ્રમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે, તથા ધાતકીખંડમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. ત્યાર પછી કાલોદધિ વિગેરે સમુદ્રમાં અને આગળના દ્વીપમાં પૂર્વના દ્વીપ સમુદ્રમાં જે ચંદ્ર સૂર્યની સંખ્યા છે તેને ત્રણ ગુણા કરી તેમાં તેની પૂર્વના સર્વ ચંદ્ર અને સૂર્યની સંખ્યા સંયુક્ત કરવાથી તે સમુદ્ર અને દ્વીપમાં ચંદ્ર



અઢી દ્વીપમાં રહેલા ચંદ્ર-સૂર્યની ચાર પંક્તિઓ તથા બહારની વલયશ્રેણિ.

પૃ. ૧૯૮ ગા. ૧૮૧

સૂર્યની સંખ્યા આવે છે. જેમકે ધાતકીખંડમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે, તેને ત્રણ ગુણા કરવાથી છત્રીશ-છત્રીશ થાય, તેમાં પૂર્વના એટલે જંબૂદ્વીપના બબે અને લવણસમુદ્રના ચાર-ચાર મળીને છ છ ઉમેરવાથી બેંતાળીશ ચંદ્ર અને બેંતાળીશ સૂર્ય કાલોદધિમાં હોય છે. પછી તે બેંતાળીશને ત્રણ ગુણા કરતાં ૧૨૬ થાય. તેમાં પૂર્વના ૨-૪-૧૨ મળી કુલ ૧૮ ઉમેરવાથી ૧૪૪ ચંદ્ર અને ૧૪૪ સૂર્ય પુષ્કરવર દ્વીપમાં હોય છે તેનું અર્ધ કરવાથી ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય પુષ્કરાર્ધમાં હોય છે.

આ ૭૨ સૂર્ય ને ૭૨ ચંદ્ર ચર છે. કારણકે અઢી દ્વીપમાં તેઓ ફરે છે અને તેથી રાત દિવસ પણ અઢી દ્વીપમાં જ થાય છે. ને બીજા અર્ધમાં રહેલા ૭૨ સૂર્ય ને ૭૨ ચંદ્ર તથા અઢી દ્વીપની બહારના બધા ચંદ્ર સૂર્યાદિ સ્થિર છે. ૧૮૧

મનુષ્યક્ષેત્રને આશ્રીને સૂર્યાદિકની વક્તવ્યતા કહે છે—

**નરખિત્તં જા સમસે-ણિચારિણોસિગ્ઘસિગ્ઘતરગઇણો;**
**દિટ્ઠિપહમિંતિ ખિત્તા-ણુમાણઓ તે ણરાણેવં. ૧૮૨**

**નરખિત્તં**-મનુષ્ય ક્ષેત્ર
**જા**-સુધી
**સમસેણિ**-સમશ્રેણિએ, સીધી લાઈનમાં
**ચારિણો**-ચાલનારા
**સિગ્ઘ**-શીઘ્ર; ઉતાવળી
**સિગ્ઘતર**-વધારે શીઘ્ર
**ગઇણો**-ગતિવાળા
**દિટ્ઠિપહં**-દૃષ્ટિપથ (દેખવા)માં
**ઇંતિ**-આવે છે
**ખિત્તાણુમાણઓ**-ક્ષેત્રના અનુમાનથી
**નરાણ**-મનુષ્યોના
**એવં**-એ પ્રમાણે

**અર્થ**:—મનુષ્ય ક્ષેત્રની અંદર આ ચંદ્ર સૂર્યાદિક સમશ્રેણિએ ગતિ કરનારા છે. તથા શીઘ્ર શીઘ્રતર ગતિવાળા છે. તેઓ ક્ષેત્રના અનુસારે મનુષ્યોના દૃષ્ટિપથમાં આવે છે. ૧૮૨

**વિવેચનઃ**—તે ચંદ્ર સૂર્યાદિક જ્યાં સુધી મનુષ્ય ક્ષેત્ર છે ત્યાં સુધી એટલે અઢીદ્વીપ અને બે સમુદ્રમાં સમશ્રેણિએ સીધી લાઇનમાં ગતિ કરનારા છે અને અનુક્રમે શીઘ્ર અને અતિશીઘ્ર ગતિવાળા છે, એટલે ચંદ્રથકી સૂર્ય વધારે શીઘ્ર ગતિવાળા છે, સૂર્યથી ગ્રહો વધારે શીઘ્ર ગતિવાળા છે, ગ્રહો થકી નક્ષત્રો વધારે શીઘ્ર ગતિવાળા છે અને નક્ષત્રોથી વધારે શીઘ્ર ગતિ કરનારા તારાઓ છે. ( જંબૂદ્વીપના ચંદ્ર-સૂર્યાદિથી લવણસમુદ્રના ચંદ્ર સૂર્યાદિક વધારે ગતિવાળા છે, તેનાથી ધાતકીખંડના, તેનાથી કાલોદધિના અને તેનાથી પુષ્કરાર્ધના ચંદ્ર સૂર્યાદિ વધારે શીઘ્ર ગતિવાળા છે; કારણ કે તેમને ફરવાનું ક્ષેત્ર વધતું વધતું છે અને કાળ સમાન છે. ) તથા તે ચંદ્ર સૂર્યાદિક ક્ષેત્રના અનુસારથી મનુષ્યોના દૃષ્ટિ-માર્ગને આ પ્રમાણે ( આગળ કહેવાશે તે પ્રમાણે ) પામે છે એટલે આટલા દૂર ક્ષેત્રમાં રહેલા ચંદ્ર સૂર્યાદિકને મનુષ્યો જોઈ શકે છે, તે પ્રમાણ નીચેની ગાથામાં બતાવે છે. ૧૮૨

## ચંદ્ર સૂર્યની સંખ્યા તથા શ્રેણિની સ્થાપના:—

| નામ | શ્રેણી | ચંદ્ર સૂર્ય |
|---|---|---|
| જંબૂદ્વીપમાં | ૧–૧ | ૨–૨ |
| લવણસમુદ્રમાં | ૨–૨ | ૪–૪ |
| ધાતકીખંડમાં | ૬–૬ | ૧૨–૧૨ |
| કાલોદધિમાં | ૨૧–૨૧ | ૪૨–૪૨ |
| પુષ્કરાર્ધમાં | ૩૬–૩૬ | ૭૨–૭૨ |
| | ૬૬–૬૬ | ૧૩૨–૧૩૨ |

તે જ પ્રમાણ દેખાડે છે:—

**પણસય સત્તત્તીસા, ચઉતીસસહસ્સ લકખઇગવીસા;**
**પુકખરદીવદ્ધણરા, પુવ્વેણ અવરેણ પિચ્છંતિ. ૧૮૩**

**સત્તત્તીસા**-સાડત્રીસ
**ઇગવીસા**–એકવીસ
**પુકખરદીવદ્ધણરા**–પુષ્કળ દ્વીપાર્ધના મનુષ્યો
**પુવ્વેણ**–પૂર્વ દિશાએ
**અવરેણ**–પશ્ચિમ દિશાએ
**પિચ્છંતિ**–દેખે છે.

**અર્થ**:—એકવીશ લાખ ચોત્રીશ હજાર પાંચસો ને સાડત્રીશ (૨૧૩૪૫૩૭) યોજન દૂર રહેલા સૂર્યને પુષ્ક-

રાર્ધ દ્વીપમાં રહેલા મનુષ્યો પૂર્વ દિશામાં ઉદય પામતા અને પશ્ચિમ દિશામાં અસ્ત પામતા જોઈ શકે છે; કેમકે ત્યાં સૂર્યને ફરવાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ૧૮૩

મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલા ચંદ્ર સૂર્યાદિકની વક્તવ્યતા કહે છે—

**નરખિત્તબહિં સસિરવિ–સંખા કરણંતરેહિં વા હોઈ;**
**તહ તત્થ ય જોઇસિયા, અચલદ્ધપમાણ સુવિમાણા. ૧૮૪**

**ણરખિત્તબહિં**–મનુષ્ય ક્ષેત્રની બહાર
**કરણંતરેહિં**–બીજા કરણ (રીત) વડે
**વા**–અથવા
**તત્થ**–ત્યાંના
**જોઇસિઆ**–જ્યોતિષીઓ
**અચલ**–નિશ્ચલ, સ્થિર
**અદ્ધપમાણા**–અર્ધા પ્રમાણના
**સુવિમાણા**–સારા વિમાનવાળા

**અર્થ**:—અથવા મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્ર તથા સૂર્યની સંખ્યા કરણાંતરથી (બીજી રીતે) આવે છે. તેમ જ ત્યાંના જ્યોતિષીઓ અચલ છે, અર્ધ પ્રમાણવાળા છે અને મનોહર વિમાનવાળા છે. ૧૮૪

**વિવેચન**:—મનુષ્યક્ષેત્રની બહાર પણ ચંદ્ર–સૂર્યની સંખ્યા ઉપર બતાવેલી રીત પ્રમાણે એટલે ત્રણ ગુણા કરી તેમાં પૂર્વના ચંદ્ર–સૂર્ય ભેળવવાથી થાય છે. અથવા બીજા કરણોએ કરીને પણ થઈ શકે છે, (તે કરણો સંગ્રહણીમાં કહ્યાં છે ત્યાંથી જાણી લેવાં.) તથા ત્યાં એટલે અઢી દ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્રની બહાર રહેલા જ્યોતિષીઓ સ્થિર છે.

એટલે તેઓ ફરતા નથી, તેથી ત્યાં રાત દિવસ પણ હોતા નથી. મનુષ્યક્ષેત્રના ચંદ્ર-સૂર્યની અપેક્ષાએ અહીંના જ્યોતિષિઓ અર્ધ પ્રમાણવાળા છે. એટલે ચંદ્રનું વિમાન $\frac{૨૮}{૬૧}$ યોજનનું તથા સૂર્યનું વિમાન $\frac{૨૪}{૬૧}$ યોજન પ્રમાણ હોય છે. તથા મનોહર વિમાનવાળા છે. ૧૮૪

જંબૂદ્વીપની પરિધિ કહે છે:—

**ઇહ પરિહિ તિલક્ખા, સોલસહસ્સ સયદુણ્ણિ પઉણ-**
**અડવીસા;**
**ધણુહડવીસસયંગુલ-તેરસસડ્ઢા સમહિઆ ય. ૧૮૫**

**ઇહ**—અહીં, જંબૂદ્વીપમાં
**પરિહિ**—પરિધિ, ઘેરાવો
**તિલક્ખા**—ત્રણ લાખ
**પઉણ અડવીસા**—પોણા અટ્ઠાવીસ
**ધણુહ**—ધનુષ્ય
**અડવીસસય**—એક સો અટ્ઠાવીસ
**તેરસસડ્ઢા**—સાડા તેર
**સમહિઆ**—કાંઇક અધિક

**અર્થ:**—આ જંબૂદ્વીપની પરિધિ ત્રણ લાખ, સોળ હજાર બસો પોણીઅઠ્ઠાવીશ યોજન એટલે સતાવીશ યોજન અને ત્રણ કોશ, તથા ઉપર એક સો અઠ્ઠાવીશ ધનુષ્ય સાડા તેર અંગુલ અધિક છે. એટલે ૩૧૬૨૨૭ યોજન, ૩ કોશ, ૧૨૮ ધનુષ્ય અને ૧૩ાા અંગુલ. આટલી જંબૂદ્વીપની પરિધિ છે. પરિધિ એટલે ગોળ વસ્તુનો ઘેરાવો અથવા ચક્રાવો. ૧૮૫

જંબૂદ્વીપનું ગણિતપદ કહે છે:—

**સગસય ણઉઆકોડી, લક્ખા છપ્પણ્ણ ચઉણવઇ-**
**સહસ્સા;**
**સડ્ઢસયં પઉણદુકોસ, સડ્ઢબાસટ્ઠિકર ગણિઅં. ૧૮૬**

**સગ સય ણઉઆ**-સાત સો નેવુ
**ચઉણવઇ**-ચોરાણું
**સડ્ઢસયં**-દોઢસો
**પઉણ દુકોસ**-પોણા બે કોશ
**સડ્ઢબાસટ્ઠિ**-સાડી બાસઠ
**ગણિઅં**-ગણિતપદ, ક્ષેત્રફળ

**અર્થ:**—સાત સો નેવું કરોડ છપ્પન લાખ ચોરાણું હજાર સાર્ધશત એટલે એક સો ને પચાસ યોજન, પોણા બે કોશ, સાડીબાસઠ હાથ, આટલું જંબૂદ્વીપનું ગણિતપદ છે. એટલે કે લાખ યોજનનો ગોળ જંબૂદ્વીપ છે, તેના એક એક યોજન પ્રમાણ ચતુરસ્ર (ચોખંડા ખંડ) કકડા કરીએ તેનું નામ ગણિતપદ કહેવાય છે, તે ખંડોનું પ્રમાણ ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧॥। ($૧\frac{3}{4}$) કોશ અને ૬૨॥ ($૬૨\frac{1}{2}$) હાથ અથવા એક ગાઉ, ૧૫૧૫ ધનુષ્ય ને ૬૦ અંગુલ થાય છે. ૧૮૬

પરિધિ વિગેરે આઠ વસ્તુઓનાં નામ જણાવે છે:—

**વટ્ટપરિહિ ચ ગણિઅં, અંતિમખંડાઈ ઉસુ જિઅં ચ ધણું;**
**બાહું પયરં ચ ઘણં, ગણેહ એએહિં કરણેહિં. ૧૮૭**

**વટ્ટપરિહિં**-ગોળ ક્ષેત્રની પરિધિ
**ગણિઅં**-ગણિતપદ
**અંતિમ ખંડાઇ**-છેલ્લા ખંડથી પ્રારંભીને
**ઉસુ**-ઇષુ, બાણ
**જિઅં**-જીવાને
**ધણું**-ધનુષ્યને, ધનુ:પૃષ્ઠને
**બાહું**-બાહુને, બાહાને
**પયરં**-પ્રતરને
**ઘણં**-ઘનને
**ગણેહિ**-ગણો
**એએહિં**-આ (કહેવાતી)
**કરણેહિં**-કરણો (રીત) વડે

**અર્થ**:—ગોળ ક્ષેત્રની પરિધિ, ગણિતપદ, અંતિમ ખંડના ઈષુ (બાણ), જીવા, ધનુઃપૃષ્ઠ, બાહા, પ્રતર અને ઘન આ કરણો વડે ગણવા. ૧૮૭

**વિવેચન**:—વૃત્ત એટલે ગોળ ક્ષેત્રની પરિધિ એટલે ઘેરાવો અથવા ચકાવો. ૧, અને ગણિત એટલે વૃત્ત ક્ષેત્રના એક એક યોજન પ્રમાણ ચતુરસ્ર ખંડ કરવા તે ૨, વૃત્ત ક્ષેત્રની અંતે–છેડે રહેલા ભરતાદિક ક્ષેત્રોનું બાણ (વચલી પહોળાઈ) ૩, તે ક્ષેત્રની જીવા–ધનુષની દોરી ૪, અને ધનુષ એટલે ધનુઃપૃષ્ઠ ૫, બાહા એટલે વૈતાઢ્ય પ્રમુખ પર્વત અને હેમવંતાદિ ક્ષેત્રના બે બાજુના છેડાના પરિમાણરૂપ બાહા ૬, પ્રતર એટલે લંબાઈ અને પહોળાઈ સરખી હોય તે અથવા લંબાઈ સાથે પહોળાઈને ગુણતાં આવે તે ૭, અને ઘન એટલે લંબાઈ, પહોળાઈ અને જાડાઈ અથવા ઉંચાઇ સરખી હોય તે અથવા પ્રતરને જાડાઈ (ઉંચાઈ) સાથે ગુણતાં આવે તે, આ આઠ બાબત આ આગળ કહેવાશે એવા કરણોવડે કરીને તમે ગણો–જાણો. ૧૮૭

પૂર્વાર્ધમાં પરિધિ જાણવાનું કરણ (રીત) કહી ઉત્તરાર્ધમાં ગણિતપદનું કરણ કહે છે:—

**વિક્ખંભવગ્ગદહગુણ–મૂલં વટ્ટસ્સ પરિરઓ હોઇ;**
**વિક્ખંભપાયગુણિઓ, પરિરઓ તસ્સ ગણિઅપયં.૧૮૮**

**વિક્ખંભવગ્ગ**–પહોળાઈનો વર્ગ
**દહગુણ**-દશ ગુણા
**મૂલં**–વર્ગ મૂલ
**વટ્ટસ્સ**–ગોળ ક્ષેત્રની
**પરિરઓ**–પરિધિ
**પાય**–ચોથા ભાગથી
**ગુણિઓ**–ગુણેલો
**ગણિઅપયં**-ગણિતપદ, ક્ષેત્રફળ

**અર્થ**:—વૃત્ત ક્ષેત્રના વિષ્કંભના–પહોળાઇના વર્ગને દશ ગુણો કરી તેનું વર્ગમૂળ કાઢવાથી વૃત્ત ક્ષેત્રની પરિધિ થાય છે. અને પરિધિને પહોળાઇના ચોથા ભાગે ગુણવાથી ગણિતપદ આવે છે. ૧૮૮

**વિવેચન**:—વૃત્ત એટલે ગોળ ક્ષેત્રનો વિષ્કંભ એટલે લંબાઈ અથવા પહોળાઇ જેટલી હોય તે અંકનો વર્ગ કરવો એટલે તે અંકને તે જ અંકવડે ગુણવો પછી તે વર્ગના અંકને દશે ગુણવો. ત્યાર પછી તેનું વર્ગમૂળ કાઢવું. તેમાં જે છેદ રાશિ ( ભાજક રાશિ ) આવ્યો હોય તેને અર્ધ કરવાથી વૃત્ત ક્ષેત્રની પરિધિ આવે છે. અથવા ભાગાકાર કરતાં ભાગમાં જે અંક આવ્યો હોય તેટલી પરિધિ આવે છે. વર્ગમૂળ કરતાં જે અંક શેષ રહે તેને કોશ કરવા માટે ચારે ગુણવા. તેને ઉપરના જ ભાજકરાશિ વડે ભાગવાથી ભાગમાં જે આવે તે કોશ. શેષ રહેલા અંકને ધનુષ કરવા માટે બે હજારે ગુણી તે જ ભાજક રાશિ વડે ભાગવાથી જે ભાગમાં આવે તે ધનુષ. શેષ રહેલા અંકને અંગુલ કરવા માટે છન્નુએ ગુણી તે જ ભાજક રાશિ વડે ભાગવાથી જે ભાગમાં આવે તે અંગુલ જાણવા. ( શેષ રહેલા અંકને જવ, જૂ, લીખ, વલાગ્ર, રથરેણુ, ત્રસરેણુ વિગેરે લાવવા માટે આઠે આઠે વારંવાર ગુણી દરેક વાર તે જ ભાજક રાશિવડે ભાગાકાર કરવા ઇત્યાદિ.)

પ્રથમ જંબૂદ્વીપની પરિધિ કાઢવી છે. તેથી જંબૂદ્વીપનો વિષ્કંભ જે લાખ યોજનનો છે તેનો વર્ગ કરવા માટે

તેને લાખે ગુણતાં ૧૦૦૦૦૦૦૦૦૦૦ થાય તેને દશે ગુણતાં એક મીંડું વધારવું તેથી ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ થાય તેનું વર્ગમૂળ કાઢવું છે. તે આ રીતે—જેનું વર્ગમૂળ કાઢવું હોય તેના છેલ્લા આંક ઉપર વિષમનું (।) ચિન્હ કરવું. તેની પહેલાના આંક ઉપર સમનું (—) ચિન્હ કરવું, તેની પહેલાં વિષમ, તેની પહેલાં સમ, એ રીતે સર્વ અંકો પર ચિન્હ કરવાં. પછી આ રીતે કરવું—પ્રથમ વિષમપદ થકી શરૂઆત કરવી એટલે વિષમના અંકમાંથી વર્ગના સ્થાનમાં જે આવે તે બાદ કરવા. પછી તેમાંથી નીકળેલા મૂળને એટલે ભાગમાં આવેલા અંકને બમણા કરી તે અંકવડે શેષને એટલે બાદ કરતાં બાકી રહેલા અંકને ઉપરથી વિષમપદ (બે અંક) ઉતારીને ભાંગવા. જે ભાગમાં આવે તેને પંક્તિને વિષે એટલે પ્રથમ ભાગમાં મૂકેલા વર્ગમૂળના અંકની પાસે મૂકવા. પછી પ્રથમની જેમ તે વર્ગને શોધીને એટલે બાદબાકી કરીને ભાગમાં આવેલા અંકને પ્રથમની જેમ બમણા બમણા કરતા જવા અને શેષ રહેલાનો ઉપરથી વિષમ વિષમ પદ (બબે અંક) ઉતારીને બમણા કરેલા અંકવડે ભાગાકાર કરવો. છેવટ *ભાજક રાશિમાં જે બમણો કરેલો અંક હોય તેને અર્ધ કરવો. તે અંકને વર્ગમૂળ જાણવું. (અથવા ભાગમાં જે અંક આવ્યા હોય તે જ વર્ગમૂળ છે એમ જાણવું.)

જેમકે—$\overset{-|-|-|-|-|-|}{૧૦૦૦૦૦૦૦૦૦૦૦}$ આ વર્ગને વિષમ સમ

---

* જેનાવડે ભાગાકાર કરાય છે તે ભાજકરાશિ કહેવાય છે.

કર્યો. પછી પ્રથમનો વિષમ અંક ૧૦ છે તેનું વર્ગમૂળ ૩ છે તેથી ૧૦ ને ૩ વડે ભાગવા. ભાગમાં ૩ આવ્યા, ભાજ્યરાશિ ૧૦ છે તેમાંથી ૯ બાદ કરવા. બાકી ૧ રહ્યો. ઉપરથી વિષમ પદ (બે મીંડાં) ઉતારવાથી ૧૦૦ થયા. તેને ભાગમાં આવેલા ૩ ને બમણાં કરી ૬ વડે ભાગવા. અહીં વિશેષ એ છે કે ૧૦૦ માંના છેલ્લા અંક (૦) સિવાય બાકીના ૧૦ ને ૬ વડે ભાગતાં ભાગમાં જે આવે તેમ હોય તે અંકને ૬ ની સાથે મૂકી પછી ભાગાકાર કરવો, જેમકે અહીં ૧૦ ને ૬ વડે ભાગતાં ભાગમાં ૧ આવે છે તેને ૬ ની સાથે મૂકતાં ૬૧ થાય છે, તેથી ૧૦૦ ને ૬૧ વડે ભાગતાં ભાગમાં ૧ આવે છે, તેને પ્રથમના વર્ગમૂળ ૩ ની પાસે મૂકતાં ૩૧ થયા. ૧૦૦ માંથી ૬૧ બાદ કરતાં ૩૯ વધે છે તેમાં ઉપરથી વિષમપદ (બે મીંડાં) ઉતારવાથી ૩૯૦૦ થયાં. તેને બમણા કરેલા ૩૧ એટલે ૬૨ વડે ભાગવાના છે. તેમાં પણ ઉપરની રીતે છેલ્લા અંક (૦) સિવાય બાકીના ૩૯૦ ને ૬૨ વડે ભાગતાં ભાગમાં ૬ આવે તેમ છે, તેથી ૬૨ ની પાસે ૬ મૂકતાં ૬૨૬ થયા. તે વડે ૩૯૦૦ ને ભાગવા. એ રીતે વર્ગના સર્વ અંક પૂરા થાય ત્યાં સુધી ભાગાકાર કરતાં જે ભાજકનો અંક આવ્યો હોય તેને અર્ધ કરતાં જે આવે તે વર્ગમૂળ કહેવાય છે અથવા ભાગમાં જે રકમ આવી હોય તે જ વર્ગમૂળ છે. તેનો હિસાબ નીચે પ્રમાણે—

```
 ૧૦૦૦૦૦                        _|_|_|_|_|_|
×૧૦૦૦૦૦                        ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ (૩
----------                     ૯
 ૧૦૦૦૦૦૦૦૦૦૦         ૬, ૧)     ૧૦૦ (૧
 ×          ૧૦                  ૬૧
----------------
૧૦૦૦૦૦૦૦૦૦૦૦        ૬૨, ૬)     ૩૯૦૦ (૬
                                ૩૭૫૬
                    ૬૩૨, ૨)     ૧૪૪૦૦ (૨
                                ૧૨૬૪૪
                   ૬૩૨૩, ૨)     ૧૭૫૬૦૦ (૨
                                ૧૨૬૪૮૪
                  ૬૩૨૪૪, ૭)     ૪૯૧૧૬૦૦ (૭
                                ૪૪૨૭૧૨૯
                  ૬૩૨૪૫૪ )      ૪૮૪૪૭૧
```

આ પ્રમાણે સર્વાંતિમ ભાજક ૬૩૨૪૫૪ ને અર્ધ કરતાં ૩૧૬૨૨૭ અથવા ભાગમાં આવેલા અંક પણ તેટલાજ છે. તે વર્ગમૂળ જાણવું.

```
           ૪૮૪૪૭૧ શેષ યોજન
                ૪
        ---------------
૬૩૨૪૫૪) ૧૯૩૭૮૮૪ ( ૩ ગાઉ
        ૧૮૯૭૩૬૨
        ---------------
           ૪૦૫૨૨ શેષ ગાઉ
            ૨૦૦૦
        ---------------
        ૮૧૦૪૪૦૦૦
```

૬૩૨૪૫૪) ૮૧૦૪૪૦૦૦ (૧૨૮ ધનુષ

૬૩૨૪૫૪

---

૧૭૭૯૮૬૦

૧૨૬૪૯૦૮

---

૫૧૪૯૫૨૦

૫૦૫૯૬૩૨

---

૦૦૮૯૮૮૮ શેષ ધનુષ

૪

---

૩૫૯૫૫૨

૬૩૨૪૫૪ ) ૩૫૯૫૫૨ ( ૦ હાથ

૦૦૦૦૦૦

---

૩૫૯૫૫૨ શેષ હાથ

૨૪

---

૧૪૩૮૨૦૮

૭૧૯૧૦૪

---

૬૩૨૪૫૪) ૮૬૨૯૨૪૮ (૧૩॥ અંગુલ

૬૩૨૪૫૪

---

૨૩૦૪૭૦૮

૧૮૯૭૩૬૨

---

૦૪૦૭૩૪૬

૩૧૬૨૨૭

---

૦૯૧૧૧૯ શેષ અંગુલ

આ રીતે જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ, ૦ હાથ અને ૧૩ાા અંગુલ તથા શેષ અંગુલ ૯૧૧૧૯ રહે છે. તેના અર્ધ અંગુલ કરવા હોય તો તેને બેએ ગુણતાં ૧૮૨૨૩૮ અર્ધાંગુલ થાય છે.

સ્થાપના:--

વિષ્કંભ યોજન—૧૦૦૦૦૦

વર્ગના યોજન—૧૦૦૦૦૦૦૦૦૦૦

દશ ગુણા કર્યા —૧૦૦૦૦૦૦૦૦૦૦૦

વર્ગ મૂળ કાઢતાં—૩૧૬૨૨૭ યોજન

શેષ રહ્યા—૪૮૪૪૭૧

ભાજક રાશિ—૬૩૨૪૫૪

શેષને ગાઉ કરવા ૪ વડે ગુણતાં—૧૯૩૭૮૮૪

ભાજક રાશિ વડે ભાગતાં—૩ કોશ

શેષ રહ્યા—૪૦૫૨૨

ધનુષ કરવા બે હજારે ગુણ્યા—૮૧૦૪૪૦૦૦

ભાજક રાશિ વડે ભાગતાં—૧૨૮ ધનુષ.

શેષ રહ્યા—૮૯૮૮૮

અંગુલ કરવા માટે બેએ ગુણ્યા—૮૬૨૯૨૪૮

ભાજક રાશિ વડે ભાગતાં—૧૩ અંગુલ

શેષ રહ્યા-૪૦૭૩૪૬

અર્ધાંગુલ કરવા માટે છન્નુએ ગુણ્યા—૮૧૪૬૯૨

ભાજક રાશિ વડે ભાગતાં-અર્ધાંગુલ ૧ ( $\frac{1}{2}$ અંગુલ )

શેષ અર્ધાંગુલ રહ્યા—૧૮૨૨૩૮ ( ૯૧૧૧૯ અંગુલ )

આ ઉપર કહેલી રીતિ વડે જ કમલ, દ્વીપ, ચૂલા, કૂટ, કાંચનગિરિ, કુંડ અને મેરૂ વિગેરે ગોળ વસ્તુની પરિધિ જાણવી.

| નામ. | વિષ્કંભ યોજન | વર્ગ | દશે ગુણ્યા | લબ્ધ વર્ગ પરિધિ મૂલ | શેષ | છેદ |
|---|---|---|---|---|---|---|
| ૧ હિમવંત અને શિખરીનાં કમળ | ૧ | ૧ | ૧૦ | ૩ | ૧ | ૬ |
| ૨ મહાહિમવંત અને રૂપીનાં ,, | ૨ | ૪ | ૪૦ | ૬ | ૪ | ૧૨ |
| ૩ નિષધ અને નીલવંતના ,, | ૪ | ૧૬ | ૧૬૦ | ૧૨ | ૧૬ | ૨૪ |
| ૪ ગંગા અને સિંધુપ્રપાત કુંડના દ્વીપ | ૮ | ૬૪ | ૬૪૦ | ૨૫ | ૧૫ | ૫૦ |
| ૫ મેરૂની ચૂલા. | ૧૨ | ૧૪૪ | ૧૪૪૦ | ૩૭ | ૭૧ | ૭૪ |
| ૬ વૈતાઢ્યપર્વત કૂટમૂલ | ૨૫ કોશ | ૬૨૫ કોશ | ૬૨૫૦ કોશ | ૭૯ કોશ | ૯ | ૧૫૮ |
| ૭ કાંચનગિરિ શિખર | ૫૦ | ૨૫૦૦ | ૨૫૦૦૦ | ૧૫૮ | ૩૬ | ૩૧૬ |
| ૮ કાંચનગિરિ મૂળ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૧૬ | ૧૪૪ | ૬૩૨ |
| ૯ ગંગા, સિંધુ, રક્તા, રક્તાવતી પ્રપાતકુંડ | ૬૦ | ૩૬૦૦ | ૩૬૦૦૦ | ૧૮૯ | ૨૭૯ | ૩૭૮ |
| ૧૦ રોહિતા, રોહિતાંશા, સુવર્ણકુલા, રૂપ્યકૂલા પ્રપાતકુંડ | ૧૨૦ | ૧૪૪૦૦ | ૧૪૪૦૦૦ | ૩૭૯ | ૩૫૯ | ૭૫૮ |
| ૧૧ હરિકાંતા, હરિસલિલા, નરકાંતા, નારીકાંતા પ્રપાતકુંડ | ૨૪૦ | ૫૭૬૦૦ | ૫૭૬૦૦૦ | ૭૫૮ | ૧૪૩૬ | ૧૫૧૬ |

| નામ | વિષ્કંભ | વર્ગ | દશે ગુણ્યા | લબ્ધ | શેષ | છેદ |
|---|---|---|---|---|---|---|
| ૧૨ શીતા શીતોદા પ્રપાતકુંડ ૨... | ૪૮૦ | ૨૩૦૪૦૦ | ૨૩૦૪૦૦૦ | ૧૫૧૭ | ૨૭૧૧ | ૩૦૩૪ |
| ૧૩ હિમવંતાદિ છએ પર્વતના શિખર ઉપર.. | ૨૫૦ | ૬૨૫૦૦ | ૬૨૫૦૦૦ | ૭૯૦ | ૯૦૦ | ૧૫૮૦ |
| ૧૪ હિમવંતાદિ છએ પર્વતના કૂટ મૂલમાં | ૫૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦૦ | ૧૫૮૧ | ૪૩૯ | ૩૧૬૨ |
| ૧૫ બલાદિ કૂટ મૂલમાં | ૧૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦ | ૩૧૬૨ | ૧૭૫૬ | ૬૩૨૪ |
| ૧૬ મેરૂશિખર ઉપર પંડુકવન | ૧૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦ | ૩૧૬૨ | ૧૭૫૬ | ૬૩૨૪ |
| ૧૭ મેરૂભૂતલ વિષ્કંભ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦૦ | ૩૧૬૨૨ | ૪૯૧૧૬ | ૬૩૨૪૪ |

# મેરૂનો મૂળમાં તથા વનોનો બાહ્ય તથા મધ્ય પરિધિ.

| નામ | વિષ્કંભ. યો. (૧) | અગીયારીયા ભાગ (૨) | તદ્વર્ગ (૩) | દશગુણા (૪) |
|---|---|---|---|---|
| ૧ મેરૂની મૂળમાં પહોળાઈ | ૧૦૦૯૦ ૧૦/૧૧ | ૧૧૧૦૦૦ | ૧૨૩૨૧૦૦૦૦૦૦ | ૧૨૩૨૧૦૦૦૦૦૦૦ |
| ૨ મેરૂની ભૂતલમાં પહોળાઈ | ૧૦૦૦૦ | — | ૧૦૦૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦૦ |
| ૩ નંદનવન બાહ્ય પહોળાઈ | ૯૯૫૪ ૬/૧૧ | ૧૦૯૫૦૦ | ૧૧૯૯૦૨૫૦૦૦૦ | ૧૧૯૯૦૨૫૦૦૦૦૦ |
| ૪ નંદનવન મધ્ય પહોળાઈ | ૮૯૫૪ ૬/૧૧ | ૯૮૫૦૦ | ૯૭૦૨૨૫૦૦૦૦ | ૯૭૦૨૨૫૦૦૦૦૦ |
| ૫ સૌમનસવન બાહ્ય પહોળાઈ | ૪૨૭૨ ૮/૧૧ | ૪૭૦૦૦ | ૨૨૦૯૦૦૦૦૦૦ | ૨૨૦૯૦૦૦૦૦૦૦ |
| ૬ સૌમનસવન મધ્ય પહોળાઈ | ૩૨૭૨ ૮/૧૧ | ૩૬૦૦૦ | ૧૨૯૬૦૦૦૦૦૦ | ૧૨૯૬૦૦૦૦૦૦૦ |
| ૭ પાંડુકવનની પહોળાઈ | ૧૦૦૦ | — | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦ |

| (અનુસંધાન) નામ | વર્ગમૂળ કળા (૫) | શેષરાશિ (૬) | છેદરાશિ (૭) | પરિધિ યોજન (૮) |
|---|---|---|---|---|
| ૧ મેરૂની મૂળમાં પહોળાઇ | ૩૫૧૦૧૨ | ૫૭૫૮૫૬ | ૭૦૨૦૨૪ | ૩૧૯૧૦ ૨/૧૧ |
| ૨ મેરૂની ભૂતલમાં પહોળાઇ | — | — | — | ૩૧૬૨૨ |
| ૩ નંદનવન બાહ્ય પરિધિ | ૩૪૬૨૬૯ | ૨૭૯૬૩૯ | ૬૯૨૫૩૮ | ૩૧૮૭૯ |
| ૪ નંદનવન મધ્ય પરિધિ | ૩૧૧૪૮૮૪ | ૨૧૭૭૪૪ | ૬૨૨૯૬૮ | ૨૮૩૧૬ ૮/૧૧ |
| ૫ સૌમનસવન બાહ્ય પરિધિ | ૧૪૮૬૨૭ | ૧૪૮૭૧ | ૨૯૭૨૫૪ | ૧૩૫૧૧ ૬/૧૧ |
| ૬ સૌમનસવન મધ્ય પરિધિ | ૧૧૩૮૪૧ | ૨૨૬૭૧૯ | ૨૨૭૬૮૨ | ૧૦૩૪૯ [illegible]/૧૧ |
| ૭ પાંડુકવનની પહોળાઇ | — | — | — | ૩૧૬૨ |

હવે ગણિતપદનું કરણ કહે છે:—

જંબૂદ્વીપનું ગણિતપદ આ પ્રમાણે.—જંબૂદ્વીપની પરિધિ ત્રણ લાખ સોળ હજાર બસો ને સત્તાવીશ ૩૧૬૨૨૭ યોજન છે. જંબૂદ્વીપનો વિષ્કંભ એક લાખ યોજનનો છે. તેનો ચોથો ભાગ પચીશ હજાર (૨૫૦૦૦) યોજન થાય, તેના વડે ઉપરના અંકને ગુણવાથી સાત સો નેવું કરોડ છપ્પન લાખ ને પંચોતેર હજાર (૭૯૦૫૬૭૫૦૦૦) યોજન થાય છે. પછી પરિધિમાં ૩ કોશ ઉપર છે તેથી તેને ૨૫૦૦૦ વડે ગુણતાં ૭૫૦૦૦ કોશ થયા, પછી ઉપર એક સો ને અઠ્ઠાવીશ ૧૨૮ ધનુષ છે તેને ૨૫૦૦૦ વડે ગુણતાં બત્રીસ લાખ ૩૨૦૦૦૦૦ ધનુષ થયાં. પછી ઉપર ૧૩ અંગુલ છે તેને ૨૫૦૦૦ વડે ગુણતાં ત્રણ લાખ પચીશ હજાર ૩૨૫૦૦૦ અંગુલ થયા. પછી ઉપર એક અર્ધાંગુલ છે તેને ૨૫૦૦૦ વડે ગુણતાં સાડાબાર હજાર ૧૨૫૦૦ અંગુલ થયા.

## જંબૂદ્વીપનું ગણિતપદઃ—

| જંબૂદ્વીપ | પરિધિ | વિષ્કંભનો ચોથો ભાગ | ગુણાકાર કરવાથી આવેલો અંક |
|---|---|---|---|
| યોજન | ૩૧૬૨૨૭ | ૨૫૦૦૦ | ૭૯૦૫૬૭૫૦૦૦ |
| કોશ | ૩ | ૨૫૦૦૦ | ૭૫૦૦૦ |
| ધનુષ | ૧૨૮ | ૨૫૦૦૦ | ૩૨૦૦૦૦૦ |
| અંગુલ | ૧૩ | ૨૫૦૦૦ | ૩૨૫૦૦૦ |
| અર્ધાંગુલ | ૧ | ૨૫૦૦૦ | ૧૨૫૦૦ |

પછી ૭૫૦૦૦ કોશના યોજન કરવા માટે ચારે ભાગતાં ૧૮૭૫૦ યોજન. ૩૨૦૦૦૦૦ ધનુષ છે તેના યોજન કરવા માટે ૮૦૦૦ વડે ભાગતાં ૪૦૦ યોજન. બન્નેનો સરવાળો ૧૯૧૫૦ યોજન. તેને ઉપરના યોજનમાં નાંખવાથી ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન થયા. અંગુલ તથા અર્ધાંગુલની રાશિનો સરવાળો ૩૩૭૫૦૦ થયો. તેને ધનુષ કરવા માટે ૯૬ વડે ભાગતાં ભાગમાં ૩૫૧૫ ધનુષ આવ્યા અને ૬૦ અંગુલ વધ્યા. હવે પાંત્રીશ સો (૩૫૦૦ ધનુષના ૧।।। કોશ) થાય ઉપર ૧૫ ધનુષ વધ્યા. તેના હાથ કરવા માટે ચારે ગુણવાથી ૬૦ હાથ થયા અને ૬૦ અંગુલના હાથ કરવા માટે ૨૪ વડે ભાગતાં ૨।। હાથ આવે તે ૬૦ હાથમાં નાંખતાં ૬૨।। હાથ થાય. આ રીતે જંબૂદ્વીપનું ગણિતપદ-૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧।।। કોશ, ૬૨।। હાથ થાય છે. (અથવા ૧ કોશ, ૧૫૧૫ ધનુષ, ૨ હાથ ને ૧૨ અંગુલ કહી શકાય છે.) ૧૮૮

ઈષુ અને જીવાનું કરણ કહે છે:—

**ઓગાહુ ઉસૂ સુચ્ચિઅ, ગુણવીસગુણો કલા ઉસૂ હોઇ;**
**વઉસુ પિહુત્તે ચઉગુણ-ઉસુગુણિએ મૂલમિહ જીવા. ૧૮૯**

ઓગાહુ-અવગાહના,
સુચ્ચિ અ-નિશ્ચય એ જ
ગુણવીસગુણો-ઓગણીસ ગુણો
કલાઉસૂ-કલા રૂપ ઇષુ
વિઉસુ-ઇષુ રહિત કરેલી
ચઉગુણઉસુ-ચારે ગુણેલા ઇષુ વડે

**અર્થ**—જે અવગાહના તે ઇષુ કહેવાય છે. તેને ૧૯ વડે ગુણવાથી કલા રૂપ ઈષુ થાય છે. વૃત્ત ક્ષેત્રની પહોળાઇની કલામાંથી ઇષુની કલા બાદ કરવી. પછી ચાર ગુણા ઇષુ વડે તેને ગુણીએ. જે ગુણાકાર આવે તેનું વર્ગમૂળ કરવાથી જીવા આવે છે. ૧૮૯

**વિવેચન**:—જેનું ઈષુ કરવાનું હોય તેની મધ્યમાં જે અવગાહના હોય તેને ઇષુ કહીએ. એટલે કે જંબૂદ્વીપને વિષે કહેવાને ઇચ્છેલા ભરત વિગેરે એક ભાગ કે જે જીવા અથવા પણછ ચડાવેલા ધનુષને આકારે હોય છે તેના ઉપર બાણ ચડાવ્યું હોય, તે બાણનો જે અવગાહ એટલે લંબાઇ અથવા વિષ્કંભ તેને ઈષુ કહીએ. તે જ ઈષુ જેટલા યોજનનો હોય તેને ઓગણીશે ગુણવાથી કલારૂપ ઇષુ થાય છે. આ જ ઈષુનું કરણ કહેવાય છે. (ઈષુમાં ને ધનુઃપૃષ્ટમાં પાછળના ક્ષેત્ર ને પર્વતો જે આવેલા હોય તે બધા ભેળા લેવાય છે.)

હવે જીવાનું કરણ કહે છે:—જે મૂળ વૃત્ત ક્ષેત્ર તેની પહોળાઈની કળા બાદ કરવી. એટલે અહીં વૃત્ત ક્ષેત્ર જંબૂદ્વીપ છે. તેના વિષ્કંભની કળા કરીને પછી તેમાંથી ઈષુના વિષ્કંભની જેટલી કળા હોય તેટલી બાદ કરવી. પછી ચાર ગુણા ઈષુવડે તેને ગુણવા એટલે કે બાદ કરતાં શેષ રહેલી રાશિને, ઈષુની કળાને ચાર ગુણી કરી તેના વડે ગુણવી. પછી ગુણતાં જે અંક આવ્યો હોય તેનું વર્ગમૂળ કાઢવું. વર્ગમૂળમાં જે આવે તે જીવા કહેવાય છે.

જેમકે દક્ષિણ ભરતાર્ધની જીવા કરવી છે તો દક્ષિણ ભરતાર્ધનું ઈષુ ૨૩૮ યોજન ને ૩ કળા કરવા માટે ૨૩૮ ને ૧૯ વડે ગુણતાં ૪૫૨૨ થાય, તેમાં ઉપરની ૩ કળા ઉમેરતાં ૪૫૨૫ થાય. આ ઈષુના વિષ્કંભની કળા થઇ તેને જંબૂદ્વીપનો વિષ્કંભ લાખ યોજન છે, તેને ૧૯ વડે ગુણતાં ઓગણીશ લાખ ૧૯૦૦૦૦૦ કળા થઈ, તેમાંથી ઈષુ વિષ્કંભકળા ૪૫૨૫ બાદ કરતાં શેષ ૧૮૯૫૪૭૫ કળા રહે. પછી ઈષુની કળા ૪૫૨૫ ને ચારે ગુણેતાં ૧૮૧૦૦ થાય તે વડે બાદબાકીની શેષ રાશિ ૧૮૯૫૪૭૫ ને ગુણવી. તેથી ૩૪૩૦૮૦૯૭૫૦૦ થાય. તેનું પ્રથમ કહ્યા પ્રમાણે વર્ગમૂળ કાઢતાં ૧૮૫૨૨૪ કળા આવે. અને શેષ ૧૬૭૩૨૪ રાશિ રહે, તથા છેદરાશિ (ભાજકરાશિ) ૩૭૦૪૪૮ આવે છે. હવે ભાગમાં આવેલી કળા ૧૮૫૨૨૪ ને ઓગણીશે ભાગ દેતાં ૯૭૪૮ યોજન આવે. ઉપર ૧૨ કળા વધે એટલી દક્ષિણ ભરતાર્થની જીવા જાણવી. એ જ રીતે વૈતાઢ્ય વિગેરેનું પણ જીવાકરણ કરવું. ૧૮૯

## દક્ષિણ ભરત વગેરેની જીવાનો યંત્રઃ—

| જીવાકરણ અનુક્રમે (૧) | ઈષુવિષ્કંભ યોજન (૨) | ઈષુવિષ્કંભ કળા (૩) | ઓગણીશ લાખમાંથી બાદ કરેલી ઈષુકળા (૪) | ઈષુકળાને ચારે ગુણતાં (૫) |
| --- | --- | --- | --- | --- |
| ૧ દક્ષિણ ભરતમાં | ૨૩૮ ૩/૧૯ | ૪૫૨૫ | ૧૮૯૫૪૭૫ | ૧૮૧૦૦ |
| ૨ વૈતાઢ્ય | ૨૮૮ ૩/૧૯ | ૫૪૭૫ | ૧૮૯૪૫૨૫ | ૨૧૯૦૦ |
| ૩ ઉત્તર ભરત | ૫૨૬ ૬/૧૯ | ૧૦૦૦૦ | ૧૮૯૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૪ હિમવંત પર્વત | ૧૫૭૮ ૧૮/૧૯ | ૩૦૦૦૦ | ૧૮૭૦૦૦૦ | ૧૨૦૦૦૦ |
| ૫ હિમવંત ક્ષેત્ર | ૩૬૩૪ ૪/૧૯ | ૭૦૦૦૦ | ૧૮૩૦૦૦૦ | ૨૮૦૦૦૦ |
| ૬ મહાહિમવંત પર્વત | ૭૮૯૪ ૧૪/૧૯ | ૧૫૦૦૦૦ | ૧૭૫૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૭ હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫ ૧૫/૧૯ | ૩૧૦૦૦૦ | ૧૫૯૦૦૦૦ | ૧૨૪૦૦૦૦ |
| ૮ નિષધ પર્વત | ૩૩૧૫૭ ૧૭/૧૯ | ૬૩૦૦૦૦ | ૧૨૭૦૦૦૦ | ૨૫૨૦૦૦૦ |
| ૯ વિદેહમધ્ય | ૫૦૦૦૦ | ૯૫૦૦૦૦ | ૯૫૦૦૦૦ | ૩૮૦૦૦૦૦ |

## જીવાકરણનું અનુસંધાન.

| ઇષુકળા બાદ કરતાં શેષ રહેલી કળાને ચતુર્ગુણ ઈષુકળાવડે ગુણ્યા (૬) | વર્ગમૂળ કાઢતાં શેષરાશિ (૭) | વર્ગમૂળમાં છેદ એટલે ભાજક રાશિ (૮) | ભાગમાં આવેલી કળા (૯) | કળાના કરેલા યોજન (૧૦) | શેષકળા (૧૧) |
|---|---|---|---|---|---|
| ૩૪૩૦૮૦૯૭૫૦૦ | ૧૬૭૩૨૪ | ૩૭૦૪૪૮ | ૧૮૫૨૨૪ | ૯૭૪૮ | $\frac{૧૨}{૧૯}$ |
| ૪૧૪૯૦૦૯૭૫૦૦ | ૭૪૦૧૯ | ૪૪૭૩૮૨ | ૨૦૩૬૯૨ | ૧૦૭૨૦ | $\frac{૧૧}{૧૯}$ |
| ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૯૭૮૮૪ | ૫૪૯૯૦૮ | ૨૭૪૯૫૪ | ૧૪૪૭૧ | $\frac{૫}{૧૯}$ |
| ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ | ૭૩૦૭૩૬ | ૯૪૭૪૧૬ | ૪૭૩૭૦૮ | ૨૪૯૩૨ | ૧ કળા |
| ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ | ૨૯૫૯૫૯ | ૧૪૩૧૬૪૨ | ૭૧૫૮૨૧ | ૩૭૬૭૪ | $\frac{૧૫}{૧૯}$ |
| ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૫૬૯૭૫ | ૨૦૪૯૩૫૦ | ૧૦૨૪૬૭૫ | ૫૩૯૩૧ | $\frac{૬}{૧૯}$ |
| ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૨૦૯૩૫૦૪ | ૨૮૦૮૨૭૨ | ૧૪૦૪૧૩૬ | ૭૩૯૦૧ | $\frac{૧૭}{૧૯}$ |
| ૩૨૦૦૪૦૦૦૦૦૦૦ | ૬૫૦૮૪૪ | ૩૫૭૭૯૩૨ | ૧૭૮૮૯૬૬ | ૯૪૧૫૬ | $\frac{૨}{૧૯}$ |
| ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ | .... | .... | ૧૯૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | .... |

## દક્ષિણ ભરત વગેરેના ધનુઃપૃષ્ઠની સ્થાપના:—

| ધનુઃપૃષ્ઠકરણ (૧) | ઇષુની કળાનો વર્ગ (૨) | ઇષુકળાવર્ગને છએ ગુણતાં (૩) | જીવાની કળાનો વર્ગ (૪) |
|---|---|---|---|
| ૧ દક્ષિણ ભરત | ૨૦૪૭૫૬૫૨ | ૧૨૨૮૫૩૭૫૦ | ૩૪૩૦૮૦૯૭૫૦૦ |
| ૨ વૈતાઢ્ય પર્વત | ૨૯૯૭૫૬૨૫ | ૧૭૯૮૫૩૭૫૦ | ૪૧૪૯૦૦૯૭૫૦૦ |
| ૩ ઉત્તર ભરત | ૧૦૦૦૦૦૦૦૦ | ૬૦૦૦૦૦૦૦૦ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ |
| ૪ હિમવંતગિરિ | ૯૦૦૦૦૦૦૦૦ | ૫૪૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ |
| ૫ હિમવંત ક્ષેત્ર | ૪૯૦૦૦૦૦૦૦૦ | ૨૯૪૦૦૦૦૦૦૦૦ | ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ |
| ૬ મહાહિમવંતગિરિ | ૨૨૫૦૦૦૦૦૦૦૦ | ૧૩૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ |
| ૭ હરિવર્ષક્ષેત્ર | ૯૬૧૦૦૦૦૦૦૦૦ | ૫૭૬૬૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ |
| ૮ નિષધગિરિ | ૩૯૬૯૦૦૦૦૦૦૦૦ | ૨૩૮૧૪૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૯ મહાવિદેહાર્ધ | ૯૦૨૫૦૦૦૦૦૦૦૦ | ૫૪૧૫૦૦૦૦૦૦૦૦૦ | ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ |

## ધનુઃપૃષ્ઠકરણનું અનુસંધાન.

| ૭ ગુણુ ધનુવર્ગમાં જીવાવર્ગ મેળવતાં (૫) | વર્ગમૂળ કાઢતાં શેષ રાશિ (૬) | વર્ગમૂળ કાઢતાં છેદરાશિ (૭) | વર્ગમૂળમાં લાધેલી કળા (૮) | લાધેલી કળાના યોજન (૯) | શેષકળા (૧૦) |
|---|---|---|---|---|---|
| ૩૪૪૩૦૯૫૧૨૫૦ | ૨૯૩૨૨૫ | ૩૭૧૧૧૦ | ૧૮૫૫૫૫ | ૯૭૬૬ | ૧ |
| ૪૧૬૬૯૯૫૧૨૫૦ | ૭૭૮૨૬ | ૪૦૮૨૬૪ | ૨૦૪૧૩૨ | ૧૦૭૪૩ | ૧૫ |
| ૭૬૨૦૦૦૦૦૦૦૦ | ૨૬૨૧૫૧ | ૫૫૨૦૮૬ | ૨૭૬૦૪૩ | ૧૪૫૨૮ | ૧૧ |
| ૨૨૯૮૦૦૦૦૦૦૦૦ | ૫૬૮૧૨૪ | ૯૫૮૭૪૮ | ૪૭૯૩૭૪ | ૨૫૨૩૦ | ૪ |
| ૫૪૧૮૦૦૦૦૦૦૦૦ | ૯૫૫૧૦૦ | ૧૪૭૨૧૪૦ | ૭૩૬૦૭૦ | ૩૮૭૪૦ | ૧૦ |
| ૧૧૮૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૧૫૦૭૧ | ૨૧૭૭૧૫૪ | ૧૦૮૮૫૭૭ | ૫૭૨૯૩ | ૧૦ |
| ૨૫૪૮૨૦૦૦૦૦૦૦૦ | ૭૬૯૧૩૬ | ૩૧૯૨૬૧૬ | ૧૫૯૬૩૦૮ | ૮૪૦૧૬ | ૪ |
| ૫૫૮૧૮૦૦૦૦૦૦૦૦ | ૧૫૬૮૧૧૧ | ૪૭૨૫૧૬૬ | ૨[illegible]૬૨૫૮૩ | ૧૨૪૩૪૬ | ૯ |
| ૯૦૨૫૦૦૦૦૦૦૦૦૦ | ૪૬૬૯૪૩૧ | ૬૦૦૮૩૨૬ | ૩૦૦૪૧૬૩ | ૧૫૮૧૧૩ | ૧૬॥ |

હવે ગાથાના પૂર્વાર્ધવડે ધનુઃપૃષ્ટ લાવવાનું કરણ અને બાહાનું કરણ ઉત્તરાર્ધ ગાથાવડે કહે છેઃ—

**ઉસુવગ્ગિ છગુણ જીવા-વગ્ગજુએ મૂલ હોઇ ધણુપિટ્ઠં;**
**ધણુદુગવિસેસસેસં, દલિઅં બાહાદુગં હોઇ. ૧૯૦**

ઉસુવગ્ગિ-ઇષુના વર્ગને
જીવાવગ્ગજુએ-જીવાના વર્ગ સહિત કરીએ
ધણુપિટ્ઠં-ધનુઃપૃષ્ટ
વિસેસ-વિશ્લેષ, બાદબાકી
દલિઅં-અર્ધું કર્યાથી
બાહાદુગં-બે બાહાઓ

**અર્થઃ**—ઇષુના વર્ગને છ ગુણો કરીને તેમાં જીવાનો વર્ગ ઉમેરવો. પછી તેનું વર્ગમૂળ કરવાથી ધનુઃપૃષ્ટ થાય છે. બે ધનુષ્યનો વિશ્લેષ કરી જે બાકી રહે તેનું અર્ધ કરવાથી બે બાહાઓનું પ્રમાણ આવે છે. ૧૯૦

**વિવેચનઃ**—પ્રથમ જે ક્ષેત્રનું વર્ગમૂળ કરવું હોય તે ક્ષેત્રના ઈષુનો વર્ગ કરવો, એટલે કે ઈષુની જેટલી કળા હોય તેને તેટલાએ ગુણી વર્ગ કરવો. પછી તેને છએ ગુણવો. પછી તેમાં જીવાનો વર્ગ યુક્ત કરવો એટલે કે જીવાની જે કળા હોય તેનો વર્ગ કરી તેમાં ભેળવવો. પછી તેનું વર્ગમૂળ કાઢવું. જે આવે તે ધનુઃપૃષ્ટ હોય છે. (આનું યંત્ર ઉપરના પૃષ્ટમાં છે). જે ક્ષેત્રની બાહા કાઢવી હોય તે ક્ષેત્રના ધનુઃપૃષ્ટમાંથી તેનાથી નાના ક્ષેત્રાદિનું ધનુઃપૃષ્ટ બાદ કરવું. પછી જે બાકી રહે તેનું અર્ધ કરવું. જેટલું આવે તે વૈતાઢ્યાદિની દરેક બાહાનું પ્રમાણ જાણવું. ૧૯૦

## બાહાનો યંત્ર.

| બાહાકરણ | મોટું ધનુઃપૃષ્ટ | નાનું ધનુઃપૃષ્ટ | બાદ કરતાં શેષ | તેને અર્ધ કરતાં બાહા આવી તે |
|---|---|---|---|---|
| ૧ વૈતાઢ્યગિરિ | ૧૦૭૪૩–૧૫ | ૯૭૬૬–૧ | ૯૭૭–૧૪ | ૪૮૮–૧૬॥ |
| ૨ ઉત્તરભરત | ૧૪૫૨૮–૧૧ | ૧૦૭૪૩–૧૫ | ૩૭૮૪–૧૫ | ૧૮૯૨–૭॥ |
| ૩ હિમવંતગિરિ | ૨૫૨૩૦–૪ | ૧૪૫૨૮–૧૧ | ૧૦૬૦૧–૧૨ | ૫૩૫૦–૧૫॥ |
| ૪ હિમવંતક્ષેત્ર | ૩૮૭૪૦–૧૦ | ૨૫૨૩૦–૪ | ૧૩૫૧૦–૬ | ૬૭૫૫–૩ |
| ૫ મહાહિમવંતગિરિ | ૫૭૨૯૩–૧૦ | ૩૮૭૪૦–૧૦ | ૧૮૫૫૩–૦ | ૯૨૭૬–૯॥ |
| ૬ હરિવર્ષક્ષેત્ર | ૮૪૦૧૬–૪ | ૫૭૨૯૩–૧૦ | ૨૬૭૨૨–૧૩ | ૧૩૩૬૧–૬॥ |
| ૭ નિષધગિરિ | ૧૨૪૩૪૬–૯ | ૮૪૦૧૬–૪ | ૪૦૩૩૦–૫ | ૨૦૧૬૫–૨॥ |
| ૮ મહાવિદેહાર્ધ | ૧૫૮૧૧૩–૧૬॥ | ૧૨૪૩૪૬–૯ | ૩૩૭૬૭–૬॥ | ૧૬૮૮૩–૧૩। |

હવે છેલ્લા ખંડનું પ્રતર કરવાનું કરણ કહે છેઃ—

**અંતિમખંડસ્સુસુણા, જીવં સંગુણિઅ ચઉહિ ભઈઊણં;**
**લદ્ધંમિ વગ્ગિએ દસ-ગુણમ્મિ મૂલં હવઇ પયરો. ૧૯૧**

| | |
|---|---|
| **અંતિમખંડસ્સ**–છેલ્લા ખંડના | **ભઇઊણં**–ભાગીને |
| **ઈસુણા**–ઈષુ વડે | **લદ્ધંમિ**–જે પ્રાપ્ત થાય |
| **સંગુણિઅ**–ગુણીને | **વગ્ગિએ**–વર્ગ કરીએ |

**અર્થઃ**—છેલ્લા ખંડના ઈષુ સાથે જીવાને ગુણીને ચારે ભાગીએ, જે ભાગમાં આવે તેનો વર્ગ કરી દશે ગુણી વર્ગમૂલ કરવાથી પ્રતર આવે છે. ૧૯૧

**વિવેચનઃ**—દક્ષિણ ભરતાદિક છેલ્લા ખંડના ઈષુની સાથે એટલે ઈષુની કળાની સાથે જીવાને એટલે જીવાની કળાને ગુણીને તેને ચાર વડે ભાગીને જે ભાગાકાર આવે તેનો વર્ગ કરવો એટલે તેને તેટલાએ ગુણવા. પછી વર્ગને દશે ગુણવા. પછી તેનું વર્ગમૂળ કાઢવું. જે વર્ગમૂળ આવે તે પ્રતર થાય છે. આ પ્રતરમાં જે અંક આવ્યો હોય તે પ્રતિકળા હોવાથી તેને ૧૯ વડે ભાગતાં ભાગમાં જે આવે તે કળા અને શેષ રહે તે પ્રતિકળા છે. કળાને પણ ૧૯ વડે ભાગતાં ભાગમાં જે આવે તે યોજન અને શેષ રહે તે કળા જાણવી. ૧૯૧

દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું પ્રતર આ રીતેઃ—

| | | |
|---|---|---|
| ૧ ઈષુની કળા | — | ૪૫૩૫ |
| ૨ કાંઈક ન્યૂન જીવાની કળા | — | ૧૮૫૨૨૫ |
| ૩ ઈષુકળાને જીવાની કળા સાથે ગુણતાં | — | ૮૩૮૧૪૩૧૨૫ |
| ૪ તેને ચારે ભાગતાં કળા | — | ૨૦૯૫૩૫૭૮૧ |
| ૫ ચારે ભાગતાં જે કળા આવી તેને તેટલાએ ગુણી વર્ગ કરતાં | — | ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧ |
| ૬ તે વર્ગને દશે ગુણતાં | — | ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧૦ |
| ૭ તેનું વર્ગમૂળ કાઢતાં આવેલો અંક | — | ૬૬૨૬૧૦૨૧૯ |
| ૮ શેષરાશિ રહી તે અંક | — | ૩૪૭૫૧૭૮૪૯ |
| ૯ છેદરાશિ | — | ૧૩૨૫૨૨૦૬૩૮ |
| ૧૦ વર્ગમૂળમાં આવેલા અંકને કળા કરવા માટે ૧૯ વડે ભાગતાં | — | કળા ૩૪૮૭૪૨૨૭, પ્રતિકળા ૬ |
| ૧૧ કળાને યોજન કરવા માટે ૧૯ વડે ભાગતાં | — | યોજન ૧૮૩૫૪૮૫, કળા ૧૨ |

અર્થાત્ ૧૮૩૫૪૮૫ યોજન, ૧૨ કળા, ૬ પ્રતિકળા, આટલું દક્ષિણાર્ધ ભરતનું પ્રતર જાણવું.

હવે વૈતાઢય વગેરેનું પ્રતર કરવાનું કરણ કહે છે:—

**જીવાવગ્ગાણ દુગે, મિલિએ દલિએ અ હોઇ જં મૂલં;**
**વેઅડ્ઢાઇણ તયં, સપિહુત્તગુણં ભવે પયરો. ૧૯૨**

| | |
|---|---|
| **જીવાવગ્ગાણ**–જીવાના વર્ગને | **વેયડ્ઢાઇણં**–વૈતાઢય વગેરેના |
| **મિલિએ**–મેળવીને | **સપિહુત્તણં**–પોતાની પહોળાઇ સાથે |
| **મૂલં**–વર્ગમૂલ | **પયરો**–પ્રતર |

**અર્થ:**—એ જીવાના વર્ગનો સરવાળો કરી તેનું અર્ધ કરી, પછી તેનું જે વર્ગમૂળ આવે તેને પોતાની પહોળાઈ સાથે ગુણીએ ત્યારે વૈતાઢયાદિકનું પ્રતર આવે છે. ૧૯૨

**વિવેચન:**—અંતિમ ખંડ સિવાય બાકીનાં વચલા ખંડનું પ્રતર આ રીતે આવે છે:-તેમાં મોટી જીવાના વર્ગની કળા અને નાની જીવાના વર્ગની કળાનો સરવાળો કરવો. પછી તેને અર્ધ કરવા. અર્ધનું જે વર્ગમૂળ આવે, તેને પોતાની પહોળાઈ વડે ગુણવા, એટલે કે વૈતાઢયાદિકનો કળારૂપ જે વિસ્તાર હોય તે વડે ગુણવા. જે આવે તે વૈતાઢયાદિકનું પ્રતર થાય છે. ૧૯૨.

# વૈતાઢ્ય વિગેરે પર્વતો તથા ઉત્તરાર્ધ ભરત વિગેરેનાં પ્રતરનો યંત્ર.

| પ્રતર કરણ (૧) | ઉત્તર ભરતાર્ધ (૨) | હિમવાન પર્વત (૩) | હૈમવત ક્ષેત્ર (૪) |
|---|---|---|---|
| ૧ લઘુ જીવાવર્ગ કળા | ૪૧૪૯૦૦૯૭૫૦૦ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ |
| ૨ ગુરૂ જીવાવર્ગ કળા | ૭૪૬૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ | ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ |
| ૩ બન્નેનો સરવાળો | ૧૧૭૦૯૦૦૯૭૫૦૦ | ૩૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૭૩૬૮૦૦૦૦૦૦૦૦ |
| ૪ તે સર્વ કળાને અર્ધ કરતાં | ૫૮૫૪૫૦૪૮૭૫૦ | ૧૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૩૬૮૪૦૦૦૦૦૦૦૦ |
| ૫ વર્ગમૂળ કાઢતાં આવેલી કળા | ૨૪૧૯૬૦ | ૩૮૭૨૯૮ | ૬૦૬૯૫૯ |
| ૬ શેષ રાશિ | ૪૦૭૧૫૦ | ૨૫૯૧૯૬ | ૭૭૨૩૧૯ |
| ૭ છેદ રાશિ | ૪૮૩૯૨૦ | ૭૭૪૫૯૬ | ૧૨૧૩૯૧૮ |
| ૭ અપવર્તનાંક | શૂન્યવડે અપવર્તના | ૪ ભાગ | ૧ ભાગ |
| ૯ અપવર્તન કરવાથી શેષ રહેલી રાશિ | ૪૦૭૧૫ | ૬૪૭૯૯ | ૭૭૨૩૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ અપવર્તન કરે સતે છેદ રાશિ | ૪૮૩૯૨ | ૧૯૩૬૪૯ | ૧૨૧૩૯૧૮ |
| ૧૧ પૃથુત્વ કળા | ૪૪૨૫ | ૨૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૧૨ તેનાથી ગુણેલી લબ્ધ રાશિ | બૃહદ્રાશિ ૧૦૯૪૮૬૯૦૦૦ | મોટી રાશિ ૭૭૪૫૯૬૦૦૦૦ | મોટી રાશિ ૨૪૨૭૮૩૬૦૦૦૦ |
| ૧૩ શેષ રાશિને પૃથુત્વવડે ગુણી અપવર્તન કરે સતે શેષ અંશ | ૧૮૪૨૩૫૩૭૫ | ૧૨૯૫૯૮૦૦૦૦ | ૩૦૮૯૨૭૬૦૦૦૦ |
| ૧૪ અપવર્તિત છેદરાશિવડે ભાગવાથી લાધેલી કળા | ૩૮૦૭ શેષ ૭૦૩૧ | ૬૬૯૨ શેષ ૮૦૯૨ | ૨૫૪૪૮ શેષ ૯૭૪૭૩૬ |
| ૧૫ તેને મોટી રાશિમાં નાખવાથી કુલ કળા | ૧૦૯૪૮૭૨૮૦૭ | ૭૭૪૫૯૬૬૬૯૨ | ૨૪૨૭૮૩૮૫૪૪૮ |
| ૧૬ તેને ૧૯ વડે ભાંગી કળા કરી | ૫૭૬૨૪૮૮૪ કળા ૧૧ પ્રતિકળા | ૪૦૭૬૮૨૪૫૭ કળા ૯ પ્રતિકળા | ૧૨૭૭૮૦૯૭૬૦ કળા ૮ પ્રતિકળા |
| ૧૭ કળાને ૧૯ વડે ભાંગી યોજન કર્યા | ૩૦૩૨૮૮૮ યોજન કળા ૧૨, પ્રતિકળા ૧૧ | ૨૧૪૫૬૯૭૧ યોજન કળા ૮, પ્રતિકળા ૯ | ૬૭૨૫૩૧૪૫ યોજન કળા ૫, પ્રતિકળા ૮ |

## ક્ષેત્રોના પ્રતરના કરણની સ્થાપના:—

| મહાહિમવંત પર્વત (૫) | હરિવર્ષ ક્ષેત્ર (૬) | નિષધ પર્વત (૭) | મહાવિદેહાર્ધ (૮) |
|---|---|---|---|
| ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ | ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ |
| ૧૫૬૨૪૦૦૦૦૦૦૦૦ | ૩૦૨૧૬૦૦૦૦૦૦૦૦ | ૫૧૭૨૦૦૦૦૦૦૦૦૦ | ૬૮૧૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૭૮૧૨૦૦૦૦૦૦૦૦ | ૧૫૧૦૮૦૦૦૦૦૦૦૦ | ૨૫૮૬૦૦૦૦૦૦૦૦૦ | ૩૪૦૫૨૦૦૦૦૦૦૦૦ |
| ૮૮૩૮૫૫ | ૧૨૨૯૧૪૬ | ૧૬૦૮૧૦૪ | ૧૮૪૫૩૧૮ |
| ૩૩૮૯૭૫ | ૧૧૦૬૮૪ | ૧૫૨૫૧૮૪ | ૧૪૭૮૮૭૬ |
| ૧૭૬૭૭૧૦ | ૨૪૫૮૨૯૨ | ૩૨૧૬૨૦૮ | ૩૬૯૦૬૩૬ |
| ૩૫ ભાગ | ૪ ભાગ | ૧૬ ભાગ | ૪ ભાગ |
| ૯૬૮૫ | ૨૭૬૭૧ | ૯૫૩૨૪ | ૩૬૯૭૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૫૦૫૦૬ | ૬૧૪૫૭૩ | ૨૦૧૦૧૩ | ૯૨૨૬૫૯ |
| ૮૦૦૦૦ | ૧૬૦૦૦૦ | ૩૨૦૦૦૦ | ૩૩૦૦૦૦ |
| મોટી રાશિ | મોટી રાશિ | મોટી રાશિ | મોટી રાશિ |
| ૭૦૭૦૮૪૦૦૦૦૦ | ૧૯૬૬૬૩૩૬૦૦૦૦ | ૫૧૪૫૯૩૨૮૦૦૦૦ | ૫૯૦૫૦૧૭૬૦૦૦૦ |
| ૭૭૪૮૦૦૦૦૦ | ૪૪૨૭૩૬૦૦૦૦ | ૩૦૫૦૩૬૮૦૦૦૦ | ૧૧૮૩૧૦૦૮૦૦૦૦ |
| ૧૫૩૪૦ | ૭૨૦૩ | ૧૫૧૭૪૯ | ૧૨૮૨૨૭ |
| શેષ ૩૭૯૬૦ | શેષ ૫૯૦૬૮૧ | શેષ ૧૫૮૨૬૩ | શેષ ૨૮૪૪૦૭ |
| ૭૦૭૦૮૪૧૫૩૪૦ | ૧૯૬૬૬૩૩૬૭૨૦૩ | ૫૧૪૫૯૩૪૩૧૭૪૯ | ૫૯૦૫૦૧૮૮૮૨૨૭ |
| ૩૭૨૧૪૯૫૫૪૪ કળા | ૧૦૩૫૦૭૦૩૫૩૭ | ૨૭૦૮૩૮૬૪૮૨૮ કળા | ૩૧૦૭૯૦૪૬૭૪૮ કળા |
| ૪ પ્રતિકળા | કળા ૦ પ્રતિકળા | ૧૭ પ્રતિકળા | ૧૫ પ્રતિકળા |
| ૧૯૫૮૬૮૧૮૬ યોજન | ૫૪૪૭૭૩૮૭૦ યોજન | ૧૪૨૫૪૬૬૫૬૯ યો. | ૧૬૩૫૭૩૯૩૦૨ યો૦ |
| ૧૦ કળા, ૪ પ્રતિકળા | ૭ કળા, ૦ પ્રતિકળા | ૧૭ કળા, ૧૭ પ્રતિકળા | ૧૦ કળા, ૧૫ પ્રતિકળા |

## વૈતાઢ્ય ભૂતલ અંતર કરણ સ્થાપના:--

દક્ષિણ ભરત તરફની લઘુ જીવાનો વર્ગ કરતાં કળા
—૩૪૩૦૮૦૯૭૫૦૦

ઉત્તર ભરત તરફની ગુરૂ જીવાનો વર્ગ કરતાં કળા
—૪૧૪૯૦૦૯૭૫૦૦

બન્ને જીવાવર્ગનો સરવાળો કરતાં કળા—૭૫૭૯૮૧૯૫૦૦૦

તેનો અર્ધ ભાગ કરતાં કળા —૩૭૮૯૯૦૯૭૫૦૦

વર્ગમૂળ શોધતાં લબ્ધ કળા — ૧૯૪૬૭૬

શેષરાશિ કળા — ૩૫૨૫૨૪

છેદરાશિ કળા — ૩૮૯૩૫૨

લબ્ધ શેષ રાશિને બારે ભાગતાં — ૨૯૩૭૭

છેદરાશિને બારે ભાગતાં — ૩૨૪૪૬

વર્ગમૂળની લબ્ધકળાને ૫૦ વડે ગુણતાં— ૯૭૩૩૮૦૦

બારે ભાગેલી શેષ રાશિની લબ્ધકળાને
૫૦ વડે ગુણતાં— ૧૪૬૮૮૫૦

તેને બારે ભાગેલી છેદરાશિ ૩૨૪૪૬
વડે ભાગતાં—૪૫ લબ્ધકળા—શેષ ૮૭૮૦

તે ૪૫ને લબ્ધ મોટી રાશિની કળા
૯૭૩૩૮૦૦ માં નાંખવાથી—૯૭૩૩૮૪૫

તેને ૧૯ વડે ભાંગી યોજન કરવાથી—૫૧૨૩૦૭ શેષકળા ૧૨

## વૈતાઢ્યની પ્રથમ મેખલાનું પ્રતર.

વર્ગમૂળ શોધતાં લબ્ધકળા – ૧૯૪૬૭૬
તેને ત્રીશવડે ગુણતાં –૫૮૪૦૨૮૦
શેષરાશિ ૨૯૩૭૭ ને ત્રીશ
વડે ગુણતાં – ૮૮૧૩૧૦
તેને ૩૨૪૪૬ વડે ભાગતાં
લબ્ધ – ૨૭
શેષ રહ્યા – ૫૨૬૮
૨૭ ને ૫૮૪૦૨૮૦ મળીને –૫૮૪૦૩૦૭
તેના યોજન કરવા ૧૯ વડે
ભાંગતાં – ૩૦૭૩૮૪
કળા ૧૧

## વૈતાઢ્યની દ્વિતીય મેખલાનું પ્રતર.

વર્ગમૂળ શોધતાં લબ્ધકળા – ૧૯૪૬૭૬
તેને દશવડે ગુણતાં –૧૯૪૬૭૬૦
શેષરાશિ
૨૯૩૭૯ ને દશવડે ગુણતાં – ૨૯૩૭૭૦
તેને ૩૨૪૪૬ વડે ભાગતાં
લબ્ધ – ૯
શેષ રહ્યા – ૧૭૫૬
૧૯૪૬૭૬૦ માં ૯ ભેળવ્યા –૧૯૪૬૭૬૯
તેને ૧૯ વડે ભાંગતાં
યોજન – ૧૦૨૪૬૧
કળા ૧૦

## સર્વ ક્ષેત્રો અને પર્વતોના પ્રતરની સ્થાપનાઃ—

| ક્ષેત્ર તથા પર્વત | યોજન | કળા | પ્રતિકળા |
|---|---|---|---|
| ૧ દક્ષિણભરતાર્ધનું | ૧૮૩૫૪૮૫ | ૧૨ | ૬ |
| ૨ વૈતાઢ્યનું ભૂમિગત | ૫૧૨૩૦૭ | ૧૨ | ૬ |
| ૩ ઉત્તર ભરતાર્ધનું | ૩૦૩૨૮૮૮ | ૧૨ | ૧૧ |
| ૪ હિમવંત પર્વતનું | ૨૧૪૫૬૯૭૧ | ૮ | ૯ |
| ૫ હેમવંત ક્ષેત્રનું | ૬૭૨૫૩૧૪૫ | ૫ | ૮ |
| ૬ મહાહિમવંત પર્વતનું | ૧૯૫૮૬૮૧૮૬ | ૧૦ | ૫ |
| ૭ હરિવર્ષ ક્ષેત્રનું | ૫૪૪૭૭૩૮૭૦ | ૭ | ૦ |
| ૮ નિષધ પર્વતનું | ૧૪૨૫૪૬૬૫૬૯ | ૧૭ | ૧૭ |
| ૯ મહાવિદેહાર્ધનું | ૧૬૩૫૭૩૯૩૦૨ | ૧૦ | ૧૫ |
| સર્વનો સરવાળો કરતાં | ૩૮૯૫૯૩૮૭૨૩ | ૯૩ | ૭૭ |
| આ પ્રમાણે બંને બાજુ હોવાથી તેને બેવડે ગુણતાં | ૭૭૯૧૮૭૭૪૪૬ | ૧૮૬ | ૧૫૪ |

ઉપર જણાવેલા યોજનમાં કળા ને વિકળાના યોજન કરતાં દશ યોજન લગભગ વધે છે. તેથી ૪૬ ના ૫૬ થાય છે.

**એયં ચ પયરગણિઅં, સંવવહારેણ દંસિઅં તેણ;**
**કિંચૂણં હોઇ ફલં, અહિઅં પિ હવે સુહમગણણા. ૧૯૩**

| | |
|---|---|
| **પયર ગણિઅં**-પ્રતર ગણિત | **ફલં**-ફળ, જવાબ |
| **સંવવહારેણ**-વ્યવહારથી | **અહિઅંપિ**-અધિક પણ |
| **દંસિઅં**-દર્શાવ્યું છે | **હવે**-થાય |
| **કિંચૂણં**-કાંઇક ઓછું | **સુહુમ ગણણા**-સૂક્ષ્મ ગણત-રીથી |

**અર્થ**—આ પ્રતર ગણિત વ્યવહાર વડે દેખાડેલું છે. તેથી તેનું ફળ કાંઈક ઓછું થાય છે. પરંતુ સૂક્ષ્મ ગણતરી કરવાથી કાંઇક અધિક પણ આવે છે. ૧૯૩.

**વિવેચન**—વળી આ પ્રતરનું ગણિત એટલે દક્ષિણ ભરતાર્ધ વિગેરે ક્ષેત્રો અને પર્વતોનું ગણિતપદ સ્થૂલ ગણિતના વ્યવહાર વડે કરીને દેખાડયું છે. તેથી કરીને તેનું ફળ (સરવાળો) કાંઈક ઓછું થાય છે. એટલે કે સર્વ પ્રતરોને એકઠા કરી-સરવાળો કરીને એ પ્રમાણે બીજી બાજુ પણ તેટલું હોવાથી તેને બમણા કરીએ ત્યારે સાત સો-ઓગણાએંશી કરોડ, અઢાર લાખ, સીત્તોતેર હજાર, ચાર સો ને છપ્પન ૭૭૯૧૮૭૭૪૫૬ યોજન થાય છે, તે પ્રથમ ૧૮૬મી ગાથામાં સાત સો ને નેવું કરોડ વિગેરે કહેલા ગણિતપદના અંકથી અગ્યાર કરોડ, આડત્રીસ લાખ, સોળ હજાર, છસો ને પંચાણું યોજન, બે કોશ, ૪૮૪ ધનુષ અને છત્રીશ અંગુલ આટલું ઓછું થાય છે. તથા વળી સૂક્ષ્મ રીતે ગણવાથી એટલે શેષ રહેલા અંશ અને પ્રત્યંશ (કળા પ્રતિકળા) ગણવાથી કાંઈક અધિક પણ થાય છે; તો પણ

સંપૂર્ણ રીતે તો તે અંક મળતો આવતો નથી, તેથી આ ફેરફાર કરણનો હોવો જોઈએ એમ સંભવે છે. ખરી વાત તો તત્ત્વવેત્તા જાણે. ૧૯૩

હવે છેલ્લું ઘનગણિત કહે છે:--

**પયરો સોસ્સેહગુણો, હોઇ ઘણો પરિરયાઇ સવ્વં વા;**
**કરણગણણાલસેહિં, જંતગલિહિઆઉ દટ્ઠવ્વં. ૧૯૪**

**સોસ્સેહ ગુણો**-ઉંચાઇ સાથે ગુણતાં
**ઘણો**-ઘન
**પરિરયાઇ**-પરિધિ વગેરે
**કરણગણણ**-ગણિત ગણવામાં
**આલસેહિં**-આળસુઓએ
**જંતગ લિહિઆઉ**-યંત્રમાં લખેલામાંથી
દટ્ઠવ્વં-જોવું, જાણવું

અર્થ—જે પ્રતર આવે તેને પોતાની ઉંચાઇ સાથે ગુણવાથી ઘનગણિત આવે છે. અથવા તો પરિધિ વગેરે સર્વ કરણોની ગણતરી યંત્રમાં લખેલી છે તેમાંથી ગણતરી કરવામાં પ્રમાદી મનુષ્યોએ જોઈ લેવી. ૧૯૪.

**વિવેચન**—પ્રતર લંબાઇ પહોળાઇના ગુણાકાર રૂપ છે. અને ઘન ગણિત લંબાઈ, પહોળાઇ અને ઉંચાઈના ગુણાકાર રૂપ છે. માટે જે પ્રતર આવે તેને ઉંચાઇ સાથે ગુણવાથી તે પર્વતાદિનું ઘન ગણિત આવે છે.

તે વૈતાઢ્ય વિગેરે પર્વતોનું ઘન ગણિત નીચે યંત્રમાં દેખાડેલું છે, અથવા પરિધિ વગેરે સર્વ કરણની ગણના કરવામાં આળસુ મનોષ્યોએ યંત્રમાં કરણોનાં ગણિત લખેલાં છે તેમાંથી જોઈ લેવાં-જાણવાં. ૧૯૪.

## વૈતાઢ્ય વિગેરેના ઘન ગણિતની સ્થાપના:-

| પર્વતનું નામ | પ્રતર | | | ઉચ્ચત્વ યોજન | ઉચ્ચત્વ સાથે ગુણવાથી થયેલ ઘન | | |
|---|---|---|---|---|---|---|---|
| | યોજન | કળા | પ્રતિ-કળા | | યોજન | કળા | પ્રતિ-કળા |
| ૧ વૈતાઢ્ય ભૂમિ | ૫૧૨૩૦૭ | ૧૨ | ૦ | ૧૦ | ૫૧૨૩૦૭૬ | ૬ | ૦ |
| ૨ વૈતાઢ્યની પ્રથમ મેખલા | ૩૦૭૩૮૪ | ૧૧ | ૦ | ૧૦ | ૩૦૭૩૮૪૫ | ૧૫ | ૦ |
| ૩ વૈતાઢ્યની બીજી મેખલા | ૧૦૨૪૬૧ | ૧૦ | ૦ | ૫ | ૫૧૨૩૦૭ | ૧૨ | ૦ |
| ૪ સમગ્ર વૈતાઢ્ય | ૯૨૨૧૫૩ | ૧૪ | ૦ | કુલ ૨૫ | ૮૭૦૯૨૨૯ | ૧૪ | ૦ |
| ૫ હિમવાન પર્વત | ૨૧૪૫૬૯૭૧ | ૮ | ૧૦ | ૧૦૦ | ૨૧૪૫૬૯૭૧૪૪ | ૧૬ | ૧૨ |
| ૬ મહાહિમવાન પર્વત | ૧૯૫૮૬૮૧૮૬ | ૧૦ | ૫ | ૨૦૦ | ૩૯૧૭૩૬૩૭૩૦૮ | ૦ | ૧૨ |
| ૭ નિષધ પર્વત | ૧૪૨૫૪૬૬૫૬૯ | ૧૮ | ૦ | ૪૦૦ | ૫૭૦૧૮૬૬૨૭૯૭૯ | ૦ | ૦ |

## સર્વ ક્ષેત્ર અને પર્વતોના ઇષુથી

| સિદ્ધાંકો (૧) | ઇષુ (૨) | જીવા (૩) | ધનુઃપૃષ્ઠ (૪) |
|---|---|---|---|
| ૧ દક્ષિણ ભરતમાં | ૨૩૮- ૩ | ૯૭૪૮-૧૨ | ૯૭૬૬- ૧ |
| ૯ વતાઢ્યમાં | ૨૮૮- ૩ | ૧૦૭૨૦-૧૧ | ૧૦૭૪૩-૧૫ |
| ૩ ઉત્તર ભરતમાં | ૫૨૬- ૬ | ૧૪૪૭૧- ૫ | ૧૪૫૨૮-૧૧ |
| ૪ હિમવાન પર્વતમાં | ૧૫૭૮-૧૮ | ૨૪૯૩૨ -½ | ૨૫૨૩૦- ૪ |
| ૫ હૈમવત ક્ષેત્રમાં | ૩૬૮૪- ૫ | ૩૭૬૭૪-૧૫ | ૩૮૭૪૦-૧૦ |
| ૬ મહાહિમવાન પર્વતમાં | ૭૮૯૪-૧૪ | ૫૩૯૫૧-૬½ | ૫૭૨૯૩-૧૦ |
| ૭ હરિવર્ષક્ષેત્રમાં | ૧૬૩૧૫-૧૫ | ૭૩૯૦૧-૧૭½ | ૮૪૦૧૬- ૪ |
| ૮ નિષધ પર્વતમાં | ૩૩૧૫૭-૧૭ | ૯૪૧૫૬- ૨ | ૧૨૪૩૪૬- ૯ |
| ૯ વિદેહાર્ધમાં | ૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૫૮૧૧૩-૧૬½ |

## જીવાદિકની સંગ્રહ ગાથાઓ.

અહીં જીવાદિકના સંગ્રહની ગાથાઓ આ પ્રમાણે છે. પ્રથમ જીવા કહે છેઃ—

**જોઅણુસહસ્સણુવગં, સત્તેવ સયા હવંતિ અડયાલા;**
**બારસ કલા ય સકલા, દાહિણભરહદ્ધજીવાઓ. ૧**

અર્થ—નવ હજાર, સાત સો અડતાળીશ યોજન અને ઉપર સંપૂર્ણ બાર કળા આટલી દક્ષિણ ભરતાર્ધની જીવા છે. ૧

**દસ ચેવ સહસ્સાઈં, જીવા સત્ત ય સયાઈં વીસાઈં;**
**બારસ ય કલા ઊણા, વેઅઢ્ઢગિરિસ્સ વિણ્ણેઆ. ૨**

અર્થ—દશ હજાર સાત સો ને વીશ યોજન ઉપર કાંઈક ઓછી બાર કળા આટલી વૈતાઢ્ય પર્વતની જીવા જાણવી ૨

**ચઉદસ ય સહસ્સાઈં, સયાઈં ચત્તારિ એગસયરાઈં;**
**ભરહદ્ધુત્તરજીવા, છચ્ચ કલા ઊણિઆ કિંચિ. ૩**

અર્થ—ચૌદ હજાર, ચારસો ને ઈકોતેર યોજન તથા કાંઈક ઓછી છ કળા, આટલી ઉત્તર ભરતાર્ધની જીવા છે. ૩

**ચઉવીસ સહસ્સાઈં, ણુવ ય સએ જોઅણાંણ બત્તીસે;**
**ચુલ્લહિમવંતજીવા, આયામેણું કલદ્ધં ચ. ૪**

અર્થ—ચોવીશ હજાર, નવ સો ને બત્રીશ યોજન તથા ઉપર અર્ધ કળા આટલી ક્ષુલ્લહિમવંત પર્વતની જીવા લાંબી છે. ૪

**સત્તત્તીસ સહસ્સા, છચ્ચ સયા જોઅણાણુ ચઉસયરા;**
**હેમવયવાસજીવા, કિંચૂણા સોલસ કલા ય. ૫**

અર્થ—સાડત્રીશ હજાર, છ સો ને ચુમોતેર યોજન અને ઉપર કાંઇક ઓછી સોળ કળા આટલી હૈમવત ક્ષેત્રની જીવા છે. ૫

**તેવણ્ણ સહસ્સાઈં, ણુવ ય સયા જોઅણાણુ ઇગતીસા;**
**જીવા ય મહાહિમવે, અદ્ધ કલા છક્કલાઓ અ. ૬**

અર્થ....તેપન હજાર, નવ સો ને એકત્રીસ યોજન તથા ઉપર અર્ધ કળા ને છ કળા એટલે સાડી છ કળા, આટલી મહાહિમવાન પર્વતની જીવા છે. ૬

**એગુત્તરા ણુવ સયા, તેવત્તરિમેવ જોઅણુસહસ્સા;**
**જીવા સત્તરસ કલા, અદ્ધકલા ચેવ હરિવાસે. ૭**

અર્થ—તોંતેર હજાર, નવ સો ને એક યોજન તથા સત્તર કળા ને અર્ધ કળા એટલે સાડી સત્તર કળા, આટલી હરિવર્ષ ક્ષેત્રની જીવા છે. ૭

**ચઉણુવઇ સહસ્સાઈં, છપ્પણ્ણહિયં સયં કલા દો ય;**
**જીવા ણિસહસ્સેસા, લકખં જીવા વિદેહદ્ધે. ૮**

અર્થ—ચોરાણું હજાર એક સો ને છપ્પન યોજન અને ઉપર બે કળા એટલી નિષધ પર્વતની જીવા છે, તથા મહાવિદેહાર્ધની જીવા લાખ યોજનની છે. ૮

હવે ધનુઃપૃષ્ઠ અને બાહાની સંગ્રહ ગાથાઓ કહે છેઃ-

ણવ ચેવ સહસ્સાઈં, છાવટ્ઠાઈં સયાઈં સત્તેવ;
સવિસેસ કલા ચેગા, દાહિણભરહદ્ધ ધણુપીઠં. ૧

અર્થ—નવ હજાર, સાત સો ને છાસઠ ધનુષ તથા એક કળાથી કાંઈક અધિક એટલું દક્ષિણ ભરતાર્ધનું ધનુઃપૃષ્ઠ છે. ૧

દસ ચેવ સહસ્સાઈં, સત્તેઅ સયા હવંતિ તેઆલા;
ધણુપિટ્ઠં વેઅડ્ઢે, કલા ય પણ્ણરસ હવંતિ. ૨

અર્થ—દશ હજાર સાત સો ને તેંતાલીસ યોજન તથા ઉપર પંદર કળા એટલું વૈતાઢ્ય પર્વતનું ધનુઃ-પૃષ્ઠ છે. ૨

સોલસ ચેવ કલાઓ, અહિઆઓ હુંતિ અદ્ધભાગેણં;
બાહા વેઅડ્ઢસ્સ ઉ, અટ્ઠાસીઆ સયા ચઉરો. ૩

અર્થ—ચાર સો ને અઠ્ઠ્યાશી યોજન ઉપર અર્ધ ભાગે અધિક એવી સોળ કળા એટલે સાડી સોળ કળા એટલી વૈતાઢ્ય પર્વતની બાહા છે. ૩

ચઉદસ ય સહસ્સાઈં, પંચેવ સયાઈં અડવીસા;
એક્કારસ ય કલાઓ, ધણુપિટ્ઠં ઉત્તરદ્ધસ્સ. ૪

અર્થ—ચૌદ હજાર, પાંચસો ને અઠ્યાવીશ યોજન તથા ઉપર અગ્યાર કળા એટલું ઉત્તર ભરતાર્ધનું ધનુઃ-પૃષ્ઠ છે. ૪

**ભરહદ્ધુત્તરબાહા, અટ્ઠારસ હુંતિ જોઅણસયાઇં;**
**બાણુઊઅ જોઅણાણિ અ, અદ્ધકલા સત્ત ય કલાઓ. ૫**

અર્થ—અઢાર સો ને બાણુ યોજન તથા અર્ધકળા અને સાત કળા એટલે સાડીસાત કળા, એટલી ઉત્તર ભરતાર્ધની બાહા છે. ૫

**ધણુ હિમવે કલચઉરો, પણવીસ સહસ્સ દુસય તીસહિઆ;**
**બાહા સોલદ્ધ કલા, તેવણ્ણ સયા ય પણ્ણહિઆ. ૬**

અર્થ—પચીસ હજાર, બસો ને ત્રીશ યોજન ઉપર ચાર કળા એટલું ક્ષુલ્લ હિમવાન પર્વતનું ધનુઃપૃષ્ઠ છે, તથા ત્રેપન સો ને પચાસ યોજન ઉપર સોળમી કળા અર્ધ એટલે સાડીપંદર કળા, એટલી ક્ષુલ્લહિમવાનની બાહા છે. ૬

**અડતીસ સહસ સગ સય, ચત્તા ધણુ દસ કલા ય હેમવએ;**
**બાહા સત્તટ્ઠિ સએ, પણપણ્ણે તિણ્ણિ અ કલાઓ. ૭**

અર્થ—આડત્રીસ હજાર, સાત સો ને ચાલીશ યોજન ઉપર દશ કળા એટલું હૈમવંત ક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ છે, તથા તેની બાહા સડસઠ સો ને પંચાવન યોજન ઉપર ત્રણ કળા જેટલી છે. ૭

**ધણુ મહહિમવે દસ કલ, દો સય તેણઉઅ સહસ સગવણ્ણા;**
**બાહા બાણઉઅસએ, છહત્તરે ણવ કલદ્ધં ચ. ૮**

અર્થ—સત્તાવન હજાર, બસો ને ત્રાણુ યોજન ઉપર દશ કળા, એટલું મહાહિમવાન પર્વતનું ધનુઃપૃષ્ઠ છે અને તેની બાહા બાણુ સો ને છોંતેર યોજન ઉપર નવ અને અર્ધ એટલે સાડી નવ કળા જેટલી છે. ૮

**ચુલસી સહસા સોલસ, ધણુ હરિવાસે કલાચઉક્કં ચ;**
**બાહા તેર સહસ્સા, તિણ્ણિગસટ્ઠા છ કલ સઙ્ઢા. ૯**

અર્થ—ચોરાશી હજાર ને સોળ યોજન ઉપર ચાર કળા એટલું હરિવર્ષ ક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ છે અને તેની બાહા તેર હજાર, ત્રણ સો ને એકસઠ યોજન ઉપર સાર્ધ છ એટલે સાડીછ કળા જેટલી છે. ૯

**ણિસહ ધણુ ણવ કલા લકખ, સહસ ચઉવીસ તિસય છાયાલા;**
**બાહા પણ્ણટ્ઠ સયં, સહસ્સ વીસં દુકલ અદ્ધં. ૧૦**

અર્થ—એક લાખ, ચોવીશ હજાર, ત્રણ સો ને છેંતાળીશ યોજન ઉપર નવ કળા, એટલું નિષધ પર્વતનું ધનુઃપૃષ્ઠ છે, અને તેની બાહા વીશ હજાર, એક સો ને પાંસઠ યોજન ઉપર બે કળા ને અર્ધી કળા એટલે અઢી કળા જેટલી છે. ૧૦

**સોલસ સહસ અડ સય, તેસીઆ અટ્ઠ તેરસ કલા ય;**
**બાહા વિદેહ મજ્ઝે, ધણુપિટ્ઠં પરિરયસ્સદ્ધં. ૧૧**

અર્થ—સોળ હજાર, આઠ સો ને ત્ર્યાશી યોજન ઉપર સાડી તેર કળા, એટલી વિદેહાર્ધની બાહા છે, અને

તેનું ધનુઃપૃષ્ઠ જંબૂદ્વીપની પરિધિથી અર્ધ જાણવું એટલે એક લાખ, અઠ્ઠાવન હજાર, એક સો ને તેર યોજન ઉપર સાડી સોળ કળા જેટલું છે. ૧૧

હવે પ્રતર કહે છે—

**લક્ખટ્ઠારસ પણુતીસ, સહસ્સ ચઉ સયા ય પણસીયા;**
**બારસ કલા છ વિકલા, દાહિણભરહદ્ધપયરં તુ. ૧**

અર્થ—દક્ષિણ ભરતાર્ધનું પ્રતર અઢાર લાખ, પાંત્રીસ હજાર, ચાર સો ને પંચાસી યોજન ઉપર બાર કળા અને છ વિકળા જેટલું છે. ૧

**સત્તહિયા તિણ્ણિ સયા, બારસ ય સહસ્સ પંચ લક્ખા ય;**
**બારસ ય કલા પયરં, વેઅડ્ઢ ગિરિસ્સ ધરણિતલે. ૨**

અર્થ—વૈતાઢ્ય પર્વતના પૃથ્વીતળ ઉપરનું પ્રતર પાંચ લાખ, બાર હજાર, ત્રણ સો ને સાત યોજન અને ઉપર બાર કળા જેટલું છે. ૨

**જોઅણ તીસં વાસે, પઢમાએ મેહલાએ પયરમિમં;**
**લક્ખતિગ તિસયરિ સયા ચુલસી ઇક્કારસ કલાઓ. ૩**

અર્થ—વૈતાઢ્યની પહેલી મેખલા જે ત્રીસ યોજન છે ત્યાં પ્રતર આ પ્રમાણે છેઃ—ત્રણ લાખ, તોંતેર સો ને ચોરાશી યોજન ( ૩૦૭૩૮૪ ) ઉપર અગ્યાર કળા છે. ૩

**દસ જોઅણુ વિકખંભે, બીઆએ મેહલાઇ પયરમિમં;**
**લકખો ચઉવીસ સયા, ઇગસટ્ઠા દસ કલાઓ અ. ૪**

અર્થ—વૈતાઢ્યની બીજી મેખળા દશ યોજનના વિસ્તારની છે. તેનું પ્રતર આ પ્રમાણે છે—એક લાખ, ચોવીસ સો ને એકસઠ ( ૧૦૨૪૬૧ ) યોજન ઉપર દશ કળા. ૪

**અટ્ઠ સયા અડસીઆ, સહસા બત્તીસ તીસ લકખા ય;**
**કલ બાર વિકલિગારસ, ઉત્તરભરહદ્ધપયરમિમં. ૫**

અર્થ—ત્રીશ લાખ, બત્રીશ હજાર, આઠ સો ને અઠયાશી યોજન, ઉપર બાર કળા અને અગ્યાર વિકળા, આટલું ઉત્તર ભરતાર્ધનું પ્રતર છે. ૫

**દો કોડિ ચઉદ લકખા, સહસા છપ્પન્ન ણવસય ઇગસયરા;**
**અટ્ઠ કલા દસ વિકલા, પયરમિમં ચુલ્લહિમવંતે. ૬**

અર્થ—બે કરોડ, ચૌદ લાખ, છપ્પન હજાર, નવ સો ને ઇકોતેર યોજન, ઉપર આઠ કળા અને દશ વિકળા એટલું ક્ષુલ્લ હિમવંત પર્વતનું પ્રતર છે. ૬

**હેમવએ છક્કોડી, બાવત્તરિ લકખ સહસ તેવણ્ણા;**
**પણયાલ સયં પયરો, પંચ કલા અટ્ઠ વિકલા ય. ૭**

અર્થ—હૈમવત ક્ષેત્રનું પ્રતર છ કરોડ, બોંતેર લાખ, ત્રેપન હજાર, એક સો ને પીસ્તાળીશ યોજન, ઉપર પાંચ કળા અને આઠ વિકળા છે. ૭

**ગુણુવીસ કોડિ અડવણ્ણ-લકખ અડસટ્ઠિ સહસ સયમેગં;**
**છલ(છા) સીઅં દસ ય કલા, પણ વિકલા પયર**
**મહહિમવે. ૮**

અર્થ—ઓગણીશ કરોડ, અઠ્ઠાવન લાખ, અડસઠ હજાર, એક સો ને છાશી યોજન, ઉપર દશ કળા અને પાંચ વિકળા એટલું મહા હિમવાન પર્વતનું પ્રતર છે. ૮

**ચઉપણ્ણં કોડીઓ, લકખા સીઆલ તિસયરિ સહસ્સા;**
**અટ્ઠ સયં સયરિ સત્ત ય, કલાઓ પયરં તુ હરિવાસે. ૯**

અર્થ—ચોપન કરોડ, સુડતાલીશ લાખ, તોંતેર હજાર, આઠ સો ને સીતેર યોજન, ઉપર સાત કળા એટલું હરિવર્ષ ક્ષેત્રનું પ્રતર છે. ૯

**બાયાલં કોડિસયં લકખા ચઉપણ્ણ સહસ છાસટ્ઠી;**
**પણ સય ગુણહત્તરિ કલ, અઢાર ણિસહસ્સ**
**પયરમિમં. ૧૦**

અર્થ—એક સો ને બેંતાલીશ કરોડ, ચોપન લાખ, છાસઠ હજાર, પાંચ સો ને ઓગણોતેર યોજન અને ઉપર અઢાર કળા એટલું નિષધ પર્વતનું પ્રતર છે. ૧૦

**તેસટ્ઠિં કોડિસયં, લકખા સગવણ્ણ સહસ ગુણયાલા;**
**તિસય દુડુત્તર દસ કલ પણરસ વિકલા વિદેહદ્ધે. ૧૧**

અર્થ—એક સો ત્રેસઠ કરોડ, સત્તાવન લાખ, ઓગણચાલીશ હજાર, ત્રણ સો ને બે યોજન તથા ઉપર દશ કળા અને પંદર વિકળા એટલું વિદેહાર્ધનું પ્રતર છે. ૧૧

હવે ઘનગણિતનો સંગ્રહ કહે છે—

**દસજોઅણુસ્સએ પુણ, તેવીસ સહસ્સ લકખ ઇગવણ્ણા;**
**જોઅણ છાવત્તરિ છ, કલા ય વેઅડ્ઢઘણગણિઅં. ૧**

અર્થ—વૈતાઢય પર્વતનું ઘનગણિત પ્રથમ દશ યોજન ઉંચે જઇએ ત્યાં સુધી એકાવન લાખ, ત્રેવીશ હજાર અને છોંતેર યોજન તથા ઉપર છ કળા જેટલું છે. ૧

**અટ્ઠ સયા પણયાલા, તીસ લકખા તિહુત્તરિ સહસ્સા;**
**પણરસ કલા ય ઘણો, દસુસ્સએ હોઇ બિઅમ્મિ. ૨**

અર્થ—વૈતાઢયની બીજી દશ યોજનની ઉંચાઇનું ઘનગણિત ત્રીસ લાખ, છોંતેર હજાર, આઠ સો ને પીસ્તાળીશ યોજન તથા ઉપર પંદર કળા જેટલું છે. ૨

**સત્તહિઆ તિણ્ણિ સયા, બારસ ય સહસ્સ પંચ- લકખા ય;**
**અવરા ય બારસ કલા, પણુસ્સએ હોઇ ઘનગણિઅં. ૩**

અર્થ—વૈતાઢયની ત્રીજી પાંચ યોજનની ઉંચાઇનું ઘનગણિત પાંચ લાખ, બાર હજાર, ત્રણ સો ને સાત યોજન તથા ઉપર બાર કળા જેટલું છે. ૩

**સત્તાસીઇ લકખા, ઉણતીસહિયા ય બિનવઇ સયાઇં;**
**ઊણાવીસઇ ભાગા, ચઉદસ વેઅડ્ઢસયલઘણં. ૪**

અર્થ—સત્યાશી લાખ, ઓગણત્રીશ અધિક બાણું સો ( ૮૭૦૯૨૨૯ ) યોજન તથા ઉપર ઓગણીશીયા ચોદ ભાગ ( ૧૪ કળા ) એટલું સકળ વૈતાઢયનું ઘનગણિત છે. ૪

**હિમવંતિદુસય ચઉદ્દસ કોડી; છપ્પણ્ણ લકખ સગણઉઈ;**
**સહસા ચઉઆલસયં, સોલ કલા બાર વિકલ ઘણું. ૫**

અર્થ—હિમવાન પર્વતનું ઘનગણિત બસો ચૌદ કરોડ, છપ્પન લાખ, સતાણું હજાર, એક સો ને ચુમાળીશ યોજન, સોળ કળા અને બાર વિકળા છે. ૫

**ગુણચાલ સયા સતરસ, કોડી છત્તીસ લકખ સગતીસા;**
**સહસતિસય અટ્ઠુત્તર, બાર વિકલ ઘણં મહાહિમવે. ૬**

અર્થ—મહા હિમવંત પર્વતનું ઘનગણિત ઓગણચાળીશ સો ને સતર કરોડ, છત્રીશ લાખ, આડત્રીશ હજાર, ત્રણ સો ને આઠ યોજન ઉપર બાર વિકળા જેટલું છે. ૬

**સગવણ્ણ સહસ અટ્ઠાર, કોડી છાસટ્ઠિ લકખ સગવીસં;**
**સહસા ણવ સય એગૂણહીઈ, ણિસહસ્સ ઘણગણિઅં. ૭**

અર્થ—સત્તાવન હજાર ને અઢાર કરોડ, છાસઠ લાખ, સત્તાવીશ હજાર, નવ સો ને ઓગણ્યાએંશી યોજન, એટલું નિષધ પર્વતનું ઘનગણિત થાય છે. ૭

**ઈતિ લઘુક્ષેત્ર સમાસ વિવરણે જંબૂદ્વીપાધિકારઃ પ્રથમઃ ॥**

---

# દ્વિતીયઃ લવણસમુદ્ર અધિકારઃ

હવે લવણ સમુદ્રનું સંસ્થાન તથા જલવૃદ્ધિ જણાવે છેઃ-

**ગોતિત્થં લવણોભય, જોઅણ પણનવઇસહસ જા તત્થ;**
**સમભૂતલ્લાઓ સગસય-જલવુડ્ઢી સહસમોગાહો. ૧૯૫**

| | |
|---|---|
| ગોતિત્થં-ગોતીર્થ, જમીનનો ઉતાર | સમભૂતલાઓ-સમભૂતલા પૃથ્વીથી |
| | સગસય-સાત સો |
| લવણોભય-લવણ સમુદ્રની બંને બાજુ | જલવુડ્ઢી-પાણીની વૃદ્ધિ |
| | ઓગાહો-ઉંડાઇ |

**અર્થઃ**—લવણ સમુદ્રમાં બંને બાજુથી પંચાણુ હજાર યોજન જઇએ ત્યાં સુધી ગોતીર્થ જેવો આકાર છે. ત્યાં સમભૂતલા પૃથ્વી કરતાં સાતસો યોજન જલવૃદ્ધિ થાય છે. અને ઉંડાઈ એક હજાર યોજનની છે. ૧-૧૯૫

**વિવેચન**—લવણ સમુદ્ર બે લાખ યોજન વલયાકારે પહોળો છે. તે લવણ સમુદ્રની બે બાજુથી એટલે કે અંદરની જંબૂદ્વીપની જગતીથી અને સામી બાજુએ બહારની ધાતકીખંડને લગતી આવેલી લવણસમુદ્રની જગતિથી એ બે બાજુથી લવણસમુદ્રની મધ્યમાં શિખા તરફ જતાં પંચાણું હજાર યોજન સુધી ગોતીર્થના જેવો આકાર છે. જેમ ગાય તળાવમાં પાણી પીવા પ્રવેશ કરે ત્યારે આગળનો મુખ તરફનો ભાગ નીચો હોય અને પાછળનો પુંછડા તરફનો ભાગ ઉંચો હોય તેમ સમુદ્રમાં જેમ જેમ અંદર જઇએ તેમ તેમ નીચી નીચી ભૂમિ આવે તે ગોતીર્થ કહેવાય છે. એ પ્રમાણે ૯૫ હજાર યોજન સુધી જમીન

ઢળતી છે. તે ઠેકાણે એટલે પંચાણુ હજાર યોજન જઈએ તે ઠેકાણે સમભૂતળાથકી નીચી નીચી ભૂમિ હોવાને લીધે એક હજાર યોજન અવગાહ–ઉંડાણ છે. એમ બંને બાજુથી ૯૫–૯૫ હજાર યોજન સુધી નીચી જમીન છે. બંને મળીને ૧૯૦ હજાર થયા. બાકીના વચલા દશ હજારમાં એક સરખી એક હજાર જોજનની ઉંડાઈ છે તથા સમભૂતળાની અપેક્ષાએ સમુદ્ર મધ્યે જતાં થોડી થોડી જળની વૃદ્ધિ થાય છે. તેથી બન્ને બાજુએ ૯૫ હજાર જોજન જઈએ ત્યાં સાત સો યોજન જળની વૃદ્ધિ થાય છે. એટલે કે જગતીથી પંચાણુ હજાર જઈએ તે ઠેકાણે સમભૂતળાની અપેક્ષાએ એક હજાર યોજન ઉંડાણ છે અને સાતસો યોજન ઉંચી જળની વૃદ્ધિ છે તેથી લવણસમુદ્રની વચમાં આવેલ શિખાની બન્ને બાજુ સતરસો યોજન પ્રમાણ જળનો અવગાહ (ઉંડાઇ) છે. ૧–૧૯૫

લવણસમુદ્રના જળની વૃદ્ધિ જાણવા માટે કરણ (રીત) કહે છે:—

**તેરાસિએણ મજ્ઝિલ્લ–રાસિણા સંગુણિજ્જ અંતિમગં;**
**તં પઢમરાસિભઇઅં, ઉવ્વેહં મુણસુ લવણજલે. ૧૯૬**

| | |
|---|---|
| તેરાસિએણ–ત્રિરાશિ વડે | પઢમરાસિભઇયં–પહેલી રાશિ વડે ભાગતાં |
| મજ્ઝિલ્લ રાસિણા–મધ્ય રાશિ વડે | ઉવ્વેહં–ઉંડાઇ |
| સંગુણિજ્જ–ગુણવા | મુણસુ–જાણો |
| અંતિમગં–છેલ્લી રાશિને | |

**અર્થ**—ત્રિરાશી કરવી એટલે મધ્યમ રાશિ વડે છેલ્લી

રાશિને ગુણવી. જે આવે તેને પ્રથમ રાશિ વડે ભાગવાથી લવણ સમુદ્રનાં ઉદ્વેધ એટલે પાણીની ઉંડાઇ જાણવી. ૨-૧૯૬

**વિવેચન**:—લવણ સમુદ્રમાં જે સ્થળે જળની ઉંડાઇ અથવા ઉંચાઈ જાણવી હોય તે સંખ્યા લઈને ત્રિરાશી કરવી. એટલે વચલી રાશિને અંતિમ રાશિ સાથે ગુણવા. પછી જે આવે તેને પ્રથમ રાશિ વડે ભાગવા. જેટલો ભાગાકાર આવે તેટલી ઉંડાઇ અથવા ઉંચાઇ જાણવી.

જેમકે લવણ સમુદ્રમાં દશ હજાર યોજન જઈએ ત્યાં જો ઉંડાઇ જાણવો હોય તો પ્રથમ ત્રણ રાશિ આ પ્રમાણે સ્થાપવી. ૯૫૦૦૦-૧૦૦૦-૧૦૦૦૦ પછી બીજી રાશિ હજાર અને ત્રીજી રાશિ દશ હજારનો ગુણાકાર કરવો એટલે(૧૦૦૦૦ ×૧૦૦૦=૧૦૦૦૦૦૦૦ ) એક ક્રોડ આવે તેને પ્રથમની રાશિ ૯૫૦૦૦ વડે ભાગવા. ૧૦૫ $\frac{૫}{૧૯}$ યોજન જળની ઉંડાઇ જાણવી.

હવે તે ઠેકાણે જળની ઉંચાઇ લાવવા માટે આ પ્રમાણે ત્રણ રાશિ સ્થાપવી:—૯૫૦૦૦-૭૦૦-૧૦૦૦૦=૧૦૦૦૦ ને સાતસોએ ગુણવાથી ૭૦ લાખ આવે તેને ૯૫૦૦૦ વડે ભાગતાં $\frac{૧૪૦૦}{૧૯}$=૭૩ $\frac{૧૩}{૧૯}$ યોજન એટલી લવણ સમુદ્રમાં દશ હજાર યોજન જઈએ ત્યારે જલવૃદ્ધિ જાણવી. ૨-૧૯૬

લવણ સમુદ્રની મધ્યમાં વલયાકારે આવેલી શિખાનું પ્રમાણ કહે છે:—

**હિટ્ઠુવરિ સહસહસગં, પિહુલા મૂલાઉ સતરસહસ્સુચ્ચા;**
**લવણિસિહા સા તદુવરિ, ગાઉદુગં વડ્ઢઇ દુવેલં. ૩-૧૯૭**

| | |
|---|---|
| હિટ્ઠુવરિ-હેઠે અને ઉપર | સિહા-શિખા |
| પિહુલા-પહોળી | વડ્ઢઇ-વધે છે |
| મૂલાઉ-મૂળમાંથી | દુવેલં-બે વાર |
| ઉચ્ચા-ઉંચી | |

**અર્થ**:—લવણસમુદ્રની મધ્યે નીચે અને ઉપર દશ હજાર યોજન પૃથુ-પહોળી અને મૂળથી સતર હજાર યોજન ઉંચી શિખા છે. તે શિખા તે સતર હજાર યોજનની ઉપર બે ગાઉ સુધી ( એક અહોરાત્રમાં ) બે વાર વૃદ્ધિ પામે છે એટલે તે શિખા ઉપર બે ગાઉની વેલ હમેશાં બે વાર વધે છે. ૩-૧૯૭

**વિવેચન**:—લવણ સમુદ્રમાં તેની બંને તરફની જગતીથી પંચાણુ હજાર યોજન જઈએ ત્યારે તેના વચલા દશ હજાર યોજનમાં મૂલમાં પણ દશ હજાર યોજન પહોળી અને ઉપર પણ દશ હજાર યોજન પહોળી જળની શિખા છે. તે મૂલથી સત્તર હજાર યોજન ઉંચી છે. દશ હજાર યોજનની પહોળાઈ વાળો અને સત્તર હજાર યોજન સુધીની ઉંચાઇવાળો વલયાકારે આવેલો પાણીનો કોટ હોય તેવો પાણીની ભીંત જેવો જે આકાર તે શિખા કહેવાય છે. તે શિખા ઉપર દિવસમાં બે વખત બે ગાઉ ઉંચી વેલ વધે છે. તે વેલ વધવાનું કારણ આગળ જણાવે છે. ૩-૧૯૭

તે શિખાની નીચે આવેલા પાતાળ કલશાનું સ્વરૂપ બે ગાથા વડે કહે છેઃ—

**અહુમજ્ઝે ચઉદિસિ ચઉ, પાયાલા વયરકલસસંઠાણા;**
**જોઅણસહસ્સ જડ્ડા, તદ્દસગુણ હિટ્ઠુવરિ રુંદા. ૪-૧૯૮**

**લકખં ચ મજ્જિ પિહુલા, જોઅણુલકખં ચ ભૂમિમોગાઢા;**
**પુવ્વાઇસુ વડવામુહ–કેજુવજુવેસરભિહાણા. ૫–૧૯૯**

| | |
|---|---|
| બહુમજ્ઝે–બહુ મધ્યમાં | મજ્જિ–મધ્યમાં |
| પાયાલા–પાતાલ કલશો | ઓગાઢા–અવગાહેલા, ઉંડા |
| વયરકલસ–વજ્રના ઘડા સરખા | પુવ્વાઇસુ–પૂર્વાદિ ચાર દિશાઓમાં |
| સંઠાણા–આકારવાળા | વડવામુહ–વડવામુખ |
| જડ્ડા–જાડા | કેજુવ–કેયૂપ |
| તદ્દસગુણ–તેનાથી દશ ગુણા | જૂવ–યૂપ |
| રૂંદા–વિસ્તારવાળા | ઈસરભિહાણા–ઈશ્વિર નામના |

**અર્થ**:—લવણ સમુદ્રના બરાબર મધ્યભાગમાં ચાર દિશાઓમાં ચાર પાતાળ કળશા છે. તે વજ્રમય કળશાના આકારવાળા છે તેથી પાતાળકળશા કહેવાય છે. તે પાતાળકળશો એક હજાર યોજન જાડા છે એટલે તે કળશાની ઠીંકરી હજાર યોજન જાડી છે. તથા તેનાથી દશ ગુણા એટલે દશ હજાર યોજન નીચે–તળીએ અને ઉપર–કાંઠે પહોળા છે. તથા મધ્ય ભાગમાં એક લાખ યોજન પહોળા છે. વળી ભૂમિને વિષે એક લાખ યોજન અવગાહીને રહ્યા છે–ઉંડા છે. તથા પૂર્વાદિકના અનુક્રમથી વડવામુખ ૧, કેયૂપ ૨, યૂપ ૩ અને ઇશ્વર ૪ એ નામના તે પાતાળકળશો છે. એટલે કે પૂર્વ-દિશામાં વડવામુખ નામનો, દક્ષિણમાં કેયૂપ નામનો, પશ્ચિમમાં યૂપ નામનો અને ઉત્તરમાં ઈશ્વર નામનો પાતાળકળશ છે ૪–૫–૧૯૮–૧૯૯

હવે લઘુ પાતાળ કળશોનું સ્વરૂપ કહે છે:—

**અણ્ણે લહુપાયાલા, સગ સહસા અડ સયા સચુલસીઆ;**
**પુવ્વુત્તસયંસપમાણા, તત્થ તત્થ પ્પએસેસુ. ૬–૨૦૦**

| | |
|---|---|
| અન્ને–બીજા | પુવ્વુત્ત–પૂર્વે કહેલા |
| લહુપાયાલા લઘુ પાતાળ કળશો | સયંસપમાણા-સોમા ભાગ જેટલા |
| અડસયા- આઠસો | તત્વ તત્થ–તે તે |
| સચુલસીઆ- ચોર્યાંસી સહિત | પએસેસુ-સ્થાનોમાં |

અર્થ:—બીજા નાના પાતાળકલશો સાત હજાર, આઠ સો, ચોરાશી (૭૮૮૪) છે. તે કલશો પૂર્વે કહેલા ચાર મોટા પાતાળ કળશના સોમા ભાગના પ્રમાણવાળા તે તે સ્થાનોને વિષે છે. ૯–૨૦૦

વિવેચન:—ચાર મોટા પાતાળ કળશોના ચાર આંતરાને વિષે બીજા નાના પાતાળ કળશો આવેલા છે. તે પાતાળ કળશોની સંખ્યા સાત હજાર આઠસો ચોરાસી છે. આ નાના પાતાળ કળશો બધે સ્થળે મોટા પાતાળકળશના સોમા ભાગ જેટલા છે. તેથી આ લઘુ પાતાળકલશની ઠીકરી દશ યોજન જાડી છે, નીચે અને ઉપર સો યોજન પહોળા છે, હજાર યોજન મધ્ય ભાગે–પેટાળે પહોળા છે અને હજાર યોજન ઉંડા એટલે પૃથ્વીમાં રહેલા છે.

અહીં આ પ્રમાણે સંપ્રદાય છે:–દશ હજાર યોજનના વિસ્તારવાળો મધ્ય ચક્રવાળ છે, તેનો પરિધિ લાવવો. તે આ રીતે–પાતાળ કળશાની જગ્યાએ લવણસમુદ્રનો વિષ્કંભ મધ્યના જંબૂદ્વીપના એક લાખ યોજન ભેળવતાં બે લાખ ને નેવુ હજાર યોજનનો છે, તેનો વર્ગ કરીએ ત્યારે ૮૪૧૦૦૦૦૦૦૦૦ થાય, તેને દશે ગુણતાં ૮૪૧૦૦૦૦૦૦૦૦૦ થાય. તેનું વર્ગમૂળ કાઢતાં ૯૧૭૦૬૦ આવે. તેમાંથી ચાર દિશાના ચાર પાતાળકલશાના મુખોએ ૪૦૦૦૦ યોજન

રૂંધેલા બાદ કરતાં બાકી ૮૭૭૦૧૦ રહ્યા. તેને ચાર આંતરા હોવાથી ચારે ભાગતાં ૨૧૯૨૬૫ યોજન આવ્યા. આટલું ચારે મોટા પાતાળકળશોનું પરસ્પર આંતરૂં છે. તે ચારે આંતરામાંના એક એક આંતરામાં નાના પાતાળકળશોની નવ નવ શ્રેણિ છે. તેમાં પ્હેલી શ્રેણિમાં એક આંતરામાં ૨૧૫ લઘુ પાતાળકળશો છે. તે કળશોએ બે લાખ ને પંદર

## પાતળકળશોની સ્થાપના




હજાર ૨૧૫૦૦૦ યોજન રૂંધ્યા છે તેથી ( ૨૧૯૨૬૫ માંથી ૨૧૫૦૦૦ બાદ કરતાં ) શેષ ૪૨૬૫ યોજન રહ્યા, તેટલા યોજન તે કળશોની ઠીંકરીએ રોકયા છે. આ પ્રમાણે પહેલી

પંક્તિ (શ્રેણિ) માં ૨૧૫ કળશો છે, બીજી પંક્તિમાં ૨૧૬, ત્રીજીમાં ૨૧૭, એમ એક એક કળશ વધારતાં નવમી પંક્તિમાં ૨૨૩ કળશો હોય છે, કેમકે દરેક પંક્તિમાં ઉત્તરોત્તર લવણ સમુદ્રની પરિધિમાં વૃદ્ધિ થતી હોવાથી એક એક કળશ વધે છે, તેનો સમાવેશ થાય છે. આ રીતે એક આંતરાની નવે પંક્તિના કુલ કળશો ૧૯૭૧ થાય છે. એજ રીતે ચારે આંતરાના મળીને ૭૮૮૪ લઘુ પાતાળકલશો હોય છે. ૬–૨૦૦

હવે પાતાળકળશના અધિપતિ દેવોના નામ વિગેરે કહે છે:—

**કાલો અ મહાકાલો, વેલંબપભંજણે અ ચઉસુ સુરા;**
**પલિઓવમાઉણો તહ, સેસેસુ સુરા તયદ્ધાઉ. ૭–૨૦૧**

| | |
|---|---|
| કાલો–કાલ દેવ | ચઉસુ–ચાર કલશોના |
| મહાકાલો–મહાકાલ દેવ | પલિઓવમાઉણો–પલ્યોપમના આયુષ્યવાળા |
| વેલંબ–વેલંબ દેવ | સેસેસુ–બાકીનાના (લઘુકળશોના) |
| પભંજણે–પ્રભંજન દેવ | તયદ્ધાઉ–તેનાથી અર્ધા આયુષ્યવાળા |

અર્થ—ચાર મોટા પાતાળકળશના અનુક્રમે કાળ અને મહાકાળ, વેલંબ અને પ્રભંજન એ નામના પલ્યોપમના આયુષ્યવાળા અધિપતિ દેવો છે. તથા બાકીના લઘુ કળશોના તેથી અર્ધ આયુષ્યવાળા એટલે અર્ધ પલ્યોપમના આયુષ્યવાળા અધિપતિ દેવો છે. ૨૦૧

સર્વ પાતાળકળશોમાં પવન વિગેરેની સ્થિતિ બે ગાથાવડે કહે છે:—



લવણ સમુદ્રમાં ચાર દિશાએ આવેલા ચાર પાતાળ કળશો
તથા આંતરામાં આવેલા લઘુ પાતાળ કળશો.

પૃ. ૨૫૮ ગા. ૨૦૦

**સવ્વેસિંમહોભાગે, વાઊ મજ્ઝિલ્લયમ્મિ જલવાઊ;**
**કેવલજલમુવરિલ્લે, ભાગદુગે તત્થ સાસુવ્વ. ૮–૨૦૨**
**બહવે ઉદારવાયા, મુચ્છંતિ ખુહંતિ દુણ્ણિ વારાઓ;**
**એગઅહોરત્તંતો, તયા તયા વેલપરિવુડ્ઢી. ૯–૨૦૩**

| | |
|---|---|
| સવ્વેસિં–સર્વ કળશોના | ઉવરિલ્લે–ઉપરના |
| અહોભાગે–અધોભાગમાં, નીચે | ભાગદુગે–બે ભાગમાં |
| મજ્ઝિલ્લયમ્મિ–મધ્યના, વચલા | સાસુવ્વ–શ્વાસોશ્વાસની જેમ |
| કેવલ–ફક્ત | |
| બહવે–ઘણા | દુણ્ણિ વારાઓ–બે વાર |
| ઉદારવાયા–મોટા વાયરા | એગઅહોરત્તંતો–એક અહો રાતમાં |
| મુચ્છંતિ–ઉત્પન્ન થાય છે. | તયા તયા–ત્યારે ત્યારે |
| ખુહંતિ–ક્ષોભ પામે છે. (ઉછળે છે.) | વેલપરિવુડ્ઢી–વેલની વૃદ્ધિ |

**અર્થ**—સર્વ પાતાળકળશોના અર્ધા ભાગમાં વાયુ છે, મધ્ય ભાગમાં જળ અને વાયુ છે તથા ઉપરના ભાગમાં ફક્ત જળ છે. તેમાં પ્રથમના બે ભાગમાં શ્વાસના જેવા ઘણા ઉદાર વાયરાઓ ઉત્પન્ન થાય છે તેઓ એક અહો-રાત્રિમાં બે વાર ખળભળે છે ત્યારે ત્યારે વેલની વૃદ્ધિ થાય છે. ૮–૯–૨૦૨–૨૦૩

**વિવેચન**—ઉપર જણાવેલા સર્વ મોટા અને નાના પાતાળકળશોના નીચેના ત્રીજા ભાગમાં (૩૩૩૩૩ $\frac{1}{3}$ યોજનમાં) વાયુ રહેલો છે. મધ્યના ત્રીજા ભાગમાં જળ અને વાયુ મિશ્ર-પણે રહેલા છે તથા ઉપરના ત્રીજા ભાગમાં એકલું માત્ર જળ જ રહેલું છે. આથી કરીને મોટા પાતાળકળશાઓનો એક એક ભાગ તેત્રીશ હજાર, ત્રણ સો ને તેત્રીશ યોજન

તથા ઉપર એક યોજનનો ત્રીજો ભાગ (૩૩૩૩૩$\frac{1}{3}$) હોય છે. અને લઘુ કળશોનો એક એક ભાગ ત્રણ સો ને તેત્રીસ યોજન તથા ઉપર એક યોજનનો ત્રીજો ભાગ (૩૩૩$\frac{1}{3}$) હોય છે. આ પ્રમાણે તે કળશોના બે ભાગમાં એટલે અધો-ભાગ અને મધ્યભાગમાં મનુષ્યના શ્વાસની જેમ બીજા બીજા ઘણા ઉદાર વાયુઓ એટલે ઔદારિક વાયુઓ નવા ઉત્પન્ન થાય છે અને તે પરસ્પર ભેળા થાય છે, ભેળા થઈને ક્ષોભ પામે છે એટલે ખળભળે છે. અર્થાત્ જેમ મનુષ્યાદિકના ઉદરમાં શ્વાસવાયુ બીજા વાયુ સાથે મળીને ખળભળાટ કરે છે, તેમ અહીં બન્ને ભાગમાં એક અહોરાત્રને વિષે બે વાર તથા પ્રકારનો જગતનો સ્વભાવ હોવાથી એકી વખતે સર્વ કળશોના વાયુઓ ખળભળાટ કરે છે, અને જ્યારે જ્યારે વાયુના ક્ષોભથી જળ વૃદ્ધિ પામે છે–ઉછળે છે ત્યારે ત્યારે ૧૬૦૦૦ યોજન ઉપરાંત બે ગાઉ જેટલી (ગાથા ૨૯૭ માં જણાવ્યા પ્રમાણે) વેલની વૃદ્ધિ થાય છે. જ્યારે પાછા તે વાયુઓ સ્વભાવને પામે છે ત્યારે જળ પણ કળશોમાં પેસી જાય છે, તેથી વધેલી વેલની હાનિ થાય છે. ૨૦૨–૨૦૩

વેલંધર દેવોની હકીકત કહે છે.—

**બાયાલસટ્ઠિદુસયરિ–સહસા નાગાણુ મજ્ઝુવરિબાહિં;**
**વેલં ધરંતિ કમસો, ચઉહત્તરૂલક્ખ તે સવ્વે. ૧૦–૨૦૪**

બાયાલ–બેંતાલીસ
સટ્ઠિ–સાઠ
દુસયરિ–બહોંતેર
નાગાણુ–નાગકુમારો

મજ્ઝુવરિબાહિં–અંદર ઉપર અને બહાર
વેલં–વેલને (વધતા પાણીને)
ધરંતિ–રોકે છે.
ચઉહત્તર લક્ખ–એક લાખ ચુંમોતેર હજાર

અર્થ—બેંતાળીશ હજાર, સાઠ હજાર અને બહોંતેર હજાર નાગકુમાર દેવતાઓ અનુક્રમે મધ્યની, ઉપરની અને બહારની વેલને ધારણ કરે છે. રોકી રાખે છે. સર્વ મળીને તે દેવતાઓ એક લાખ ને ચુમોતેર હજાર થાય છે. ૧૦–૨૦૪

વિવેચન—જંબૂદ્વીપને વિષે પ્રવેશ કરતી મધ્ય વેલને ૪૨૦૦૦ દેવતાઓ ધારી રાખે છે–અટકાવે છે એટલે જંબૂદ્વીપમાં પેસવા દેતા નથી, ૬૦૦૦૦ દેવતાઓ ઉપરની વેલને એટલે લવણસમુદ્રની શિખા ઉપર બે કોશ સુધી વેલ જવા દે છે તેથી અધિક જતી વેલને અટકાવે છે; અને ૭૨૦૦૦ દેવતાઓ બહારની વેલને એટલે ધાતકીખંડમાં પ્રવેશ કરતી વેલને નિવારે છે–અટકાવે છે. વેલને ધારી રાખે છે અથવા વધતી રોકે છે માટે વેલંધર દેવો કહેવાય છે. તેઓ નાગકુમાર જાતિના ભુવનપતિ દેવો છે. કુલ ૧૭૪૦૦૦ દેવો છે. ૧૦–૨૦૪

હવે વેલંધર દેવોના નિવાસના પર્વતોનું સ્વરૂપ તથા તે દેવોના અધિપતિ દેવોના નામ વિગેરે ત્રણ ગાથાવડે કહે છે.

**બાયાલસહસ્સેહિં, પુવ્વેસાણાઇદિસિવિદિસિ લવણે;**
**વેલંધરાણુવેલં–ધરરાઇણું ગિરિસુ વાસા. ૧૧–૨૦૫**

**ગોથભે દગભાસે, સંખે દગસીમ નામિ દિસિ સેલે;**
**ગોથૂભો સિવદેવો, સંખો અ મણોસિલો રાયા. ૧૨–૨૦૬**

**કક્કોડે વિજ્જુપભે, કેલાસ રૂણપ્પહે વિદિસિ સેલે;**
**કક્કોડગુ કદ્દમઓ, કેલાસ રૂણપ્પહો સામી ૧૩–૨૦૭**

પુવ્વેસાણાઇ–પૂર્વ અને ઇશાનાદિ
દિસિ વિદિસિ–દિશા અને વિદિશામાં
લવણે–લવણ સમુદ્રમાં
વેલંધર–વેલંધર (રાજાઓના)
ગોથૂભે–ગોસ્તૂપ પર્વત ઉપર
દગભાસે–દકભાસ પર્વત ઉપર
સંખે–શંખ પર્વત ઉપર
દગસીમનામિ–દકસીમ નામના પર્વત ઉપર
દિસ સેલે–દિશાના પર્વતો ઉપર
કક્કોડે–કર્કોટક પર્વત ઉપર
વિજ્જુપભે–વિદ્યુત્પ્રભ પર્વત ઉપર
કેલાસ–કૈલાસ પર્વત ઉપર
રૂણપ્પહે–અરૂણપ્રભ પર્વત ઉપર
વિદિસિસેલે–વિદિશાના પર્વત ઉપર

અણુવેલંધર રાઇણું–અનુવેલંધર રાજાઓના
ગિરિસુ–પર્વતો ઉપર
વાસા–આવાસો (પ્રાસાદો)
ગોથૂભો–ગોસ્તૂપ નામે દેવ
સિવદેવો–શિવદેવ
સંખો–શંખ દેવ
મણોસિલો–મનોશિલ દેવ
રાયા–રાજા, અધિપતિ
કક્કોડગુ–કર્કોટક નામે દેવ
કદ્દમઓ–કર્દમ નામે દેવ
કેલાસ–કૈલાસ નામે દેવ
રૂણપ્પહો–અરૂણપ્રભ નામે દેવ
સામી–સ્વામી, અધિપતિ

અર્થ—લવણસમુદ્રમાં પૂર્વાદિક ચાર દિશાઓમાં તથા ઇશાનાદિ ચાર વિદિશાઓમાં બેંતાલીસ હજાર યોજન જઇએ ત્યારે પર્વતોને વિષે અનુક્રમે વેલંધર અનુવેલંધર રાજાઓના આવાસો છે. પૂર્વાદિક દિશાઓમાં ગોસ્તૂભ, દગભાસ, શંખ અને દગસીમ નામના પર્વતો છે. તેના ગોસ્તૂભ, શિવદેવ, શંખ અને મનશીલ નામના રાજા છે. વિદિશામાં કર્કોટક, વિદ્યુત્પ્રભ. કૈલાસ અને અરૂણપ્રભ નામે પર્વતો છે. એના કર્કોટક, કર્દમ, કૈલાસ અને અરૂણપ્રભ નામે સ્વામી જાણવા. ૧૧ થી ૧૩–૨૦૫ થી ૨૦૭

વિવેચન—જંબૂદ્વીપની જગતીથી લવણ સમુદ્રમાં પૂર્વાદિક ચારે દિશાઓમાં ૪૨ હજાર યોજન જઈએ ત્યારે ત્યાં વેલંધર દેવોના અધિપતિઓના ચાર પર્વતો આવેલા છે. તે પર્વતો ઉપર તે દેવોના આવાસો છે. પૂર્વમાં ગોસ્તૂપ પર્વત ઉપર ગોસ્તૂપ નામે દેવનો આવાસ છે. એ પ્રમાણે દક્ષિણ દિશામાં દગભાસ પર્વત ઉપર શિવદેવનો, પશ્ચિમ દિશામાં શંખ પર્વત ઉપર શંખ દેવનો તથા ઉત્તર દિશામાં દકસીમ પર્વત ઉપર મનઃશિલ નામનાં અધિપતિ દેવનો આવાસ છે. હવે ચાર વિદિશાઓમાં પણ ૪૨ હજાર યોજન છેટે અનુવેલંધર દેવોના અધિપતિઓના આવાસો છે ઈશાન ખુણામાં કર્કોટક પર્વત ઉપર કર્કોટક દેવનો, અગ્નિ ખુણામાં વિદ્યુત્પ્રભ પર્વત ઉપર કર્દમ દેવનો; નૈઋત્યમાં કૈલાસ પર્વત ઉપર કૈલાસ દેવનો અને વાયવ્યમાં અરૂણપ્રભ પર્વત ઉપર અરૂણપ્રભ દેવનો આવાસ આવેલો છે. આ વેલંધર તથા અનુવેલંધર દેવો નાગકુમાર જાતિના છે. ૧૧ થી ૧૩–૨૦૫ થી ૨૦૭

હવે આ પર્વતોની ઉંચાઈ તથા પહોળાઈ ગાથાવડે કહે છે:—

એએ ગિરિણો સવ્વે, બાવીસહિઆ ય દસસયા મૂલે,
ચઉસય ચઉવીસહિઆ, વિચ્છિણ્ણા હુંતિ સિહરતલે.૨૦૮

સતરસ સય ઇગવીસા, ઉચ્ચત્તે તે સવેઇઆ સવ્વે;
કણગંકરયયફાલિહ, દિસાસુ વિદિસાસુ રયણમયા. ૨૦૯

| | |
|---|---|
| બાવીસહિઆ–બાવીસ અધિક | વિચ્છિન્ના–વિસ્તીર્ણ, પહોળા |
| ચઉવીસહિઆ–ચોવીસ અધિક | સિહરતલે–શિખર ઉપર |
| ઉચ્ચત્તે–ઉંચાઇમાં | અંક–અંક રત્નના |
| સવેઇઆ–વેદિકા સહિત | રયય–રૂપાના |
| કણગ–કનકના | ફાલિહ–સ્ફટિકના |
| | રયણમયા–રત્નમય |

અર્થ—આ સર્વે પર્વતો ૧૦૨૨ યોજન મૂળમાં વિસ્તારવાળા છે, તથા શિખર ઉપર ૪૨૪ યોજન વિસ્તારવાળા છે. તથા ઉંચાઇમાં સત્તર સો ને એકવીશ (૧૭૨૧) યોજન છે. વળી તે સર્વ પર્વતો વેદિકા સહિત છે. તથા દિશાઓમાં રહેલા પર્વતો પૂર્વાદિકના અનુક્રમે કનકમય ૧, અંકરત્નમય ૨, રૂપામય ૩ અને સ્ફટિકરત્નમય ૪ છે. વિદિશાના ચારે પર્વતો રત્નમય છે. ૧૪–૧૫–૨૦૮–૨૦૯

એ પર્વતો જળ ઉપર બહાર કેટલા પ્રમાણમાં છે તે જણાવે છેઃ—

**ણવ ગુણહત્તરિ જોઅણ, બહિ જલુવરિ ચત્ત**
**પણણવઇભાયા;**
**એએ મજ્ઝે ણવ સય, તેસટ્ઠા ભાગ સગસયરિ. ૧૬–૨૧૦**

| | |
|---|---|
| ણવગુણહત્તરિ–નવસો અગણોતેર | મજ્ઝે–મધ્યમાં શિખા તરફ |
| જલુવરિ–પાણી ઉપર | તેસટ્ઠ–ત્રેસઠ |
| ચત્ત–ચાલીસ | સગસયરિ–સિત્તોતેર |
| પણનવઇભાયા–પંચાણુઆ ભાગ | |

## વેલંધર અને અનુવેલંધર દેવોના પર્વતોના પ્રમાણાદિનો યંત્રઃ—

| વેલંધરગિરિ ને અનુવેલંધરગિરિ | અધિપતિ દેવ | મૂળ વિસ્તાર યોજન | શિખર વિસ્તાર યોજન | ઉંચાઈ યોજન | શેના છે? | કઈ દિશામાં |
|---|---|---|---|---|---|---|
| ૧ ગોસ્તૂપ | ગોસ્તૂપ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | સુવર્ણમય | પૂર્વમાં |
| ૨ દગભાસ | શિવદેવ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | અંકરત્નમય | દક્ષિણમાં |
| ૩ શંખ | શંખ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રૂપામય | પશ્ચિમમાં |
| ૪ દકસીમ | મનઃશિલ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | સ્ફટિકરત્નમય | ઉત્તરમાં |
| ૧ કર્કોટક | કર્કોટક | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય | ઈશાનમાં |
| ૨ વિદ્યુત્પ્રભ | કર્દમ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય | અગ્નિમાં |
| ૩ કૈલાસ | કૈલાસ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય | નૈઋત્યમાં |
| ૪ અરૂણપ્રભ | અરૂણપ્રભ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય | વાયવ્યમાં |

**અર્થ**—આ આઠે પર્વતો બહારની એટલે જંબૂદ્વીપની દિશા તરફ નવ સો ને ઓગણોતેર યોજન અને ઉપર એક યોજનના પંચાણું ભાગ કરીએ તેવા ચાળીશ ભાગ (૯૬૯$\frac{૪૦}{૯૫}$) જળની ઉપર દેખાય છે; તથા તે જ પર્વતો મધ્ય દિશામાં એટલે લવણ સમુદ્રની શિખા તરફની દિશાએ નવ સો ને ત્રેસઠ યોજન અને ઉપર પંચાણુંઆ સીતોતેર ભાગ (૯૬૩$\frac{૭૭}{૯૫}$) જળની ઉપર દેખાય છે. ૧૬—૨૧૦

**વિવેચન**—આ પર્વતો લવણ સમુદ્રમાં ૪૨ હજાર યોજન છેટે આવેલા છે માટે ત્યાં જળની ઉંડાઈ તથા ઉંચાઇ કેટલી હોય તે લાવવાને માટે આગળ ગાથા ૧૯૬ માં ત્રિરાશિ કરવાની રીત કહી છે, તે માટે આ પ્રમાણે ત્રિરાશિ કરવી-જો પંચાણુ હજાર યોજને સાત સો યોજનની જળવૃદ્ધિ થાય છે તો બેંતાળીશ હજાર યોજને કેટલી ? તે લાવવાને આ પ્રમાણે ત્રિરાશી માંડવી—૯૫૦૦૦—૭૦૦—૪૨૦૦૦ અહીં પહેલી અને છેલ્લી રાશિમાંથી ત્રણ ત્રણ શુન્ય કાઢી નાંખીએ ત્યારે ૯૫—૭૦૦—૪૨ થાય. તેમાં મધ્યની રાશિવડે છેલ્લી રાશિને ગુણવાથી ૨૯૪૦૦ આવે, પછી તેને પહેલી રાશિ ૯૫ વડે ભાગતાં ૩૦૯$\frac{૪૫}{૯૫}$ યોજન આવે. આટલા યોજન પ્રમાણ જળવૃદ્ધિ સમભૂતળા પૃથ્વીની અપેક્ષાએ જંબૂદ્વીપ તરફની દિશામાં છે. તથા પંચાણુ હજાર યોજને એક હજાર યોજન લવણ સમુદ્ર ઉંડો છે, તો બેંતાળીશ હજાર યોજને લવણસમુદ્ર કેટલો ઉંડો હોય ? તે જાણવા માટે પણ આ પ્રમાણે ત્રિરાશિ માંડવી—૯૫૦૦૦—૧૦૦૦—૪૨૦૦૦, અહીં પણ પહેલી અને છેલ્લી રાશિમાંથી ત્રણ

ત્રણ શૂન્ય કાઢી લેતાં ૯૫-૧૦૦૦-૪૨ રહે પછી મધ્ય રાશિવડે છેલ્લી રાશિને ગુણવાથી ૪૨૦૦૦ થયા તેને પહેલી રાશિ ૯૫ વડે ભાગતાં ૪૪૨$\frac{૧૦}{૯૫}$ યોજનો આવે. આટલી ઉંડાઇ આવી. પછી ઉપરની જળવૃદ્ધિના ૩૦૯-૪૫ યોજન અને ઉંડાઇના પ્રમાણના ૪૪૨-૧૦ યોજનનો સરવાળો કરતાં ૭૫૧-$\frac{૫૫}{૯૫}$ થાય હવે તે પર્વતની ઉંચાઈ ૧૭૨૧ યોજન છે તેમાંથી બાદ કરીએ ત્યારે ૯૬૯$\frac{૪૦}{૯૫}$ યોજન ઉંચા જંબૂદ્વીપની દિશા તરફ જળ ઉપર પર્વતો દેખાય છે એમ સિદ્ધ થયું.

હવે જંબૂદ્વીપની જે દિશાએ (સ્થાને) જળમાં રહેલા ગિરિનું પ્રમાણ ૭૫૧$\frac{૫૫}{૯૫}$ છે તે ઠેકાણે પર્વતનો વિસ્તાર (પહોળાઈ) કેટલી હોય? તે જાણવાની રીત કહે છેઃ— પ્રથમ જળમાં રહેલું ગિરિનું પ્રમાણ જે ૭૫૧$\frac{૫૫}{૯૫}$ છે તેને સવર્ણ કરવા એટલે સરખા અંશ કરવા, તેથી ૭૫૧ ને ૯૫ વડે ગુણવાથી ૭૧૩૪૫ થાય તેમાં ઉપરની ૫૫ કળા ઉમેરવાથી સર્વ મળીને ૭૧૪૦૦ કળા થઈ. ત્યાર પછી પર્વતનો મૂળ વિસ્તાર જે ૧૦૨૨ યોજન છે તેમાંથી પર્વતના શિખરનો વિસ્તાર ૪૨૪ બાદ કરતાં શેષ ૫૯૮ રહે છે. પછી અહીં આ પ્રમાણે ત્રિરાશી માંડવી-૧૭૨૨ યોજને ૫૯૮ યોજન ઘટે તો ૭૧૪૦૦૦ કલાએ કેટલું ઘટે? ૫૯૮ ને ૭૧૩૫૦ વડે ગુણવાથી ૪૨૬૯૭૨૦૦ આવે તેને ૧૭૨૨ વડે ભાગવાથી કાંઈક ઓછી ૨૪૮૧૦ કળા આવે (અહીં કળા એટલે યોજનનો ૯૫ મો ભાગ સમજવો.) તેને ૯૫ વડે ભાંગતાં ભાગમાં ૨૬૧ યોજન આવે અને શેષ ૧૫ કળા.

રહે છે. પછી આ ( ૨૬૧–૧૫ ) અંકને ગિરિનો મૂળ વિસ્તાર જે ૧૦૨૨ યોજન છે તેમાંથી બાદ કરીએ ત્યારે ૭૬૦ યોજન અને પંચાણુઆ એંશી ભાગ $\frac{૮૦}{૯૫}$ રહે છે. તેથી ૭૬૦$\frac{૮૦}{૯૫}$ યોજન પ્રમાણે ગિરિનો વિસ્તાર જાણવો.

હવે મધ્ય દિશાએ એટલે લવણસમુદ્રની શિખા તરફની દિશાએ જળની વૃદ્ધિ કેટલી હશે? તે જાણવા માટે ઉપર કહેલો જે ગિરિના વિસ્તારનો અંક ( ૭૬૦$\frac{૮૦}{૯૫}$ ) છે તેને સવર્ણ કરવા માટે ૭૬૦ ને ૯૫ વડે ગુણતાં ૭૨૨૦૦ થાય, તેમાં ૮૦ ભેળવતાં ૭૨૨૮૦ થાય પછી આ પ્રમાણે ત્રિરાશિ માંડવી-૯૫૦૦૦–૭૦૦–૭૨૨૮૦. અહીં સરળતા કરવા માટે ત્રણે અંકોમાંથી સર્વ શૂન્યો કાઢી નાંખવી ત્યારે ૯૫–૭–૭૨૨૮ રહે. પછી વચલા અંકને છેલ્લા અંક સાથે ગુણતાં ૫૦૫૯૬ થાય. આ પ્રતિભાગ આવ્યા, તેથી પહેલી રાશિને પણ ૯૫ વડે ગુણી પ્રતિભાગ કરવા, તેમ કરવાથી એટલે કે પહેલી રાશિ ૯૫ વડે ગુણવાથી ૯૦૨૫ થયા. આ અંક વડે ઉપરના ૫૦૫૯૬ અંકને ભાગવો. ત્યારે ભાગમાં ૫ યોજન આવે છે અને શેષ ૫૪૭૧ રહે છે. તેને ૯૫ વડે ભાગવાથી ભાગમાં ૫૭ કળા આવે છે. બાકી ૫૬ વધે છે તે અર્ધ ઉપરાંત હોવાથી એક અંક ગણી ૫૭ માં ઉમેરવાથી ૫૮ કળા થાય છે, તેથી મધ્ય દિશાએ યોજન ૫ અને કળા ૫૮ એટલી વધારે જળવૃદ્ધિ છે, આ જળવૃદ્ધિને ( ૫–$\frac{૫૮}{૯૫}$ ને ) ૯૬૯–$\frac{૮૦}{૯૫}$ માંથી બાદ કરતાં બાકી ૯૬૩–$\frac{૭}{૯૫}$ રહે છે. આટલું લવણશિખાની દિશા તરફ જળ ઉપર રહેલા ( દેખાતા ) ગિરિનું પ્રમાણ સિદ્ધ થયું.

તે આઠે પર્વતનો મૂળ વિસ્તાર જે ૧૦૨૨ યોજન છે તેનો પરિધિ ૩૨૩૨ યોજન થાય છે, અને શિખર ઉપરનો વિસ્તાર ૪૨૪ યોજન છે તેનો પરિધિ ૧૩૪૧ યોજન થાય છે.

તથા તે આઠે પર્વતોનું પરસ્પર આંતરૂં ૭૨૧૧૪ યોજન અને એક યોજનના આઠ ભાગ કરીએ તેવા ૩ ભાગ જેટલું છે. તે જાણવાનો ઉપાય આ પ્રમાણે:—જંબૂદ્વીપની જગતીથી ૪૨૫૧૧ યોજન લવણ સમુદ્રમાં જઈએ ત્યારે તે ઠેકાણે પર્વતના વિષ્કંભનો મધ્ય ભાગ છે. ત્યાં લવણ સમુદ્રનો વૃત્ત વિષ્કંભ ૧૮૫૦૨૨ યોજન છે. લાખ યોજનનો જંબૂદ્વીપ અને બંને બાજુ ૪૨૫૧૧ લવણસમુદ્રના, તેને બમણા કરતાં ૮૫૦૨૨ યોજન. કુલ ૧૮૫૦૨૨ યોજન. તેનો પરિધિ કરીએ ત્યારે ૫૮૫૦૯૧ યોજન થાય છે. તેમાંથી આઠે પર્વતોનો તે સ્થાને ૧૦૨૨ યોજન વિષ્કંભ છે તેને આઠ ગુણા કરતાં ૮૧૭૬ યોજન થાય છે. તે બાદ કરવાથી ૫૭૬૯૧૫ યોજન રહે છે. તેને આઠે ભાગવાથી ભાગમાં ૭૨૧૧૪ યોજન આવે છે. બાકી શેષ ૩ રહે છે. તેના આઠીયા ભાગ કરવા માટે આઠે ગુણતાં ૨૪ થાય, તેને આઠે ભાગતાં ભાગમાં ૩ આવે છે તેથી આઠીયા ત્રણ ભાગ અધિક સમજવા. તેટલું અહીં એક પર્વતથી બીજા પર્વતને આંતરૂં જાણવું. ૧૬–૨૧૦

હવે બે ગાથાવડે અંતરદ્વીપો કહે છે:—

**હિમવંતંતા વિદિસી–સાણાઇગયાસુ ચઉસુ દાઢાસુ;**
**સગ સગ અંતરદીવા, પઢમચઉક્કં ચ જગઇઓ. ૧૭–૨૧૧**

**જો અણુતિસએહિં તઓ, સયસયવુડ્ઢી અ છસુ ચઉક્કેસુ;**
**અણ્ણુણ્ણજગઈઅંતરિ, અંતરસમવિત્થરા સવ્વે.૧૮-૨૧૨**

હિમવંતંતા–હિમવંત પર્વતના અન્તથી
વિદિસિ–વિદિશામાં
ઈસાણાઈગયાસુ–ઈશાન આદિમાં રહેલી
સયસયવુડ્ઢી–સો સો યોજનની
ચઉક્કેસુ–ચતુષ્કોમાં [વૃદ્ધિ
અન્નુન્ન–અન્યોન્ય, પરસ્પર
ચઉસુ દાઢાસુ–ચાર દાઢાઓ ઉપર
સગ સગ–સાત સાત
અંતરદીવા–અન્તર દ્વીપો
પઢમ ચઉક્કં–પ્રથમ ચતુષ્ક, પહેલા ચાર.
જગઈ અંતરિ–જગતીથી અંતરવાળા
અંતર સમ–અંતર સરખા

**અર્થ**:—હિમવાન પર્વતના બંને છેડામાંથી ઈશાન વગેરે ચાર વિદિશામાં ચાર દાઢાઓ નીકળેલ છે. દરેક દાઢા ઉપર સાત સાત અંતરદ્વીપો છે. તેમાંનું પ્રથમ ચતુષ્ક જગતીથી ત્રણસો યોજન છેટે છે. ત્યાર પછી છ ચતુષ્કમાં સો સો યોજન અનુક્રમે વધારવા. જેટલું જગતીથી અંતર છે તેટલું પરસ્પર અંતર છે. તેમજ જેટલું આંતરૂં છે તેટલો સર્વનો વિસ્તાર છે. ૧૭-૧૮-૨૧૧-૨૧૨.

**વિવેચન**—હિમવાન પર્વતના પૂર્વ પશ્ચિમના બન્ને છેડાથી દરેક દિશામાં બબે દાઢાઓ નીકળેલી છે. તે દાઢાઓ વિદિશામાં ગએલી છે. તે ઈશાન આદિક વિદિશામાં ગયેલી ચાર દાઢાઓ ઉપર સાત સાત અંતરદ્વીપો છે. એટલે ચાર દાઢા ઉપર કુલ ૨૮ અંતરદ્વીપો આવેલા છે. તે ચાર દાઢામાં જે પહેલું ચતુષ્ક છે એટલે દરેક દાઢાનો પ્રથમ એક એક અંતરદ્વીપ જગતીથી ત્રણ સો યોજન દૂર છે.

ત્યાર પછીના ૭ ચતુષ્કને વિષે સો સો યોજનની વૃદ્ધિ કરવી એટલે બીજું ચતુષ્ક જગતીથી ૪૦૦ યોજન છેટે છે. ત્રીજું ચતુષ્ક તેથી ૧૦૦ યોજન છેટું છે. એ પ્રમાણે સાતમું ચતુષ્ક નવસો યોજન છેટું છે. એજ પ્રમાણે દ્વીપોના પરસ્પર આંતરામાં પણ દરેક ચતુષ્કે સો સો યોજનની વૃદ્ધિ કરવી. વળી સર્વ દ્વીપો આંતરા જેટલા જ વિસ્તાર-વાળા છે. એટલે જગતી અને દ્વીપના આંતરામાં, પરસ્પર દ્વીપના આંતરામાં અને દ્વીપના વિસ્તારમાં પહેલા ચતુષ્કને આશ્રીને ત્રણ સો યોજનનું પ્રમાણ, બીજા ચતુષ્કને આશ્રીને ચાર સો યોજન, ત્રીજા ચતુષ્કને આશ્રીને પાંચ સો યોજન, એ રીતે સો સો યોજનની વૃદ્ધિ કરવાથી સાતમા ચતુષ્કને આશ્રીને નવ સો યોજનનું પ્રમાણ જાણવું. એટલે સાતમું ચતુષ્ક જગતીથી ૯૦૦ યોજન છેટે છે. છઠ્ઠા ચતુષ્કથી પણ નવ સો યોજન છેટે છે, તેમજ તેનો વિસ્તાર પણ નવ સો યોજનનો છે. ૧૭-૧૮-૨૧૧-૨૧૨

હવે તે અંતરદ્વીપો જળ ઉપર કેટલા ઉંચાં છે તે જણાવે છેઃ—

**પઢમચઉક્કુચ્ચ બહિં, અડ્ઢાઇઅજોઅણે અ વીસંસા;**
**સયરિંસવુડ્ઢિ પરઓ, મજ્ઝદિસિં સવ્વિ કોસદુગં. ૧૯-૨૧૩**

પઢમચઉક્ક—પ્રથમ ચતુષ્ક
ઉચ્ચ—ઉંચું
અડ્ઢાઇઅ—અઢી
અંસા—અંશ
સયરિ—સિત્તેર
વુડ્ઢી—વૃદ્ધિ
પરઓ—આગળ
મજ્ઝદિસિં—મધ્ય દિશા તરફ, શિખા તરફ

**અર્થ**—પહેલા ચાર દ્વીપોનું ઉંચપણું એટલે જળ ઉપર પ્રકાશિતપણું જંબૂદ્વીપની દિશાએ અઢી યોજન અને વીશ ભાગ એટલે એક યોજનના ૯૫ ભાગ કરીએ તેવા ૨૦ ભાગ છે; તથા ત્યાર પછીના દરેક ચતુષ્કને વિષે સ્થૂલવૃત્તિએ કરીને પંચાણુઆ સીતેર સીતેર ભાગની વૃદ્ધિ જાણવી. તથા મધ્ય દિશાને વિષે લવણશિખા તરફની દિશાએ સર્વ દ્વીપો બે કોશ જ જળ ઉપર પ્રકાશિત છે—ઉંચા દેખાય તેવા છે. ૧૯–૨૧૩

વિવેચનઃ—આ ઉચ્ચપણું જાણવાનો ઉપાય બતાવે છેઃ–પૂર્વની જેમ ત્રિરાશિ માંડવી, તે આ પ્રમાણે–૯૫૦૦૦–૭૦૦–૬૦૦ અહીં પહેલી અને છેલ્લી રાશિમાંથી બબે શૂન્ય કાઢી નાખવી, તથા પહેલી અને બીજી રાશિમાંથી પણ એક એક શૂન્ય કાઢી નાખવી. તેથી–૯૫–૭૦–૬ આ રીતે ત્રણ રાશિ થઈ. પછી મધ્ય રાશિવડે છેલ્લી રાશિનો ગુણાકાર કરતાં ૪૨૦ થયા. તેને પહેલી રાશિ (૯૫) વડે ભાગતાં ભાગમાં ૪ યોજન આવે છે, શેષ ૪૦ વધે છે. તેથી યોજન ૪$\frac{૪૦}{૯૫}$ આટલી લવણસમુદ્રની દિશામાં જળવૃદ્ધિ છે. તેનું અર્ધ કરવાથી યોજન ૨$\frac{૨૦}{૯૫}$ આટલું બહારની એટલે જંબૂદ્વીપ તરફની દિશામાં ઘટે છે એટલે ત્યાં બે યોજન ને વીશ ભાગ જેટલી જળવૃદ્ધિ છે. એ પ્રમાણે જંબૂદ્વીપ તરફ પંચાણુઆ ૭૦ ભાગની અને લવણસમુદ્ર તરફ ૧૪૦ ભાગની દરેક દ્વીપે જળવૃદ્ધિ થાય છે અને લવણસમુદ્ર તરફ બે ગાઉ બધા દ્વીપો જળ ઉપર દેખાય છે તેથી તેનું યંત્ર નીચે પ્રમાણે સમજવું:—

સ્થાપના:—

| અંતરદ્વીપ ચતુષ્ક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|
| વિસ્તાર યોજન | ૩૦૦ | ૪૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૭૦૦ | ૮૦૦ | ૯૦૦ |
| પરિધિ યોજન | ૯૪૯ | ૧૨૬૫ | ૧૫૮૧ | ૧૮૯૭ | ૨૨૧૩ | ૨૫૨૯ | ૨૮૪૫ |
| લવણ સમુદ્ર તરફ જળ વૃદ્ધિ | ૪ ૪૦/૯૫ | ૫ ૬૫/૯૫ | ૭ ૩૫/૯૫ | ૮ ૯૦/૯૫ | ૧૦ ૩૦/૯૫ | ૧૧ ૭૫/૯૫ | ૧૩ ૨૫/૯૫ |
| જંબૂદ્વીપ તરફ જળ વૃદ્ધિ | ૨ ૨૦/૯૫ | ૨ ૯૦/૯૫ | ૩ ૬૫/૯૫ | ૪ ૪૦/૯૫ | ૫ ૧૫/૯૫ | ૫ ૮૫/૯૫ | ૬ ૬૦/૯૫ |
| જંબૂદ્વીપ તરફ સમપ્રકાશ | ૨ ૧/૨ ૨૦/૯૫ | ૨ ૧/૨ ૯૦/૯૫ | ૩ ૧/૨ ૬૫/૯૫ | ૪ ૧/૨ ૪૦/૯૫ | ૫ ૧/૨ ૧૫/૯૫ | ૫ ૧/૨ ૮૫/૯૫ | ૬ ૧/૨ ૬૦/૯૫ |
| લવણશિખા તરફ સમપ્રકાશ | ૨ ગાઉ | ૨ ગાઉ | ૨ ગા. | ૨ ગા. | ૨ ગા. | ૨ ગા. | ૨ ગા. |

હવે તે અંતરદ્વીપોનાં નામ કહે છે:—

**સવ્વે સવેઇઅંતા, પઢમચઉક્કમ્મિ તેસિં નામાઈં;**
**એગોરૂઅ આભાસિઅ, વેસાણિઅ ચેવ લંગૂલે ૨૦-૨૧૪**

| | |
|---|---|
| સવેઇઅંતા-વેદિકા સહિત | આભાસિઅ-આભાસિક |
| તેસિં-તેમનાં | વેસાણિઅ-વૈષાણિક |
| નામાઇ-નામ | ચેવ-નિશ્ચે |
| એગોરૂઅ-એકોરૂક | લંગૂલે-લાંગુલિક |

અર્થ:—સર્વ અંતરદ્વીપો વેદિકા અને વનખંડવડે શોભિત છે એમ જાણવું. પહેલા ચતુષ્કમાં તેમનાં નામો ઈશાનાદિકથી આરંભીને આ પ્રમાણે છે:-ઈશાનમાં એકોરૂક ૧, અગ્નિ ખૂણામાં આભાસિક ૨, નૈર્ઋત્ય ખૂણામાં વૈષાણિક ૩ અને વાયવ્ય ખૂણામાં લાંગૂલિક ૪. ૨૦-૨૧૪

**બીઅચઉક્કે હયગય-ગોસક્કુલિપુવ્વકણ્ણણામાણો;**
**આયંસમિંઢગઅઓ-ગોપુવ્વમુહા ચતઇઅમ્મિ.૨૧-૨૧૫**

| | |
|---|---|
| બીય ચઉક્કે-બીજા ચતુષ્કમાં | આયંસ-આદર્શ |
| સક્કુલિ-શષ્કુલિ | મિંઢગ-મેંઢ |
| પુવ્વ-પૂર્વક | અઓ-અયો |
| કન્નનામાણો-કર્ણ નામવાળા | પુવ્વમુહા-પૂર્વક મુખવાળા |

અર્થ—બીજા ચતુષ્કમાં હય, ગજ, ગો અને શષ્કુલી એ શબ્દો છે પૂર્વમાં જેને એવા કર્ણ નામવાળા એટલે કે હયકર્ણ ૧, ગજકર્ણ ૨ ગોકર્ણ ૩ અને શષ્કુલીકર્ણ ૪ એ નામના ચાર દ્વીપો ઈશાનાદિકથી આરંભીને જાણવા. તથા એજ પ્રમાણે આદર્શ, મેંઢ, અયો અને ગો એ શબ્દો



લવણસમુદ્રમાં આવેલ દાઢા અને અંતરદ્વીપ.

પૃ. ૨૭૪ ગા. ૨૧૩

પૂર્વમાં જેને એવા મુખ નામવાળા એટલે કે આદર્શમુખ મેંઢમુખ ૨, અયોમુખ ૩ અને ગોમુખ ૪ એ નામના ર દ્વીપો ત્રીજા ચતુષ્કમાં જાણવા. ૨૧-૨૧૫

ગયહરિવગ્ઘમુહા, ચઉત્થએ અસકણ્ણુ હરિકણ્ણો;
કણ્ણુ કણ્ણુપાવરણુ,દીઓ પંચમચઉક્કમ્મિ. ૨૨-૨૧૬

| | |
|---|---|
| ા-મુખ નામવાળા | કણ્ણુ પાવરણુ-કર્ણ પ્રાવરણુ |
| ઉત્થએ-ચોથા ચતુષ્કમાં | પંચમ-પાંચમા |

અર્થ—હય, ગજ, હરિ અને વ્યાઘ્ર એ શબ્દો છે ર્વમાં જેને એવા મુખ શબ્દવાળા એટલે હયમુખ ૧, ગજમુખ ૨, હરિમુખ ૩ અને વ્યાઘ્રમુખ ૪ એ નામના ચાર દ્વીપો ચોથા ચતુષ્કને વિષે જાણવા, તથા અશ્વકર્ણ ૧, હરિકર્ણ ૨, અકર્ણ ૩ અને કર્ણપ્રાવરણુ ૪ એ નામના ાર દ્વીપો પાંચમા ચતુષ્કને વિષે જાણવા ૨૨-૨૧૬

ક્કમુહો મેહમુહો, વિજ્જુમુહો વિજ્જુદંત છટ્ઠમ્મિ;
ત્તમગે દંતંતા, ઘણુલટ્ઠનિગૂઢસુદ્ધા ય. ૨૩-૨૧૭

| | |
|---|---|
| છટ્ઠમ્મિ-છઠ્ઠા ચતુષ્કમાં | સત્તમગે-સાતમા ચતુષ્કમાં<br>દંતંતા-દંત અંત વાળા |

અર્થ—ઉલ્કામુખ ૧, મેઘમુખ ૨, વિદ્યુન્મુખ ૩ અને વિદ્યુદ્દંત ૪ એ નામના ચાર દ્વીપો છઠ્ઠા ચતુષ્કને વિષે છે, તથા સાતમા ચતુષ્કમાં દંત શબ્દ છે અંતે-છેડે જેને એવા ઘન, લષ્ઠ, ગૂઢ અને શુદ્ધ શબ્દ મૂકવા એટલે કે ઘનદંત ૧, લષ્ટદંત ૨, (નિ) ગૂઢદંત ૩ અને શુદ્ધદંત ૪ એ નામના ચાર દ્વીપ જાણવા. ૨૩-૨૧૭

**એમેવ ય સિહરિમ્મિ વિ, અડવીસ સવ્વિ હુંતિ છપ્પણ્ણું;**
**એએસુ જુઅલરુવા, પલિઆસંખંસઆઉ ણરા. ૨૪-૨૧૮**

એમેવ–એ પ્રમાણે
સિહરિમ્મિવિ–શિખરી પર્વતને વિષે પણ
સવ્વિ–સર્વે
એએસુ–એ અન્તર્દ્વીપોમાં
જુઅલરૂવા–યુગલિયા રૂપ
પલિઆસંખંસઆઉ–પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા.

અર્થ—તથા વળી એજ પ્રમાણે એટલે ઉપર જેમ હિમવાન પર્વતના કહ્યા તેજ પ્રમાણે શિખરી પર્વતને વિષે પણ અઠ્ઠાવીશ અંતરદ્વીપો જાણવા. તે સર્વ મળીને છપ્પન અંતરદ્વીપો થાય છે. આ છપ્પને અંતરદ્વીપોને વિષે યુગલરૂપ, પલ્યોપમના અસંખ્યેય ભાગના આયુષ્યવાળા મનુષ્યો વસે છે–રહે છે. ૨૪–૨૧૮

તે યુગલિકોના શરીરનું પ્રમાણ વિગેરે કહે છે:-

**જોઅણદસમંસતણૂ, પિટ્ઠકરંડાણમેસિ ચઉસટ્ઠી;**
**અસણં ચ ચઉત્થાઓ, ગુણસીદિણ વચ્ચપાલણયા. ૨૫-૨૧૯**

દસમંસ–દશમો ભાગ
તણુ–શરીર
પિટ્ઠકરંડાણ–પાંસળીઓ
એસિ–એમને
અસણં–આહારનું (અંતર)
ચઉત્થાઓ–ચોથભક્ત (એક દિવસને આંતરે)
ગુણસીદિણ–ઓગણ્યાએંસી દિવસ
અવચ્ચપાલણયા–અપત્યપાલના (બાળકનું પાલન)

અર્થ—આ યુગલિકોનું શરીર એક યોજનના દશમા

ભાગ જેવડું એટલે આઠ સો ધનુષ્ય ઉંચું હોય છે, તથા તેમને ચોસઠ પૃષ્ઠકરંડક એટલે પાંસળીઓ હોય છે, તથા ચતુર્થભક્ત એટલે એકાંતર દિવસે ભોજન હોય છે, તથા ઓગણાએંશી દિવસ અપત્યની પાલના હોય છે ૨૫-૨૧૯

હવે ગૌતમદ્વીપ તથા સૂર્ય ચંદ્રના દ્વીપની હકીકત ત્રણ ગાથા વડે કહે છે:—

**પચ્છિમદિસિ સુત્થિઅલવણ–સામિણો ગોઅમુ ત્તિ ઇગુ દીવો;**
**ઉભઓ વિ જંબુલાવણ, દુદુ રવિદીવા ય તેસિં ચ. ૨૬–૨૨૦**

**જગઇપરૂપ્પરૂઅંતરિ, તહ વિત્થર બારજોઅણસહસ્સા;**
**એમેવ ય પુવ્વદિસિં, ચંદચઉક્કસ્સ ચઉ દીવા. ૨૭-૨૨૧**

**એવં ચિઅ બાહિરઓ, દીવા અટ્ઠ પુવ્વપચ્છિમઓ;**
**દુદુ લવણ છ છ ધાયઇ–સંડ સસીણં રવીણં ચ. ૨૮-૨૨૨**

| | |
|---|---|
| સુત્થિઅ–સુસ્થિત નામના | પરૂપ્પર–પરસ્પર |
| લવણસામિણો–લવણસમુદ્રના અધિપતિનો | અંતરિ–આંતરૂં |
| ગોઅમુત્તિ–ગૌતમ નામે | વિત્થર–વિસ્તાર |
| ઇગુદીવો–એક દ્વીપ | ચંદચઉક્કસ્સ–ચાર ચંદ્રના |
| ઉભઓવિ–બંને બાજુએ | ચઉદીવા–ચાર દ્વીપો |
| જંબુલાવણ–જંબૂદ્વીપના અને લવણ સમુદ્રના | એવં ચિઅ–એ પ્રમાણે નિશ્ચે |
| દુદુ–બેબે | બાહિરઓ–બહારના ભાગમાં |
| તેસિં–તેમનું | દીવા–દ્વીપો |
| | દુદુ–બેબે |
| | ધાયઇસંડ–ધાતકી ખંડના |

**અર્થ-વિવેચન:**—મેરૂપર્વતની પશ્ચિમ દિશાએ જગતીથી બાર હજાર યોજન લવણુસમુદ્રમાં જઇએ ત્યાં સુસ્થિત નામના લવણાધિપતિનો ગૌતમ નામનો એક દ્વીપ છે, તથા તે ગૌતમદ્વીપની બે બાજુએ જંબૂદ્વીપના અને લવણુસમુદ્રના બે બે સૂર્યના દ્વીપો છે એટલે કે ગૌતમદ્વીપની બન્ને બાજુએ બબે દ્વીપ એટલે કુલ ચાર દ્વીપ છે. તે જંબૂદ્વીપના બે અને લવણુસમુદ્રના જંબૂદ્વીપ તરફના બે એમ કુલ ચાર સૂર્યના છે એમ જાણવું. વળી તે પાંચે દ્વીપોનું જગતીથી આંતરૂં, તથા પરસ્પરનું એટલે એક દ્વીપથી બીજા દ્વીપનું આંતરૂં, તથા તે દરેક દ્વીપનો વિસ્તાર તે ત્રણે બાબત બાર બાર હજાર યોજન છે. તથા એજ રીતે મેરૂપર્વતની પૂર્વદિશામાં જગતીથી બાર હજાર યોજન લવણુસમુદ્રમાં જઇએ ત્યાં ચાર ચંદ્રના ચાર દ્વીપો છે એટલે જંબૂદ્વીપના બે ચંદ્ર અને જંબૂદ્વીપ તરફ લવણુસમુદ્ર ઉપર ફરનારા લવણુસમુદ્રના બે ચંદ્ર એમ ચાર ચંદ્રના ચાર દ્વીપો છે. તથા એજ પ્રકારે એટલે ઉપર કહ્યા પ્રમાણેજ બહારની દિશાએ એટલે ધાતકીખંડની દિશાએ લવણુસમુદ્રની જગતીથી બાર હજાર યોજન લવણુસમુદ્રમાં જઇએ, ત્યાં મેરૂપર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં આઠ આઠ દ્વીપો છે. (કુલ સોળ દ્વીપો છે); તે લવણુશિખાની બહાર ફરતા બે ચંદ્ર અને બે સૂર્યના તથા છ છ ધાતકીખંડમાં ચાલતા લવણુસમુદ્ર તરફના ચંદ્ર અને સૂર્યના સર્વ મળીને આઠ ચંદ્રના અને આઠ સૂર્યોના દ્વીપો છે. ૨૬—૨૭—૨૮ ૨૨૦ થી ૨૨૨

હવે આ દ્વીપોનું જળ ઉપર રહેલું પ્રમાણ કહે છે:—

**એએ દીવા જલુવરિં, બહિં જોયણ સડ્ઢઅટ્ઠસીઇ તહા;**
**ભાગા વિ અ ચાલીસા, મજ્ઝે પુણ કોસદુગમેવ. ૨૯-૨૨૩**

| | |
|---|---|
| જલુવરિ–પાણીની ઉપર | ભાગાવિ–ભાગ પણ |
| બહિ–બાહેર તરફ | મજ્ઝે–મધ્ય (શિખા) દિશિ તરફ |
| સડ્ઢ અટ્ઠસીઇ–સાડી અઠયાસી | કોસદુગં–બે કોશ |

**અર્થ-વિવેચનઃ—**આ સર્વે દ્વીપો જળની ઉપર બહાર એટલે જંબૂદ્વીપ અને ધાતકીખંડની દિશાએ સાડીઅઠયાશી યોજન તથા ઉપર પંચાણુઆ ચાળીશ ભાગ આટલા જળ ઉપર સપ્રકાશ દેખાય છે. આ પ્રમાણ જાણવા માટે પ્રથમની જેમ ત્રિરાશિ માંડવી–૯૫૦૦૦–૭૦૦–૨૪૦૦૦ આમાં પહેલી અને છેલ્લી રાશિમાંથી ત્રણ ત્રણ શૂન્ય કાઢી નાંખવાથી–૯૫–૭૦૦ ૨૪ રહે છે. પછી મધ્ય રાશિવડે અંત્ય રાશિને ગુણવાથી ૧૬૮૦૦ થયા. તેને પહેલી રાશિ ૯૫ વડે ભાંગતાં ૧૭૬$\frac{80}{95}$ આવ્યા. આટલી લવણશિખાની દિશા તરફ જળવૃદ્ધિ છે. તેનું અર્ધ કરવાથી ૮૮$\frac{40}{95}$ થાય છે. તેમાં ધાતકીખંડ તરફ પાણી ઉપર બે કોશ એટલે અર્ધ યોજન દેખાય છે તે ભેળવવાથી ૮૮॥ યોજન અને ૪૦ ભાગ ઉપર કહ્યા પ્રમાણે થાય છે. તથા વળી મધ્ય દિશાને વિષે એટલે ધાતકીખંડ તરફ સર્વ દ્વીપો બે કોશ જ જળ ઉપર સપ્રકાશ છે. આ હકીકત જંબૂદ્વીપ તરફના ૯ દ્વીપો માટે સમજવી. ધાતકીખંડને લગતા જે બે દિશાના મળીને ૧૬ દ્વીપો છે તે જંબૂદ્વીપ તરફ બે ગાઉ દેખાય છે ને ધાતકીખંડ તરફ ૮૮॥$\frac{40}{95}$ દેખાય છે. દરેક દ્વીપનો પરિધિ ૩૭૯૪૮ યોજન છે. ૨૯-૨૩૩

હવે તે દ્વીપોમાં આવેલા પ્રાસાદોનું પ્રમાણ કહે છે—

**કુલગિરિપાસાયસમા, પાસાયા એસુ ણિઅણિઅપહૂણં;**
**તહ લાવણજોઇસિઆ, દગફાલિહ ઉદ્ધલેસાગા. ૩૦-૨૨૪**

| | |
|---|---|
| સમા—સરખા | પહૂણં—પ્રભુઓના |
| પાસાયા—પ્રાસાદો | લાવણ—લવણ સમુદ્રના |
| એસુ—એ (દ્વીપો) ઉપર | જોઇસિઆ—જ્યોતિષિઓ |
| ણિઅણિઅ—પોતપોતાના | દગફાલિહ—દગસ્ફટિક (રત્નના) |

**અર્થ**:—આ દ્વીપોમાં પોતપોતાના સ્વામી જે સુસ્થિત, ચંદ્ર અને સૂર્ય તેમના પ્રાસાદો—ક્રીડાના ભવનો છે તે કુલગિરિ ઉપર રહેલા પ્રાસાદનો જેવા છે. એટલે ૬૨ાા યોજન ઉંચા અને તેનાથી અર્ધ એટલે ૩૧ા યોજન લાંબા પહોળા છે. તથા સર્વ જ્યોતિષીના વિમાનો સામાન્યપણે સ્ફટિકરત્નમય હોય છે, પરંતુ લવણસમુદ્રમાં રહેલા જ્યોતિષીનાં વિમાનો તથા પ્રકારના જગતના સ્વભાવને લીધે ઉદકને—પાણીને ફાડવાના સ્વભાવવાળા જળસ્ફાટિકરત્નમય છે; તથા તે વિમાનો ઊર્ધ્વ લેશ્યાવાળા એટલે ઉંચે પણ પ્રકાશ કરનારા હોવાથી લવણશિખામાં પણ પ્રકાશ કરનારા છે. ૩૦-૨૨૪

**વિવેચન**:—હવે લવણસમુદ્રનું પ્રતર ગણિત આ પ્રમાણે લાવવું.—લવણસમુદ્રનો વિસ્તાર બે લાખ યોજન છે તેનું અર્ધ કરતાં એક લાખ થાય, તેમાં પાંચ હજાર નાંખવાથી ૧૦૫૦૦૦ થાય. આ અંકવડે ૯૪૮૬૮૩ ને[1] ગુણવાથી ૯૯૬૧૧૭૧૫૦૦૦

૧ જંબૂદ્વીપની ને લવણસમુદ્રની જગતીનો સરવાળો કરીને તેનું અર્ધ કરવાથી આ અંક આવે છે.

આવે. આટલું લવણસમુદ્રનું પ્રતરગણિત થાય છે, તથા તે જ પ્રતરગણિતના અંકને ૧૭૦૦૦ વડે ગુણવાથી ૧૧૯૩૩૯૯-૧૫૫૦૦૦૦૦૦ આવે છે આ ઘનગણિત જાણવું. અહીં કોઈ શંકા કરે કે—લવણસમુદ્રમાં સર્વ ઠેકાણે કાંઈ ૧૭૦૦૦ યોજન જળનું ઉંચપણું નથી, માત્ર મધ્યભાગમાં જ્યાં દશ હજારનું પહોળાપણું છે ત્યાં જ તેટલી જળશિખાની ઉંચાઈ છે, તેથી ૧૦૫૦૦૦ ને ૧૭૦૦૦ વડે કેમ ગુણી શકાય? આ શંકાનું સમાધાન કરવા કહે છે કે—તારૂં કહેવું સત્ય છે; પરંતુ લવણશિખાની ઉપર અને બન્ને બાજુની એ જગતીની વેદિકા ઉપર સીધી દોરી દેવી. તેમાં વચ્ચે જે જળરહિત પ્રદેશ રહે છે તે પણ કર્ણગતિએ કરીને જળ સહિત હોય તેવો સમજવાનો છે, એટલે કે જળરહિત ક્ષેત્ર પણ જળસહિત છે એમ માનવું.

જેમ મેરૂપર્વતના વિસ્તારમાં ચડતાં ને ઉતરતાં ૧૧ ભાગની હાનિ ને વૃદ્ધિમાં મેખલાની વિવક્ષા ન કરતાં તેનો પોલાણ ભાગ પણ અંદર લેવામાં આવે છે તેમ અહિં પણ વિવક્ષા હોવાથી જે ઘનગણિત કહ્યું છે તેમાં કાંઈ વિરોધ સમજવો નહીં. તે વિષે વિશેષણવતી ગ્રંથમાં કહ્યું છે કે—

**एयं उभयवेइयंताओ सोलससहस्सुसेहस्स कण्णगइए जं लवणसमुद्दभवं जलसुण्णं पि क्खित्तं तस्स गणिअं जहा मंदरपव्वयस्स इक्कारस भागहाणी कण्णगइ आगासस्स वि तदा भव्वंति काउं भाणिआ तह लवणसमुद्दस्स वि[1] ॥**

---

૧ આનો ભાવાર્થ ઉપર આવી ગયેલ હોવાથી ફરીને લખ્યો નથી.

લવણસમુદ્રમાં ચાર ચંદ્ર. ચાર સૂર્ય, ૩૫૨ ગ્રહો, ૧૧૨ નક્ષત્રો તથા ૨૬૭૯૦૦ તારાની કોડાકોડી જાણવી. લવણસમુદ્રનો પરિધિ ૧૫૮૧૧૩૯ યોજન જાણવો. લવણસમુદ્રની જગતીના ચાર દ્વારનું અંતર ૩૯૫૨૮૦ યોજન ૧ ગાઉ[1] જાણવું. ૩૦-૨૨૪

॥ इति लघुक्षेत्रसमासविवरणे लवणसमुद्राधिकारो द्वितीयः ॥

---

૧ પરિધિના અંકમાંથી ચાર દ્વારના બાર સાખો સાથે ૧૮ યોજન બાદ કરી બાકીની રકમના ચાર ભાગ કરવાથી આ અંક આવે છે.

# અથ તૃતીય ધાતકીખંડદ્વીપ અધિકાર.

ધાતકીખંડ દ્વીપના બે વિભાગ કરનાર ઈષુકાર પર્વતનું સ્વરૂપ કહે છે:—

**જામુત્તરદીહેણં, દસસયસમપિહુલ પણસયુચ્ચેણં;**
**ઉસુયારગિરિજુગેણં, ધાયઇસંડો દુહવિહત્તો. ૧–૨૨૫**

| | |
|---|---|
| જામુત્તર–દક્ષિણ ઉત્તર | ઉસુયારગિરિ–ઈષુકાર પર્વત |
| દીહેણં–દીર્ઘ | જુગેણં–યુગલ વડે (બે વડે) |
| દસસય–હજાર | ધાયઇસંડો–ધાતકી ખંડ |
| સમપિહુલ–સરખા પહોળા | દુહવિહત્તો–બે ભાગે વહેંચાએલો છે. |
| પણસયુચ્ચેણં–પાંચસો યોજન ઉંચા | |

**અર્થ**—દક્ષિણ ઉત્તર લાંબા, હજાર યોજનની સરખી પહોળાઈવાળા, પાંચસો યોજન ઉંચા બે ઇષુકાર પર્વત વડે ધાતકી ખંડના બે વિભાગ કરાયા છે. ૧–૨૨૫

**વિવેચન**—લવણસમુદ્રની જગતીથી બહાર તેને ફરતો વલયને આકારે ધાતકીખંડ નામનો બીજો દ્વીપ આવેલો છે. તે ચાર લાખ યોજન વલયકારે પહોળો છે. તે ધાતકીખંડના મુખ્ય બે વિભાગ છે–પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ. તે બે વિભાગ ધાતકીખંડમાં આવેલા ઈષુકાર નામના બે પર્વતે કર્યા છે. તે બે ઈષુકાર પર્વતો લવણસમુદ્રના વૈજયંત અને અપરાજિત નામના દ્વારથી નીકળીને ધાતકીખંડના વૈજયંત અને અપરાજિત નામના દ્વાર સુધી લાંબા છે. એટલે કે લવણસમુદ્રના છેડાથી નીકળી કાળોદ-

ધિના અગ્રભાગ સુધી લાંબા છે. તે બાણુને આકારે હોવાથી ઈષુકાર કહેવાય છે. તે પર્વતો દક્ષિણ-ઉત્તર ધાતકીખંડ જેટલા એટલે ચાર લાખ યોજન લાંબા છે, ભૂમિથી શિખર સુધી એક સરખા એક હજાર યોજન પહોળા છે અને પાંચ સો યોજન ઉંચા છે. ૧-૨૨૫

આ બન્ને ખંડ (વિભાગ) માં પર્વતો અને ક્ષેત્રોની સંખ્યા કહે છે—

**ખંડદુગે છ છ ગિરિણો, સગ સગ વાસા અરવિવરરુવા;**
**ધુરિ અંતિ સમા ગિરિણો, વાસા પુણ પિહુલપિહુલ-**
**યરા. ૨-૨૨૬**

| | |
|---|---|
| ખંડદુગે-બંને ખંડોમાં | વિવરરુવા-વિવર રૂપ, આંતરા સમાન |
| સગ સગ-સાત સાત | ધુરિ-શરૂઆતમાં, |
| વાસા-ક્ષેત્ર | અંતે-અન્તે, છેડે |
| અર-ચક્રના આરા | પિહુલયરા-વધારે પહોળા |

**અર્થ**—બંને ખંડમાં છ છ કુલગિરિ તથા સાત સાત ક્ષેત્રો છે. કુલગિરિ આરા સમાન અને ક્ષેત્રો વિવર સમાન છે. પર્વતો શરૂઆતમાં તથા અંતે સરખા છે. વળી ક્ષેત્રો આદિમાં સાંકડા અને પછી વધારે પહોળા છે. ૨-૨૨૬

**અર્થ**—પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ એ બન્ને ખંડને વિષે છ છ કુલગિરિ છે એટલે બન્ને મળીને બાર કુલગિરિ છે, તથા સાત સાત ક્ષેત્રો એટલે બંને મળી ચૌદ ક્ષેત્રો છે. તે કુલગિરિ આરારૂપ અને ક્ષેત્રો તેના વિવર-આંતરારૂપ છે. એટલે કે પૈડાની નાભિને સ્થાને જંબૂદ્વીપ અને લવણસમુદ્રનું ગોળપણું છે.



**ધાતકીખંડમાં આવેલા ૧૪ આરા સરખા ૧૪ પર્વતો તથા ૧૪ આંતરા સરખા ૧૪ ક્ષેત્રનો દેખાવ.**

પૃ. ૨૮૪ ગા. ૨૨૬

નાભિમાંથી જેમ આરા નીકળે તેમ અહીં ઈષુકાર અને કુલગિરિ આરા સમાન છે. અને તે આરાના વિવર એટલે આંતરાને સ્થાને ચૌદ ક્ષેત્રો રહેલા છે. કુલગિરિઓ અને ઇષુકાર પર્વતો પણ આરંભે અને છેડે સરખા જ પહોળા છે અને ક્ષેત્રો શરૂઆતમાં સાંકડા અને પછી પહોળા અને વધુ પહોળા છે એટલે લવણસમુદ્રની જગતીથી આરંભીને ધાતકીખંડની જગતી સુધી અનુક્રમે વધારે વધારે પહોળા છે. ૨–૨૨૬

આ ધાતકીખંડમાં જે જે પદાર્થો જંબૂદ્વીપના જે જે પદાર્થોની સરખા છે તે કહે છે—

**દહકુંડુંડત્તમમેરૂમુસ્સયં વિત્થરં વિઅડ્ઢાણું;**
**વટ્ટગિરીણં ચ સુમેરૂવજ્જમિહ જાણ પુવ્વસમં. ૩-૨૨૭**

| | |
|---|---|
| ઉંડત્તં–ઉંડાઈ | વટ્ટગિરીણં–ગોળ ક્ષેત્રોનો |
| અમેરૂં–મેરૂ સિવાયના | સુમેરૂવજ્જં–મેરૂ પર્વત વર્જીને |
| ઉસ્સયં–ઊંચાઈ | જાણ–જાણવું |
| વિઅડ્ઢાણું–વૈતાઢ્યનો | પુવ્વસમં–પૂર્વના (જંબૂદ્વીપના) સમાન. |

**અર્થ**—આ ધાતકીખંડમાં દ્રહોની તથા કુંડોની ઉંડાઇ, મેરૂ પર્વત સિવાય બીજા પર્વતોની ઊંચાઈ તથા વૈતાઢ્ય પર્વતોનો અને મેરૂ પર્વત વર્જીને બીજા વૃત્ત વૈતાઢ્ય વિગેરે ગોળ પર્વતોનો વિસ્તાર જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જાણવો. ૩–૨૨૭

**વિવેચન**—જંબૂદ્વીપમાં દ્રહોની તથા કુંડોની ઉંડાઇ દશ યોજનની કહી છે તેટલી જ ઉંડાઈ આ ધાતકી ખંડમાં

પણ તેમની જાણવી. તથા મેરૂ પર્વત સિવાયના બાકીના પર્વતો એટલે કુલગિરિ, ગજદંત, વક્ષસ્કાર, યમલગિરિ, કંચનગિરિ અને વૈતાઢય પર્વતોની ઉંચાઈ જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જાણવી. તથા દીર્ઘ વૈતાઢયોનો વિસ્તાર અહીં પણ ૫૦ યોજન પ્રમાણ છે. તથા મેરૂ પર્વત સિવાયના બાકીના જે વૃત્ત વૈતાઢય, યમલગિરિ કંચનગિરિ વગેરે ગોળ પર્વતોનો વિસ્તાર આ દ્વીપમાં પણ જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જાણવો. ૩–૨૨૭

હવે બે મેરૂનું સ્વરૂપ કહે છે:—

**મેરૂદુગં પિ તહ ચ્ચિય, ણવરં સોમણસહિટ્ઠુવરિ દેસે;**
**સગઅડસહસઊણુ ત્તિ, સહસપણસીઇ ઉચ્ચતે. ૪-૨૨૮**

| | |
|---|---|
| તહચ્ચિય-નિશ્ચે તેવાજ | સગઅડ-સાત તથા આઠ |
| ણવરં-વિશેષ | ઊણુત્તિ-ઊન, ન્યુન |
| હિટ્ઠુવરિ-હેઠે તથા ઉપર | પણસીઇ-પંચાસી |
| દેસે-ભાગમાં | ઉચ્ચત્તે-ઉંચાઇમાં |

**અર્થ**—ધાતકીખંડના બંને મેરૂ પર્વત પણ તેજ પ્રમાણે છે. એટલું વિશેષ કે સોમનસ વનથી નીચેનો ભાગ સાત હજાર યોજન ઓછો છે અને ઉપરનો ભાગ આઠ હજાર યોજન ઓછો છે. તેથી તેમની ઉંચાઈ પંચાસી હજાર યોજન પ્રમાણ છે. ૪–૨૮

**વિવેચન**—ધાતકીખંડમાં બે મેરૂ આવેલા છે. એક મેરૂ પૂર્વ ધાતકીખંડના મધ્યમાં છે. બીજો મેરૂ પશ્ચિમ ધાતકીખંડમાં મધ્યમાં છે. આ બંને મેરૂ જંબૂદ્વીપના મેરૂ

પ્રમાણે છે. એટલે જંબૂદ્વીપના મેરૂમાં જેમ વન વગેરે આવેલા છે તેમ અહીં પણ છે. પરંતુ આ બે મેરૂમાં વિશેષતા આ પ્રમાણે જાણવી:—

જંબૂદ્વીપનો મેરૂ મૂળથી આરંભીને સોમનસ વન સુધી ચોસઠ હજાર યોજન ઉંચો છે, પણ આ બે મેરૂ તો સત્તાવન હજાર યોજન ઉંચા છે. તથા જંબૂદ્વીપનો મેરૂ સોમનસ વનથી આરંભીને શિખર સુધીમાં છત્રીશ હજાર યોજન ઉંચો છે, પણ આ બે મેરૂ અઠ્ઠાવીશ હજાર યોજન ઉંચા છે. એ પ્રમાણે આ બે મેરૂ જંબૂદ્વીપના મેરૂ કરતાં સોમનસ વન સુધીમાં સાત હજાર યોજન ઓછા છે. અને સોમનસ વન ઉપર આઠ હજાર યોજન ઓછા છે એમ કુલ પંદર હજાર ઓછા થવાથી આ બે મેરૂ પંચાશી હજાર યોજન ઉંચા છે. એટલે આ ધાતકીખંડના બે મેરૂ તો આ પ્રમાણે છે:-ભૂમિથી પાંચ સો યોજન ઉંચે નંદનવન છે, ત્યાંથી સાડી પંચાવન હજાર યોજન ઉંચે સોમનસ વન છે અને ત્યાંથી અઠ્ઠાવીશ હજાર યોજન ઉંચે પાંડુક વન છે. કુલ ચોરાશી હજાર યોજન થયા. તથા ભૂમિની અંદર એક હજાર યોજન હોવાથી કુલ પંચાશી હજાર યોજન ઉંચા છે. ૪—૨૨૮

બન્ને મેરૂનો વિસ્તાર કહે છે:—

**તહ પણણુવઈ ચઉણુઉઅ, અદ્ધચઉણુઉઅ અટ્ઠતીસા ય;**
**દસ સયાઈ કમેણં, પણટ્ઠાણ પિહુત્તિ હિટ્ઠાઓ. ૫-૨૨૯**

| | |
|---|---|
| પણણુવઇ—પંચાણુ | કમેણં—અનુક્રમે |
| ચઉણુઉઅ—ચોરાણુ | પણઠાણ—પાંચ સ્થાનની |
| અદ્ધચઉણુઉ—સાડી ત્રાણુ | પિહુત્તિ—પહોળાઇ |
| અટ્ઠતીસા—આડત્રીસ | હિટ્ઠાઓ—હેઠેથી |

અર્થ—તથા પંચાણું સો, ચોરાણું સો, સાડીત્રાણું સો, આડત્રીશ સો, અને દશ સો, આ પ્રમાણે નીચેથી અનુક્રમે પાંચ સ્થાનોની પહોળાઈ જાણવી. ૫-૨૨૯

વિસ્તરાર્થ—અહીં મેરૂની પાંચ સ્થાનોની પહોળાઈ આ પ્રમાણે:—મૂળમાં ૯૫૦૦ યોજન, ભૂતળ આગળ ૯૪૦૦ યોજન, નંદનવને ૯૩૫૦ યોજન, સોમનસ વને ૩૮૦૦ યોજન, અને શિખર ઉપર ૧૦૦૦ યોજન વિસ્તાર છે.

આ એ મેરૂપર્વતના કોઈ પણ ઇચ્છિત સ્થાને તેનો વિસ્તાર જાણવા માટે હાનિ અને વૃદ્ધિ લાવવાની રીત આ પ્રમાણે છે:-મૂળમાં મેરૂનો વિસ્તાર ૯૫૦૦ યોજન છે તેમાંથી શિખરનો વિસ્તાર જે ૧૦૦૦ યોજન છે તે બાદ કરતાં ૮૫૦૦ યોજન રહે છે, તેને મેરૂની કુલ ઉંચાઈ ૮૫૦૦૦ યોજન વડે ભાગવા. પણ ભાગ ચાલતો નથી, તેથી ૮૫૦૦ ને દશે ગુણવા ત્યારે ૮૫૦૦૦ દશાંશ થયા. તેને ૮૫૦૦૦ વડે ભાગતાં ભાગમાં ૧ આવે છે, તેથી સિદ્ધ થયું કે ભૂતળથી ઉંચે ચડતાં દરેક યોજને એક દશાંશ યોજન એટલે એક યોજનનો દશમો એક ભાગ વિસ્તારમાં ઘટે છે અને શિખર ઉપરથી નીચે ઉતરતાં દરેક યોજને એક દશાંશ યોજન વિસ્તારમાં વધે છે. એટલે દશ યોજને એક યોજનની હાની-વૃદ્ધિ સમજવી. ૫-૨૨૯

હવે જંબૂદ્વીપ કરતાં જે પદાર્થોનું અહીં બમણું પ્રમાણ છે તે કહે છે:—

**ણઇકુંડદીવવણમુહ-દહદીહરસેલકમલવિત્થારં;**
**ણઇઉંડત્તં ચ તહા, દહદીહત્તં ચ ઇહ દુગુણં. ૬-૨૩૦**

| | |
|---|---|
| વણમુહ-વનમુખ | ણઇઉંડત્ત-નદીની ઊંડાઈ |
| દહ-દ્રહ | દીહત્તં-લંબાઈ |
| દીહરસેલ-દીર્ઘ (લાંબા) પર્વતો | ઇહ-અહીં (ધાતકી ખંડમાં) |

અર્થ :—અહીં નદીઓનો, કુંડોનો, દ્વીપોનો, વનમુખોનો, દ્રહોનો, દીર્ઘ પર્વતોનો અને કમળોનો વિસ્તાર બમણો છે; તથા નદીઓનું ઉંડપણું તેમજ દ્રહોનું લાંબપણું અને પહોળપણું બમણું છે. ૬-૨૩૦

વિસ્તરાર્થ—પૂર્વ ધાતકી ખંડના બત્રીશ વિજયની ૬૪ નદીઓ, પશ્ચિમ ધાતકીખંડના બત્રીસ વિજયની ૬૪ નદીઓ, એ પ્રમાણે બંને ભરતક્ષેત્રની ગંગા નદી ૨, સિંધુ નદી ૨, અને બે ઐરવત ક્ષેત્રની રક્તા નદી ૨. રક્તવતી નદી ૨, સર્વ મળીને ૧૩૬ નદીઓ. બે હૈમવત ક્ષેત્રની ૪ નદી, બે એરણ્યવત ક્ષેત્રની ૪ નદી, બે મહાવિદેહની અંતરનદી ૨૪, સર્વ મળીને ૩૨ નદીઓ, બે હરિવર્ષ ક્ષેત્રની ૪ નદી, બે રમ્યક ક્ષેત્રની ૪ નદી મળીને ૮ નદીઓ તથા શીતા નદી ૨ અને શીતોદા નદી ૨ મળીને ૪ નદીઓ થઈ. કુલ ૧૩૬-૩૨-૮-૪ નદીઓનો તેમના પ્રપાતકુંડો તથા દ્વીપોનો વિસ્તાર વગેરે અહીં જંબૂદ્વીપના કરતા બમણું છે તે સંબંધી યંત્ર (જુઓ પૃષ્ઠ ૨૯૦)

| | | | | |
|---|---|---|---|---|
| ધાતકી ખંડ નદીઓ | ૧૩૬ | ૩૨ | ૮ | ૪ |
| જીભી વિસ્તાર યોજન | ૧૨॥ | ૨૫ | ૫૦ | ૧૦૦ |
| જીભી જાડી યોજન | ૦। | ૦॥ | ૧ | ૨ |
| જીભી લાંબા યોજન | ૧ | ૨ | ૪ | ૮ |
| નદીમૂલ વિસ્તાર યોજન | ૧૨॥ | ૨૫ | ૫૦ | ૧૦૦ |
| મૂળમાં ઉંડપણું યોજન | ૦। | ૦॥ | ૧ | ૨ |
| અંત્ય વિસ્તાર યોજન | ૧૨૫ | ૨૫૦ | ૫૦૦ | ૧૦૦૦ |
| અંત્ય ઉંડપણું યોજન | ૨॥ | ૫ | ૧૦ | ૨૦ |
| નદી કુંડ વિસ્તાર યોજન | ૧૨૦ | ૨૪૦ | ૪૮૦ | ૯૬૦ |
| નદીદ્વીપ વિસ્તાર યોજન | ૧૬ | ૩૨ | ૬૪ | ૧૨૮ |
| કુંડદ્વાર વિસ્તાર યોજન | ૧૨॥ | ૨૫ | ૫૦ | ૧૦૦ |
| મધ્યગિરિ અંતર યોજન | ૦॥ | ૧ | ૨ | ૪ |

તથા વળી અહીં વનમુખનો વિસ્તાર બમણો કહ્યો છે, પરંતુ લવણસમુદ્રની દિશા તરફ વનમુખનો વિસ્તાર તેથી વિપરીત છે. તે આ પ્રમાણે:—નદીની પાસે બે કળા

અને કુળગિરિની પાસે ૫૮૪૪ યોજન વિસ્તાર છે એવો સંપ્રદાય છે, વળી જંબૂદ્વીપના ૧૬ દ્રહો કરતાં અહીંના ૩૨ દ્રહોનો વિસ્તાર તથા લંબાઈ અનુક્રમે બમણા છે, તેમજ દીર્ઘ પર્વત એટલે ૧૨ વર્ષધર, ૩૨ વક્ષસ્કાર, ૬૮ વૈતાઢય અને ૮ ગજદંત એમનો વિસ્તાર પણ જંબૂદ્વીપના તે તે પર્વતો કરતાં બમણો જાણવો. કમળોનો વિસ્તાર પણ બમણો જાણવો. તેમજ નદીઓની ઉંડાઈ બમણી છે તે યંત્રમાં જણાવી છે. ૬–૨૩૦

હવે ભદ્રશાલ વનનું પ્રમાણ કહે છેઃ—

**ઇગલકખુ સત્તસહસા, અડ સય ગુણસીઈ ભદ્દસાલવણું;**
**પુવ્વાવરદીહં તં, જામુત્તર અટ્ઠસીભઈઅં. ૭–૨૩૧**

| | |
|---|---|
| ઇગલકખુ—એક લાખ | પુવ્વાવરદીહં—પૂર્વથી પશ્ચિમ લાંબુ |
| ગુણસીઈ—ઓગણાએંસી | જામુત્તર—દક્ષિણથી ઉત્તર |
| ભદ્દસાલવણું—ભદ્રસાલવન | અટ્ઠસીભઈઅં—અટ્ઠસીમા ભાગે |

અર્થ—ભદ્રસાલ વન એક લાખ, સાત હજાર, આઠ સો ને ઓગણાએંશી (૧૦૭૮૭૯) યોજન પૂર્વ પશ્ચિમ લાંબુ છે, તથા દક્ષિણ–ઉત્તર અઠયાશી વડે ભાગ દઈએ તેટલું પહોળું છે. ૭–૨૩૧

વિસ્તરાર્થ—ધાતકી ખંડ ચાર લાખ યોજન પહોળો છે. તેમાંથી બે વનમુખે ૧૧૬૮૮ યોજન રોકયા છે. આઠ વક્ષસ્કારોએ ૮૦૦૦ યોજન રોકયા છે. ૭ અન્તર નદીઓએ ૧૫૦૦ યોજન રોકયા છે. તથા ૧૬ વિજયોએ ૧૫૩૬૫૪

યોજન રોકયા છે. તથા મેરૂ પર્વતે ૯૪૦૦ યોજન રોકયા છે, એમ એ પાંચેએ મળીને ૧૮૪૨૪૨ યોજન રોકયા છે. તે ચાર લાખના વિસ્તારમાંથી બાદ કરીએ ત્યારે ૨૧૫૭૫૮ યોજન રહે. તેનું અર્ધ કરીએ ત્યારે ૧૦૭૮૭૯ યોજન પ્રમાણ ભદ્રસાલ વનની લંબાઈ આવે છે, તેને અઠાસીએ ભાગીએ ત્યારે ૧૨૨૬ યોજન પ્રમાણ તેની પહોળાઈ આવે છે. ૭-૨૩૧.

ધાતકી ખંડના આઠ ગજદંતનું સ્વરૂપ કહે છેઃ—

**બહિ ગયદંતા દીહા, પણલકખૂણસયરિસહસ દુગુણટ્ઠા;**
**ઇઅરે તિલકખ છપ્પણ્ણા–સહસ્સ સય દુણ્ણિ**
**સગવીસા. ૮-૨૩૨**

| | |
|---|---|
| બહિ-(મેરૂની) બહારના | ઇઅરે-ઇતર |
| ગયદંતા-ગજદંતા | તિલકખ-ત્રણ લાખ |
| ઉણસયરિ-અગુણોત્તર | સયદુણ્ણિ-બસો |
| દુગુણટ્ઠા-બસો ઓગણસાઠ | સગવીસા-સત્તાવીસ |

અર્થ—અહીં બહારની દિશામાં રહેલા ચાર ગજદંતા પર્વતો પ્રત્યેક પાંચ લાખ, ઓગણોતેર હજાર, બસો ને ઓગણસાઠ ૫૬૯૨૫૯ યોજન લાંબા છે. તથા બીજા અંદર રહેલા ચાર ગજદંતા ત્રણ લાખ, છપ્પન હજાર, બસો ને સત્તાવીશ ( ૩૫૬૨૨૭ ) યોજન લાંબા છે, તથા એક એક મેરૂપર્વતની બહારની અને મધ્યની દિશામાં રહેલા બબે બબે ગજદંતનું પ્રમાણ એકત્ર કરીએ ત્યારે ૯૨૫૪૮૬ યોજન થાય, તેટલું ઉત્તરકુરૂ અને દેવકુરૂનું ધનુઃપૃષ્ઠ સમજવું. ૮-૨૩૨

ગજદંતા ને વક્ષસ્કારનો વિસ્તાર તથા ઉંચાઈનો યંત્ર.

| ધાતકીખંડ | ગજદંત-૮ | વક્ષસ્કાર પર્વત ૩૨ | બે ગજદંતા મળીને થતું દેવકુરૂ ને ઉત્તરકુરૂનું ધનુઃપૃષ્ઠ |
|---|---|---|---|
| આદિ વિસ્તાર | યો૦ ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૬૯૨૫૯ બહાર-ના ૪ નું દરેકનું |
| છેડે વિસ્તાર | ખડ્ગની ધાર જેટલો | ૧૦૦૦ | ૩૫૬૨૨૭ અંદર-ના ૪ નું દરેકનું |
| આદિ ઉંચપણું | યો૦ ૪૦૦ | ૪૦૦ | ૯૨૫૪૮૬ યોજન |
| અંતે ઉંચપણું | યો૦ ૫૦૦ | ૫૦૦ | |

વક્ષસ્કાર વિગેરેનું લાંબપણું કહે છે:—

**ખિત્તાણુમાણુઓ સેસ-સેલણુઈવિજયવણુમુહાયામો;**
**ચઉલકખદીહ વાસા, વાસવિજયવિત્થરો ઉ ઇમો.૨-૨૩૩**

| | |
|---|---|
| ખિત્તાણુમાણુઓ-ક્ષેત્રને અનુસારે | વાસા-ક્ષેત્રો |
| સેસસેલ-બાકીના પર્વતો | વિત્થરો-વિસ્તાર |
| આયામો-લંબાઈ | ઇમો-આ |

**અર્થ** :—બાકીના પર્વતો, નદીઓ; વિજયો, અને વનમુખોની લંબાઈ ક્ષેત્રના અનુસારે જાણવી. ક્ષેત્રોની લંબાઈ ચાર લાખ યોજન છે. ક્ષેત્રો તથા વિજયોનો વિસ્તાર આ પ્રમાણે છે. ૨૩૩

**વિવેચન** :—અહીં બીજા બધા પર્વતોનું પ્રમાણ

આવી ગયું હોવાથી સેસ શબ્દથી ૩૨ વક્ષસ્કાર પર્વતો લેવા. નદીઓ એટલે ૨૪ અંતરનદીઓ ૬૪ વિજયો અને ૮ વનમુખ એ સર્વની લંબાઈ ક્ષેત્રના અનુસારે જાણવી. અહિં મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર ક્રમસર વધતો વધતો જતો હોવાથી ચોક્કસ સંખ્યા કહી શકાય નહિ. તેથી ક્ષેત્રના અનુસાર એમ કહ્યું છે. એટલે કે પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડનું બન્ને ઇષુકાર દિશિએ જેટલું ક્ષેત્રનું લાંબપણું છે તેટલું વક્ષસ્કારાદિકનું પણ લાંબપણું ક્રમસર વધતું વધતું જાણવું. તથા વર્ષો એટલે પૂર્વ ધાતકીખંડનાં સાત ક્ષેત્રો અને પશ્ચિમ ધાતકીખંડનાં સાત ક્ષેત્રો દરેક ચાર લાખ યોજન લાંબાં છે. હવે ક્ષેત્રો અને વિજયોનો વિસ્તાર–પહોળપણું આ પ્રમાણે એટલે નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે જાણવો. ૯–૨૩૩

ક્ષેત્રાદિનું પ્રમાણ કહે છે:—

**ખિત્તંકગુણધુવકે, દો સય બારૂત્તરેહિં પવિભત્તે;**
**સવ્વત્થ વાસવાસો, હવેઇ ઇહ પુણ ઇય ધુવંકા. ૧૦–૨૩૪**

ખિત્તંક–ક્ષેત્રના આંકને
ગુણ–ગુણેલા
ધુવકે–ધ્રુવાંકને
બારૂત્તરેહિ–બાર અધિક
પવિભત્તે–ભાગે છતે
સવ્વત્થ–સર્વસ્થાને
વાસવાસો–ક્ષેત્રોનો વ્યાસ (વિસ્તાર)
ઇહ પુણ–વળી અહીં

અર્થ :—ક્ષેત્રાંકને ધ્રુવાંક સાથે ગુણી બસો બાર વડે ભાગવાથી સર્વત્ર ક્ષેત્રનો વિસ્તાર આવે છે. અહીં ધ્રુવાંક આ પ્રમાણે જાણવા ૧૦–૨૩૪.

**વિવેચન**—ક્ષેત્રના અંકને ધ્રુવાંક સાથે ગુણવા. એટલે ક્ષેત્રના અંક ૧-૪-૧૬-૬૪ વિગેરેને નીચેની ગાથામાં કહેલા ધ્રુવાંક સાથે ગુણવા. પછી તેને બસો ને બાર (૨૧૨) વડે ભાગવા, કેમકે ક્ષેત્રાંકનો સરવાળો ૨૧૨ થાય છે; તે આ પ્રમાણે :—

ભરતક્ષેત્રનો અંક ૧, હિમવંત ક્ષેત્રાંક ૪, હરિવર્ષ ક્ષેત્રાંક ૧૬, મહાવિદેહ ક્ષેત્રાંક ૬૪, રમ્યક ક્ષેત્રાંક ૧૬, ઐરણ્યવત ક્ષેત્રાંક ૪, ઐરવત ક્ષેત્રાંક ૧ આ સર્વને એકઠા કરવાથી ૧૦૬ થાય છે. આ પ્રમાણે એક બાજુનો સરવાળો થયો. બીજી બાજુ પણ ૭ ક્ષેત્રો હોવાથી તેને બમણા કરતાં ૨૧૨ ભાજક અંક થાય છે. આ રીતે ભાગવાથી સર્વ ઠેકાણે એટલે આદિ, મધ્ય અને અંતને વિષે ક્ષેત્રનો વ્યાસ-વિસ્તાર થાય છે. અહીં ધાતકીખંડને વિષે વળી આ પ્રમાણે એટલે નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે ધ્રુવાંક છે. ૧૦-૨૩૪

તે ધ્રુવાંક કહે છે—

ધુરિ ચઉદ લકખ દુસહસ, દોસગણુઉઆ ધુવં
તહા મજ્ઝે;
દુસય અડુત્તર સતસ-ટ્ઠિસહસ છવ્વીસ લકખા ય.
૧૧-૨૩૫
ગુણવીસ સયં બત્તીસ, સહસ ગુણયાલ લકખ ધુવમંતે;
ણઇગિરિવણમાણવિસુ-દ્ધ ખિત્ત સોલંસ પિહુ વિજયા.
૧૨-૨૩૬

| | |
|---|---|
| ધુરિ–શરૂઆતમાં, પ્રારંભમાં | ગુણુવીસસયં–એકસો ઓગણીસ |
| સગણુઉઆ–સત્તાણુ | ગુણુયાલ–ઓગણુચાલીસ |
| ધુવં–ધ્રુવાંક | ધુવમન્તે–અન્તનો ધ્રુવાંક |
| મજ્ઝે–મધ્યમાં (વચ્ચે) | માણુ–પ્રમાણુ |
| અડુત્તર–આઠ અધિક | વિશુદ્ધ–બાદ કરેલું |
| સતસઠિ–સડસઠ | સોલંસ–સોળમા ભાગ જેટલી |
| લક્ખા–લાખ | |

**અર્થ**—આદિને વિષે ચઉદ લાખ, બે હજાર, બસો ને સતાણુ (૧૪૦૨૨૯૭) ધ્રુવાંક થાય છે, તથા મધ્યને વિષે બસો આઠે અધિક, સડસઠ હજાર, અને છવીશ લાખ (૨૬૬૭૨૦૮) ધ્રુવાંક થાય છે, (૧૧) તથા એક સો ને ઓગણીશે અધિક બત્રીશ હજાર, ઓગણુચાળીશ લાખ (૩૯૩૨૧૧૯) ધ્રુવાંક અંતને વિષે થાય છે; તથા અંતરનદી, વક્ષસ્કાર પર્વત, મેરૂપર્વત, ભદ્રશાળ વન અને વનમુખ, તેમના પ્રમાણવડે શોધેલા–બાદ કરેલા ક્ષેત્રના વિસ્તારના સોળમા ભાગ જેટલા પહોળા વિજયો હોય છે. ૧૧–૧૨–૨૩૫–૨૩૬

(આ ધ્રુવાંક ધાતકીખંડની આદિ, મધ્ય ને અંત્ય પરિધિમાંથી ૧૪ પર્વતોનો વિસ્તાર બાદ કરતાં આવે છે. તે પર્વતો સંબંધી યંત્ર ૩૦૪ પૃષ્ટમાં આપેલ છે.)

**વિવેચન**:—અહીં પ્રથમ આદિનો વાંક ૧૪૦૨૨૯૭ છે. અને ક્ષેત્રનો અંક ૧ છે, તેથી તેને એકે ગુણતાં તેટલોજ અંક આવે છે. તેને ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે ૨૧૨ વડે ભાગતાં ૬૬૧૪ આવે છે. આટલો ભરત અને ઐરવતનો આદિ વિસ્તાર જાણુવો. મધ્યનો

ધ્રુવાંક ૨૬૬૭૨૦૮ નો છે તેને પણ ક્ષેત્રાંક એક વડે ગુણતાં તેટલો જ અંક આવે. તેને ૨૧૨ વડે ભાંગતાં ૧૧૫૮૧ ૩૬/૨૧૨ આવે છે. આટલો ભરત અને ઐરવતનો મધ્ય વિસ્તાર જાણવો. તથા અંત્યનો ધ્રુવાંક ૩૯૩૨૧૧૯ છે તેને ક્ષેત્રના અંક એકવડે ગુણતાં તેટલા જ આવે છે. તેને ૨૧૨ વડે ભાગતાં ૧૮૫૪૭ ૧૧૫/૨૧૨ આવે છે. આટલો ભરત અને ઐરવતનો અંત્ય વિસ્તાર છે. એ જ રીતે ઉપર લખેલા આદિ ધ્રુવાંકને ચારે ગુણી ૨૧૨ વડે ભાગવાથી હૈમવત અને ઐરણ્યવતનો આદિ વિસ્તાર આવે છે. સોળે ગુણી ૨૧૨ વડે ભાગવાથી હરિવર્ષ અને રમ્યકનો આદિ વિસ્તાર આવે છે, તથા ૬૪ વડે ગુણી ૨૧૨ વડે ભાગવાથી મહા વિદેહનો આદિ વિસ્તાર આવે છે. એ જ રીતે મધ્યના ૨૬૬૭૨૦૮ ધ્રુવાંકને અનુક્રમે ૪-૧૬-૬૪ વડે ગુણી ૨૧૨ વડે ભાંગવાથી તે તે ક્ષેત્રનો મધ્ય વિસ્તાર આવે છે, અને અંત્યના ૩૯૩૨૧૧૯ ધ્રુવાંકને અનુક્રમે ૪-૧૬-૬૪ વડે ગુણી ૨૧૨ વડે ભાગવાથી તે તે ક્ષેત્રનો અંત્ય વિસ્તાર આવે છે.

તથા અંતરનદી, વક્ષસ્કાર પર્વત, મેરૂ ને ભદ્રશાળવન અને વનમુખ એ સર્વના વિસ્તારને એકત્ર કરી તેને ક્ષેત્રના વિસ્તારમાંથી બાદ કરવા. જે શેષ રહે તેને ૧૬ વડે ભાગવાથી જે આવે તે દરેક વિજયનો વિસ્તાર જાણવો. તે આ પ્રમાણે:–છ અંતરનદીનો વિસ્તાર ૧૫૦૦ યોજન આઠ વક્ષસ્કારનો વિસ્તાર ૮૦૦૦ યોજન, મેરૂ અને બે બાજુના ભદ્રસાલ વનનો વિસ્તાર ૨૨૫૧૫૮ યોજન અને બે વનમુખનો વિસ્તાર ૧૧૬૮૮ યોજન. આ ચારેને ભેગો વિસ્તાર ૨૪૬૩૪૬

## ધાતકીખંડના ક્ષેત્રના ત્રણ વિસ્તારનો યંત્રઃ—

| ધાતકીખંડનાં ક્ષેત્રો | બે ભરત બે ઐરવત | બે હૈમવત બે ઐરણ્યવત | બે હરિવર્ષ બે રમ્યક | બે મહાવિદેહ |
|---|---|---|---|---|
| ક્ષેત્રનો ધ્રુવાંક | ૧ | ૪ | ૧૬ | ૬૪ |
| આદિધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૧૪૦૨૨૯૭ | ૫૬૦૯૧૮૮ | ૨૨૪૩૬૭૫૨ | ૮૯૭૪૭૦૦૮ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૬૬૧૪ $\frac{૧૨૯}{૨૧૨}$ | ૨૬૪૫૮ $\frac{૯૨}{૨૧૨}$ | ૧૦૫૮૩૩ $\frac{૧૫૬}{૨૧૨}$ | ૪૨૩૩૩૪ $\frac{૨૦૦}{૨૧૨}$ |
| મધ્યધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૨૬૬૭૨૦૮ | ૧૦૬૬૮૮૩૨ | ૪૨૬૭૫૩૨૮ | ૧૭૦૭૦૧૩૧૨ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૧૨૫૮૧ $\frac{૩૬}{૨૧૨}$ | ૫૦૩૨૪ $\frac{૧૪૪}{૨૧૨}$ | ૨૦૧૨૯૮ $\frac{૧૫૨}{૨૧૨}$ | ૮૦૫૧૯૪ $\frac{૧૮૪}{૨૧૨}$ |
| અંત્યધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૩૯૩૨૧૧૯ | ૧૫૭૨૮૪૭૬ | ૬૨૯૧૩૯૦૪ | ૨૫૧૬૫૫૬૧૬ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૧૮૫૪૭ $\frac{૧૫૫}{૨૧૨}$ | ૭૪૧૯૦ $\frac{૧૯૬}{૨૧૨}$ | ૨૯૬૭૬૩ $\frac{૧૪૮}{૨૧૨}$ | ૧૧૮૭૦૫૪ $\frac{૧૯૮}{૨૧૨}$ |

યોજન થાય છે. તેને ક્ષેત્રના કુલ વિસ્તાર ૪૦૦૦૦૦ માંથી બાદ કરીએ ત્યારે ૧૫૩૬૫૪ રહે છે. તેને સોળે ભાગવાથી ૯૬૦૩$\frac{6}{16}$ યોજન આવે. તેટલો દરેક વિજયનો વિસ્તાર જાણુવો. આ જ રીતે અંતરનદી, વક્ષસ્કાર વિગેરે કોઇ પણ ઇષ્ટ વસ્તુનો વિસ્તાર જાણુવો હોય તો તે ઇષ્ટ વસ્તુ વિના બાકીના ચારના વિસ્તારનો અંક એકત્ર કરી તેને દ્વીપના વિષ્કંભ (ચાર લાખ) માંથી બાદ કરવા. જે શેષ રહે તેને ઇષ્ટ ક્ષેત્રની સંખ્યાવડે (જેમકે અંતરનદી છ છે તો છ વડે, મેરૂ ને ભદ્રશાળવન એક છે તો એકવડે, વક્ષસ્કાર આઠ છે તો આઠ વડે, મુખવન બે છે તો બે વડે) ભાગવાથી જે સંખ્યા આવે તે તે ઇષ્ટ વસ્તુનો વિસ્તાર જાણુવો. ૧૨-૨૩૬

તે દરેક વિજયનો વિસ્તાર કહે છે :—

**ણુવ સહસા છ સય તિઉત્તરા ય છચ્ચેવ સોલ ભાયા ય;**
**વિજયપિહુત્ત ણઇગિરિ-વણુવિજયસમાસિ**
**ચઉલકખા. ૧૩-૨૩૭**

| | |
|---|---|
| તિઉત્તરા-ત્રણુ અધિક | વણુ-વનમુખ |
| સોલભાયા-સોલીયા ભાગ | સમાસિ-સરવાળો |
| પિહુત્તં-પહોળાઇ | ચઉલકખા-ચાર લાખ |

અર્થ :—નવ હજાર, છ સો, અને ત્રણુ અધિક, તથા છ સોળીઆ ભાગ ૯૬૦૩$\frac{6}{16}$ આટલો દરેક વિજયનો વિસ્તાર છે. હવે અંતરનદી, વક્ષસ્કારગિરિ, મેરૂવન, વનમુખ તથા વિજય એ સર્વનો સરવાળો કરવાથી ચાર લાખ યોજન

## મહાવિદેહ સંબંધી વિજયાદિના કરણની સ્થાપના:—

| વિષ્કંભકરણ | ઇષ્ટ વસ્તુ સિવાય બાકીની વસ્તુનો વિસ્તાર | સર્વનો સરવાળો | ચાર લાખ માંથી બાદ કર્યા | ભાજકાંક | ભાગતાં આવેલો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| મેરૂ અને બે બાજુનું ભદ્રશાળ વન | ૧૫૩૬૫૪-૮૦૦૦-૧૫૦૦-૧૧૬૮૮ | ૧૭૪૮૪૨ | ૨૨૫૧૫૮ | ૧ | ૨૨૫૧૫૮ |
| સોળ વિજય | ૨૨૫૧૫૮-૮૦૦૦-૧૫૦૦-૧૧૬૮૮ | ૨૪૬૩૪૬ | ૧૫૩૬૫૪ | ૧૬ | ૯૬૦૩ ૬/૧૬ |
| આઠ વક્ષસ્કાર | ૨૨૫૧૫૮-૧૫૩૬૫૪-૧૫૦૦-૧૧૬૮૮ | ૩૯૨૦૦૦ | ૮૦૦૦ | ૮ | ૧૦૦૦ |
| ૭ અંતરનદી | ૨૨૫૧૫૮-૧૫૩૬૫૪-૮૦૦૦-૧૧૬૮૮ | ૩૯૮૫૦૦ | ૧૫૦૦ | ૬ | ૨૫૦ |
| બે વનમુખ | ૨૨૫૧૫૮-૧૫૩૬૫૪-૮૦૦૦-૧૫૦૦ | ૩૮૮૩૧૨ | ૧૧૬૮૮ | ૨ | ૫૮૪૪ |

આખા ધાતકીખંડનો વિસ્તાર આવે છે; (વિજયનાં નામો પ્રથમ જંબૂદ્વીપમાં કહ્યા છે તે પ્રમાણે અહીં પણ જાણવાં.) ૧૩–૨૩૭

## મહાવિદેહ સ્થાપના :—

| વસ્તુનાં નામ | યોજન વિસ્તાર |
|---|---|
| છ અંતર નદી | ૧૫૦૦ |
| એક મેરૂને બે બાજુના ભદ્રશાલ વન | ૨૨૫૧૫૮ |
| આઠ વક્ષસ્કાર | ૮૦૦૦ |
| બે વન મુખ | ૧૧૬૮૮ |
| સોળ વિજય | ૧૫૩૬૫૪ |
| કુલ.... | ૪૦૦૦૦૦ |

હવે વિજયોની નગરીઓ અને વૃક્ષ વિગેરેનું સ્વરૂપ કહે છે :—

**પુવ્વં વ પુરી અતરુ, પરસુત્તરકુરુસુ ધાઇ મહધાઇ;**
**રૂકખા તેસુ સુદંસણ–પિયદંસણુનામયા દેવા. ૧૪–૨૩૮**

પુવ્વંવ—પૂર્વની પેઠે
પુરી—નગરીઓ
તરૂ—વૃક્ષો
પરં—પરંતુ, વિશેષમાં
ધાઇ—ધાતકી
મહાધાઇ—મહા ધાતકી નામના
રૂકખા—વૃક્ષો
સુદંસણ—સુદર્શન
પિઅદંસણા—પ્રિયદર્શન
નામયા—નામના

અર્થ :—પૂર્વની જેમ નગરીઓ તથા વૃક્ષો જાણવાં. પરંતુ ઉત્તરકુરૂમાં ધાતકી અને મહાધાતકી નામે વૃક્ષો જાણવાં. તેઓને વિષે સુદર્શન અને પ્રિયદર્શન નામના દેવો જાણવાં. ૧૪—૨૩૯.

વિવેચન—પૂર્વની જેમ એટલે જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જ આ ધાતકીખંડને વિષે વિજયની નગરીઓ અને વૃક્ષો જાણવા. તેમાં નગરીઓનાં નામ જંબૂદ્વીપની વિજયોમાં કહ્યા પ્રમાણે જાણવા, પરંતુ પૂર્વ ધાતકીના ઉત્તર કુરૂક્ષેત્રમાં ધાતકીવૃક્ષ અને પશ્ચિમ ધાતકીના ઉત્તરકુરૂમાં મહાધાતકી નામે વૃક્ષ જાણવાં. તે વૃક્ષોને વિષે સુદર્શન અને પ્રિયદર્શન નામના દેવો અનુક્રમે વસે છે, તથા બે દેવકુરૂને વિષે ગરૂડ નામના દેવના જ બે શાલ્મલી વૃક્ષો પૂર્વે જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જાણવા. ૧૪—૨૩૮

ધાતકીખંડની ત્રણ પરિધિ કહે છે:—

**ધુવરાસીસુ અ મિલિઆ, એગો લકખો અ અડસયરી સહસ્સા,**
**અટ્ઠ સયા બાયાલા, પરિહિતિગં ધાયઇસંડે. ૧૫—૨૩૯**

ધુવરાસીસુ—ધ્રુવ રાશિઓમાં
મિલિઆ—મેળવ્યા, મેળવતાં
અડસયરિ—અઠ્ઠોતેર
અટ્ઠસયા—આઠસો
પરિહિતિગં—ત્રણ પરિધિઓ
ધાયઇસંડે—ધાતકી ખંડમાં

અર્થ :—પૂર્વે કહેલી આદિ, મધ્ય અને અંત્યની ત્રણ ધ્રુવરાશિમાં એક લાખ, અઠયોતેર હજાર, આઠસો ને બેંતાળીશ ૧૭૮૮૪૨ યોજન પર્વતોના વિસ્તારના મેળવીએ, ત્યારે ધાતકીખંડની ત્રણે પરિધિ થાય છે. ૧૫–૨૩૯

ધાતકીખંડની ત્રણ પરિધિની સ્થાપના :—

| ધાતકીખંડનો પરિધિ | આદિ પરિધિ | મધ્ય પરિધિ | અંત્ય પરિધિ |
|---|---|---|---|
| ચૌદ ક્ષેત્રોએ રોકેલ ધ્રુવરાશિ | ૧૪૦૨૨૯૭ | ૨૬૬૭૨૦૮ | ૩૯૩૨૧૧૯ |
| બાર વર્ષધર ને બે ઇષુકારે મળીને રોકેલી રાશિ | ૧૭૮૮૪૨ | ૧૭૮૮૪૨ | ૧૭૮૮૪૨ |
| ઉપરની બે રકમ મળીને થયેલી રાશિ | ૧૫૮૧૧૩૯ | ૨૮૪૬૦૫૦ | ૪૧૧૦૯૬૧ |

હવે તે ધ્રુવાંક કેવી રીતે આવે છે તેનો વિધિ ગ્રંથાંતરમાં કહ્યો છે, તે આ પ્રમાણે:—

ઇહ વાસહરા જંબૂ, સેલદુગુણવિત્થરા ચ ઉસુઆરા;
ખિત્તં પુસંતિ લકખો, અડસયરિ સહસ (અડસય)
બીયાલા ૧

# ધાતકીખંડના પર્વતોનો વિસ્તાર

| પર્વતનું નામ | જંબૂદ્વીપ વિસ્તાર | ધાતકીખંડ વિસ્તાર | એવા બે પર્વતોનો મળીને વિસ્તાર |
|---|---|---|---|
| ૧ ચૂલહિમવંત | ૧૦૫૨-૧૨ | ૨૧૦૫-૫ | ૪૨૧૦-૧૦ |
| ૨ શિખરી | ૧૦૫૨-૧૨ | ૨૧૦૫-૫ | ૪૨૧૦-૧૦ |
| ૩ મહાહિમવંત | ૪૨૧૦-૧૦ | ૮૪૨૧-૧ | ૧૬૮૪૨—૨ |
| ૪ રૂપી | ૪૨૧૦-૧૦ | ૮૪૨૧-૧ | ૧૬૮૪૨—૨ |
| ૫ નિષધ | ૧૬૮૪૨—૨ | ૩૩૬૮૪-૪ | ૬૭૩૬૮—૮ |
| ૬ નીલવંત | ૧૬૮૪૨—૨ | ૩૩૬૮૪-૪ | ૬૭૩૬૮—૮ |
| ૭ ઇષુકાર | ૦ | ૧૦૦૦-૦ | ૨૦૦૦—૦ |
| | | ચોક પર્વતોનો કુલ યોજન | ૧૭૮૮૪૨-૨ |

**તેણૂણુ લવણુપરિહી, ધાયઇસંડસ્સ આઇધુવરાસી;**
**ગિરિપિહુણા તમ્મજ્ઝ, પરિહિ સ મજ્ઝ ધુવરાસી. ૨**
**અંતસ્સવિ જા પરિહી, ગિરિવિત્થરરહિય અંત ધુવરાસી;**
**ગિરિવિત્થરેણુ મિલિયં, પરિહિતિગણુકમેણ ભવે. ૩**

અર્થ:—અહીં ધાતકીખંડમાં વર્ષધર પર્વતો છે તે જંબૂદ્વીપના વર્ષધરો કરતાં બમણા વિસ્તારવાળા (પહોળા) છે. તેવો ૧૨ વર્ષધરનો વિસ્તાર અને પુનઃ બે ઇષુકારનો વિસ્તાર મળીને એક લાખ, અઠયોતેર હજાર, આઠસો ને બેંતાળીશ યોજન ક્ષેત્રને સ્પર્શે છે અર્થાત્ રોકે છે. તેટલા યોજન ઊણી લવણુસમુદ્રની પરિધિ તે ધાતકીખંડની આદિ ધ્રુવરાશિ જાણવી, અને કુલ ૧૪ પર્વતોએ સ્પર્શેલા ઉક્ત યોજનથી ઊણી મધ્યપરિધિ તે મધ્ય ધ્રુવરાશિ. અને ૧૪ પર્વતોના વિસ્તારથી ઊણી અંતની પરિધિ તે અંત ધ્રુવરાશિ. ત્રણે ધ્રુવરાશિમાં ૧૪ ગિરિનો વિસ્તાર (જેનું યંત્ર આ નીચે આપેલ છે તે) ભેળવીએ એટલે અનુક્રમે ત્રણે પ્રકારની પરિધિ થાય. ૧–૨–૩

॥ ઇતિ લઘુક્ષેત્રસમાસવિવરણે તૃતીયઃ
ધાતકીખણ્ડદ્વીપાધિકારઃ ॥

---

## ધાતકીખંડમાં આવેલા (૫૪૦) પર્વતોનું વિવરણ.

| પર્વતનું નામ | સંખ્યા | યોજન લંબાઈ | યોજન પહોળાઈ | યોજન ઉંચાઈ | આકૃતિ |
|---|---|---|---|---|---|
| મેરૂ | ૨ | ૬૪૦૦ | ૬૪૦૦ | ૮૫૦૦૦ | ગોળ |
| ઇષુકાર | ૨ | ચાર લાખ | ૧૦૦૦ | ૫૦૦ | લંબચોરસ |
| હિમવાન | ૨ | ચાર લાખ | ૨૧૦૫–૫ | ૧૦૦ | ,, |
| મહાહિમવાન | ૨ | ચાર લાખ | ૮૪૨૧–૧ | ૨૦૦ | ,, |
| નિષધ | ૨ | ચાર લાખ | ૩૩૬૮૪–૪ | ૪૦૦ | ,, |
| શિખરી | ૨ | ચાર લાખ | ૨૧૦૫–૫ | ૧૦૦ | ,, |
| રૂપી | ૨ | ચાર લાખ | ૮૪૨૧–૧ | ૨૦૦ | ,, |
| નીલવંત | ૨ | ચાર લાખ | ૩૩૬૮૪–૧ | ૪૦૦ | ,, |
| વૃત્ત વતાઢય | ૮ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ગોળ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| દીર્ઘ વૈતાઢ્ય (ભરત—ઐરવતના) | ૪ | ચાર લાખ | ૫૦ | ૨૫ | લંબચોરસ |
| દીર્ઘવૈતાઢ્ય (મહાવિદેહના) | ૧૪ | ૬૧૦૩$\frac{૫}{૬}$ | ૫૦ | ૨૫ | લંબચોરસ |
| ગજદંત | ૪ | ૫૬૯૨૫૯ | કુલગિરિપાસે ૧૦૦૦ | કુલગિરિપાસે ૪૦૦ | બે મળીને અર્ધ ચંદ્રાકૃતિ |
| | ૪ | ૩૫૧૨૨૭ | મેરૂપાસેખડ્ગધાર | મેરૂપાસે ૫૦૦ | |
| યમલગિરિ | ૮ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ગોળ |
| વક્ષસ્કાર | ૩૨ | અનિયમિત | ૧૦૦૦ | કુલગિરિપાસે ૪૦૦ | લંબચોરસ |
| કંચનગિરિ | ૪૦૦ | ૧૦૦ નીચે | ૧૦૦ નીચે | નદીપાસે ૫૦૦ | |
| | | ૫૦ ઉપર | ૫૦ ઉપર | ૧૦૦ | ગોળ |

# ॥ અથ ચતુર્થઃ કાલોદધિ અધિકારઃ ॥

હવે બીજા કાલોદધિનું સ્વરૂપ વગેરે કહે છેઃ—

**કાલોઓ સવ્વત્થવિ, સહસુંડો વેલવિરહિઓ તત્થ;**
**સુત્થિઅસમકાલમહા–કાલસુરા પુવ્વપચ્છિમઓ. ૧–૨૪૦**

કાલોઓ–કાલોદધિ
સવ્વત્થવિ–સર્વસ્થાને પણ
સહસુંડો–હજાર યોજન ઉંડો
વેલવિરહિઓ–વેલ રહિત
તત્થ–ત્યાં (તે સમુદ્રમાં)
સુત્થિઅસમ–સુસ્થિત દેવ સમાન
કાલમહાકાલ–કાલ અને મહાકાલ નામના
સુરા–દેવો
પુવ્વપચ્છિમઓ–પૂર્વ અને પશ્ચિમના

**અર્થઃ**—કાલોદધિ સમુદ્ર સર્વ સ્થળે એક હજાર યોજન ઉંડો છે. વેલ રહિત છે. ત્યાં સુસ્થિત દેવ સરખા કાલ અને મહા કાલ નામના દેવો પૂર્વ અને પશ્ચિમ દિશામાં રહે છે. ૨૪૦

**વિવેચનઃ**—ધાતકીખંડની જગતી ફરતો આઠ લાખ યોજનના વિસ્તારવાળો વલયને આકારે રહેલો કાલોદધિ-સમુદ્ર છે. તે સમુદ્ર સર્વ ઠેકાણે એક હજાર યોજન ઊંડો છે. એટલે તેમાં લવણ સમુદ્ર પેઠે ગોતીર્થ નથી, તથા તે વેલ રહિત છે એટલે તેમાં જળની વૃદ્ધિ–હાનિ થતી નથી. કારણ કે લવણસમુદ્રની પેઠે વેલની વૃદ્ધિ કરનાર પાતાળ કળશો આ સમુદ્રમાં નથી. તે કાલોદધિ સમુદ્રમાં લવણ-સમુદ્રના સુસ્થિત દેવની જેવા કાળ અને મહાકાળ નામના બે દેવો અધિપતિ છે. તે પૂર્વ અને પશ્ચિમ દિશામાં

ગોતમદ્વીપ સરખા બે દ્વીપોને વિષે વસે છે. ૧-૨૪૦.

આ સમુદ્રમાં આવેલા દ્વીપોનું સ્વરૂપ જણાવે છેઃ--

**લવણુમ્મિ વ જહસંભવ, સસિરવિદીવા ઇહંપિ નાયવ્વા;**
**ણુવરં સમંતઓ તે, કોસદુગુચ્ચા જલસ્સુવરિં ૨-૨૪૧**

| | |
|---|---|
| લવણુમ્મિવ-લવણ સમુદ્રની પેઠે. | ણુવરં-વિશેષમાં |
| જહસંભવ-યથા સંભવ | સમંતઓ-ચારે તરફ |
| ઇહંપિ-અહીં પણ | તે-તે દ્વીપો |
| નાયવ્વા-જાણવા | જલસ્સુવરિ-પાણીની ઉપર |

અર્થ—લવણ સમુદ્રમાં છે તેમ અહીં પણ યથા-સંભવ ચંદ્ર અને સૂર્યના દ્વીપો જાણવા. પરંતુ તેઓ ચારે તરફ પાણીના ઉપર બે કોશ ઉંચા છે. ૨-૨૪૧

વિવેચનઃ--જેમ લવણસમુદ્રમાં બાર હજાર યોજન જઈએ ત્યારે બાર હજાર લંબાઇ પહોળાઈવાળા ચંદ્ર અને સૂર્યના દ્વીપ આવેલા છે તેમ આ કાલોદધિને વિષે પણ જેમ સંભવે તેમ ચંદ્ર અને સૂર્યના દ્વીપો જાણવા એટલે કે ધાતકીખંડની જગતીથી બાર હજાર યોજન કાલોદધિમાં જઈએ તે ઠેકાણે પૂર્વ દિશામાં ધાતકીખંડના બાર ચંદ્રોના બાર અને પશ્ચિમ દિશામાં બાર સૂર્યોના (કુલ ૨૪)[1] દ્વીપો છે, તથા કાલોદધિની જગતીથી બાર હજાર યોજન કાલોદધિમાં જઈએ ત્યાં પૂર્વ દિશામાં કાલોદધિના બેંતાળીશ ચંદ્રોના અને પશ્ચિમ દિશામાં કાલોદધિના બેંતાળીશ સૂર્યોના

બેંતાળીશ બેંતાળીશ ( કુલ ૮૪ ) દ્વીપો છે. એ પ્રમાણે ૧૨+૧૨+૪૨+૪૨+૨=૧૧૦ દ્વીપો કાલોદધિ સમુદ્રમાં છે. અહીં બે દ્વીપો અધિપતિ દેવોના ગણવા. વિશેષ એ છે કે તે સર્વ દ્વીપો ચોતરફ જળની ઉપર બે કોશ ઉંચા-પ્રકાશિત છે. અહીં કાલોદધિનો પરિધિ ૯૧૭૩૬૦૫ યોજ-જનો છે તથા જગતીના દ્વારોનું પરસ્પર આંતરૂં ૨૨૦૨૯૪૨ યોજન અને ૩ કોશ છે. તે આંતરૂં પરિધિમાંથી ચાર દ્વાર સંબંધી ૧૮ યોજન બાદ કરી ચારે ભાગ દેતાં આવે છે. ૨-૨૪૧

## ॥ ઇતિ ચતુર્થઃ કાલોદસમુદ્રાધિકારઃ ॥

---

૧ આમાંથી ૭ સૂર્ય ને ૭ ચંદ્રના દ્વીપો લવણસમુદ્રમાં હોવાથી અહીં કુલ ૧૨ જોઈએ. (૬ સૂર્યના ૬ ચંદ્રના.)

# ॥અથ પંચમઃ પુષ્કરદ્વીપાર્ધ અધિકારઃ॥

હવે માનુષોત્તર પર્વતનું સ્વરૂપ કહે છે—

**પુક્ખરદલબહિજગઇ—વ્વ સંઠિઓ માણુસુત્તરો સેલો;**
**વેલંધરગિરિમાણો, સીહણિસાઈ ણિસઢવણ્ણો.૧–૨૪૨**

| | |
|---|---|
| પુક્ખરદલ—પુષ્કરવર દ્વીપના અર્ધ ભાગથી | વેલંધરગિરિ—વેલંધર પર્વતો સરખા |
| બહિ—બહાર | માણો—પ્રમાણવાળો |
| જગઇવ્વ—જગતી સરખો | સીહણિસાઈ—બેઠેલા સિંહ સરખા આકારવાળો |
| સંઠિઓ—રહેલો | ણિસઢવણ્ણો—નિષધ પર્વતના વર્ણવાળો |
| માણુસુત્તરો સેલો—માનુષોત્તર પર્વત | |

અર્થ—પુષ્કરાર્ધની બહાર ફરતો જગતીની જેમ માનુષોત્તર પર્વત આવેલો છે. તે વેલંધર પર્વત સરખા પ્રમાણવાળો, સિંહનિષાદી આકારવાળો અને નિષધ પર્વત સરખા વર્ણવાળો છે. ૧–૨૪૨.

**વિવેચનઃ**—કાલોદધિ સમુદ્રની બહાર ફરતો વલયને આકારે સોળ લાખ યોજનના વિસ્તારવાળો પુષ્કરવર નામનો દ્વીપ છે. તેની મધ્ય ભાગમાં એટલે દ્વીપમાં આઠ લાખ યોજન જતાં વલયને આકારે માનુષોત્તર ( અહીં સુધી જ મનુષ્યોની ઉત્પત્તિ હોવાથી, મનુષ્ય ક્ષેત્રની હદ બાંધતો હોવાથી માનુષોત્તર કહેવાય છે. ) પર્વત છે, આઠ લાખ યોજનના વિસ્તારવાળા પુષ્કરવરદ્વીપના અર્ધભાગની બહાર જગતીની (કોટ) જેમ ચારે બાજુએ ફરતો માનુષોત્તર

નામનો પર્વત રહેલો છે. તે પર્વત વેલંધર પર્વતની જેટલા પ્રમાણવાળો છે. એટલે જેમ વેલંધર પર્વતો મૂળમાં ૧૦૨૨ યોજન પહોળા છે, શિખર પર ૪૨૪ યોજન પહોળા છે અને ૧૭૨૧ યોજન ઉંચાં છે તેમ આ પર્વત પણ તેટલાજ પ્રમાણવાળો છે તથા આ પર્વતનો બેઠેલા સિંહના જેવો આકાર છે. એટલે કે બેઠેલો સિંહ જેમ આગળથી બે પગ ઉંચા રાખીને તથા પાછળથી બે પગ વાળીને બેસે તેથી આગળ ઉંચો હોય અને પાછળ અનુક્રમે ઢાળની જેમ નીચો નીચો હોય, તેમ આ પર્વત પણ મનુષ્યલોક તરફ એક સરખો ભીંત સરખો સપાટ ઉંચો છે અને બહારની દિશામાં નીચે નીચે ઢાળવાળો છે. એટલે પહોળાઈમાં ઘટતો ઘટતો છે. વળી આ પર્વત નિષધના જેવા વર્ણવાળો એટલે જાંબૂનદ જાતના સુવર્ણ જેવા (રાતા) વર્ણવાળો છે.

આ માનુષોત્તર પર્વતના આકાર માટે બીજું દૃષ્ટાન્ત આ પ્રમાણે કહ્યું છે:—પુષ્કરવર દ્વીપના બરોબર મધ્યમાં વલયાકારે સર્વ બાજુ ફરતો એક એવો પર્વત કલ્પીએ કે જે મૂળમાં ૨૦૪૪ યોજન પહોળો અને શિખર તળે ૮૪૮ યોજન વિસ્તારવાળો હોય તેના બરોબર મધ્યથી બે ભાગ કરીને અંદરનો વિભાગ ઉપાડી લઈએ ને બાકીનો અર્ધો જેવા આકારનો રહ્યો તેવો આકાર આ માનુષોત્તર પર્વતનો જાણવો. ૧–૨૪૨

હવે પુષ્કરવરદ્વીપાર્ધમાં રહેલા ક્ષેત્રો અને પર્વતો વિગેરેના સ્થાનાદિકનું સ્વરૂપ કહે છે:—

**જહ ખિત્તણગાઇણં, સંઠાણો ધાઇએ તહેવ ઇહં;**
**દુગુણો અ ભદ્દસાલો, મેરુસુયારા તહા ચેવ. ૨-૨૪૩**

જહ-જેવો, જે પ્રમાણે
ખિત્તનગાઈણં-ક્ષેત્ર તથા પર્વતોનો
સંઠાણો-સંસ્થાન, આકાર
ધાઇએ-ધાતકી ખંડમાં
તહેવ-તેવો, તે પ્રમાણે
દુગુણો-બમણો
ભદ્દસાલો-ભદ્રશાલ વન
સુયારા-ઇક્ષુકાર પર્વતો
તહા-તે પ્રમાણે
ચેવ-નિશ્ચયે

**અર્થ:**—ધાતકીખંડમાં ક્ષેત્રો ને પર્વતોનો જેવો આકાર છે તેવો અહીં જાણવો. પરંતુ ભદ્રસાલ વનનો વિસ્તાર ( લંબાઈ-પહોળાઈ ) બમણો છે. મેરૂ તથા ઇષુકાર પર્વતોનું પ્રમાણ તેમજ જાણવું ૨-૨૪૩

**વિવેચન:**—જેમ ધાતકી ખંડમાં ભરતાદિ ક્ષેત્રો અને હિમવાન આદિ પર્વતોનાં જેવા સંસ્થાન કહ્યાં છે એટલે ચક્રના આરા સરખા પર્વતો અને વિવર-આંતરારૂપ ક્ષેત્રો છે, તે જ પ્રમાણે અહીં પુષ્કરાર્ધને વિષે પણ જાણવું. તથા ધાતકીખંડના ભદ્રશાલ વનથી આ પુષ્કરાર્ધનું ભદ્રશાલ વન બમણું લાંબુ તથા પહોળું છે. ધાતકીખંડના ભદ્રશાલ વનની લંબાઈ મેરૂની પૂર્વ ને પશ્ચિમ દિશાએ ૧૦૭૮૭૯ યોજન છે, તેનાથી અહીં બમણી હોવાથી ૨૧૫૭૫૮ યોજન છે. દક્ષિણ ને ઉત્તર દિશાએ તે જ ૨૧૫૭૫૮ રાશિને અઠયાશી (૮૮) વડે ભાગતાં જે આવે તેટલો એટલે ૨૪૫૧ યોજન અને અઠ્યાશીયા ૭૦ ભાગ $\frac{70}{88}$ વિસ્તાર છે. તથા પુષ્કરાર્ધના મેરૂ અને ઇષુકાર પર્વતો તેજ પ્રમાણે એટલે ધાતકી ખંડના મેરૂ અને ઇષુકાર જેવા જ છે. ( પુષ્કરાર્ધમાં

પણ ધાતકીખંડની પેઠે ૧૪ ક્ષેત્ર, ૧૨ કુલગિરિ, ૨ મેરૂ, ૬૪ વિજય, ૩૨ વક્ષસ્કાર, ૨૪ અંતરનદી, ૨ ભદ્રશાલ વન, અને ૨ ઇષુકાર જાણવા. ઇષુકાર પર્વત દક્ષિણ અને ઉત્તર દિશાએ ૧૦૦૦ યોજન મૂળ અને શિખરને વિષે સરખા પહોળા છે, ૫૦૦ યોજન ઉંચા છે અને આઠ લાખ યોજન લાંબા છે. બે મેરૂ ૮૫૦૦૦ યોજન ઉંચા છે. આનો વિસ્તાર ૨૨૯ મી ગાથાથી ધાતકીખંડ પ્રમાણે જાણી લેવો.) ૨–૨૪૩

ચાર બાહ્ય ગજદંત પર્વતોનું પ્રમાણ કહે છે:—

**ઇહ બાહિરગયદંતા, ચઉરો દીહત્તિ વીસસયસહસા;**
**તેઆલીસ સહસ્સા, ઉગુવીસહિઆ સયા દુણ્ણિ. ૩-૨૪૪**

| | |
|---|---|
| બાહિર ગયદંતા–બાહ્ય ગજદંત પર્વત | તેઆલીસ–તેંતાલીસ |
| ચઉરો–ચાર | ઉગુવીસહિઆ–ઓગણીસ અધિક |
| દીહત્તિ–દીર્ઘ, લાંબા | સયા દુણ્ણિ–બસો |
| સયસહસા–લાખ | |

અર્થ:—અહીં બાહિરના ચાર ગજદંત પર્વતોની લંબાઇ વીસ લાખ તેંતાલીસ હજાર બસો ને ઓગણીસ યોજન પ્રમાણ છે. ૩–૨૪૪

વિવેચન:—અહીં એટલે પુષ્કરાર્ધના બે ખંડમાં અથવા પૂર્વ પુષ્કરાર્ધ અને પશ્ચિમ પુષ્કરાર્ધના બે મેરૂની બહારની દિશાએ એટલે માનુષોત્તર પર્વતની દિશા તરફ ચાર ગજદંત પર્વતો આવેલા છે. તેમની લંબાઈ વીશ લાખ,

તેંતાલીશ હજાર, બસો ને ઓગણીશ જોજનની (૨૦૪૩૨૧૯) છે. ૩-૨૪૪

હવે ચાર અભ્યંતર ગજદંત પર્વતોનું પ્રમાણ કહે છે:-

**અબ્ભિંતર ગયદંતા, સોલસ લક્ખા ય સહસ છવ્વીસા;**
**સોલહિઅં સયમેગં, દીહત્ત હુંતિ ચઉરો વિ. ૪-૨૪૫**

અબ્ભિંતર ગયદંતા—અભ્યંતર ગજદંતો | દીહત્તે—દીર્ઘપણામાં, લંબાઇમાં
સોલહિઅં—સોળ અધિક | ચઉરોવિ—ચારે પણ.

અર્થ—અંદરના ચારે ગજદંત પર્વતો સોળ લાખ છવ્વીસ હજાર એકસો સોલ યોજન છે. ૨-૨૪૫.

**વિવેચન:**—પુષ્કરાર્ધમાં આભ્યંતર એટલે કાલોદધિની જગતી તરફ આવેલા ચારે ગજદંત પર્વતો સોળ લાખ અને છવ્વીશ હજાર સોળ અધિક એકસો સોળ ૧૬૨૬૧૧૬ યોજન લાંબપણને વિષે છે. એટલે આ પ્રમાણે એક નાના ને એક મોટા બે ગજદંતા મળીને ૩૬૬૯૩૩૫ યોજનનું (૨૦૪૩૨૧૯+૧૬૨૬૧૧૬=૩૬૬૯૩૩૫) કુરૂક્ષેત્રનું ધનુ:પૃષ્ટ છે. તથા કુરૂક્ષેત્રની જીવા ૪૩૬૯૧૬ યોજન છે કુરૂક્ષેત્રનો વિસ્તાર ૧૭૦૭૭૧૪ યોજન છે કંચનગિરિનું પરસ્પર આંતરૂં ૩૩૩$\frac{1}{3}$ યોજન છે. કુલગિરિ, યમક અને દ્રહોનું આંતરૂં ૨૪૦૬૫૯$\frac{1}{3}$ યોજન છે.)

જીવા આ પ્રમાણે થાય છે.-૨૧૫૭૫૮ યોજન ભદ્રશાલવન એક બાજુએ છે, તે પ્રમાણે બંને બાજુ હોવાથી તેને બમણા કરતાં ૪૩૧૫૧૬ યોજન થાય તેમાં મેરૂપર્વતના ૯૪૦૦

યોજન ભેળવતાં ૪૪૦૯૧૬ થાય. તેમાંથી બે ગજદંતાના ૪૦૦૦ યોજન બાદ કરતાં ૪૩૬૯૧૬ યોજન જીવા જાણવી. હવે સાત આંતરા સંબંધી સમજણ આ પ્રમાણે:—

નિષધ અથવા નીલવંત એક કુલગિરિ, ચિત્ર વિચિત્ર અથવા યમક સમક બે યમલ પર્વત ત્યાર પછી પાંચ દ્રહો અને અંતે મેરૂપર્વત. એ આઠ વસ્તુના ૭ આંતરા છે. દરેક આંતરામાં ૨૪૦૯૫૯$\frac{1}{૪}$ યોજન છે. તેને સાતવડે ગુણતાં ૧૬૮૬૭૧૪ આવે, તેમાં પાંચ દ્રહની લંબાઇના યોજન ૨૦૦૦૦ ને યમલ પર્વતના ૧૦૦૦ એમ ૨૧૦૦૦ ભેળવતાં ૧૭૦૭૭૧૪ યોજનો આવે. આટલો દેવકુરૂ અથવા ઉત્તર-કુરૂનો વિસ્તાર છે તે મળી રહે છે.

પાંચ દ્રહ પૈકી દરેક દ્રહની બે બે બાજુએ દશ દશ કંચનગિરિ પૂર્વના પ્રમાણ જેટલા એટલે સો સો યોજનના છે, તેના ૧૦૦૦ યોજન બાદ કરતાં તે દશના નવ આંતરા ૩૩૩$\frac{1}{૩}$ યોજન છે, તેને નવવડે ગુણતાં ૩૦૦૦ આવે છે. તે બંને મળીને ૪૦૦૦ યોજનનો દ્રહનો વિસ્તાર મળી રહે છે. ૪–૨૪૫

બાકીની નદીઓ અને પર્વતાદિનું પ્રમાણ કહે છે:—

**સેસા પમાણઓ જહ, જંબૂદીવાઉ ધાઇએ ભણિઆ;**
**દુગુણા સમાય તે તહ, ધાઇઅસંડાઉ ઇહ ણેઆ. ૫–૨૪૬**

| | |
|---|---|
| સેસા–બાકીના પદાર્થો | સમા–સરખા |
| પમાણઓ–પ્રમાણથી | તે–તે પદાર્થો |
| જંબૂદીવાઉ–જંબુદ્વીપથી | તહ–તેવી રીતે |
| ધાઇએ–ધાતકી ખંડમાં | ણેઆ–જાણવા |

## પુષ્કરાર્ધની નદીઓનો યંત્રઃ—

| પુષ્કરાર્ધની નદીઓ | જીભી વિસ્તાર | જીભી જાડી | જીભી લાંબી | નદીઓનો મૂળ વિસ્તાર | નદી મૂળ ઉંડી | મધ્યગિરિ અંતર | અંતે વિસ્તાર | છેડે ઉંડાપણું | કુંડ વિસ્તાર | કુંડના દ્વીપનો વિસ્તાર | કુંડદ્વાર વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૬ | ૨૫ | ૧/૨ | ૧ | ૨૫ | ૧/૨ | ૧ | ૨૫૦ | ૫ | ૨૪૦ | ૩૨ | ૨૫ |
| ૩૨ | ૫૦ | ૧ | ૨ | ૫૦ | ૧ | ૨ | ૫૦૦ | ૧૦ | ૪૮૦ | ૬૪ | ૫૦ |
| ૮ | ૧૦૦ | ૨ | ૪ | ૧૦૦ | ૨ | ૪ | ૧૦૦૦ | ૨૦ | ૯૬૦ | ૧૨૮ | ૧૦૦ |
| ૪ | ૨૦૦ | ૪ | ૮ | ૨૦૦ | ૪ | ૮ | ૨૦૦૦ | ૪૦ | ૧૯૨૦ | ૨૫૬ | ૨૦૦ |

## કુલગિરિ વગેરે સંબંધી યંત્રઃ—

| પુષ્કરાર્ધ કુલગિરિ | ગિરિ વિસ્તાર | દ્રહ વિસ્તાર | દ્રહ દીર્ઘત્વ | કમલ વિસ્તાર | કમલ બાહલ્ય | કર્ણિકા વિસ્તાર | કર્ણિકા બાહલ્ય |
|---|---|---|---|---|---|---|---|
| હિમવતાદિ ૪ | ૪૨૧૦ ૧/૨ | ૨૦૦૦ | ૪૦૦૦ | ૪ | ૨ | ૨ | ૧ |
| મહાહિમવંતાદિ ૪ | ૧૬૮૪ ૨/૧૯ | ૪૦૦૦ | ૮૦૦૦ | ૮ | ૪ | ૪ | ૨ |
| નિષધાદિ ૪ | ૬૭૩૬ ૮/૧૯ | ૮૦૦૦ | ૧૬૦૦૦ | ૧૬ | ૮ | ૮ | ૪ |

અર્થ—બાકીના જેઓ જંબૂદ્વીપ કરતાં ધાતકી ખંડમાં બમણા પ્રમાણવાળા તથા સરખા પ્રમાણવાળા કહ્યા છે. તેઓ અહીં ધાતકી ખંડ કરતાં તેમજ બમણા અને સરખા જાણવા. ૫-૨૪૬.

વિવેચનઃ—બાકીના પદાર્થો એટલે ક્ષેત્ર, નદી, પર્વત, દ્રહ વિગેરેનું પ્રમાણ જે પ્રકારે જંબૂદ્વીપથકી ધાતકીખંડને વિષે કેટલાકનું બમણું અને કેટલાકનું સરખું કહ્યું છે, તે જ પ્રમાણ ધાતકીખંડથકી આ પુષ્કરાર્ધમાં બમણું અને સમાન જાણવું. વિશેષ એ છે કે ધાતકીખંડના અધિકારમાં દીર્ઘ વૈતાઢયોના વિષ્કંભાદિક, જંબૂદ્વીપના દીર્ઘ-વૈતાઢય જેવા જ કહ્યા છે તે વિષે કહ્યું છે કે—"કંચનગિરિ, યમક, દેવકુરૂના પર્વતો તથા વૃત્ત અને દીર્ઘવૈતાઢયોનો વિષ્કંભ, ઉદ્વેધ (ઉંડાઈ) અને સમુચ્છ્રય (ઉંચાઇ) જંબૂદ્વી-પને વિષે કહ્યા પ્રમાણે જાણવી." તથા પુષ્કરાર્ધના અધિ-કારે કહ્યું છે કે-"વૈતાઢયનો ઉદ્વેધ-ઉંડાઇ સવાછ યોજન, સમુચ્છ્રય-ઉંચાઇ પચીશ યોજન અને વિસ્તાર બસો યોજનનો છે." આ રીતે બે વિકલ્પ તત્ત્વજ્ઞાની જાણે. ૫-૨૪૬

હવે પૂર્વે ધાતકી ખંડમાં કહેલા ધ્રુવાંક પ્રમાણે પુષ્ક-રાર્ધના ક્ષેત્રોનો ત્રણ પ્રકારનો વિસ્તાર લાવવા માટે ધ્રુવ-રાશિ કહે છે—

અડસી લકખા ચઉદસ, સહસા તહ ણવ સયા ય
ઇગવીસા;
અબ્ભિંતર ધુવરાસી, પુવ્વુત્તવિહીઇ ગણિઅવ્વો.૬-૨૪૭

**इग कोडि तेर लक्खा, सहसा चउचत्त सग सय तियाला;**
**पुक्खरवरदीवड्ढे, धुवरासी एस मज्झम्मि. ७-२४८**
**एगा कोडि अडतीस लक्ख चउहत्तरी सहस्सा य;**
**पंच सया पणुसट्ठा, धुवरासी पुक्खरद्धंते ८-२४९**

| | |
|---|---|
| अडसी—अठासी | धुवरासी—ध्रुवांक |
| णवसया—नवसो | पुव्वुत्तविहीए—पूर्वे कहेली विधिवडे |
| अब्भिंतर—अंदरनो | गणिज्जा—गणवो. |
| चउचत्त—चुमालीस | एस—आ |
| तियाला—तेंतालीस | मज्झंमि—मध्यमां |
| चउहत्तरी—चुमोतेर | पणुसट्ठा—पांसठ |
| | पुक्खरद्धंते—पुष्करार्धना अंते |

**અર્થ** :—અઠયાશી લાખ, ચૌદ હજાર તથા નવસો અને એકવીશ (૮૮૧૪૯૨૧) યોજન આભ્યંતર એટલે આદિ ક્ષેત્રોની ધ્રુવરાશિ (ધ્રુવાંક) પૂર્વે કહેલા વિધિ પ્રમાણે ગણવી. એક ક્રોડ તેર લાખ, ચુમાળીસ હજાર, સાત સો ને તેંતાળીશ (૧૧૩૪૪૭૪૩) યોજન આટલી પુષ્કરવર દ્વીપના અર્ધને વિષે મધ્યની ધ્રુવરાશિ જાણવી. તથા એક ક્રોડ આડત્રીશ લાખ, ચુમોતેર હજાર, અને પાંચ સો પાંસઠ (૧૩૮૭૪૫૬૫) યોજન આટલી પુષ્કરાર્ધના અંતની ધ્રુવરાશિ જાણવી. ૬ થી ૮ ૨૪૬ થી ૨૪૮

**વિસ્તરાર્થ**:—પુષ્કરાર્ધ દ્વીપના ભરત અને ઐરવતનો આદિ ધ્રુવાંક ૮૮૧૪૯૨૧ છે. તેને ક્ષેત્રાંક એક સાથે ગુણતાં તેટલોજ અંક આવે, તેને ૨૧૨ વડે ભાંગતાં ૪૧૫૭૯ યોજન

ભાગમાં આવે. શેષ ૧૭૩ વધે, તેથી એક યોજનના ૨૧૨ ભાગ કરી તેના વડે ૧૭૩ ને ભાંગવા. ત્યારે બસો ને બારીયા એક સો ને તોંતેર $\frac{૧૭૩}{૨૧૨}$ ભાગ આવે. આટલો આદિમાં વિસ્તાર છે. તથા એજ પ્રમાણે મધ્યના ધ્રુવાંકને ગુણીને ૨૧૨ વડે ભાગવાથી ૫૩૫૧૨ $\frac{૧૯૯}{૨૧૨}$ યોજન મધ્યમાં વિસ્તાર આવે છે અને અંત્યના ધ્રુવાંકને ગુણીને ૨૧૨ વડે ભાગવાથી ૬૫૪૪૬ $\frac{૧૩}{૨૧૨}$ યોજન અંત્ય વિસ્તાર છે. એ રીતે ધાતકી ખંડમાં કહ્યા પ્રમાણે સર્વ જાણવું.

ધ્રુવાંકની ઉત્પત્તિ આ પ્રમાણે જાણવી:—કાલોદધિ સમુદ્રની બાહ્ય પરિધિ તે પુષ્કરવર દ્વીપની આદિ પરિધિ હોવાથી કાલોદધિની ૨૯ લાખ યોજન પહોળાઈ હોવાથી તેની પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન આવે છે તેમાંથી ૧૨ વર્ષધર તથા બે ઇષુએ ૩૫૫૬૮૪૦ યોજન રોકેલા હોવાથી તેટલું પરિધિમાંથી બાદ કરીએ ત્યારે (૯૧૭૦૬૦૫—૩૫૫૬૮૪) ૮૮૧૪૯૨૧ યોજન બાકી રહે છે. તે ૧૪ મહાક્ષેત્રોનો આદિ વિસ્તાર હોવાથી આદિ ધ્રુવાંક જાણવો. પુષ્કરાર્ધની મધ્ય પરિધિ ૩૭ લાખ યોજન પ્રમાણ હોવાથી તેની પરિધિ ૧૧૭૦૦-૪૨૭ યોજન પ્રમાણ છે તેમાંથી પૂર્વોક્ત ૩૫૫૬૮૪ યોજન પ્રમાણ પર્વતોનો વિસ્તાર બાદ કરતાં ૧૧૩૪૪૭૪૩ યોજન પ્રમાણ મધ્ય ધ્રુવાંક જાણવો. તથા પુષ્કરાર્ધનો અંત્ય વિસ્તાર ૪૫ લાખ યોજન છે તેનો પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજન થાય છે તેમાંથી ૩૫૫૬૮૪ યોજન પર્વતનો વિસ્તાર જતાં ૧૩૮૭૪૫૬૫ યોજનનો અંત્ય ધ્રુવાંક જાણવો.

૬ થી ૮–૨૪૭ થી ૨૪૯.

## પુષ્કરાર્ધના ક્ષેત્રોના પ્રમાણનો યંત્રઃ—

| પુષ્કરાર્ધનાં ક્ષેત્ર | બે ભરત બે ઐરવત | બે હૈમવત બે ઐરણ્યવત | બે હરિવર્ષ બે રમ્યક | બે મહાવિદેહ |
|---|---|---|---|---|
| ક્ષેત્રાંક | ૧ | ૪ | ૧૬ | ૬૪ |
| આદિધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૮૮૧૪૯૨૧ | ૩૫૨૫૯૬૮૪ | ૨૪૧૦૩૮૭૩૬ | ૫૬૪૧૫૪૯૪૪ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૪૧૫૭૯ ૧૭૩/૨૧૨ | ૧૬૬૩૧૯ ૫૨/૨૧૨ | ૬૬૫૨૭૭ ૧૨/૨૧૨ | ૨૬૬૧૧૦૮ ૪૮/૨૧૨ |
| મધ્યધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૧૧૩૪૪૭૪૩ | ૪૫૩૭૮૯૭૨ | ૧૮૧૫૧૫૮૮૮ | ૭૨૬૦૬૩૫૫૨ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૫૩૫૧૨ ૧૯૯/૨૧૨ | ૨૧૪૦૫૧ ૧૬૦/૨૧૨ | ૮૫૬૨૦૭ ૫૪/૨૧૨ | ૩૪૨૪૮૨૮ ૧૬/૨૧૨ |
| અંત્યધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૧૩૮૭૪૫૬૫ | ૫૫૪૯૮૨૬૦ | ૨૨૧૯૯૩૦૪૦ | ૮૮૭૯૭૨૧૬૦ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૬૫૪૪૬ ૧૩/૨૧૨ | ૨૬૧૭૮૪ ૫૨/૨૧૨ | ૧૦૪૭૧૩૬ ૨૦૮/૨૧૨ | ૪૧૮૮૫૪૭ ૧૯૬/૨૧૨ |

મહા વિદેહના દરેક વિજયનો વિષ્કંભ જણાવે છેઃ—

**ગુણવીસ સહસ સગ સય, ચઉણઉઅ સવાય**
**વિજયવિકખંભો;**
**તહ ઇહ બહિવહસલિલા,પવિસંતિ અ ણરણગસ્સાહો.**
**૯—૨૫૦**

ચઉણઉઅ—ચોરાણુ
સવાય—ચોથો ભાગ, પા
વિજયવિકખંભો—વિજયનો વિષ્કંભ

બહિવહસલિલા—બાહેરના પ્રવાહવાળી નદીઓ
પવિસંતિ—પ્રવેશે છે.
ણરણગસ્સાહો—માનુષોત્તર પર્વતની નીચે.

અર્થ—ઓગણીશ હજાર સાત સો અને પાદ સહિત ચોરાણું (૧૯૭૯૪¼)યોજન દરેક વિજયનો વિષ્કંભ—વિસ્તાર છે. તથા આ પુષ્કરાર્ધને વિષે માનુષોત્તર પર્વત તરફ વહેતી નદીઓ માનુષોત્તર પર્વતની નીચે ભૂમિમાં પ્રવેશ કરે છે. કેમકે તે તરફ સમુદ્ર નથી. ૯—૨૫૦

વિવેચન—આ પુષ્કરાર્ધના બે મહાવિદેહ છે. દરેક મહાવિદેહનો વિસ્તાર આઠ લાખ યોજનનો છે. એક એક મહાવિદેહમાં ૩૨ વિજયો છે. પરંતુ ૧૬-૧૬ સીધી લાઈનમાં આવેલી છે. માટે દરેક વિજયનો વિસ્તાર લાવવા માટે ૩૨ થી ભાગવા નહિ, પણ સોળથી ભાગવા. અહીં એક એક વિજયનો વિસ્તાર ઓગણીસ હજાર સાતસો અને ચોરાણું યોજન પ્રમાણ છે, તે આ પ્રમાણે જાણવો—અહીં બે વનમુખ છે, તે દરેકની પહોળાઈ ૧૧૬૮૮ યોજન હોવાથી ૨૩૩૭૬ યોજન વનમુખે રોક્યા છે, પાંચસો યોજનના વિસ્તા-

રવાળી છ અંતરનદીઓ હોવાથી ત્રણ હજાર યોજન અંતરનદીઓની પહોળાઈએ રોકયા છે બે હજાર યોજન પહોળા આઠ વક્ષસ્કાર પર્વતોએ સોળ હજાર યોજન રોકયા છે. તથા ભદ્રસાલવન ૨૧૫૭૫૮ યોજન પૂર્વ પશ્ચિમ લાંબું છે. બે તરફના મળી ૪૩૧૫૧૬ યોજન તથા વચમાં ૯૪૦૫ યોજન મેરૂની પહોળાઇ મળી ૪૪૦૯૧૬ યોજન થાય છે. એ પ્રમાણે કુલ ( ૨૩૩૭૬+૩૦૦૦+૧૬૦૦૦+૪૪૧૫૧૬+૬૪૦૦=૪૮૩૨૯૨ ) રોકાયા, તે આઠ લાખમાંથી બાદ કરીએ, બાકી ૩૧૬૭૦૮ યોજન રહ્યા તેને ૧૬ વડે ભાગતાં ૧૯૭૯૪ યોજન તથા નીચે ચાર વધ્યા તેથી ૦૧ યોજન ઉપર આવે છે, તેટલો દરેક વિજયનો વિષ્કંભ જાણવો. ૧૦-૨૫૧

**પુક્ખરદલપુવ્વાવર-ખંડંતો સહસ દુગ પિહુ દુકુંડા;**
**ભણિયા તટ્ઠાણં પુણ, બહુસ્સુયા ચેવ જાણંતિ.૧૦-૨૫૧**

| | |
|---|---|
| પુક્ખરદલ-પુષ્કરાર્ધ | દુકુંડા-બે કુંડ |
| પુવ્વાવરખંડંતો-પૂર્વ અને પશ્ચિમ ખંડમાં | તટ્ઠાણં-તેનું સ્થાન |
| | બહુસ્સુયા-બહુ શ્રુતો |
| પિહુ-પહોળા | જાણંતિ-જાણે છે. |

અર્થ—પુષ્કરાર્ધને વિષે પૂર્વ અને પશ્ચિમના બે ખંડમાં બે હજાર યોજન પહોળા બે કુંડ કહ્યા છે. પરંતુ તેનું સ્થાન બહુશ્રુતો જ જાણે છે. ૧૦-૨૫૧

વિવેચન—પૂર્વ પુષ્કરાર્ધ અને પશ્ચિમ પુષ્કરાર્ધની અંદર બે હજાર યોજન લાંબા તથા પહોળા અને દશ યોજન ઉંડા બે કુંડો છે, પરંતુ તે બે કુંડો ચોકસ કયા સ્થળે આવેલા છે તે જણાવ્યું નથી, માટે તેમનું સ્થાન તો બહુશ્રુતોજ જાણે. આ બાબતનું અન્યત્ર આ પ્રમાણે ગાથા છે:—

# પુષ્કરાર્ધના મહાવિદેહના વિજયાદિના વિસ્તારનો યંત્રઃ—

| વિષ્કંભકરણ | ઇષ્ટ વસ્તુ સિવાય બાકીના ક્ષેત્રનો વિસ્તાર | સર્વનો સરવાળો | બાકી ક્ષેત્રમાંથી બાદ | ભાજક અંક | ભાગતાં લાધેલા |
|---|---|---|---|---|---|
| એક મેરૂ અને બે બાજુના ભદ્રશાળ વનનો | ૩૧૬૭૦૮—૧૬૦૦૦—૩૦૦૦—૨૩૩૭૬ | ૩૫૯૦૪૪ | ૪૪૦૫૧૬ | ૧ | ૪૪૦૫૧૬ |
| સોળ વિજયને | ૪૪૦૫૧૬—૧૬૦૦૦—૩૦૦૦—૨૩૩૭૬ | ૪૮૩૨૯૨ | ૩૧૬૭૦૮ | ૧૬ | ૧૯૭૯૮ ૪/૧૬ |
| આઠ વક્ષસ્કાર | ૪૪૦૫૧૬—૩૧૬૭૦૮—૩૦૦૦—૨૩૩૭૬ | ૭૮૪૦૦૦ | ૧૬૦૦૦ | ૮ | ૨૦૦૦ |
| છ અંતરનદી | ૪૪૦૫૧૬—૩૧૬૭૦૮—૧૬૦૦૦—૨૩૩૭૬ | ૭૯૭૦૦૦ | ૩૦૦૦ | ૬ | ૫૦૦ |
| બે વનમુખનો | ૪૪૦૫૧૬—૩૧૬૭૦૮—૧૬૦૦૦—૩૦૦૦ | ૭૭૬૬૨૮ | ૨૩૩૭૬ | ૨ | ૧૧૬૮૮ |

**"ઈસિતલે કમસો ભૂમિ, દુસહસ જોયણુ પિહુ દસોગાહા;**
**અદ્ધદુગે વિ દુકુંડા, તિલકખ નવનવઇ સહસગમે ૧."**

પુષ્કરાર્ધના બન્ને બાજુના અર્ધ ભાગમાં કાલોદધિથી અને માનુષોત્તર પર્વતથી ૩૯૯૦૦૦ યોજન જઇએ ત્યારે બે મધ્યમાં હજાર યોજન પ્રમાણ લાંબા પહોળા અને દશ યોજન ઉંડા એવા બે કુંડ છે. (૧) આ કુંડવાળી પૃથ્વી ક્રમશ ઉંડી ઉંડી છે. એમ આ ગાથામાં જણાવે છે. કુંડોનું ચોકસ સ્થાન તો આ ગાથામાં પણ જણાવ્યું નથી. ૧૦–૨૫૧

હવે ઉત્તરકુરૂના વૃક્ષોનાં નામ કહે છે:—

**ઇહ પઉમમહાપઉમા, રૂકખા ઉત્તરકુરૂસુ પુવ્વં વ;**
**તેસુ વિ વસંતિ દેવા, પઉમો તહ પુંડરીઓ અ.૧૧–૨૫૨**

ઇહ–અહીં (પુષ્કરાર્ધમાં)
પઉમ–પદ્મ
મહાપઉમા–મહાપદ્મ
રુકખા–વૃક્ષો
પુવ્વં–પૂર્વની જેમ (જંબૂવૃક્ષની જેમ)
તેસુવિ–તેઓ ઉપર પણ
વસંતિ–રહે છે
પુંડરીઓ–પુંડરીક

**અર્થ**—આ પુષ્કરાર્ધ દ્વીપમાં ઉત્તરકુરૂને વિષે પૂર્વની જેમ એટલે જંબૂવૃક્ષની જેવા પદ્મ અને મહાપદ્મ નામના બે વૃક્ષો છે. તેમને વિષે પણ પદ્મ નામે તથા પુંડરીક નામે બે દેવો વસે છે. તથા બે દેવકુરૂને વિષે તો જંબૂદ્વીપના દેવકુરૂની જેમ ગરૂલદેવના વાસસ્થાનરૂપ બે શાલ્મલી નામના વૃક્ષો છે. ૧૧–૨૫૨

**વિવેચન**—આ પુષ્કરાર્ધમાં બે ઉત્તરકુરૂ છે. તેમાં પૂર્વ તરફના પુષ્કરાર્ધના ઉત્તરકુરૂમાં પદ્મ વૃક્ષ અને પશ્ચિમ

તરફના ઉત્તરકુરૂમાં મહાપદ્મ નામે વૃક્ષ છે. આ બંને વૃક્ષોનું સ્વરૂપ જંબૂવૃક્ષ સરખું જાણવું. પદ્મ વૃક્ષનો પદ્મદેવ પૂર્વ પુષ્કરાર્ધનો અધિપતિ છે, અને મહાપદ્મ વૃક્ષનો મહાપદ્મ દેવ પશ્ચિમ મહાવિદેહનો અધિપતિ છે. બંને દેવ ભુવનપતિ નિકાયના છે, તથા આ પુષ્કરાર્ધના બંને દેવકુરૂમાં શાલ્મલી નામના વૃક્ષ છે તેમના ઉપર ગુરૂલ દેવનો વાસ છે. ૧૧–૨૫૨

હવે અઢી દ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્રને વિષે રહેલા સર્વ પર્વતોની સંખ્યા કહે છે—

**દોગુણહત્તરિ પઢમે, અડ લવણે બીઅદિવિ તઇઅદ્ધે;**
**પિહુ પિહુ પણ સય ચાલા, ઇગ ણુરખિત્તે સયલગિરિણો. ૧૨–૨૫૩**

**તેરહ સય સગવણ્ણા, તે પણમેરુહિં વિરહિઆ સવ્વે;**
**ઉસ્સેહપાયકંદા; માણુસસેલો વિ એમેવ. ૧૩–૨૫૪**

| | |
|---|---|
| દોગુણહત્તરિ–બસો ઓગણોતેર | તેરહસય–તેરસો |
| પઢમે–પહેલા (જંબૂદ્વીપ)માં | સગવન્ના–સત્તાવન |
| અડ–આઠ | પણમેરૂહિ–પાંચ મેરૂ વડે |
| બીઅદીવિ–બીજા ધાતકી ખંડમાં | વિરહિઆ–રહિત |
| તઇઅદ્ધે–ત્રીજા દ્વીપના અર્ધમાં | ઉસ્સેહ–ઉંચાઇના |
| પિહુ પિહુ–જુદા જુદા | પાયકંદા–ચોથા ભાગના કંદ વાળા |
| પણસયચાલા–પાંચસો ચાલીસ | માણુસસેલોવિ–માનુષોત્તર પર્વત પણ |
| ઇઅ–એ પ્રમાણે | એમેવ–એવાજ પ્રકારનો |
| ણરખિત્તે–મનુષ્ય ક્ષેત્રમાં | |

અર્થ—પહેલા જંબૂદ્વીપને વિષે બસો ને ઓગણોતેર (૨૬૯) પર્વતો છે. લવણસમુદ્રમાં આઠ પર્વતો છે. બીજા



આઠમા નંદીશ્વર દ્વીપમાં આવેલા ચાર અંજનગિરિ.

પૃ. ૩૨૭ ગા. ૨૫૮

ધાતકીખંડને વિષે અને ત્રીજા અર્ધદ્વીપને વિષે એટલે પુષ્ક-રાર્ધને વિષે જૂદા જૂદા એટલે દરેક દ્વીપમાં પાંચ સો ને ચાળીશ પર્વતો છે. આ પ્રમાણે મનુષ્યક્ષેત્રમાં સર્વ મળીને પર્વતો તેર સો ને સતાવન થાય છે. તેમાંથી પાંચ મેરૂપ-ર્વતને વર્જીને બાકીના તે સર્વે પર્વતો ઉંચાઇના ચોથે ભાગે પૃથ્વીમાં ઉંડાં છે; તથા માનુષોત્તર પર્વત પણ એજ રીતે જાણવો. ૧૨-૧૩-૨૫૩-૨૫૪

**વિવેચન**—પહેલા જંબુદ્વીપમાં ૨૬૯ પર્વતો છે. તે આ પ્રમાણે:-૧ મેરૂ, ૬ કુલગિરિ, ૪ ગજદંત ૧૬ વૃક્ષષ્કાર, ૪ ગોળ વતાઢય, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય, ૪ યમલગિરિ, ૨૦૦ કંચન ગિરિ એમ ૨૬૯ જાણવા લવણુ સમુદ્રમાં વેલંધર દેવોના આઠ પર્વતો છે, બીજા ધાતકી ખંડમાં તથા પુષ્કરા-ર્ધમાં ૫૪૦-૫૪૦ પર્વતો છે તે આ પ્રમાણે:—

જંબૂદ્વીપથી ધાતકી ખંડમાં બમણા છે તેથી ૨૬૯ ને બમણા કરતાં (૨૬૯×૨=)૫૭૮ આવે. તથા અહીં બે ઈષુકાર પર્વતો હોવાથી તે ઉમેરીએ ત્યારે ૫૪૦ થાય તેટલાજ પુષ્કરાર્ધમાં પર્વતો છે, માટે બધાનો સરવાળો ( ૨૬૯+૮+ ૫૪૦+૫૪૦=૧૩૫૭ ) તેરસો સત્તાવન થયો.

આમાંથી પાંચ મેરૂ સિવાયના બધા પર્વતો જેટલા ઉંચા છે તેનાથી ચોથા ભાગ જેટલા જમીનમાં છે. પાંચ મેરૂમાંનો જંબૂદ્વીપનો મેરૂ લાખ જોજન ઉંચો છે, તથા બાકીના ચાર મેરૂ ૮૫૦૦૦ યોજન ઉંચા છે. પરંતુ તેમાંથી એક હજાર જોજન જેટલા તે પાંચે જમીનમાં ઉંડા જાણવા. તથા માનુષોત્તર પર્વત પણ ઉંચાઇથી ચોથા ભાગે જમી-નમાં ઉંડો છે. ૧૨-૧૩—૨૫૩-૨૫૪.

હવે પુષ્કરાર્ધદ્વીપની ત્રણે પરિધિ કહે છે :—

**ધુવરાસીસુ તિલક્ખા,પણપણ્ણ સહસ્સ છ સય ચુલસીઆ;**
**મિલિઆ હવંતિ કમસો, પરિહિતિગં પુક્ખરદ્ધસ્સ.**
**૧૪–૨૫૫**

| | |
|---|---|
| ધુવરાસીસુ–ધ્રુવાંકોમાં | મિલિઆ–મેળવતાં |
| પણપણ્ણ–પંચાવન | કમસો–અનુક્રમે |
| છસય–છસો | પરિહિતિગં–ત્રણ પરિધિ |
| ચુલસીઆ–ચોરાસી | પુક્ખરદ્ધસ્સ–પુષ્કરાર્ધના |

**અર્થ:**—પ્રથમ કહેલી ત્રણ ધ્રુવ રાશિને વિષે ત્રણ લાખ, પંચાવન હજાર, છ સો ને ચોરાશી ૩૫૫૬૮૪ યોજન મેળવવાથી અનુક્રમે પુષ્કરાર્ધ દ્વીપની આદિ મધ્ય અને અંત્યની ત્રણ પરિધિ થાય છે. ૧૪–૨૫૫

**વિવેચન:**—પૂર્વે ૨૪૭ થી ૨૪૯ મી ગાથામાં કહેલી પુષ્કરાર્ધની ત્રણ ધ્રુવ રાશીમાં આ ક્ષેત્રમાં આવેલ ચોદ પર્વતોના વિસ્તારના ૩૫૫૬૮૪ યોજન ઉમેરીએ ત્યારે પુષ્કરાર્ધ દ્વીપની આદિની મધ્યની અને અન્ત્યની ત્રણ પરિધિ આવે છે. તે આ પ્રમાણે–આદિની ધ્રુવ રાશિ ૮૮-૧૪૯૨૧ યોજન પ્રમાણ છે. તેમાં ૩૫૫૬૮૪ ઉમેરવાથી ૯૧૭૦૬૦૫ યોજન પ્રમાણ આદિ પરિધિ જાણવી. મધ્યની ધ્રુવ રાશિ ૧૧૩૪૪૭૪૩ માં ૩૫૫૬૮૪ ઉમેરવાથી ૧૧૭૦૦-૪૨૭ યોજન પ્રમાણ મધ્ય પરિધિ જાણવી. અંતની ૧૩૮૭૪૫૬૫ યોજનમાં ૩૫૫૬૮૪ ઉમેરવાથી ૧૪૨૩૦૨૪૯ યોજન પ્રમાણ અંત્યની પરિધિ જાણવી. ૧૪–૨૫૫

## પુષ્કરાર્ધદ્વીપમાં આવેલા પર્વતોનું વિવરણ

| પર્વતનું નામ | લંબાઈ યોજન | પહોળાઈ યોજન | ઉંચાઈ યોજન | આકૃતિ. |
|---|---|---|---|---|
| મેરૂ ૨ | ૯૪૦૦ | ૯૪૦૦ | ૮૫૦૦૦ | ગોળ |
| ઈષુકાર ૨ | ૮૦૦૦૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | લંબચોરસ |
| હિમવાન ૨ | ૮૦૦૦૦૦ | ૪૨૧૦–૧૦ | ૧૦૦ | ” |
| મહાહિમવાન | ૮૦૦૦૦૦ | ૧૬૮૪૨–૨ | ૨૦૦ | ” |
| નિષધ ૨ | ૮૦૦૦૦૦ | ૬૭૩૬૮–૮ | ૪૦૦ | ” |
| શિખરી ૨ | ૮૦૦૦૦૦ | ૪૨૧૦–૧૦ | ૧૦૦ | ” |
| રૂપી ૨ | ૮૦૦૦૦૦ | ૧૬૮૪૨–૨ | ૨૦૦ | ” |
| નીલવંત ૨ | ૮૦૦૦૦૦ | ૬૮૩૬૮–૮ | ૪૦૦ | ” |
| વૃત્તવૈતાઢ્ય ૮ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦ | ” |

| | | | | |
|---|---|---|---|---|
| દીર્ઘવૈતાઢ્ય ૪ (ભરતઅરાવતના) | ૮૦૦૦૦૦ | ૫૦ (પાઠાંતરે ૨૦૦) | ૨૫ | લંબચોરસ |
| દીર્ઘવૈતાઢ્ય ૬૪ (મહાવિદેહના) | ૧૯૭૯૪ ૪/૧૬ | ૫૦ (પાઠાંતરે ૨૦૦) | ૨૫ | ,, |
| ગજદંતા ૪ મોટા | ૨૦૪૩૨૧૯ | ૨૦૦૦ કુલગિરિપાસે<br>ખડ્ગધાર મેરૂ પાસે | ૪૦૦ કુલગિરિ પાસે<br>૫૦૦ મેરૂ પાસે | બેમળીનેઅર્ધ ચંદ્રાકૃતિ |
| ગજદંતા ૪ નાના | ૧૬૨૬૧૧૬ | ૨૦૦૦ કુલગિરિ પાસે<br>ખડ્ગધાર મેરૂ પાસે | ૪૦૦ કુલગિરિ પાસે<br>૫૦૦ મેરૂ પાસે | ,, |
| યમલગિરિ ૮ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | લંબચોરસ |
| વક્ષષ્કાર ૩૨ | અનિયમિત | ૨૦૦૦૦ | ૪૦૦ કુલગિરિ પાસે<br>૫૦૦ નદી પાસે | |
| કંચનગિરિ ૪૦૦ | નીચે ૧૦૦<br>ઉપર ૫૦ | ૧૦૦ નીચે<br>૫૦ ઉપર | ૧૦૦ | ગોળ |
| ૫૪૦ | | | | |




૭ કુલગિરિ અને ૭ ક્ષેત્રો તથા ક્ષેત્રોમાં આવેલા મધ્યગિરિઓ.

પૃ. ૩૩૦ ગા. ૨૩-૨૪

## પુષ્કરાર્ધદ્વીપના પર્વતોનો વિસ્તાર (ધાતકીખંડથી બમણો.)

| પર્વતનું નામ | ધાતકીખંડમાં વિસ્તાર | પુષ્કરાર્ધમાં વિસ્તાર | બન્નેનો ભેગો વિસ્તાર |
|---|---|---|---|
| ૧ ચૂલહિમવંત ૨ | ૨૧૦૫–૫ | ૪૨૨૦–૧૦ | ૮૪૨૧–૧ |
| ૨ શિખરી ૨ | ૨૧૦૫–૫ | ૪૨૧૦–૧૦ | ૮૪૨૧–૧ |
| ૩ મહાહિમવંત ૨ | ૮૪૨૧–૧ | ૧૬૮૪૨–૨ | ૩૩૬૮૪—૪ |
| ૪ રૂપી ૨ | ૮૪૨૧–૧ | ૧૬૮૪૨–૨ | ૩૩૬૮૪—૪ |
| ૫ નિષધ ૨ | ૩૩૬૮૪—૪ | ૬૭૩૬૮–૮ | ૧૩૪૭૩૬—૧૬ |
| ૬ નીલવંત ૨ | ૩૩૬૮૪—૪ | ૬૭૩૬૮–૮ | ૧૩૪૭૩૬—૧૬ |
| ૭ ઇષુકાર ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦—૦ |
| | ચોદે પર્વતના વિસ્તારનો એકંદર સરવાળો | | ૩૫૫૬૬૮૪–૪ |

## પુષ્કરાર્ધના ત્રણ પરિધિની સ્થાથના:—

| પુષ્કરાર્ધની | આદિમાં | મધ્યમાં | અંતે |
|---|---|---|---|
| ધ્રુવરાશિ | ૮૮૧૪૯૨૧ | ૧૧૩૪૪૭૪૩ | ૧૩૮૭૪૫૬૫ |
| નાંખવાની રાશિ | ૩૫૫૬૮૪ | ૩૫૫૬૮૪ | ૩૫૫૬૮૪ |
| પરિધિ | ૯૧૭૦૬૦૫ | ૧૧૭૦૦૪૨૭ | ૧૪૨૩૦૨૪૯ |
| | (આદિ પરિધિ) | (મધ્ય પરિધિ) | (અન્ત્ય પરિધિ) |

હવે મનુષ્યક્ષેત્રની બહાર જે જે વસ્તુ હોતી નથી તે કહે છે :—

**ણઇદહઘણથણિઆગણિ–જિણાઇણરજમ્મમરણકાલાઇ;**
**પણયાલલક્ખજોઅણ–ણરખિત્તં મુત્તુ ણો પુ (પ) રઓ.**
**૧૫–૨૫૬**

ઘણ–મેઘ
થણિય–ગર્જના
જિણાઇ–જિનેશ્વરાદિ
જમ્મમરણ–જન્મ મરણ
કાલાઇ–કાલાદિ
પણયાલલક્ખ–પીસ્તાલીસ લાખ
મુત્તુ–મૂકીને
ણો પુરઓ–આગળ નથી.

**અર્થ** :—નદીઓ, દ્રહો, મેઘ, ગર્જના, અગ્નિ, જિનાદિ, મનુષ્યનાં જન્મ મરણ અને કાળ વગેરે ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર મૂકીને આગળ હોતાં નથી. ૧૫–૨૫૬

**વિવેચન** :—૪૫ લાખ યોજન પ્રમાણુ મનુષ્ય ક્ષેત્ર છે. આ મનુષ્ય ક્ષેત્રમાં નદીઓ, દ્રહો, મેઘ, ગર્જના ( વિજળી ) બાદર અગ્નિકાય, તથા જિનાદિ એટલે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, પ્રતિવાસુદેવ વગેરે ઉત્તમ પુરૂષો, તથા મનુષ્યના જન્મ અને મરણુ તેમજ કાલાદિક એટલે મુહુર્ત, પહોર, રાત, દિવસ તથા ચંદ્ર-સૂર્યનાં ગ્રહણુ વગેરે હોય છે. પરંતુ આ વસ્તુઓ તે મનુષ્ય ક્ષેત્રની બહાર હોતી નથી. જો કે અઢી દ્વીપની બહાર મનુષ્યનું જવું આવવું થાય છે, કારણુ કે વિદ્યાધરો તથા ચારણુ મુનિઓ નંદીશ્વર દ્વીપ સુધી જાય છે. પરંતુ મનુષ્ય ક્ષેત્રની બહાર ગએલા તેઓનું મરણુ ત્યાં થતું નથી. વિદ્યાધરો ત્યાં સંભોગ કરે, પરંતુ ત્યાં ગર્ભ રહે નહિ. કોઈ નજીક પ્રસવવાળી સ્ત્રીનું હરણુ કરીને અઢી દ્વીપની બહાર મૂકે તો પણુ ત્યાં તે સ્ત્રીને પ્રસવ ન થાય અગર તો તે અપહરણુ કરનાર દેવ તેને ઉપાડીને પાછી અઢી દ્વીપની અંદર મૂકે. તેવી જ રીતે કંઠે પ્રાણુવાળા માણસનું હરણુ કરીને કોઇ મનુષ્ય ક્ષેત્રની બહાર મૂકે તો પણુ ત્યાં મરણુ ન થાય કારણુ કે તે જ દેવના પરિણામ ફરી જવાથી પાછો અઢી દ્વીપમાં મૂકે. ૧૫-૨૫૬

## ॥ ઇતિ લઘુક્ષેત્રસમાસવિવરણે પંચમઃ પુષ્કરવરાર્ધાધિકારઃ ॥

હવે ઇષુકાર પર્વત ઉપર રહેલા જિનચૈત્યો કહે છે :—

**ચઉસુ વિ ઉસુઆરેસું, ઇક્કિક્કં ણરણગમ્મિ ચત્તારિ;**
**કુડાવરિ જિણભવણા, કુલગિરિજિણભવણપરિમાણા.**
**૧–૨૫૭**

| | |
|---|---|
| ઉસુઆરેસુ–ઇષુકાર પર્વતો ઉપર | કૂડોવરિ–કૂટો ઉપર |
| ઇક્કિક્કં–એક એક | કુલગિરિ–વર્ષધર પર્વત |
| ણરણગમ્મિ–માનુષોત્તર પર્વત ઉપર | પરિમાણા–પ્રમાણવાળા |

**અર્થ** :—ચારે પણ ઇષુકાર પર્વતને વિષે એક એક જિન ભવન છે. માનુષોત્તર પર્વત ઉપર ચાર કૂટ ઉપર જિન ભવનો છે. તેમનું પ્રમાણ કુલગિરિના જિન ભવન સમાન છે. ૧—૨૫૭

**વિવેચન** :—ધાતકીખંડના બે ઇષુકાર પર્વત અને પુષ્કરાર્ધના બે ઇષુકાર પર્વત મળીને ચારે ઇષુકાર પર્વત ઉપર ચાર ચાર કૂટો છે, તેમાંથી છેલ્લા છેલ્લા સિદ્ધકૂટ નામના કૂટ ઉપર એક એક જિનભવન છે. ચાર ઇષુકારના કુલ ચાર જિન ભવન છે તથા માનુષોત્તર પર્વત ઉપર ચાર કૂટ છે. તે દરેક કૂટ ઉપર જિન ભવન હોવાથી કુલ ચાર જિનભવનો છે તે સર્વે–આઠે જિનભવનો કુલગિરિપર રહેલા જિનભવનની જેટલા પરિમાણવાળા છે, એટલે કે–પચાસ યોજન લાંબા, પચીશ યોજન પહોળા અને છત્રીશ યોજન ઉંચા જિનચૈત્યો છે. ૧–૨૫૭

જિનભવનનો પ્રસ્તાવ હોવાથી નંદીશ્વર, કુંડલ અને રૂચકદ્વીપમાં રહેલા જિનભવનો કહે છે—

**તત્તો દુગુણપમાણા, ચઉદારા થુત્તવણ્ણિઅસરુવે;**
**ણંદીસરિ બાવણ્ણા, ચઉ કુંડલિ રૂઅગિ ચત્તારિ.**

**૨–૨૫૮.**

| | |
|---|---|
| તત્તો–તે (ચૈત્યો)થી | ણંદીસરિ–નંદીશ્વર દ્વીપમાં |
| દુગુણપમાણા–બમણા પ્રમાણવાળા. | બાવન્ના–બાવન |
| થુત્ત–સ્તોત્રમાં | કુંડલિ–કુંડલ દ્વીપમાં |
| વણ્ણિઅસરૂવે–વર્ણવેલા સ્વરૂપવાળા. | રુઅગિ–રૂચક દ્વીપમાં |

**અર્થ** :—તેનાથી બમણા પ્રમાણવાળા, ચાર દ્વારવાળા, સ્તોત્રમાં વર્ણવેલા સ્વરૂપવાળા બાવન જિનાલયો નંદીશ્વર દ્વીપમાં છે. કુંડલ દ્વીપમાં ચાર તથા રૂચક દ્વીપમાં ચાર જિનાલયો છે. ૨–૨૫૮

**વિવેચન** :—નંદીશ્વર નામના આઠમા દ્વીપમાં બાવન જિનાલયો છે. તે ઈષુકાર પર્વતપર રહેલા જિનભવનોથી બમણા પ્રમાણવાળા એટલે સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બોંતેર યોજન ઉંચા તથા ચાર દ્વારવાળા છે. પૂર્વાચાર્યોએ સ્તોત્રવડે તેમનું સ્વરૂપ વર્ણન કર્યું છે. તથા કુંડલદ્વીપને વિષે કુંડળને આકારે મધ્યમાં રહેલો કુંડળ પર્વત છે, તેના ઉપર તેવા જ પ્રમાણવાળા ચાર જિનભવનો છે, તથા રૂચકદ્વીપને વિષે પણ તેવા જ ચાર જિનભવનો છે. એ પ્રમાણે કુલ ૬૦ જિનભવનો ચાર દ્વારવાળા છે.

નંદીશ્વર દ્વીપના શાશ્વતા બાવન જિનાલયો સંબંધી ટુંક વર્ણન:—નંદી એટલે સમૃદ્ધિ વડે ઇશ્વર એટલે વૈભવવાળો–દીપતો જે દ્વીપ તે નંદીશ્વર દ્વીપ. આ દ્વીપમાં પૂર્વાર્ધનો અધિપતિ કૈલાસ નામે દેવ છે અને પશ્ચિમાર્ધનો અધિપતિ હરિવાહન નામે દેવ છે. આ આઠમો દ્વીપ ૧૬૩૮૪૦૦૦૦૦ યોજન લાંબો પહોળો છે. આ દ્વીપમાં મધ્ય ભાગમાં ચાર દિશામાં શ્યામ વર્ણવાળા અંજનરત્નના ૪ અંજનગિરિ પર્વતો ૮૫૦૦૦ યોજન ઉંચા છે. તેમાંથી ૧૦૦૦ યોજન જમીનમાં ઉંડા છે આ દરેક અંજનગિરિ ઉપર એક એક જિન ભવન છે. એમ ચાર અંજનગિરિના ચાર જિનભવન જાણવા.

આ દરેક અંજનગિરિથી ચારે દિશામાં ચાર ચાર લાખ યોજન દૂર જઇએ ત્યારે લાખ યોજન લાંબી પહોળી ચાર ચાર વાવો હોવાથી કુલ ૧૬ વાવો છે. આ વાવોના મધ્ય ભાગમાં સ્ફટિક રત્નનો ૬૪૦૦૦ યોજન ઉંચો ધાન્યના પાલાના આકારે એક એક દધિમુખ પર્વત હોવાથી ૧૬ દધિમુખ પર્વત છે. આ દરેક દધિમુખ પર્વત ઉપર એક એક શાશ્વત ચૈત્ય હોવાથી ૧૬ શાશ્વત ચૈત્યો જાણવા.

ઉપર કહેલ અંજનગિરિને ફરતી ચાર વાવોના ચાર આંતરામાં બે બે રતિકર પર્વતો હોવાથી ચારે અંજનગિરિને ફરતા બધા મળીને ૩૨ રતિકર પર્વતો છે. તે પદ્મરાગ મણિના છે. આ ૩૨ રતિકર પર્વતો ઉપર પણ એક એક શાશ્વત ચૈત્ય હોવાથી ૩૨ શાશ્વત ચૈત્યો જાણવા. એ

પ્રમાણે ૪+૧૬+૩૨ મળીને કુલ પર શાશ્વતા જિનાલયો નંદીશ્વર દ્વીપમાં આવેલા છે. ૨૫૮

હવે રૂચક પર્વતને વિષે વિશેષતા કહે છે:—

**બહુસંખવિગપ્પે રૂઅ-ગદીવિ ઉચ્ચત્તિસહસ ચુલસીઈ;**
**ણુરણગસમ રૂઅગો પુણ, વિત્થરિ સયઠાણિ સહસંકો**
**૩-૨૫૯**

| | |
|---|---|
| બહુસંખ-ઘણી સંખ્યાના | ણુરણગસમ-માનુષોત્તર પર્વત સમાન |
| વિગપ્પે-વિકલ્પવાળા | રુઅગો-રૂચક પર્વત |
| રુઅગદીવિ-રૂચક દ્વીપમાં | સયઠાણિ-સોને ઠેકાણે |
| ઉચ્ચત્તિ-ઉંચાઈમાં | સહસંકો-હજારનો આંક |

અર્થ :—બહુ સંખ્યાના વિકલ્પવાળા રૂચક દ્વીપને વિષે ચોરાસી હજાર જોજન ઉંચો માનુષોત્તર પર્વત સમાન રૂચક પર્વત આવેલો છે. પરંતુ તેનો વિસ્તાર સો ને બદલે હજારના અંક પ્રમાણ જાણવો. ૩-૨૫૯

વિવેચન :—ઘણી સંખ્યાના વિકલ્પવાળા રુચક દ્વીપની મધ્યે વલયને આકારે રૂચક નામનો પર્વત છે. તે ચોરાશી હજાર યોજન ઉંચો છે, તથા માનુષોત્તર પર્વત જેટલો તેનો વિસ્તાર છે; પરંતુ વિસ્તારને વિષે સોને ઠેકાણે હજારનો અંક કહેવો. એટલે કે માનુષોત્તર પર્વતનો મૂળમાં વિસ્તાર ૧૦૨૨ યોજન અને શિખર ઉપર વિસ્તાર ૪૨૪ યોજન છે: તેને ઠેકાણે આ રૂચકપર્વતનો મૂળમાં વિસ્તાર ૧૦૦૨૨ યોજન અને શિખર ઉપર વિસ્તાર ૪૦૨૪ યોજન સમજવો.

અહીં ઘણી સંખ્યાના વિકલ્પવાળો રૂચકદ્વીપ કહ્યો, કારણ કે તે વિષે આ પ્રમાણે મતાંતરો છે.–દ્વીપસાગર પ્રજ્ઞપ્તિની નિર્યુક્તિમાં કુંડલદ્વીપ અને રૂચકદ્વીપનો વિષ્કંભ આ પ્રમાણે કહ્યો છે.–"બે હજાર, છ સો, એકવીશ કરોડ અને ચુમાલીશ લાખ ૨૬૨૧૪૪૦૦૦૦૦ યોજન કુંડલ દ્વીપનો અને દશ હજાર, ચાર સો પંચાશી કરોડ અને છોંતેર લાખ ૧૦૪૮૫૭૬૦૦૦૦૦ યોજન રૂચકદ્વીપનો વિષ્કંભ છે." આ કુંડલદ્વીપનું પ્રમાણ લાખ યોજનના જંબૂદ્વીપથી બમણું બમણું કરતાં દશમા દ્વીપે આવે છે, અને રૂચકદ્વીપનું પ્રમાણ અગ્યારમા દ્વીપે આવે છે. આ પ્રમાણે એક વિકલ્પે રૂચકદ્વીપ ૧૧ મો છે. તથા–"જંબૂ દ્વીપ ૧, ધાતકી ૨, પુષ્કરવર ૩, વારૂણી ૪, ક્ષીર ૫, ઘૃત ૬, ઈક્ષુ ૭, નંદીશ્વર ૮, અરૂણ ૯, અરૂણોપપાત ૧૦, કુંડલ ૧૧, શંખ ૧૨, રૂચક ૧૩, ભુજગ ૧૪, કુશ ૧૫, ક્રૌંચ ૧૬" આ પ્રમાણે સંગ્રહણીની ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે ગણતાં કુંડલદ્વીપ અગ્યારમો અને રૂચકદ્વીપ તેરમો આવે છે, એ બીજો વિકલ્પ જાણવો. તથા નવમા અરૂણ-દ્વીપથી આરંભીને ત્રિપ્રત્યવતાર દ્વીપની ગણતરી કરતાં કુંડલદ્વીપ પંદરમો અને રૂચકદ્વીપ એકવીશમો આવે છે. તે આ પ્રમાણે–અરૂણ ૯, અરૂણવર ૧૦, અરૂણવરાવભાસ ૧૧, અરૂણોપપાત ૧૨, અરૂણોપપાતવર ૧૩, અરૂણોપપાત-વરાવભાસ ૧૪, કુંડલ ૧૫, કુંડલવર ૧૬, કુંડલવરાવભાસ ૧૭, શંખ ૧૮, શંખવર ૧૯, શંખવરાવભાસ ૨૦, રૂચક ૨૧, વિગેરે. આ ત્રીજો વિકલ્પ છે, તથા જીવાભિગમને વિષે પહેલા વિકલ્પમાં કહેલી સંખ્યા જ કહી છે. તે આ

પ્રમાણે—"જંબૂદ્વીપ ને લવણોદધિ, ૧ ધાતકી ખંડ ને કાલોદધિ ૨. પુષ્કરવર ૩, વરૂણવર ૪, ક્ષીરવર ૫, ઘૃતવર ૬, ઇક્ષુવર ૭. નંદીશ્વર ૮, અરૂણવર ૯, કુંડલ ૧૦, રૂચક ૧૧" વિગેરે. આ પ્રમાણે મતાંતર હોવાથી ઘણા વિકલ્પવાળો રૂચક દ્વીપ કહ્યો

આ રૂચક દ્વીપની બરોબર મધ્યમાં ગોળાકાર ફરતો રૂચક પર્વત આવેલો છે. તે ૮૪ હજાર જોજન ઉંચો છે. તથા માનુષોત્તર પર્વત સરખા આકારવાળો છે. પરંતુ પહોળાઈમાં વિશેષતા છે. માનુષોત્તર પર્વતમાં પહોળાઈમાં જેટલા સો કહ્યા છે તેટલા હજાર રૂચક પર્વતની પહોળાઈમાં જાણવા. તેથી રૂચક પર્વતનો મૂળમાં ૧૦૦૨૨ જોજન અને ઉપર ૪૦૨૪ જોજન પ્રમાણ વિસ્તાર જાણવો. ૩–૨૫૯

હવે રૂચક પર્વત ઉપર દિક્કુમારિકાઓના નિવાસ છે તે કહે છે—

> તસ્સ સિહરમ્મિ ચઉદિસિ,
> બીઅસહસીગિગુ ચઉત્થિ અટ્ઠ્ઠ;
> વિદિસિ ચઉ ઈઅ ચત્તા;
> દિસિકુમરી કૂડસહસંકા. ૪–૨૬૦

| | |
|---|---|
| સિહરમ્મિ–શિખર ઉપર | ઈઅ ચત્તા–એ ચાલીશ |
| બીઅસહસિ–બીજા હજારમાં | દિસિકુમરીકૂડ–દિશા કુમારીના કૂટ |
| ઈગિગુ–એક એક | |
| ચઉત્થિ–ચોથા (હજાર) માં | સહસંકા–સહસ્રાંક કૂટ |

અર્થ:—તે રૂચક ગિરિના શિખર ઉપર બીજા

હજારને વિષે ચાર દિશામાં એકેક કૂટ છે. તથા ચોથા હજારમાં આઠ આઠ કૂટ છે. તથા વિદિશામાં ચાર કૂટ છે. એ પ્રમાણે ચાલીસ દિક્કુમારીઓના કૂટ છે. ચાર વિદિશાના ચાર સહસ્રાંક કૂટ છે ૪-૨૬૦

વિવેચન—રૂચકદ્વીપની મધ્યે વલયને આકારે રહેલો તે રૂચક પર્વત ચાર હજાર ને ચોવીશ ૪૦૨૪ યોજનના વિસ્તારવાળો શિખર ઉપર છે. ત્યાં પૂર્વાદિક ચાર દિશાએ બીજા હજારને વિષે એટલે એક હજાર યોજન મૂકીને આગળ જઈએ ત્યાં એક એક કૂટ છે, તથા ચોથા હજારને વિષે ચારે દિશામાં આઠ આઠ કૂટ છે. આ આઠ આઠ કૂટો દિક્કુમારીના જ કહ્યા છે; નહીં તો ચારે દિશામાં તે કૂટોની વચ્ચે એક એક સિદ્ધકૂટ પણ હોવાથી કૂટ તો નવ નવ છે. એમ વૃદ્ધો કહે છે. તથા તે જ ચોથા હજારવાળા ભાગમાં ચાર વિદિશાને વિષે એકેક—એમ ચાર સહસ્રાંક નામનાં કૂટો છે, કારણ કે તે એક હજાર યોજન મૂળમાં વિસ્તારવાળા, એક હજાર યોજન ઉંચા અને પાંચ સો યોજન શિખરપર વિસ્તારવાળા છે. આ પ્રમાણે કુલ ચાલીશ કૂટો છે. તે ઉપર [1]ચાલીશ દિક્કુમારિકાઓ રહે છે. તેમનાં નામ આ પ્રમાણે—નંદોત્તરા ૧, નંદા ૨, સુનંદા ૩, નંદિવર્ધિની ૪, વિજયા ૫, વૈજયંતી ૬, જયંતી ૭ અને અપરાજિતા ૮. આ આઠ પૂર્વરૂચકમાં વસનારી છે. તથા સમાહારા ૧, સુપ્રદત્તા ૨, સુપ્રબુદ્ધા ૩, યશોધરા ૪,

---

૧ આ ચાલીશની સંખ્યા મધ્ય રૂચકવાસી ૪ ભેળી ગણીએ ત્યારે થાય છે. તે સિવાય કૂટ પર વસનારી તો ૩૬ જ છે.

લક્ષ્મીવતી ૫, શેષવતી ૬, ચિત્રગુપ્તા ૭ અને વસુંધરા ૮. આ આઠ દક્ષિણ રૂચકમાં વસનારી છે તથા ઈલાદેવી ૧, સુરાદેવી ૨, પૃથિવી ૩, પદ્માવતી ૪, એકનાસા ૫, અનવમિકા ૬, ભદ્રા ૭ અને અશોકા ૮. આ આઠ પશ્ચિમરૂચકમાં વસનારી છે. તથા અલંબુસા ૧, મિશ્રકેશી ૨, પુંડરીકા ૩, વારૂણી ૪, હાસા ૫. સર્વપ્રભા ૬, શ્રી ૭ અને હ્રી ૮. એ આઠ ઉત્તરરૂચકમાં વસનારી છે, તથા ચિત્રા ૧, ચિત્રકનકા ૨, તેજા ૩ અને સુદામિની ૪. એ ચાર દિક્કુમારીઓ રૂચકપર્વતની વિદિશાના ચાર કૂટ પર વસનારી છે, તથા રૂપા ૧, રૂપાંતિકા ૨, સુરૂપા ૩ અને રૂપવતી ૪. એ ચાર મધ્યરૂચકમાં વસનારી છે. આ સર્વ મળીને ચાલીશ દિક્કુમારીઓ તથા પહેલાં જંબૂદ્વીપના વર્ણનમાં કહેલી ઊર્ધ્વલોકવાસી અને અધોલોકવાસી આઠ આઠ મળીને કુલ છપ્પન દિક્કુમારીઓ છે. તે તીર્થંકરના જન્મ વખતે આવીને તેમનું સૂતકર્મ કરી જાય છે. ૪–૨૧૦

હવે ગ્રંથકાર આ ક્ષેત્રસમાસ ગ્રંથનો ઉપસંહાર–સમાપ્તિ કરતાં કહે છે—

**ઇઇ કઇવયહોલોહહિ–વિઆરલેસો મએ વિમઇણાવિ;**
**લિહિઓ જિણગણહરગુર–સુઅસુઅદેવીપસાએણ. ૫–૨૬૧**

ઇઇ–એ પ્રમાણે

કઇવય–એ કેટલાક

વિઆરલેસો–વિચારનો લેશ

મએ–મેં

વિમઇણાવિ–મતિ રહિત પણ

લિહિઓ–લખ્યો

સુઅ–શ્રુતજ્ઞાન

સુઅદેવી પસાએણ–શ્રુતદેવીના પ્રસાદથી

અર્થ—આ ઉપર કહ્યા પ્રમાણે કેટલાક દ્વીપ અને સમુદ્રનો લેશમાત્ર વિચાર બુદ્ધિરહિત એવા પણ મેં એટલે રત્નશેખરસૂરિએ તીર્થંકરના, ગૌતમસ્વામી સુધર્માસ્વામી વિગેરે ગણધરોના, જિનભદ્રગણિ, મલયગિરિ, વજ્રસેન અને હેમતિલકસૂરિ વિગેરે ગુરૂઓના, શ્રુતના અને શ્રુતદેવીના એટલે સરસ્વતીના પ્રસાદે કરીને લખ્યો છે. ૫-૨૬૧

બાકીના દ્વીપ સમુદ્રોનું સ્વરૂપ જાણવાનો ઉપાય જણાવે છે:—

**સેસાણ દીવાણ તહોદહીણં, વિઆરવિત્થારમણોરપારં;**
**સયા સુઆઓ પરિભાવયંતુ, સવ્વં પિ**
**સવ્વન્નુમઇક્કચિત્તા. ૬-૨૬૨**

| | |
|---|---|
| સેસાણ—બાકીના | સુયાઓ—શ્રુતજ્ઞાનથી |
| દીવાણ—દ્વીપોના | પરિભાવયંતુ—વિચારો |
| તહોદહીણં—તથા ઉદધિના | સવ્વંપિ—સર્વ પણ |
| વિઆર વિત્થારં—વિચારના વિસ્તારને | સવ્વન્નુમઇ—સર્વજ્ઞના મતમાં |
| અણોરપારં—પારાવાર, પાર વિનાના | ઇક્કચિત્તા—એક ચિત્તવાળા |

અર્થ:—શેષ એટલે પૂર્વે જે મેં કહ્યા તેથી બાકી રહેલા અસંખ્યાતા દ્વીપ તથા સમુદ્રના પાર ન પમાય એવા વિચારના વિસ્તારને સર્વદા શાસ્ત્રથકી સર્વજ્ઞના મતમાં એક ચિત્તવાળા ભવ્ય પ્રાણીઓ સંપૂર્ણપણે જાણો. એટલે કે સર્વજ્ઞના મતમાં એકચિત્ત હોવાથી અનુક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી હસ્તતળમાં રહેલા મોટા આમળાના ફળની જેમ જાણો અને અન્ય પાસે પ્રરૂપણા કરો. ૬-૨૬૨

સૂરીહિ જં રયણસેહરનામએહિં,
અપ્પત્થમેવ રઇઅં ણરખિત્તવિકખં ।
સંસોહિઅં પયરણું સુઅણેહિ લોએ,
પાવેઉ તં કુસલરંગમઈં પસિદ્ધિં. ૭-૨૬૩

સૂરીહિ—આચાર્ય વડે
રયણસેહર—રત્નશેખર
નામએહિં—નામવાળા
અપ્પત્થમેવ—પોતાને માટેજ
રઇયં—રચ્યું
વિકખં—વ્યાખ્યાવાળું
સંસોહિઅં—શોધ્યું
પયરણ—પ્રકરણ
સુઅણેહિ—સજ્જનોએ
પાવેઉ—પામો
કુસલરંગમઈં—કુશલ રંગની બુદ્ધિવાળી
પસિદ્ધિં—પ્રસિદ્ધિને

અર્થ—રત્નશેખર નામના આચાર્યે જે પોતાને માટેજ મનુષ્યક્ષેત્રની અપેક્ષાવાળું આ પ્રકરણ રચ્યું છે, અને ઉત્તમ પુરૂષોએ સમ્યક્ પ્રકારે શુદ્ધ કર્યું છે, તે આ પ્રકરણ લોકને વિષે કુશળ અને આનંદમય પ્રસિદ્ધિને પામો. ૭-૨૬૩

સાર્થાદિ શ્રી લઘુક્ષેત્ર સમાસ સમાપ્ત.

# अढीद्वीपमां रहेला शाश्वता पदार्थोनो यंत्र.

| નં | પદાર્થોના નામ | જંબુદ્વીપમાં | ધાતકીખંડમાં | પુષ્કરાર્ધ દ્વીપમાં | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષધર ક્ષેત્રો | ૭ | ૧૪ | ૧૪ | ૩૫ |
| ૨ | વર્ષધર પર્વતો (મેરૂ સહિત) | ૭ | ૧૪ | ૧૪ | ૩૫ |
| ૩ | પાંચ મેરૂ પર્વતના પંડુકવનમાં રહેલી શીલાઓ | ૪ | ૮ | ૮ | ૨૦ |
| ૪ | શિલા ઉપર રહેલા જન્માભિષેક માટેના સિંહાસનો | ૬ | ૧૨ | ૧૨ | ૩૦ |
| ૫ | શાશ્વતા કુલ પર્વતો ૮ લવણ સ૦ માં | ૨૬૯ | ૫૪૦ | ૫૪૦ | ૧૩૫૭ |
| ૬ | પર્વતો ઉપરના કૂટો | ૪૬૭ | ૯૩૪ | ૯૩૪ | ૨૩૩૫ |
| ૭ | ઋષભકૂટ (ચક્રવર્તી નામ લખે છે તે) | ૩૪ | ૬૮ | ૬૮ | ૧૭૦ |
| ૮ | કોટીશિલા (વાસુદેવ ઉપાડે છે તે) | ૩૪ | ૬૮ | ૬૮ | ૧૫૦ |
| ૯ | વૈતાઢયમાં રહેલી ગુફાઓ (તમિસ્રા-ખંડપ્રપાતા) | ૬૮ | ૧૩૬ | ૧૩૬ | ૩૪૦ |
| ૧૦ | વૈતાઢયમાં રહેલ બીલ[1] (ભરત-એરવતમાં) | ૧૪૪ | ૨૮૮ | ૨૮૮ | ૭૨૦ |
| ૧૧ | માગધ-વરદામ-પ્રભાસ તીર્થ | ૧૦૨ | ૨૦૪ | ૨૦૪ | ૫૧૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | ભરત ઐરવત ને ૩૨ વિજયમાં ખંડો (છ છ) | ૨૦૪ | ૪૦૮ | ૪૦૮ | ૧૦૨૦ |
| ૧૩ | છ ખંડમાં મળીને ૩૨૦૦૦ દેશો છે તે (૩૪ માં મળીને) | ૧૦૮૮૦૦૦ | ૨૧૭૬૦૦૦ | ૨૧૭૬૦૦૦ | ૫૪૪૦૦૦૦ |
| ૧૪ | ૩૪ વિજયના મધ્ય (આર્ય) ખંડમાં નગરી | ૩૪ | ૬૮ | ૬૮ | ૧૭૦ |
| ૧૫ | ૩૪ વિજયમાં આર્ય દેશ ૨૫ાા પ્રમાણે | ૮૬૭ | ૧૭૩૪ | ૧૭૩૪ | ૪૩૩૫ |
| ૧૬ | દરેક વૈતાઢચ પર ચાર ચાર શ્રેણી (વિદ્યાધરની ૨, અભિયોગિક દેવની ૨) | ૧૩૬ | ૨૭૨ | ૨૭૨ | ૬૮૦ |
| ૧૭ | મોટા છ છ દ્રહો ને કુરૂક્ષેત્રના ૧૦-૧૦ | ૧૬ | ૩૨ | ૩૨ | ૮૦ |
| ૧૮ | મોટા દ્રહોમાં દેવીઓ ને નાના દ્રહોમાં દેવો | ૧૬ | ૩૨ | ૩૨ | ૮૦ |
| ૧૯ | દરેક મહાદ્રહોમાં કમળના ૭-૭ વલયો | ૬ દ્રહમાં | ૧૨ દ્રહમાં | ૧૨ દ્રહમાં | ૩૦ દ્રહમાં૧૮૦ |
| ૨૦ | દરેક છ વલયમાં રહેલા કમળો | ૧૨૦૫૦૧૨૦ | ૧૨૦૫૦૧૨૦ | ૧૨૦૫૦૧૨૦ | ૧૨૦૫૦૧૨૦ |
| ૨૧ | ગંગા સિંધુ વિગેરે મહાનદીઓ | ૧૪ | ૨૮ | ૨૮ | ૭૦ |
| ૨૨ | મહાનદીના પ્રપાત કુંડો | ૧૪ | ૨૮ | ૨૮ | ૭૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | મહાનદીની પરિવારભૂત નદીઓ | ૧૪૫૬૦૦૦ | ૨૯૧૨૦૦૦ | ૨૯૧૨૦૦૦ | ૭૨૮૦૦૦૦ |
| ૨૪ | જંબૂ વિગેરે મોટા વૃક્ષો (પૃથ્વીકાયમય) | ૨ | ૪ | ૪ | ૧૦ |
| ૨૫ | તેની ફરતા વલયો | ૬–૬ વલય | ૧૨–૧૨ વલય | ૨૪–૨૪વલય | ૧૫૬ |
| ૨૬ | દરેક વૃક્ષ ફરતા વલયોના કુલ વૃક્ષો | ૧૨૦૭૦૧૨૦ | ૨૪૧૦૦૨૪૦ | ૪૮૨૦૦૪૮૦ | ૬૧૩૩૦૩૧૨૦ |
| ૨૭ | અંતર નદીઓ | ૧૨ | ૨૪ | ૨૪ | ૬૦ |
| ૨૮ | વૃક્ષસ્કાર પર્વતો | ૧૬ | ૩૨ | ૩૨ | ૮૦ |
| ૨૯ | સીતા સીતોદાના બે બાજુના મુખવન | ૪ | ૮ | ૮ | ૨૦ |
| ૩૦ | મેરૂ સંબંધી વન (ભદ્રશાળ–નંદન–સોમનસ-પાંડુક) | ૪ | ૮ | ૮ | ૨૦ |
| ૩૧ | ગજદંતગિરિ | ૪ | ૮ | ૮ | ૨૦ |
| ૩૨ | ઇષુકાર પર્વત | ૦ | ૨ | ૨ | ૪ |
| ૩૩ | વૃત વતાઢ્ય ને દીર્ઘ વૈતાઢ્ય | ૪–૩૪ | ૮–૬૮ | ૮–૬૮ | ૨૦–૧૭૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪ | યમક સમક ને ચિત્ર વિચિત્ર પર્વતો | ૪ | ૮ | ૮ | ૨૦ |
| ૩૫ | કંચનગિરિ | ૨૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૧૦૦૦ |
| ૩૬ | યુગલિક ક્ષેત્રો | ૬ | ૧૨ | ૧૨ | ૩૦ |
| ૩૭ | અંતરદ્વીપો હિમવાન ને શિખરીની ૮ દાઢાઓ ઉપર | લવણસમુદ્રમાં ૫૬ | ૦ | ૦ | ૫૬ |
| ૩૮ | વિહરમાન પ્રભુની વિહારની વિજયો[3] (પુષ્કળાવતી વત્સ–નલિનાવતી–વપ્રા) | ૪ | ૮ | ૮ | ૨૦ |
| ૩૯ | શાશ્વતા ચૈત્યો[4] | ૬૩૫ | ૧૨૭૨ | ૧૨૭૨ | ૩૧૭૯ |
| ૪૦ | સૂર્ય ને ચંદ્ર | ૨-૨ જંબૂ ૪–૪ લવણ૦ | ૧૨–૧૨ ધા ૪૨–૪૨ કા | ૭૨–૭૨ પુષ્કરાર્ધ | ૧૩૨–૧૩૨ સૂર્ય–ચંદ્ર |

૧. અઢીદ્વીપના નકશાની હકીકતની બુકમાં તો મહાવિદેહમાં પણ લખ્યા છે, પરંતુ ત્યાં છઠ્ઠો આરો થવાનો ન હોવાથી જરૂર નથી. આ બીજા ગંગા સિંધુ–રક્તા રક્તાવતીના બંને કીનારા ઉપર વૈતાઢ્યની ઉત્તરે ને દક્ષિણે મળીને ૭૨–૭૨ છે. ૨ આ વલયો અઢીદ્વીપના નકશાની હકીકતમાં લખ્યા છે પણ તે કોના નિવાસવાળા તે જણાવેલ નથી ૩. પાંચે મહાવિદેહમાં આ ચાર–ચાર નામની વિજયોજ સમજવી. ૪. આ સિવાય નંદીશ્વરે ૬૮. કુંડલે ૪. રૂચકે ૪. માનુષ્યોત્તરે ૪ કુલ ૮૦ ચૈત્યો ભેળવતાં તિર્ચ્છાલોકના ૩૨૫૯ ચૈત્યો થાય છે. જુઓ–શ્રી જૈ. ધ. પ્ર. પુ. ૪૫ પૃ. ૨૯૪.

# પરિશિષ્ટ—૧

આ લઘુક્ષેત્ર સમાસ પ્રકરણમાં મુખ્યત્વે અઢી દ્વીપમાં આવેલા પર્વતો, નદીઓ, દ્રહો વગેરેનું વર્ણન કર્યું છે અઢી દ્વીપની બહારના પદાર્થોનું ઘણું ટુંકું વર્ણન કર્યું છે; જૈન દૃષ્ટિએ અહીં જે વર્ણન કર્યું છે. તે વર્ણન હાલના પાશ્ચાત્ય વિદ્વાનોની માન્યતાઓથી જૂદું હોવાથી કેટલાક લોકો આ વિષયમાં અશ્રદ્ધાવંત છે, પરંતુ જેમ કેટલાક વિષયો અતીન્દ્રિય હોવાથી બુદ્ધિગમ્ય નથી માટે તે ખોટા હોતા નથી, પરંતુ શ્રદ્ધાગમ્ય હોવાથી સમજમાં ન આવે તો પણ તે બાબતમાં અશ્રદ્ધા કરવી ઉચિત નથી, જેઓ એક પ્રત્યક્ષનેજ સાચું માને છે તેઓ ઘણી વાર ખોટા પણ હોય છે. જેમકે કાલંબસે અમેરિકા ખંડ જ્યાં સુધી શોધ્યો નહોતો ત્યાં સુધી પૃથ્વી અમુક પ્રમાણવાળી છે એવી માન્યતા હતી, પરંતુ અમેરિકાની શોધ થતાં પૃથ્વીમાં આ ખંડ પણ આવેલો છે તેમ માનવું પડયું, માટે પૃથ્વી ઉપર આટલાજ ખંડો અગર દેશો છે એવું જ્ઞાની સિવાય ચોકસ કહી શકાય નહિ.

જૈન શાસ્ત્રોની ક્ષેત્રાદિ સંબંધી વિચારણાથી પાશ્ચાત્ય માન્યતાઓ કઇ કઇ બાબતમાં જુદી છે તેનો કાંઇક ખ્યાલ આવે તે માટે તે માન્યતાઓ અહીં ટુંકાણમાં જણાવવી યોગ્ય લાગે છે. તે આ પ્રમાણે:—

૧ શાસ્ત્રીય માન્યતા પ્રમાણે આ પૃથ્વી ઉપર અસંખ્યાતા દ્વીપો તથા અસંખ્યાતા સમુદ્રો રહેલા છે.

હાલની માન્યતા મુજબ એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકા તથા ઓસ્ટ્રેલીયા એમ પાંચ 'ખંડ' પ્રમાણુજ આ પૃથ્વી છે.

૨ શાસ્ત્રીય માન્યતા પ્રમાણે આ પૃથ્વીનો આકાર થાળી જેવો ગોળ છે

હાલની માન્યતા મુજબ પૃથ્વીનો આકાર દડા અગર નારંગી જેવો ગોળ છે. આ પૃથ્વી સૂર્યથી છુટો પડી ગએલો એક ભાગ છે. સૂર્ય ગરમ છે તેમ આ પૃથ્વી પણ પહેલાં ગરમ હતી, પરંતુ જેમ અંગારા ઉપર રાખ વળવાથી તે બહારથી ગરમ જણાય નહિ તેમ આ પૃથ્વી ઉપરથી ઠંડી પડેલી છે, પરંતુ અંદર ગરમ છે.

૩ શાસ્ત્રીય માન્યતા પ્રમાણે પૃથ્વી સ્થિર છે. એટલે તે ફરતી નથી.

હાલની માન્યતા પ્રમાણે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. તેમજ પોતાની ધરી ઉપર ફરે છે. ધરી ઉપર ફરવાથી રાત દિવસ થાય છે, અને સૂર્યની આસપાસ એક ચકાવો ફરી રહે ત્યારે એક વર્ષ થાય છે.

૪ શાસ્ત્રીય માન્યતા પ્રમાણે ચંદ્ર તથા સૂર્ય બંને ફરે છે.

હાલની માન્યતા પ્રમાણે સૂર્ય સ્થિર છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે.

૫ શાસ્ત્રીય માન્યતા પ્રમાણે આ પૃથ્વી અસંખ્યાતા યોજન પ્રમાણ વિસ્તારવાળી હોવાથી ઘણી મોટી છે, અને સૂર્ય તથા ચંદ્ર નાના છે.

હાલની માન્યતા પ્રમાણે પૃથ્વી નાની છે અને સૂર્ય ઘણો મોટો છે.

૬ પૃથ્વી પૃથ્વી સ્વરૂપ છે, પરંતુ તે ગ્રહ રૂપ નથી.

હાલની માન્યતા પ્રમાણે પૃથ્વી એ બીજા ગ્રહોની પેઠે એક ગ્રહ છે.

આ સિવાય બીજી પણ ઘણી પરસ્પર વિરોધી બાબતો છે, પરંતુ તે બધી જણાવવાનું અહીં પ્રયોજન નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે આ છ બાબતોમાં મુખ્યત્વે જુદી માન્યતા હોવાથી તેનું કાંઈક શાસ્ત્રીય સમર્થન ટુંકાણમાં કરાય છેઃ—

૧ આ પૃથ્વીમાં પાંચ ખંડો છે, તે સિવાય બીજા કોઇ દેશો નથી એ માન્યતા કેટલી સાચી છે તે વિચારવા યોગ્ય છે. કારણકે જ્યારે ઓસ્ટ્રેલીયા તથા અમેરિકા શોધાયા નહોતા ત્યારે એશિયા, આફ્રિકા તથા યુરોપ એમ ત્રણ ખંડ જેટલીજ પૃથ્વી મનાતી, ઓસ્ટ્રેલીયા તથા અમેરિકા શોધાયાથી પાંચ ખંડો થયા, તો હજી બીજા પ્રદેશો નહિ હોય તેની ખાત્રી કેમ થાય ?

૨ જૈન શાસ્ત્રમાં ચૌદ રાજલોકનો આકાર બે પગ પહોળા કરી કેડે હાથ મૂકીને ઉભેલા પુરૂષ સરખો અથવા વૈશાખ સંસ્થાન જેવો કહ્યો છે, આ આકાર ઉર્ધ્વ લોક, અધો લોક અને તીર્છા લોકનો છે. એકલો તીર્છા લોક અસંખ્યાતા દ્વીપ સમુદ્રોથી ભરેલો છે, અને તેથી તીર્છા લોકનો આકાર થાળી જેવો ગોળ કહ્યો છે. હાલની માન્યતા પ્રમાણે આ પૃથ્વી નારંગી જેવી ગોળાકારે છે, અને તેના ચારે તરફના પડ ઉપર

એશિઆ વગેરે દેશો આવેલા છે. તો પૃથ્વીના પડ ઉપર રહેલ નદીઓ, સમુદ્રો મનુષ્યો કોને આધારે રહેલા છે? તેના જવાબમાં તેનું કારણ ગુરૂત્વાકર્ષણ કહેવામાં આવે છે. પરંતુ આ ગુરૂત્વાકર્ષણનો નિયમ પણ બરોબર વિચારતાં યોગ્ય લાગતો નથી. માટે પૃથ્વી થાળી જેવી ગોળ માનવી યોગ્ય છે, કારણકે આ પૃથ્વીના ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવ પાસેના ભાગોની શોધ હજી ચાલુ છે અને તેથી તેનો નારંગી જેવો ગોળ આકાર છે તેમ માની શકાય નહિં. અહીં સ્ટીમર તથા રેલવેના પાટા વગેરે દૃષ્ટાંત તરીકે આપવામાં આવે છે પરંતુ તે હેતુઓ પણ વિચાર કરતાં યોગ્ય જણાતા નથી. હાલના આ પાંચે ખંડવાળી પૃથ્વી પ્રાયે દક્ષિણ ભરતાર્ધમાં સમાવેશ પામે છે.

૩ પૃથ્વી પોતાની ધરી ઉપર ફરતી ફરતી સૂર્યની આસપાસ ફરે છે એવી હાલની માન્યતા પણ વિચારણીય છે. કારણકે આ બાબતમાં રેલ્વે ગાડીમાં મુસાફરી કરનારને જેમ ઝાડ વગેરે સ્થિર વસ્તુ અસ્થિર લાગે છે, અને ગાડી ચાલતી છે તે છતાં સ્થિર લાગે છે, એ દૃષ્ટાંત આપવામાં આવે છે, પરંતુ આ વાત પણ વિચાર કરતાં યોગ્ય લાગતી નથી. કારણકે ગાડીમાં મુસાફરી કરનાર ગાડી સ્થિર છે એમ માનતો નથી. વળી આ પૃથ્વીની એક મિનિટમાં હજાર માઈલની ગતિ કહી છે, તે હિસાબે તો આપણે પૃથ્વી ઉપર ઉભા રહીને એક દડો આકાશમાં અધર ઉછાળીએ, તે જમીન ઉપર નીચે પડે તેટલામાં તો પૃથ્વી ત્યાંથી

હજારેક માઈલ ખસી જાય તો તે દડો આપણી નજીક ન પડતાં હજારો માઈલ છેટે પડવો જોઇએ, પરંતુ તે તો આપણી નજીકજ પડે છે, માટે પૃથ્વી અસ્થિર છે એમ સાબીત થતું નથી

૪ પૃથ્વી સ્થિર છે એમ સાબીત થતું હોવાથી ચંદ્ર સૂર્ય ફરે છે એ આપોઆપ સિધ્ધ થઈ જાય છે. કારણકે પૃથ્વી સ્થિર છે અને ચંદ્ર સૂર્ય પણ સ્થિર હોય તો રાત્રી દિવસનો વિભાગ થાય નહિ, પરંતુ જે સ્થળે જેવું હોય ત્યાં તેવું ને તેવુંજ રાત કે દિવસ રહેવા જોઇએ પરંતુ તેમ રહેતું નથી. માટે ચંદ્ર સૂર્ય ફરે છે એમ ચોકસ થાય છે.

૫ સૂર્ય પૃથ્વી કરતાં બાર લાખ ગુણો મોટો છે એવી હાલની માન્યતા જો સાચી હોય તો આ પૃથ્વી ઉપર થોડા ભાગમાં પ્રકાશ અને થોડા ભાગમાં અંધકાર એવું બને નહિ, પરંતુ આખી પૃથ્વી ઉપર હંમેશાં બધા ભાગમાં પ્રકાશ રહેવો જોઇએ, પણ તેમ બનતું નથી, માટે પૃથ્વી કરતાં સૂર્ય મોટો છે એ વાત પણ વિચારણીય છે.

૬ આ બાબત પણ વિચારણીય છે. કારણકે બધા ગ્રહો અસ્થિર છે તેમ આ પૃથ્વી અસ્થિર નથી, પરંતુ સ્થિર છે એમ ઉપર સિધ્ધ થતું હોવાથી આ પૃથ્વી ગ્રહ નહિ, પરંતુ પૃથ્વીજ છે.

એકંદરે વિચારતાં આ બાબત છદ્મસ્થ જીવોને માટે શ્રધ્ધાનો વિષય હોવાથી શાસ્ત્ર વચન પ્રમાણ છે, એવી શ્રધ્ધાજ યોગ્ય છે.

સમાપ્ત

